# Gujarat Chamber of Commerce and Industry

आज़ादी का अमृत महोत्सव

GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
GCCI

G20 भारत 2023 INDIA



# નવી ફોરેન ટ્રેડ પોલીસી પછી

# 2 લાખ કરોડ ડૉલરની

# નિકાસનું ટાર્ગેટ પાર પડશે?

# PROVIDING INNOVATIVE PLATFORMS FOR GROWTH...

KUNVARJI
SINCE 1960
Driven By Knowledge

## OUR BUSINESS VERTICALS

### FINANCIAL SERVICES

- Equity, Commodity & Currency Trading
- Online Trading App- TRADESAPP
- IPO Desk
- Depository Services

### AGRO COMMODITY

- International Trading
- Domestic Trading
- Retail Brands
- Institutional Supply
- White Labeling

### REAL ESTATE ADVISORY

- Commercial & Residential
- Project Marketing
- Buy, Sell, Rent & Lease
- Investment & Alliances

### INTEGRATED LOGISTICS

- Costal Logistics
- Surface Logistics
- Rail Logistics
- Warehousing

### WEALTH MANAGEMENT

- Portfolio Management (PMS)
- Alternative Investment Fund (AIF)
- NRI Advisory Services
- Insurance Advisory
- Mutual Funds

Scan The QR Code

**Contact us:** 079 6666 9000 info@kunvarji.com

FINANCIAL SERVICES | AGRO COMMODITY | REAL ESTATE ADVISORY | INTEGRATED LOGISTICS | WEALTH MANAGEMENT | WWW.KUNVARJI.COM

## Leading From The Front

President
**Pathik Patwari**

Sr. Vice President
**Ajay Patel**

Vice President
**Yogesh Parikh**

Hon. Secretary
**Anil Jain**

Hon. Secretary (Regional)
**Dilip Padhya**

Hon. Treasurer
**Apurva Shah**

Immediate Past President
**Hemant Shah**

# Contents

1. સોલાર પાવર ગામડાં માટે ગેમ ચેન્જર બની શકે ..........06
2. વ્યાજદરના વધારાથી પ્રોપર્ટી માર્કેટને ફટકો ..........10
3. અલ નિનોથી ખેડૂતો પર ખતરો, કોમોડિટી માર્કેટમાં કમઠાણ અલ નિનો ને કારણે અનાજ અને કઠોળની કિંમતમાં અકલ્પનીય વધારો આવી જવાની દહેશત ..........12
4. એનિલિન-બેન્ઝિનના ઉત્પાદકો પર ચીને શરૂ કરેલું આક્રમણ અટકાવો ..........16
5. PLIનો લાભ મળે તો લેમિનેટ્સની નિકાસમાં રૂા. 1500 કરોડનો વધારો થાય ..........20
6. ચેરિટેબલ ટ્રસ્ટ એક્ટના સુધારા હાડમારી વધારશે..........24
7. પોલિટિકલ પાર્ટી કે ચેરિટેબલ ટ્રસ્ટને ડોનેશન આપતા પહેલા સાવધાન! ..........29
8. ક્રિપ્ટોકરન્સી પડી હોય તો શું કરવું? ..........30
9. ઈન્ડિયન કાર્બન માર્કેટને અધિકૃતતા આપવાનો સરકારનો પ્રયાસ સફળ થશે? ..........32
10. ઓનલાઈન બિઝનેસ મેળવવાની દોટમાં કરોડો ગુમાવતા ઉદ્યોગો ..........38
11. પ્રોપર્ટી ખરીદવા કે ભાડે લેવાની જફા કોણ કરે ? વધી રહી છે કો-વર્કિંગ સ્પેસની બોલબાલા ..........42
12. નવી ફોરેન ટ્રેડ પોલીસી પછી બે લાખ કરોડ ડોલરની નિકાસનું ટાર્ગેટ પાર પડશે? ..........46
13. કંપનીઓ માટે ખતરનાક બની રહેલા સાયબર એટેક ..........53
14. GIDCની જમીનની લીઝની ટ્રાન્સફર પર GST ન લાગે ..........58
15. મે-જૂનમાં TUFની નવી યોજના જાહેર કરાશે ..........60
16. ટેક્સટાઈલ અને ગારમેન્ટસની નિકાસની અનંત શક્યતાઓ ..........63

Gujarat Chamber of Commerce & Industry,
Ashram Road, P. O. Box No. 4045,
Ahmedabad - 380 009.
Tel.: +91 79 26582301 / 2 / 3 / 4,
Email: gcci@gujaratchamber.org,
Web.: www.gujaratchamber.org

We welcome your feedback and suggestions.
Do write to us on :
bulletin@gujaratchamber.org
Editorial Coordinator: Runal Patel

**Disclaimer:**
The articles contained in this publication represent the individual views and opinions of the writer and GCCI does not necessarily conform or share the same views with that of the writer. The article does not constitute comprehensive professional advice and is meant for information purposes only. The information, data and figures in the articles have been obtained or derived from sources believed to be reliable, but GCCI does not represent that this information is accurate or complete. Any opinions or estimates contained in the articles represent the views of the writer at that time and are subject to change without notice. Readers of this publication are advised to seek their own professional advice before taking any course of action or decision, for which they are entirely responsible. GCCI neither accepts nor assumes any responsibility or liability towards any reader of this publication in respect of the information obtained within this publication or for any decisions readers may take or decide not to take or fail to take, based on the contents of this publication.

Jayaswal Enterprises Pvt. Ltd.

# AIREO®

**Complete Travel Solution**

SINCE 2010




## Unveil New Destination

- Corporate Travel Desk Services 24*7 (AIR & Rail Ticket, Hotel Booking)
- MICE Tour Specialist.



**LEADING ONLINE B2B AND CORPORATE TRAVEL MANAGEMENT COMPANY.**

IATA | TAAI ACTIVE MEMBER | TAFI THE WAY FORWARD | IRCTC | TAG | Gujarat Tourism | GTAA

Flight | Train | Bus | Hotels | Holidays | Top-up | Visa | Insurance | AePs | DMT | BBPS



holidays@aireo.in aireo.in

For Inquiry +91 84608 33100 | +91 84608 33300 | +91 92271 14444

**Registered Office**

A 85/86, Pariseema Complex,
C.G. Road, Navrangpura, Ahmedabad,
Gujarat -380006,India

**Corporate Office**

2$^{nd}$ Floor, Shree Ganesh Avenue,
Opp. D-Mart, L.B.S. Road, Bapunagar,
Ahmedabad-380 024. Gujarat (India)

# President Message



**Pathik Patwari**

President, GCCI

Dear Members,

Warm greetings to you.

It is heartening that in spite of the strong headwinds, Indian economy is all set to achieve unprecedented growth. India's economy grew by 4.4% in last fiscal quarter and this puts India's average annual GDP growth for the last financial year at about 7%, making us one of the world's best-performing economies.

Though the times are challenging, India has demonstrated great resilience and in fact shown its ability to translate challenges into opportunities and emerging stronger from each calamity, be it devastating Covid'19 pandemic or the Ukraine – Russia War. In fact, the long-term growth story of the Indian economy remains the only bright spot in the dismal global growth scenario.

What is really interesting to note is that the entire world has noticed India's upsurge and it has helped us attracting huge foreign investments in the country, with FDI inflow reaching an all-time high in 2021-22 at almost US$ 85 billion.

India's emergence as the world's fifth-largest economy, overtaking the United Kingdom (UK) in 2022 marks the beginning of the "India era" in the global growth story: It is set to surpass Japan and Germany to become the world's third-largest economy by 2029.

The crucial factors that have enabled our stupendous growth so far are as under and surely, they will help us emerge as a 5 trillion-dollar economy.

While Covid-19 pandemic dealt a devastating blow to the whole world, India was battered much worse than other nations. What is however crucial is that we transformed this huge adversity into a golden opportunity to emerge as "Atmanirbhar Bharat". The pandemic helped us in two crucial ways. First, it helped us to become self-sufficient and well-prepared for any calamity and it also made us a favoured nation to become the source of the global supply chain giving tremendous boost to domestic production as well as unprecedented exports, as the world realized to reduce overdependence on China-specific Global Value Chains (GVCs).

Secondly, "Covid-19" was a black swan event, totally unexpected & unprecedented and that changed the equations of economic partnerships across the globe. It is heartening that India's highly proactive leadership not only understood these changing winds, but proved itself agile and mature enough to deftly change our countless economic policies so as to suit

our businesses, our industries, our start-ups and our MSMEs to remain competitive in the global arena and accelerate our growth.

Thirdly, it is the pandemic and demonetization that helped us emerge as the top-notch nation as far as digitalisation of India's economy is concerned. UPI (Unified Payment Interface) has amply proved itself to be a revolutionary concept. Right from the top-notch company down to a small road side vendor, each one has become adept to this revolution and in turn has provided an uptick in the use of technology—ranging from the provision of social security payments at the grassroots to government-level conferences.

The US-China trade war and the pandemic-induced supply chain disruptions emanating from China have indeed paved the way for many western corporates to consider a China Plus One (C+1) strategy that would entail diversifying investments from China to other countries, to mitigate the economic and geopolitical risks associated with the former.

In this India could be the potential frontrunner in the C+1 game. The obvious advantages that we enjoy are: first and foremost, our demographic advantage, a blessing in disguise since India enjoys a comparative demographic dividend over China. While the under-30 population in India is about 52 percent, the same value stands at around 40 percent for China which is going to shrink faster for the latter in the next 10 years. The young population is expected to boost consumption, savings and investments which are necessary conditions for India's avowed goals of a 5- or 10-trillion-dollar economy.

Another huge advantage is India's low cost & highly skilled labour. This gives us distinctive advantage in bringing down production costs and hence making commodities more price competitive in the international markets. In fact, average Chinese wages per month are almost 10 times more in comparison to Indian wages.

By leveraging the scale economies in manufacturing, India has the potential to become a sizeable global player in electronics and semiconductor products as part of the C+1 diversification strategy.

One other area where our political leadership have demonstrated their foresight is undiluted focus on creating world-class infrastructure. Last decade has seen India's infrastructure strengthening by leaps and bounds and now will be the time that it will help us become a nation of choice as far as global supply

chain is concerned.

The heavy investment in physical infrastructure through National Infrastructure Pipeline (NIP) for FY 2019-25 (estimated total project cost of US$ 1791.05 billion) is anticipated to bring down the costs in the manufacturing sectors. The Indian transport sector is also expected to grow at a CAGR of 5.9 percent and is slated to cut transportation time and costs by approximately 20 percent.

Important measures like Production Linked Incentive (PLI) scheme, reforms in tax regimes, liberalisation of the Foreign Direct Investment (FDI) policies in manufacturing, setting up of land pools and organising regular business summits have definitely helped India emerge as a "Right Nation at The Right Spot".

Two factors that are in India's favour are 1) Zero chance of recession, and 2) our highest possible output.

As far as "Recession Probability" is concerned, among all nations, India's "Recession Probability" during the year ahead is "Zero". We need to fully appreciate this fact, because we can well imagine what kind of devastating blow recession can play with any nation's economy and thus, we need to rejoice this projection of "Zero Recession Probability" about our nation.

At the same time, as far as production is concerned, once again, we are in a leading position, all set to provide highest "Output" among all the nations of the world.

Driven by "Atmanirbhar Bharat" & "Make in India" initiative, the competitive spirit of India's entrepreneurial class has been unleashed and what is really heart-warming is that this spirit is now reflected even amongst common men with their formal & informal talks oozing with confidence and "can-do" spirit.

Every day in the morning, as we open the eyes, we are cheered up with the good news like Apple opening their flagship stores in Mumbai & Delhi, our number of "Unicorns" increasing by leaps & bounds, our internet penetration helping us convert digital skilling initiatives for returns on various economic sectors, and making our youths confident enough to talk on equal terms with all their counterparts across the world.

Not only have we shed the colonial mentality, but rather the erstwhile masters have been placed behind in the race of global supremacy where India is all set to emerge a winner.

# સોલાર પાવર ગામડાં માટે ગેમ ચેન્જર બની શકે

● ગુજરાતના 18 હજાર ગામમાં 1 મેગાવોટની પેનલ બેસાડે તો આખા ગુજરાતની વીજળીની જરૂરિયાત ઊભી કરી શકાય

ગરીબોને અનાજ. ગરીબોને ગેસ સિલિન્ડર. ગરીબો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના. આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે આવાસ યોજના. શહેરી વિસ્તાર હોય કે ગ્રામીણ વિસ્તાર હોય દરેક જગ્યાએ આ પ્રકારની યોજનાઓના લાભ આપીને ગરીબોને સાચવવાનું કામ ભારત સરકાર અને ગુજરાત સરકાર કરી રહી છે. દરેક રાજ્યની સરકારો આ દિશામાં કોઈને કોઈ યોજના તો ચલાવી જ રહી છે. તેમાં વરસે બે ચાર લાખ કરોડનો ખર્ચ કર્યા પછીય પરિસ્થિતિમાં અપેક્ષા પ્રમાણેને બદલાવ આવતો નથી. ગ્રામીણ હોય કે શહેરી વિસ્તારની પ્રજાનો ગરીબી કેડો મૂકતી જ નથી. પરિણામે સરકાર પૂરતા પ્રયાસ નથી કરતી અને યોજનાનો વ્યવસ્થિત અમલ કરાતો ન હોવાના આક્ષેપો થાય છે. સરકાર માત્ર જાહેરાત કરીને બેસી જાય છે તેવા આક્ષેપો પણ થાય છે. આમ સરકાર ગરીબી નાબૂદ કરી શકતી જ નથી. વિવાદો વધ્યા જ કરે છે. પ્રજાનો અસંતોષ પણ વધ્યા જ કરે છે.



**મહેશ છાજેડ,**
સોલાર પાવર પેનલ યુઝર

તેને માટેનો એક વિકલ્પ જરૂર છે. ગુજરાત સરકાર કે ભારત સરકાર હોય તેમના માટે સોલાર રૂફટોપની યોજના લાવીને ગરીબીમાં સબડતી પ્રજાને સોલારથી સમૃદ્ધિ સુધીની સફર કરાવી જ શકે છે. ખેડૂતોની સમૃદ્ધિ વધારી શકે છે. કેન્દ્ર સરકારે સ્પોન્સર કરેલી રૂફટોપ સોલાર ફોટોવોલ્ટેઈક સ્કીમ છે. તેને માટે 30 ટકા સુધીની સબસિડી આપે જ છે.

તેનો અલગથી એક ઝુંબેશ તરીકે ગુજરાતના કે દેશના દરેક ગામમાં અમલ કરીને તેમને વીજળીની સુવિધા આપવાની સાથે ગ્રામીણ પ્રજાને નાની મોટી આવક પણ ઊભી કરી આપી શકશે. ગામડાની દરેક વ્યક્તિના ઘરના ધાબે કે તેના ઘરની પાછળની ખૂલ્લી જગ્યામાં પડતા સૂર્યપ્રકાશનો ઉપયોગ કરીને આ કાર્ય પાર પાડી શકાય તેમ છે. આમ સૂર્ય પ્રકાશ માટે કોઈ કિંમત ચૂકવવી પડવાની નથી. પાકાં ઘર હોય તો તેના પર અને કાચા છાપરાં હોય તો તેના પર સોલાર પેનલ બેસાડીને તેમને વીજ પુરવઠો આપી જ શકે છે. તેમ કરવાથી સૌ પ્રથમ તો દરેક ઘરની વીજળીની જરૂરિયાત સંતોષાશે.

ગુજરાત સરકારે આ દિશામાં કામ તો કર્યું જ છે. ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લાના





**પાર્થિવ દવે**
સોલાર પ્રોજેક્ટ ઇન્વેસ્ટર

મોઢેરા ગામને રૂફટોપ સોલાર વિલેજમાં રૂપાંતરિત કરી દીધું છે. સંપૂર્ણ ગામ સોલાર વીજળીથી જ ચાલે છે. તેની મદદથી ગામની પ્રજાની જિંદગીમાં બહુ જ મોટું પરિવર્તન આવી ચૂક્યું છે. આ આયોજનને ગુજરાતના 18000 ગામો સુધી લંબાવી શકે છે. આરંભમાં આ કાર્ય અશક્યવત જણાશે. પરંતુ એકવાર તેના લાભ દેખાશે તો તેનો લાભ લેવા દરેક ગામો આગળ આવતા થશે. જોકે ગાંધીનગરને સોલાર સિટી બનાવવાનું દાયકાથી વધુ જૂનું ગુજરાત સરકારનું સપનું સાકાર થઈ શક્યું જ નથી. આ શક્ય તો છે જ છે. પરંતુ તેમાં સરકારી કચેરીઓએ પણ જોઈએ તેવી પહેલ કરી નથી. તેમ જ સરકારની પોલીસીમાંની કેટલીક શરતો પણ નડી ગઈ છે. ઉદાહરણ આપીને વાત કરીએ તો વીજ કંપનીઓનો બિઝનેસ ન અટકે તેટલા માટે દરેક ઘરની કુલ વીજ જરૂરિયાતના 50 ટકાથી વધુની સોલાર પેનલ ન બેસાડવાનો નિયમ કરવામાં આવ્યો હોવાથી સરકારી વીજળી પર તો સોલાર પેનલ બેસાડ્યા પછીય આધાર તો રાખવો જ પડશે તેથી ઘણાં લોકોએ સોલાર પેનલ બેસાડવામાં બહુ રસ દાખવ્યો નથી. તેમણે સોલાર પાવરનો ઉપયોગ કરવાની દિશામાં નક્કર આયોજન કરીને અમલમાં મૂક્યું નથી. આ આયોજનને અમલમાં મૂકનારાઓને લાભ થયો જ છે. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની આખી કચેરી સોલાર પાવરથી ચાલે છે. તેને વીજ સપ્લાયની સમસ્યા નડતી નથી. તેમ જ તેનો વીજ બિલનો ખર્ચ તળીયે આવી ગયો છે. આજ દર્શાવે છે કે યોજના લાભદાયી છે.

માત્ર સરકારી કચેરીને માટે જ નહિ રૂફટોપ સોલાર પેનલ બનાવનાર દરેકને માટે તે લાભદાયી જ છે. અમદાવાદ શહેરમાં પણ છાજેડ હાઉસે તેની આખા ઓફિસને 15 કિલોવોટના સોલાર પેનલના પાવરથી ચાલતી ઓફિસમાં રૂપાંતરીત કરી છે. તેમને થયેલા લાભની વાત

# સોલાર કોલ્ડ સ્ટોરેજ, ફુડ પ્રોસેસિંગ યુનિટ ગામમાં નવી રોજગારી નિર્માણ કરી શકે

કેન્દ્રના સહકાર ખાતાના પ્રધાન અમિત શાહના સહકારી ક્ષેત્ર પરની પકડને ધ્યાનમાં રાખીને સહકારી સંસ્થાઓ એટલે કે પેક્સ મારફતે પણ આ આયોજનનો અમલ કરાવી શકે છે. પેક્સ મારફતે તેનો અમલ કરવામાં આવે તો સોલાર પેનલ થકી જનરેટ થનારા પાવરનો મલ્ટીપલ ઉપયોગ કરી શકાય છે. બોરના પાણી ખેંચવા માટે તેનો ઉપયોગ કરીને ખેતી માટેના પાણીની જરૂરિયાતની સમસ્યા હળવી કરી શકાય છે. સોલાર પાવરનો ઉપયોગ કરીને ગામડાંઓમાં નાના નાના કોલ્ડ સ્ટોરેજ બનાવી શકાય છે. તેમાં કૃષિ ઉપજોને લાંબા ગાળા સુધી સાચવી શકાય છે. સહકારી મંડળીઓનો સહયોગ લઈને મોટા કોલ્ડ સ્ટોરેજ ઊભા કરીને સમગ્ર ગામના ખેડૂત સભાસદોની ઉપજની સાચવણી કરવાનું અને બજારમાં સારા ભાવ મળે ત્યારે તે વેચી દેવાની વ્યવસ્થા કરીને ખેડૂતોની આવકમાં વૃદ્ધિ પણ કરી શકાશે. આમ ખેડૂતોને ડિસ્ટ્રેસ સેલ એટલે કે માલ વેચવા ગયા પછી જે મળે તે ભાવે વેચી દેવાની ફરજ પાડતી સમસ્યામાંથી છૂટકારો અપાવી શકશે.

સોલાર પેનલ થકી પેદા થતી વીજળીનો ઉપયોગ કરીને કૃષિ ઉપજના ગ્રેડિંગ માટેની મશીનરીઓ સહકારી મંડળીઓ મારફતે ખરીદીને તે પણ ચલાવી શકાય છે. દરેક ગામ કે દરેક ગામના ખેડૂતોનો સમુહ તેમની પોતાની કૃષિ ઉપજોના ગ્રેડિંગ-શોર્ટિંગ કરાવીને ક્વોલિટી સર્ટિફિકેશન કરાવીને સારા ભાવ મેળવવાની વ્યવસ્થા કરી શકશે. તેનાથીય આગળ વધીને વાત કરીએ. સહકારી મંડળીઓના માધ્યમથી ફૂડ પ્રોસેસિંગના એકમો ગામેગામ ઊભા કરી શકાય છે. આમ ટૂંકું આયુષ્ય ધરાવી કૃષિ ઉપજોને પ્રોસેસ કરીને વેલ્યુ એડિશનનો લાભ લઈ શકે છે. તેનાથી રોજગારીની તક પણ નિર્માણ થશે. બીજું, તેનું માર્કેટિંગ કરીને વધારાની આવક પણ મેળવી શકાશે. એક વાત એવી છે કે ખેડૂતો અન્ડર એમ્પ્લોઈડ છે. એટલે કે તેમની પાસે કામ ઓછું છે. ખેતી કામ ઉપરાંતનો ફાજલ સમય વધુ છે. તેથી ઘણાં કૃષિકારના પરિવારના એકાદ બે સભ્ય શહેરમાં સ્થળાંતર કરીને નોકરી કરવા જાય છે. પરંતુ સોલાર પાવરથી વીજળી સરળતાથી ઉપલબ્ધ થઈ જાય તો તેઓ તેમના જ ગામડાંમાં વધારાનો વ્યવસાય કરી શકશે. ફુડ પ્રોસેસિંગથી માંડીને સ્થાનિક જરૂરિયાત પ્રમાણે નાના નાના ઉત્પાદન એકમો પણ નાખી શકશે. ગામડાંની પ્રજા ભોટ નથી. તેમની પાસે ટેકનિકલ જાણકારી સારી હોય છે. વીજ સપ્લાયની ગેરન્ટી મળી જાય તો તેઓ તેનો ઉપયોગ કરીને નાના નાના એન્જિનિયરિંગ એકમો પણ નાખી જ શકે છે. તેના થકી રોજગારી નિર્માણ થઈ શકે છે. તેમની કુદરતી પ્રતિભાનો ઉપયોગ થશે. સ્વરોજગાર પણ વધશે. આ આયોજનને અમલમાં મૂકીને સરકાર વધતા જતાં શહેરીકરણની સમસ્યાને પણ હળવી કરી શકશે. બેક ટુ વિલેજ એટલે કે ગામડાંને પીઠ દેખાડીને નીકળી જનારાઓ જમાત ઓછી થશે અને ગામડાં તરફ પાછા જનારા - બેક ટુ વિલેજની જમાત મોટી પણ થશે.





તેમના જ મોઢે સાંભળીએ. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મહેશ છાજેડ કહે છે, "આજે મારા છાજેડ હાઉસના બે મજલાની લિફ્ટ, એરકન્ડિશન, લાઈટિંગ સહિતની તમામ ઈલેક્ટ્રિક આઈટેમ્સનો ઉપયોગ કર્યા પછી અમારે માત્ર 50થી 100 રૂપિયાનું બિલ ભરવાનું આવે છે. હા, માત્ર સરકાર દ્વારા મહિને લેવામાં આવતા રૂ. 2500ના ભાડાંનો બોજ આવે જ છે. આ સિવાય બહુ જ સારી રાહત થઈ ગઈ છે. ઓફિસના ખર્ચમાંથી ઈલેક્ટ્રિસિટી બિલની જાણે બાદબાકી જ થઈ ગઈ હોય તેવી સ્થિતિ છે." મહેશ છાજેડે ઉસ્માનપુરામાં આવેલા તેમના બંગલામાં પણ છ કે.વી.ની સોલાર પેનલ બેસાડી છે. તે માટે તેમણે રૂ. 1.80 લાખની આસપાસનો ખર્ચ કર્યો છે. તેમના ઘરના આવતા રૂ. 12000થી 15000ના વીજ બિલમાં 60થી 70ટકાનો ઘટાડો થઈ ગયો છે. આમ રૂફટોપ સોલાર પેનલ લાભદાયી જ છે. ગુજરાતમાં રૂફટોપમાં સોલાર પેનલ બેસાડીને 300 મેગાવોટથી વધુ વીજળી પેદા થાય છે.

રૂફટોપ સોલાર પાવરની યોજનાનો અમલ કરવા માટે ઈન્ફ્રાવિઝન ફાઉન્ડેશને એક અહેવાલ તૈયાર કર્યો છે. આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, "કેન્દ્ર સરકારે ઈન્ડિયન રિન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સીનો રૂફટોપ સોલારની યોજનાનો ગામેગામ અમલ કરવા માટે ઉપયોગ કરવો જોઈએ. આ માટે કેન્દ્ર સરકારે આર્થિક મદદ કરવી જોઈએ. ઈન્ડિયન રિન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી તેનો જ હિસ્સો ગણાતા સ્ટેટ રિન્યુએબલ એનર્જી

## પશુપાલનમાં પણ ટેક્નોલોજીનો ઉપયોગ કરવા સોલાર પેનલથી જનરેટ કરેલી વીજળીનો વપરાશ કરી શકાય

ડેવલપમેન્ટ એજન્સીના માધ્યમથી રાજ્ય સ્તરે તેનો અમલ કરાવી શકે છે. ગુજરાત સરકાર પણ પોતાની રીતે આ યોજનાનો અમલ કરાવી જ શકે છે." અનર્જી એક્સપર્ટ કે.કે. બજાજ કહે છે, "ગામડાંમાં દરેક ઘર પર રૂફટોપ સોલાર પેનલ બેસાડી શકે છે. તેનાથી ઘરની લાઈટ અને બોરવેલ ચાલુ થઈ શકે છે. સરકારે રૂફટોપ સોલાર પેનલ પોતાના ખર્ચે પણ નાખી દઈને તેના હપ્તામાં વસૂલ કરી શકે છે. ઈન્સ્ટોલેશનનો ખર્ચ તો ત્રણ જ વર્ષમાં નીકળી જાય છે. તેથી સરકારે ખર્ચ કર્યા પછી તેના પૈસા ત્રણ વર્ષમાં પાછા આવી જવાની પણ સંભાવના છે. તેનો બીજો લાભ એ છે કે તે એન્વાયર્નમેન્ટ ફ્રેડલી છે." એક કિલોવોટ વીજળીની સોલાર પેનલ બેસાડવા માટે રૂ.30,000નો ખર્ચ આવે છે. તેમાં સરકારની સબસિડીની રકમ બાદ થાય છે. ગામડાંના લોકો માટે સરકાર કેપિટલ ઈન્વેસ્ટ કરે તો લાંબા ગાળા માટે તેનુ સોલ્યુશન આવી જવાની શક્યતા વધુ ઉજ્જ્વળ છે.

### બલ્ક ઓર્ડર આપે તો કોસ્ટ ઓછી થાય

સરકાર પોતે જ તેનો અમલ કરવાની કામગીરી હાથ પર લે તો તેને સોલાર મોડ્યુલનો મોટો ઓર્ડર આપવાનો આવે છે. સોલાર પેનલ માટેનો બલ્ક ઓર્ડર મળતા તેની કિંમત પણ સામાન્ય કરતાં નીચે આવી શકે છે. બલ્ક ઓર્ડરમાં તેની કોસ્ટ 20 ટકા જેટલી નીચે આવી જ શકે છે. સોલાર પાવર માટેની ગુજરાત સરકારની યોજના એએસડીએલમાં જોડાયેલા પાર્થિવ દવેનું કહેવું છે, "કેન્દ્ર સરકારની સબસિડીને બાદ કરતાં તેનો કિલોવોટદીઠ ખર્ચ રૂ. 24000ની આસપાસનો આવે છે. તદુપરાંત ઈન્સ્ટોલેશન ચાર્જ પણ લાગી શકે છે. પરંતુ ગુજરાત સરકાર કે ભારત સરકાર આખા રાજ્ય કે દેશના ગામડાં માટે આ આયોજન અમલમાં લાવે તો તે બલ્ક ઓર્ડરમાં સોલાર પેનલના ભાવ ખાસ્સા નીચા આવી શકે છે." ઈન્ફ્રાવિઝને તૈયાર કરેલા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે રાજ્ય સરકારના સ્તરે જ રિન્યુએબલ એનર્જી પર ફોકસ કરતી સંસ્થા એસઆરડીએએ ઈન્સ્ટોલેશન ચાર્જ માટે સ્થાનિક ડેવલપર સાથે બાર્ગેન કરીને ચાર્જ નક્કી કરી લેવા જોઈએ. ગામડાંમાં ઘર ધરાવનારના છાપરાં પર કે ધાબા પર સોલાર પેનલ બેસાડી દઈને 15 વર્ષ સુધી તેની જાળવણી-મેઈન્ટેનન્સની વ્યવસ્થા પણ એસઆરડીએએ કરી દેવી જોઈએ. તેથી સોલાર પેનલ નાખ્યા બાદ તેમાં કોઈ ગરબડ થાય તો

# ગુજરાતના ગામેગામને સોલાર વિલેજમાં રૂપાંતરિત કરીને સરકાર પ્રજાની વીજ પુરવઠાની વ્યવસ્થા કરી તેમને માટે વધારાની આવક પણ ઊભી કરી શકે છે

કોઈ જ ધ્યાન ન રાખે અને આખું ઇન્વેસ્ટમેન્ટ પાણીમાં જાય તેવું ન થાય તે પણ આયોજન થવું જરૂરી છે. પાર્થિવ દવે કહે છે, "મફતનું કોઈ જ મૂલ્ય નહિ તે ન્યાયે જેમના ઘરે રૂફટોપ સોલાર પેનલ બેસાડવામાં આવે તેમને સોલાર પેનલ અને તેના ઇન્સ્ટોલેશન માટે થનારા ખર્ચમાંથી 30થી 50 ટકા ખર્ચનો બોજ વેંઢારવાનું જણાવીને આ યોજનાને સફળ બનાવવા માટેનો પાયો ઊભો કરી જ શકે છે. તેમણે ખર્ચ કરેલો હશે તો તેની જાળવણી તેઓ વધુ સારી રીતે કરશે." તદુપરાંત પણ બાકીની સરકારે ખર્ચે 50થી 70 ટકા રકમ તેમની પેનલ થકી જનરેટ થનારી વીજળીમાંથી જેટલી વીજળી સરકારી ફીડરમાં જમા થાય તે રકમ તેમની બાકી રકમ સામે એડજસ્ટ કરવાનું આયોજન કરી શકાય છે.

બીજું, તેને માટે બેન્કો તરફથી લોન અપાવડાવીને તેમને માસિક રૂ. 500થી 700ના હપ્તા ભરવાનું જણાવી શકાય છે. તેમ જ સોલાર પાવરને બેટરીમાં સ્ટોર કરવાની વ્યવસ્થા પણ કરી દઈને રાત્રિના ગાળામાં ઘરની લાઈટ, પંખા, ટેલિવિઝન સહિતની વસ્તુઓ ચલાવવા માટે તેનો ઉપયોગ કરી શકાય છે. આમ ખેડૂતોને માટે ચોવીસ કલાકની વીજળીની વ્યવસ્થા કરી શકાય છે. અત્યારે ખેતી કામ માટે રોજના 8 કલાક વીજળીનો પુરવઠો આપવામાં પણ ગુજરાતની વીજ વિતરણ કંપનીઓ હાંફી જાય છે. વીજ વિતરણ કંપનીઓની જવાબદારી ઓછી થઈ જશે. તેમના વપરાશ પછી બચતી વધારાની વીજળી સરકારી ફીડરમા લઈને શહેરી વિસ્તારમાં પણ આપી શકાય છે. નાના નગરો સુધી પણ પહોંચાડી શકાય છે. હા, તેને માટે ફીડર નેટવર્કને વધુ સંગીન બનાવવાની જવાબદારી સરકારે કે પછી સરકારી વીજ કંપનીઓએ અદા કરવાની રહેશે. ગામડાંની સોલાર પાવર જનરેશનની વ્યવસ્થા પ્રમાણે ફીડર નેટવર્ક તૈયાર કરી આપવું પડશે.

સોલાર પાવરના સેક્ટરમાં સક્રિય બિઝનેસમેન ભાવિક સોનીનું કહેવું છે, "ગામડાંના દરેક ઘરમાં ત્રણ કિલોવોટની પેનલ બેસાડીને કામ ચલાવ શકાય છે. તેમની વધારાની એટલે કે ન વપરાયેલી વીજળી યુનિટદીઠ રૂ. 2.25ના ભાવે સરકાર ખરીદી લે છે. તેની આવક પણ થાય છે. એક ગામમાં દરેક ઘર પર સોલાર પાવર પેનલ લગાવવામાં આવે તો ચાર કરોડના ખર્ચે 400થી 500 ઘરની જરૂરિયાત સંતોષી શકાય છે. તેમને ચોવીસ કલાક વીજળી પણ મળી શકે છે. તેને માટે ગ્રીડના નેટવર્કને સંગીન બનાવવાની જરૂર છે. તેમના ફીડર પણ આજે આઠ કલાક કે ચાર કલાક ચાલે છે. તેથી ફીડર નેટવર્ક સુધારીને સોલાર પાવર જનરેટ કરનારાઓને ખોટ ન જાય તેવી વ્યવસ્થા સરકારે કરવી જોઈએ. હજી ગાંધીનગર જેવા શહેરમાં પણ પાવર સપ્લાય કપાઈ જાય છે ત્યારે ગામડાં સુધી આ વ્યવસ્થા કરવી અઘરી છે, અશક્ય નથી. તેનાથી ટ્રાન્સમિશન લૉસ ઓછો પણ થઈ શકે છે."

ટ્રાન્સમિશન લૉસ ઘટાડવા માટે સરકારે એસએસડીએસપીના નામથી યોજના પણ લોન્ચ કરી હતી. 4 મેગાવોટથી ઓછા સોલાર પાવર પ્લાન્ટ નાખવાની વ્યવસ્થા કરી હતી. પાવર પ્લાન્ટની આસપાસના એરિયામાં જ પાવર સપ્લાય કરવા માટે ફીડર નેટવર્ક ઊભું કરવાનું પણ તેમનું આયોજન હતું. આ જ આયોજનને સરકાર વધુ લોકોને આવરી લઈને ગામનાં દરેક ઘર પર રૂફટોપ પેનલ બેસાડીને વીજ ઉત્પાદન કરી શકે છે. તેનાથી પોલ્યુશન પણ ઘટી જશે.

આ વ્યવસ્થા કરવી જરૂરી છે. કારણ કે ગુજરાત અત્યારે વીજઅછતની કટોકટી તરફ ધસી રહ્યું છે. ઉનાળાની ગરમીમાં ગુજરાતની વીજ જરૂરિયાત 20000 મેગાવોટને પણ આંબી જવાની છે. તેની સામે ગુજરાત સરકારના પોતાના સ્રોત અને તેણે કરેલા પાવર પરચેઝ એગ્રીમેન્ટના મળીને 15000થી 16000 મેગાવોટ વીજળી મેળવી શકે તેવી હાલમાં સ્થિતિ છે. બાકીના 4000 મેગાવોટ તેણે ઓપન માર્કેટમાંથી જ ખરીદવા પડે તેમ છે. અત્યાર સુધી ઓપન માર્કેટ એટલે કે ઇન્ડિયન એનર્જી એક્સચેન્જમાંથી યુનિટદીઠ મહત્તમ રૂ. 12ની કિંમતે વીજળી વેચવાની છૂટ આપી હતી. પરંતુ ગુજરાતમાં 4950 મેગાવોટ ગેસ આધારિત પાવર પ્લાન્ટને યુનિટદીઠ રૂ.21ની આસપાસનો ઉત્પાદન ખર્ચ આવે છે. તેથી તેઓ છેલ્લા બાર મહિનાથી એક પણ યુનિટ વીજળી પેદા કરતાં જ નથી. તેમ છતાં ફ્યુઅલ પ્રાઈસ એન્ડ પાવર પરચેઝ એગ્રીમેન્ટની ફોર્મ્યુલા હેઠળ તેમના પાવર પ્લાન્ટની જાળવણીનો, પાવર પ્લાન્ટના કર્મચારીઓના પગારનો, પાવર પ્લાન્ટ બનાવવા માટે લીધેલી લોનના વ્યાજનો બોજો ગુજરાતના વીજ વપરાશકારોને માથે આવ્યા જ છે. આ ગુજરાતના વીજવપરાશકારોની કમનસીબી છે. તેમણે આ બોજ વેંઢારવો પડી રહ્યો છે.

આ સ્થિતિમાં ગુજરાત સરકાર ઉપર સૂચવ્યા મુજબ ગુજરાતના ગામે ગામમાં વીજળી પેદા કરી શકાય તે માટે દરેક ઘર પર અને મળે તે સ્થાને સોલાર પેનલ બેસાડી દઈને દરેક ગામની વ્યક્તિગત વીજ જરૂરિયાત સંતોષી શકે છે. તેનાથી અનેક લાભ થાય તેમ છે. પાર્થ દવે કહે છે, "સૌથી પહેલું તો કાર્બન ફૂટ પ્રીન્ટ એટલે કે વાયુ પ્રદુષણ ઓછું થશે. બીજું, ટ્રાન્સમિશન લૉસ ઓછો થશે. કારણ કે જ્યાં વીજળી પેદા થાય છે તે જ વિસ્તારમાં વીજળી વપરાઈ જાય છે.

ત્રીજું, દરેક ગામે સરકારી કંપનીના વીજળીનો સપ્લાય ચાલુ થાય તેની ગામડાંની પ્રજાએ રાહ જોવી પડશે નહિ. સરકારી કંપની તરફથી આજે વીજળી મળે તો પણ દિવસના આઠ કે છ કલાક જ વીજળી સપ્લાય મળે છે. સોલાર પેનલ બેસાડી દેવાથી દિવસે ગમે તે ક્ષણે તે બટન ઓન કરીને તેના ખેતીના કામકાજ કરી શકશે. કૃષિ કામ કરી જ શકશે." ■



# વ્યાજદરના વધારાથી પ્રોપર્ટી માર્કેટને ફટકો



પ્રોપર્ટી માર્કેટ તેજીના દ્વારે આવીને ફરીથી દૂર થઈ રહ્યું છે. એક જંત્રીના બમણા કરી દેવામાં આવેલા દર. બીજું, હોમ લોનના વધી રહેલા વ્યાજદર. આ બે કારણો રહેઠાણના માર્કેટને તોડી રહ્યું છે. હોમ લોનના વ્યાજ દર ઓર ઉપર જશે. તેની અસર હેઠળ બિલ્ડરોએ ઘણાં પ્રોજેક્ટ્સને અભેરાઈએ ચઢાવી દેવા પડશે. રેરામાં તેમણે આપેલી ટાઈમ લિમિટમાં તેમના પ્રોજેક્ટ પૂરા કરી શકશે નહિ. ડેવલપર્સ કહે છે કે, “વ્યાજદરમાં બીજા વધારો આવશે તો બિલ્ડર્સ તેનો બોજ ખમી શકશે નહિ.” કારણ કે બિલ્ડરોએ બાંધકામ માટે ફાઈનાન્સ લેવું પડે છે. બીજું, પ્રોપર્ટી સામે લોન પણ લે છે. ત્રીજું, વણ વેચાયેલી પ્રોપર્ટીના ભાડાંની આવકને ગેરેન્ટી તરીકે દર્શાવીને બિલ્ડર્સ તેના પર ફાઈનાન્સ પણ મેળવે છે. આ બધાંનો બોજ બિલ્ડર ડેવલપર પર આવી શકે છે. તેની અસર પ્રોજેક્ટની નફાકારકતા પર આવે છે. તેમ જ ઈન્વેસ્ટર્સને મળનારા વળતર પર પણ તેની વિપરીત અસર પડે છે. જો બિલ્ડર આ બોજ ન ખમી શકે તો આમ આદમી કે મિલકત ખરીદનાર નોકરિયાતો તે વધારાનો બોજ કેમનો ખમી શકે તે એક મોટો સવાલ જ છે. 2022ની સાલમાં હોમ લોનના વ્યાજદર 6.75ની આસપાસ આવી ગયા હતા. આજે તે દર 8.80ની આસપાસ થઈ ગયા છે. આમ બે ટકાનો વધારો નવ માસમાં આવી ગયો છે. હજી પાથી અડધા ટકાનો વધારો માથે તોળાઈ રહ્યો છે. પરિણામે સારી આવક ધરાવનારાઓને માટે પણ જીવન ધોરણ ટકાવી રાખીને લોનના હપ્તા ભરવા કઠીન બની શકે છે.



**તેજસ જોશી, પ્રેસિડેન્ટ**
ક્રેડાઇ-ગાહેડ, અમદાવાદ

એકતરફ પગારની આવકમાં વધારો થાય તેનાથી ગણી વધારે ઝડપથી ખર્ચ વધી રહ્યો છે. ફુગાવો સતત વધતો હોવાથી ઘર ખર્ચથી માંડીને સંતાનોના એજ્યુકેશન ખર્ચ સહિતના તમામ ખર્ચાઓ વધી જ રહ્યા છે. તેથી તેમને પણ હોમ લોનના ઊંચા વ્યાજદર ખટકી રહ્યા છે. તેમના માસિક ગણિતો તૂટી રહ્યા હોવાથી તેઓ પણ પ્રોપર્ટી ખરીદવાનું મુલતવી રાખી રહ્યા છે. તેમ થવાથી પણ પ્રોપર્ટી માર્કેટનું વેચાણ મંદ પડી રહ્યું છે. આવકવેરાના રિટર્ન ફાઈલ કરવા માટે જાહેર કરવામાં આવેલા નવા ટેક્સ રિજિમમાં હોમ લોન લેનારાઓને નુકસાન જાય તેવી વ્યવસ્થા દાખલ કરવામાં આવી છે. તેમને કલમ 80 સીના કોઈ જ લાભ મળતા નથી. તદુપરાંત સમય જતાં સરકાર નવા રિટર્નને ફાઈનલ કરી દે અને તમામ લાભ આપવાનું બંધ કરી દે તેવી દહેશત પણ પ્રોપર્ટી ખરીદનારાઓ અનુભવી રહ્યા છે. તેથી પણ મિલકત ખરીદવી કે નહિ તેની અવઢવમાં પડ્યા છે. બીજું, ઈન્વેસ્ટર્સ પણ તેને કારણે રહેઠાણની મિલકતમાં પહેલાની જેમ સરળતાથી તૈયાર થઈ જતાં નથી. ક્રેડાઈ ગુજરાતના ચેરમેન અજય પટેલ કહે છે, “વ્યાજના દર વધી રહ્યા હોવાથી મિલકત ખરીદનારાઓને મોંઘી પડી રહી છે. તેમને મિલકત ખરીદવી તો છે પણ મોંઘી પડી રહી છે.” રિઝર્વ બેન્ક ફુગાવાને અંકુશમાં લેવા માટે વ્યાજદર વધારી રહી છે. પરંતુ તેની અસર હેઠળ પ્રોપર્ટી મોંઘી થઈ રહી છે, કારણ કે વ્યાજદર ઊંચા જઈ રહ્યા છે. ગયા વરસે વ્યાજના દર 6.75ની આસપાસના હતા ત્યારે પ્રોપર્ટી માર્કેટમાં ભરપૂર લેવાલી જોવા મળી હતી. અજય પટેલ કહે

**માસિક રૂ. 1.25થી 1.50 લાખની આવક ધરાવનારાઓ માટે પણ દોઢથી બે કરોડના મૂલ્યના રહેઠાણ ખરીદવા કઠીન**

**રૂ. 75 લાખના મૂલ્ય સુધીના ઘર માટે હોમ લોન લેનારાઓ એકથી દોઢ ટકા ઓછા વ્યાજે ધિરાણ આપવાની વ્યવસ્થા કરાય તો માર્કેટ ટકી શકશે**



છે, "તેવી મજા આજના માર્કેટમાં જોવા મળતી નથી." ક્રેડાઈ ગાહેડના અમદાવાદના પ્રમુખ તેજસ જોશી કહે છે, "પોતાનું ઘર ધરાવતા પણ પોતાના પરિવારની ભાવિ જરૂરિયાતને ધ્યાનમાં લઈને વધારાનું ઘર વસાવનારા પણ પીછેહઠ કરી રહ્યા છે. વ્યાજના નીચા દર જોઈને જેમણે એડિશનલ ઘર લઈ લીધું છે તેમને માથે હપ્તાના બોજ પણ વધી ગયા છે. પરિણામે બજાર પર થોડીક નેગેટીવ અસર જોવા મળી રહી છે." આ સંજોગોમાં બિલ્ડર્સ એસોસિયેશન સરકાર સમક્ષ રજૂઆત કરી રહ્યું છે કે એફોર્ડેબલ હાઉસિંગ એટલે કે રૂ. 75 લાખ સુધીના મૂલ્યના આવાસ પર આપવામાં આવતી લોન એકથી દોઢ ટકા નીચે લાવવાની જરૂરી છે. તેમ કરવામાં આવશે તો જ તેઓ તેમના પોતાના ઘરનું ઘર બનાવવાનું સપનું સાકાર કરી શકશે.

રિઝર્વ બેન્કે અત્યાર સુધીમાં વ્યાજના દરમાં કરેલા વધારાને કારણે કન્સ્ટ્રક્શનના પ્રોજેક્ટ્સ માટે ધિરાણ લેનારા ડેવલપર્સ બિલ્ડર્સની બોરોઈંગ કોસ્ટ એકથી દોઢ ટકા વધી ગઈ છે. વ્યાજ દર વધે તો તેમના પ્રોજેક્ટ્સ માટેના બોરોઈંગની પડતર ઊંચી જાય. બોરોઈંગ કોસ્ટ ઊંચી જાય તો તેમણે પ્રોપર્ટીની કિંમત વધારવી પડશે તેવી વાત ભારતીય સ્તરે બિલ્ડરોએ કરી દીધી છે. તેમની બાંધકામની કિંમત પણ વધી જશે. બીજીતરફ સિમેન્ટના ભાવ વધી ગયા છે. સિમેન્ટની એક થેલીના છ માસ પહેલા રૂ.300નો ભાવ હતો. તે જ સિમેન્ટની બેગ આજે રૂ. 400થી 450ના ભાવે મળી રહી છે. આમ બાંધકામની કિંમત વધી રહી છે. તેમ જ બાંધકામનો બિઝનેસ કરવા માટેનો ખર્ચ પણ વધી જ રહ્યો છે. તદુપરાંત વ્યાજદરનો વધારો, પ્રોજેક્ટ લોનના વ્યાજ ખર્ચનો વધારાએ ડેવલપર્સ અને બિલ્ડર્સના નફા દસ ટકાની અંદર લાવી દીધા હોવાનું જણાવવામાં આવે છે. ગુજરાતની જંત્રીમાં બાંધકામની કિંમત 9900થી વધારીને 19800 કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તેથી રહેઠાણની પ્રોપર્ટીના ભાવ ઊંચા જશે તેમાં કોઈ જ બેમત નથી. હા, બિલ્ડરના બુકિંગ પર થોડીક બ્રેક લાગી શકે છે.

તેની સામે બિલ્ડર્સ એસોસિયેશન જ કહે છે કે આ કોસ્ટ 12000ની આસપાસ છે. બેસ્ટ ક્વોલિટિના બાંધકામ માટેની આ કોસ્ટ બિલ્ડર્સ એસોસિયેશને દર્શાવી છે. તેમાં કદાચ 200-400નો વધારો થઈ શકે છે. પરંતુ પ્રોપર્ટી માર્કેટના જાણકારો કહે છે કે, "બિલ્ડર્સ તેને કારણ બનાવીને તેમની પડતર કિંમતને ખાસ્સી ઉપર લઈ જવાનો પ્રયાસ કરશે. સરવાળે મિલકત કે આવાસ ખરીદનારને તે આવાસ મોંઘું પડશે. પરિણામે આજે ઘર લેવા માગતા લોકો ઘર લેવાનું આવતીકાલ પર મુલતવી રાખશે. તેની અસર પણ લેવાલી પર જોવા મળશે."

આમેય અમદાવાદમાં પ્રોપર્ટીના ભાવ એટલા ઊંચા છે કે માસિક રૂ. 1થી 1.25 લાખના પગારદાર માટે પણ થ્રી બેડ રૂમ હોલ કિચનનું ઘર લેવું કઠીન બની રહ્યું છે. કારણ કે તેમને માટે તેમનું જીવન ધોરણ કે લાઈફસ્ટાઈલને ટકાવી રાખ્યા પછીના પૈસામાંથી નવું ઘર વસાવવાનું આયોજન કરવું પડે છે. તેથી તેમના પગાર પ્રમાણે જંગી બચત હોતી નથી.

બચત ન હોવાને કારણે અને એક કરતાં વધુ વસ્તુઓ કે હોમ એપ્લાયન્સિસ હપતેથી લેવામાં આવ્યા હોવાથી તેમના પર વ્યાજ ખર્ચનો આમેય બોજો હોય જ છે. તેથી બચત ઓછી થઈ જાય છે. તેમાં એકથી દોઢ કરોડનું ઘર લેવા માટે એક સામટી 25થી 50 લાખ પોતાના ગજવામાંથી આપવા તેમને માટે કઠીન બની રહ્યા છે. 80થી 90 ટકા લોન આપવામાં આવે તો પણે તે લોનના હપ્તામાં જ આખો પગાર ખર્ચાઈ જવાની નોબત આવી રહી છે. તેથી જ તેમના માસિક પગાર રૂ. 1થી 1.25 લાખના હોવા છતાંય તેમને માટે સારા ઘર લેવા મુશ્કેલ બની રહ્યા છે. મધ્યમ વર્ગને માટે બનાવવામાં આવી રહેલા રૂ. 75 લાખ સુધીના મૂલ્યના ઘર તેમને અપીલ કરતાં જ નથી. તેથી તેના તરફ તેમનો ઝુકાવ ઓછો છે. તેમને સવાથી દોઢ કરોડના ઘર ગમે છે, પરંતુ તેમનો પનો ટૂંકો પડી રહ્યો છે. તેનીય અસર પ્રોપર્ટી માર્કેટ પર પડી રહી છે.

રહેઠાણની પ્રોપર્ટી પર આ અસર તરત જોવા મળી રહી છે. કોમર્શિયલ સાહસ કરનારાઓ કદાચ આ બોજ ખમી લેવા તૈયાર થઈ જાય તેવી શક્યતા છે. પરંતુ રેસિડેન્શિયલ પ્રોપર્ટી લેવાની ઈચ્છા ધરાવનારાઓથી પ્રોપર્ટી જોજનો દૂર ભાગી રહી હોવાનું લાગી રહ્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો મંદીનું રીંછ ધીરે ધીરે રહેઠાણની મિલકતના માર્કેટને પોતાના મજબૂત પંજામાં પકડવા જઈ રહ્યું છે. ■



# અલ નિનોથી ખેડૂતો પર ખતરો, કોમોડિટી માર્કેટમાં કમઠાણ

**અલ નિનો ને કારણે કૃષિ ઉપજ ઘટે તો દરેક અનાજ અને કઠોળની કિંમતમાં અકલ્પનીય વધારો આવી જવાની દહેશત**

**ચોમાસું નોર્મલ રહે તો જ 2023-24માં ભારતનો વિકાસ દર 6થી 6.5 ટકાની સપાટી જાળવી શકશે**

કૃષિ ઉપજનો આધાર ગણાતા ચોમાસાના આ વરસે ઠેકાણા નહિ રહે તેવા વાવડ છે. હવામાન ખાતાઓની આગાહી છે કે આ વરસે અલ નિનોની અસર જોવા મળશે. જુદાં જુદાં હવામાન ખાતાઓની આ આગાહી સાચી પડે તો આ વરસે ભારતમાં ચોમાસું સારુ નહિ જાય. ગુજરાત અને ભારતમાં જરૂર કરતાં ઓછો વરસાદ પડવાની શક્યતા છે. તેની સીધી અસર હેઠળ કૃષિ ઉપજમાં ઘટાડો આવી શકે છે. કૃષિ ઉપજમાં ઘટાડો થાય તો ઘર ઘરમાં વપરાતા અનાજ અને કઠોળના ભાવ સાતમે આસમાને પહોંચી જવાની સંભાવના છે.

ગુજરાત ચેમ્બરની કૃષિ ટાસ્ક ફોર્સ કમિટીના ચેરમેન આશિષ ગુરુનું કહેવું છે કે, "આમેય છેલ્લા થોડા વર્ષોથી મગફળી કે બટાકાનું ઉત્પાદન એકાએક વધી જાય છે તો ક્યારેક ઘટી પણ જાય છે. પરિણામે ભાવમાં મોટી ઉથલપાથલ થઇ જાય છે. આ ક્લાઇમેટ ચેન્જની જ અસર છે. હવે આ વર્ષે તેની શું અસર આવે તે અત્યારથી નિશ્ચિત પણે કહી શકાય તેમ નથી."

તેની સૌથી પહેલી અસર દેશના આર્થિક વિકાસ દર પર આવશે. ભારતના કૃષિ ક્ષેત્રનો સરેરાશ ત્રણથી સાડા ત્રણ ટકાનો વૃદ્ધિદર છે. તેને આધારે જ 2023-24ના નાણાંકીય વર્ષમાં ભારતનો વિકાસ દર 6થી 6.5 ટકાનો રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. આ વિકાસદર જળવાઈ રહે તે માટે ચોમાસું નોર્મલ રહે તે જરૂરી છે. પરંતુ ચોમાસું નોર્મલ રહેશે કે કેમ તે અંગે જ આશંકા છે. તેથી કૃષિ ઉપજ ઘટી જવાની ધાસ્તી છે. ફેબ્રુઆરી-માર્ચમાં જ ગરમીના નોર્મલ કરતાં વધુ વધારો થઈ ગયો હોવાથી અલ નિનો ઈફેક્ટની ચિંતા વધી ગઈ છે. ઘઉંની લણણીના આ સમયમાં ઘઉંના પાક પર તેની વિપરીત અસર ન પડે તેની આ ચિંતા છે. ઘઉંના ઉત્પાદનમાં દસ લાખ ટનનો ઘટાડો આવે તો પણ તેના ભાવમાં મોટો તફાવત આવી શકે છે. ભારતના કૃષિ ખાતાએ 2023-24ના જૂન જુલાઈ સુધીમાં ભારતમાં 112.18 મિલિયન ટન ઘઉંનું ઉત્પાદન થવાનો અંદાજ મૂક્યો છે. જે અગાઉના વર્ષની તુલનાએ 4.44 મિલિયન ટનનો વધારો દર્શાવે છે. બીજું, અલ નિનોની ખાસિયત એ છે કે એકવાર તેની અસર ચાલુ થઈ ગઈ તો તે ઉલટાતી નથી. તેની અસર હેઠળ પાકમાં ઘટાડો થવાની શરૂઆત થઈ જાય તો તેની અસર દરેક પાક પર સામાન્ય રીતે ઘટાડારૂપ અસર જોવા મળે જ છે. બીજીતરફ ફુગાવો વધવાની પ્રક્રિયા પણ ચાલુ જ થઈ જાય છે. ભારતીય હવામાન ખાતાના ડિરેક્ટર જનરલ મૃત્યુંજય મોહપાત્રનું કહેવું છે, "અલ નિનોની અસરનો પાક્કો અંદાજ માર્ચ મહિનામાં આવશે. અલ નિનોની અસર આવે તો આ વરસે દિલ્હી, બિહાર, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢમાં તો દુષ્કાળની સ્થિતિ જોવા મળી શકે છે. તેની સામે ઉત્તર અને ઉત્તર પશ્ચિમ ભારતમાં અસહ્ય ગરમી જોવા મળી શકે છે. બહુધા અલ નિનોને કારણે સામાન્ય કરતાં ઓછો વરસાદ પડતો હોવાનું જોવા મળે છે."



**આશિષ ગુરુ, ચેરમેન**
એગ્રીકલ્ચર ટાસ્ક ફોર્સ, GCCI

અલ નિનોની અસર છેલ્લે 20118ની સાલમાં જોવા મળી હતી. 2018ની સાલમાં ભારતમાં નોર્મલ કરતાં ઓછો વરસાદ પડ્યો

# અલ નિનો : જીડીપી ઘટે અને ફુગાવો વધે

ભારતના 70 ટકાથી વધુ વિસ્તારમાં માં જૂનથી સપ્ટેમ્બરના ગાળામાં વરસાદ પડે છે. ભારતની બહુધા ખેતી આજે પણ વરસાદી ખેતી એટલે કે વરસાદ પર નિર્ભર છે. કૃષિ ઉપજ ભારતીય જીડીપીના 20 ટકા જેટલો હિસ્સો ધરાવે છે. તેથી ફુગાવા પર તેની મોટી અસર પડે છે. બીજીતરફ ખાદ્યસામગ્રીના ભાવ કન્ઝ્યુમર પ્રાઈઝ ઇન્ડેક્સમાં 40 ટકા વજન ધરાવે છે. ડિસેમ્બર 2022માં કન્ઝ્યુમર પ્રાઈસ ઇન્ડેક્સ ઘટીને 5.72 ટકાની એક વર્ષની નીચામાં નીચી સપાટીએ પહોંચી ગયો હતો. ભારતનો કન્ઝ્યુમર પ્રાઈસ ઇન્ડેક્સ 2થી 6 ટકાની રેન્જમાં રહે તો તે ભારતના અર્થતંત્ર પર કોઈ અવળી અસર કરતો નથી તેમ રિઝર્વ બેન્કનું માનવું છે. પરંતુ રિઝર્વ બેન્કે જ આપેલી માહિતી મુજબ આગામી મહિનાઓમાં કન્ઝ્યુમર પ્રાઈસ ઇન્ડેક્સ 6 ટકાની સપાટીને વળી જાય તેવી સંભાવના છે. ફુડના સપ્લાયમાં કોઈપણ તફાવત આવે તો ખાદ્યસામગ્રીના ભાવમાં મોટી વધઘટ આવી શકે છે. ખેતી પર અસર આવે તો ખેતી થકી રોજગારી કે પેટીયું રળનારાઓની આવક પર પણ અવળી અસર પડી શકે છે. આમ કોમોડિટીના ભાવ એક તરફ વધે છે, બીજી તરફ લોકોની આવકમાં ઘટાડો થાય છે.

હતો. જોકે તેની પહેલાના ચાર ચોમાસા ઘણાં જ સારા રહ્યા હોવાથી 2018ની સાલમાં તેનો પ્રભાવ તીવ્ર રહ્યો નહોતો. અલ નિનોની ઈફેક્ટ હેઠળ 2023માં ભારતમાં ચોમાસુ સારુ રહેવાની બહુ આશા નથી. જોકે તેનું સ્પષ્ટ ચિત્ર તો એપ્રિલ અને મે મહિનામાં જ જોવા મળી શકે છે, કારણ કે આભ અને ગાભનો સો ટકા પાકો અંદાજ મેળવવો કઠીન છે. કૃષિ સેક્ટરના જાણકાર અને ખેડૂતોની સંસ્થાના અગ્રણી કનુભાઈ પટેલ કહે છે, “અલ નિનોની અસર હેઠળ કૃષિ ઉપજમાં ઘટાડો આવે તો ફુગાવો વધી જવાની દહેશત રહેશે. કૃષિ ઉપજમાં 50 ટકાથી વધુ ઘટાડો આવી શકે છે. ફેબ્રુઆરીમાં પડેલી ગરમીએ અત્યાર સુધીમાં ખાસ્સું ડેમેજ કરી પણ દીધું છે” ખેડૂતોની આવક પર પણ તેની અસર પડશે અને ખેડૂતોના ખર્ચ પર પણ તેની અસર જોવા મળશે. તેની પહેલી અસર ગુજરાતના સોના ચાંદી બજાર પર પણ જોવા મળશે. સોના ચાંદીના વેપારીઓ પાકની સીઝન પૂરી થયા પછી ખેડૂતો થકી થનારી સોના-ચાંદીની મોટી લેવાલી પર આશા માંડીને બેઠાં હોય છે. પરિણામે સોનીઓના ધંધા પર પણ તેની અવળી અસર પડી શકે છે.

જોકે ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ ખેડૂતો પાસેથી ઘઉની ખરીદી કરવાની પ્રક્રિયા માર્ચની મધ્યથી ચાલુ કરી દેવાનો નિર્ણય કર્યો છે. ફેબ્રુઆરીના અંતમાં અને માર્ચના આરંભમાં ગુજરાત સહિતના દેશના ઘણાં વિસ્તારોમાં ગરમીનો પારો નોર્મલ ટેમ્પરેચર કરતાં પાંચથી સાત ડિગ્રી ઉપર રહ્યો હોવાનું જોવા મળ્યું છે. બીજીતરફ વાતાવરણમાં ગરમી વધી કે ન વધી તેની ચિંતા કે દરકાર કર્યા વિના ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ પંદરમી માર્ચથી ઘઉની ખરીદી ચાલુ કરી દેવાનો નિશ્ચય કરી લીધો છે. ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અંદાજે 30થી 40 મિલિયન ટન ઘઉની ખરીદી કરવાનું આયોજન કરી રહ્યું છે. જોકે આર્થિક બાબતોના નિષ્ણાતો કહે છે કે છેલ્લા થોડા વરસોથી ચોમાસા સારા રહ્યા હોવાથી અને કૃષિ ઉપજ સારી રહી હોવાથી આ વરસે ચોમાસું નબળું જાય તો પણ આભ તૂટી જાય તેટલી મોંઘવારી વધી જવાની દહેશત રાખવાની જરૂર નથી. તેથી બફર સ્ટોક છે. પરિણામે અસર ઓછી જોવા મળશે. અલ નિનો ઈફેક્ટની ચિંતા છે, પરંતુ તે ભારતના અર્થતંત્રને સાવ જ તોડી નાખશે તેવા ભય હેઠળ નથી જ નથી.

છતાંય 2023ની સાલ માટેના ભારતના ક્રોપ પ્રોજેક્શનની વાત કરીએ. ડાઉન ટુ અર્થના નિષ્ણાતો તેને વધુ ગંભીર ગણી રહ્યા છે. તેમના અંદાજ મુજબ 2023માં અલનિનો ઈફેક્ટ ભારતના ખેડૂતોની હાલત બદતર કરી નાખશે. 2021 અને 2022ના વર્ષનું ચોમાસુ સાવ નોર્મલ રહ્યું નથી. તેમ છતાં ખેડૂતો કે ખેતી પર તેની મોટી અસર જોવા મળી નથી. 2021ના વર્ષમાં સાઉથવેસ્ટ મોનસુન આંકડાંની દ્રષ્ટિએ નોર્મલ રહી હતી. વાસ્તવમાં સપ્ટેમ્બરમાં સારો વરસાદ પડતા આખા ચોમાસાની ખાધ પુરાઈ ગઈ હતી. બીજું, વરસાદ ઓક્ટોબર સુધી લંબાયો હતો. 1901 પછીની વાત કરવામાં આવે તો ઓગસ્ટ 2021ના મહિનામાં ઓછામાં ઓછો વરસાદ પડ્યો હતો. આમ 120 વર્ષમાં સૌથી ઓછો વરસાદ ઓગસ્ટ 2021માં જોવા મળ્યો હતો. છતાં રવી મોસમમાં સારો પાક લઈ

- છેલ્લા બે વર્ષથી ચોમાસું અનિયમિત રહ્યું હોવાથી આ વરસે અલ નિનોની અસર હેઠળ અત્યંત જોખમી સ્થિતિ નિર્માણ થવાની સંભાવના



# જંતુનાશકો અને રાસાયણિક ખાતરો બનાવતી કંપનીઓના બિઝનેસ પર વિપરીત અસર પડી શકે



અલ નિનાનો અસર ખેડૂતોના પાક બચાવવા માટે જંતુનાશક દવાઓ બનાવતી કંપનીઓના દ્વારા બનાવવામાં આવતા જંતુનાશકોના વેચાણ પર ખાસ્સી પડી શકે છે. બીજું, રાસાયણિક ખાતર બનાવીને માર્કેટિંગ કરતી કંપનીઓના પરફોર્મન્સ પર પણ તેની અવળી અસર પડી શકે છે. તેમણે રોપણીની સીઝન પૂર્વે જંતુનાશકની વધનારી ડિમાન્ડને ધ્યાનમાં રાખીને ઉત્પાદન કરીને સ્ટોક કરી લીધો હોય છે. તેનું વેચાણ ન થાય તો તેમણે તેનો નિકાલ કરવા માટે કદાચ નીચા ભાવે પણ માલ વેચવો પડી શકે છે. તેથી તેમના માર્જિન કપાઈ જવાની સંભાવના રહેલી છે. બીજું, જંતુનાશકોના ભાવમાં વધારો કરવાની શક્યતા પર પૂર્ણવિરામ મૂકાઈ જશે. ત્રીજું, જંતુનાશકો બનાવવા માટેના કાચા માલના ભાવ તો ઊંચે ગયા જ છે. તેથી તેમની ઉત્પાદન કિંમત ઊંચી આવેલી જ છે. યુપીએલ-યુનાઈટેડ ફોસ્ફરસ, પીઆઈ ઇન્ડસ્ટ્રીઝ, બેયર ક્રોપ સાયન્સ, સુમોટોમો કેમિકલ ઇન્ડિયા, રાલીઝ ઇન્ડિયા અને ધાનુકા એગ્રીટેક જેવી કંપનીઓના શેર્સના ભાવ પર પણ તેની અસર આગામી દિવસોમાં જોવા મળી શકે છે. તેમના પ્રોડક્ટ્સની ડિમાન્ડ ઘટી જવાની સંભાવના છે. તેમ જ તેમના માર્જિન ખાસ્સા કપાઈ જવાના દહેશત છે. ગુજરાતમાં મેઘમણી ગ્રુપ પણ આ સેગમેન્ટમાં જ છે. ઇફકો અને કૃભકોના વેચાણ પર પણ તેની અસર આવી શકે છે. તેના આર્થિક પરફોર્મન્સ પર પણ અવળી અસર પડી શકે છે.



## ● કોરોના કાળમાં મફત અનાજ વિતરણ પર ફોકસ કર્યું હોવાથી અનાજનો બફર સ્ટોક ઘટ્યો, નિકાસ પણ ઘટશે

શકાય તેવો ભેજ જમીનમાં જોવા મળ્યો હતો. હવે કેલેન્ડર વર્ષ 2021 ને 2022ની વાત કરીએ. 2021ના આરંભમાં તીવ્ર ઠંડી અને વરસાદ જોવા મળ્યા હતા. તેને પરિણામે ઊભા પાક ડૂબી ગયા. બીજી તરફ કૃષિ ઉપજના મોટા વિશ્વના સપ્લાયર રશિયા અને યુક્રેન વચ્ચે 2022માં યુદ્ધ છેડાઈ ગયું. પરિણામે સમગ્ર વિશ્વ ફુડ ક્રાઈસિસ તરફ ધકેલાઈ જાય તેનો નોબત આવી હતી. આ સ્થિતિમાં ભારતીય ખેડૂતો પણ વિપરીત આબોહવા વચ્ચે પોતાના પાકને બચાવવા સંઘર્ષ કરી રહ્યા હતા. પરંતુ આભ-આકાશ અને ગાભ(ગર્ભસ્થ જીવ) અંગે કોઈ જ ક્યારેય સો ટકા નિશ્ચિતતા સાથે કહી શકતું નથી. તે જ રીતે કુદરતે ચાલ બદલી. ચોમાસું ખેંચાયું. સપ્ટેમ્બરમાં સારો વરસાદ પડ્યો. ઓક્ટોબરમાં વધુ સારા વરસાદે રંગ રાખ્યો. જમીનમાં ભેજ વધ્યો અને સચવાયો. તેથી રવી મોસમમાં વાવેતર સારુ થયું. ત્યારબાદ એપ્રિલ અને મે 2022માં ભારે ગરમી પડવાને કારણે પાકના ઉતારા ઓછા થઈ ગયા. તેમાંય ખાસ કરીને ઘઉના ઉત્પાદનમાં મોટી ઘટ આવી હતી. માત્ર ઘઉ જ નહિ, બધી જ કૃષિ ઉપજોમાં ઘટ આવી. આમ છેલ્લા બે ત્રણ વર્ષથી ખેડૂતો કપરી સ્થિતિમાં જ ફસાયેલા છે. તેથી તેમની આશા 2023ના રવી ક્રોપ પર છે. પરંતુ જાન્યુઆરીથી જ ગરમીનો આરંભ થઈ ગયો છે. ફેબ્રુઆરીના અંત સુધીમાં તો નોર્મલ કરતાં ચારથી પાંચ ડિગ્રી ઉપર ગરમી પહોંચી ગઈ. માર્ચની મધ્યમાં હોય તેવી ગરમી ફેબ્રુઆરીના અંતમાં જોવા મળી રહી છે. આ જ ગાળામાં ઘઉના દાણા બેસવાની શરૂઆત થાય છે. પરંતુ ગરમી વધી જતાં દાણા ફૂટે તે વખતે જ ગરમીને કારણે કરમાઈ ગયા. ઘઉનો મોટો પાક લેતા હરિયાણામાં તો ઘઉના દાણા સૂકાઈ ગયાની બૂમ પણ પડી ગઈ છે. આ નુકસાન અંદાજે 20થી 50 ટકા જેટલું છે. હરિયાણા અને પંજાબમાં ખેડૂતો એક સાથે 25 એકરથી વધુ જમીનમાં પાક લેતા હોય છે. બેથી આઠ ફેબ્રુઆરી વચ્ચે તો ઉષ્ણાતામાનનો પારો નોર્મલ કરતાં પાંચથી સાત ડિગ્રી ઉપર રહ્યો હોવાનું નેશનલ ફોરકાસ્ટિંગ સેન્ટર ઓફ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર એન્ડ ફાર્મર વેલ્ફેરે જણાવ્યું છે. ઘઉનો મોટો પાક લેતા મધ્ય પ્રદેશમાં પણ ગરમી વધારે પડી છે. પરિણામે ભારતમાંથી ઘઉની નિકાસ કરવાની વાત બાજુએ રહી જાય તો નવાઈ પામવા જેવું નહિ હોય.

ફેબ્રુઆરી 10 સુધીમાં રાયડાનો પાક તૈયાર થઈ જાય છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં તેનો પાક લેવામાં આવે છે. નસીબ સારા છે. આ વરસે રાયડાનો પાક સારો રહ્યો છે. બીજી તરફ સોયાબિનનો જથ્થો પણ સારો જ છે. આ સ્ટોક ખેડૂતોને ટકાવી રાખવામાં મદદરૂપ થશે.

જોકે ગરમીમાં થયેલો વધારો માત્ર ઘઉનું મોટું વાવેતર કરતાં ઉત્તર ભારતના રાજ્યો પૂરતો સીમિત નથી રહ્યો. પૂર્વ ભારતના રાજ્યોમાં પણ ગરમી વધારે લાગી છે. તેની મોટી અસર ઘઉના પાક પર પડવાની સંભાવના છે. ઘઉની ઉપજમાં મોટી ઘટ આવશે તે માટેનું આ મજબૂત કારણ છે. આમ સતત ત્રીજા વરસે પણ ખેડૂતો અપેક્ષા પ્રમાણેની આવક મેળવી શકશે નહિ. હવે સવાલ એ થાય છે કે મે 2023થી ચાલુ થનારી ખરીફ મોસમ સારી રહેશે કે કેમ. અલ નિનોની અસર જૂન-જુલાઈથી વધી જવાની શક્યતા છે. રવી પાકમાં નુકસાન સહન કર્યા પછી ખેડૂતો હવે ખરીફ મોસમમાં ઓછો પાક આવે તો તેની અસર ઝીલી શકે તેમ જ નથી. છતાંય આશાને તાંતણે આંખો પર હથેળી મૂકીને તે ક્ષિતિજ પર વાદળો ઘેરાવાની અને વરસવાની રાહ જોશે જ જોશે, કારણ કે આશાએ કોઈ વ્યૂહ નથી. આશા એ કોઈ આયોજન નથી. તે માત્ર આશા જ છે. તેમની આશા ન ફળે તો સમગ્ર દેશમાં કૃષિ ઉપજમાં આવનારા મહિનાઓમાં ખાસ્સી ઘટ આવવાની સંભાવના છે. ખરીફ પછી રવી પાક પણ ગયા વર્ષની જેમ સુધરી જશે તેવી આશા પર પાણી ફરી રહ્યા છે. બીજીતરફ સરકાર પાસેનો અનાજનો બફર સ્ટોક ઘટી રહ્યો છે. તેમાં ઘટાડો થવાના કારણો આ રહ્યા. એક, ભારત સરકારે

## અલ નિનોની અસર હેઠળ વરસાદ ઓછો આવે તો ગુજરાતમાં મગફળી, શેરડી, કપાસ, મગ, તલ, ગુવાર, બાજરી, જુવાર, અડદ, વાલ સહિતના દરેક પાક અસર પડી શકે છે

ગરીબોને કોરોના કાળમાં મફત અનાજનું વિતરણ કર્યું. બીજું, ફુડ સિક્યોરિટી સ્કીમ હેઠળ ગરીબોને અનાજ આપવા સરકાર વચનબદ્ધ થઈ છે. ત્રીજું, અનાજમાં ફુગાવો ન વધે તે માટે સરકારે બજારમાં 30 લાખ ટન અનાજનો જથ્થો ઠાલવ્યો છે. આ સ્થિતિમાં પાકમાં વધારો ન થાય તો ભારત અનાજની અછતનો શિકાર બનશે અને ફૂડ ક્રાઈસિસ તરફ ધકેલાઈ જશે તેવું ડાઉન ટુ અર્થના નિષ્ણાતોનું માનવું છે. લોકોએ અનાજ માટે વધુ ખર્ચ કરવો પડશે. ચોખા, મગફળી અને કઠોળના ઉત્પાદન પર પણ અવળી અસર પડશે. શેરડી અને કપાસના પાક પર પણ અવળી અસર પડશે. ખરીફ સીઝનમાં લેવાતા પાકમાં પિયતની સગવડ ન હોય તેવા પાકની ઉપજ પર મોટી અસર પડી શકે છે. વરસાદ સારો ન પડે તો બાજરી, જુવાર, મગ, ગુવાર, તલ, ચોળા, અડદ, તુવેર, વાલ, મકાઈ સહિતના તમામ પાક પર અસર આવી શકે છે. ભારત સરકારે પણ અલનિનોની ઘાતક અસર આવશે તેમ માનીને તૈયારી કરી છે. તેમણે ખેડૂતોને ડાંગરનો પાક લેવાને બદલે બાજરી, રાગી, જુવાર જેવા જાડાં ધાન્યનો પાક લેવાની સૂચના આપી દીધી છે. તેથી આ વરસે વરસાદ ઓછો થવાની સરકારને પણ ધાસ્તી હોવાનું જણાય છે. સરકારે આ માટે નિષ્ણાતોને કન્સલ્ટ કર્યા જ છે. તેમના મતને આધારે આ ચેતવણી ઉચ્ચારી હોવાનું માનવામાં આવે છે. નાણાં મંત્રી નિર્મલા સીતારામનની બજેટ સ્પીચમાં પણ તેનો ઉલ્લેખ કરવામાં આવેલો જ છે. સરકારે અત્યાર સુધીમાં 47 મિલિયન ટન અનાજ પ્રાપ્ત કરી લીધું છે. સરકારનો ટાર્ગેટ તો જૂન 2023 સુધીમાં 52.1 મિલિયન ચોખાનો જથ્થો એકઠો કરી લેવાનો છે. 15મી માર્ચ 2023થી જ ઘઉની ખરીદી કરવા માંડશે. ઘઉનો 40 મિલિયન ટનને જથ્થો હસ્તગત કરી લેવાનું ટાર્ગેટ છે. ■

# અલ નિનો કેવી રીતે આકાર લે છે ?

સામાન્ય રીતે ક્રિસમસના સમયમાં એટલે કે ડિસેમ્બરના અંતિમ અઠવાડિયા દરમિયાન અલ નિનો ઈફેક્ટનો આરંભ થતો હોવાનું જોવા મળે છે. પ્રશાંત મહાસાગરના મધ્ય અને પૂર્વ વિસ્તારમાં દરિયાની સપાટીની ગરમીમાં વધારો થાય છે. આ કુદરતી રીતે થતી પ્રક્રિયા છે. હવે તમને થશે કે પ્રશાંત મહાસાગરમાં દરિયાની સપાટી પર ગરમી વધે તેની ભારત પર શી અસર પડશે. આ વિસ્તારમાંના ઠંડા પવનોને થોડા સમય માટે ગરમ પવનો દૂર ધકેલી દે છે. અલ નિનોના સામાન્ય પ્રભાવની વાત કરીએ તો તેની અસર હેઠળ તીવ્ર દુષ્કાળ પડી શકે છે. અત્યાર સુધીની તવારીખ પર નજર નાખવામાં આવે તો અલ નિનોને કારણે 60 ટકા કિસ્સાઓમાં દુષ્કાળ પડે છે. વરસાદમાં 30 ટકાથી વધુનો ઘટાડો આવી જાય છે. દુષ્કાળ પડતાં ફુડ સિક્યોરિટી સામે સવાલ ઊભો થાય છે. તેમ જ આરોગ્યને લગતી ઘણી સમસ્યાઓ ઊભી થાય છે. કોઈ મોટો રોગચાળો ફાટી નીકળવાની સંભાવના વધી જાય છે. શ્વસનતંત્રના રોગ વધી જાય છે આબોહવાના નિષ્ણાતોના મતે અલ નિનોની અસર હેઠળ પેરુ દેશમાં ભારેથી અતિભારે વરસાદ પડતો હોવાનું જોવા મળે છે. તેની સામે ભારતીય ઉપખંડમાં વરસાદ સામાન્ય રહેતો નથી. અલ નિનોની અસર હેઠળ ગરમીમાં જેટલો વધારો થાય તેટલા પ્રમાણમાં વરસાદમાં ઘટાડો થાય છે. (ગુજરાતના હવામાન ખાતાનો ક્વોટ લેવો) અલ નિનોનો ભારતમાં સૌથી વધુ પ્રભાવ 1877, 1899, 1911, 1918 અને 1972માં જોવા મળ્યો હતો. તેની સામે 1887, 1914, 1953 અને 1976માં અલ નિનો નો મધ્યમ પ્રભાવ જોવા મળ્યો હતો.

લૂઈસ ડ્રેફસ કંપનીના કુશલ શાહનું કહેવું છે કે, "અલ નિનોની અસર તીવ્ર બની રહી છે."



# એનિલિન-બેન્ઝિનના ઉત્પાદકો પર ચીને શરૂ કરેલું આક્રમણ અટકાવો

ફાર્માસ્યૂટિકલ ઈન્ડસ્ટ્રીઝ અને રબર તથા ડાઈઝ બનાવવા માટે કાચા માલ તરીકે વાપરવામાં આવતા એનિલિન ઓઈલના તથા બેન્ઝિનના ઉત્પાદન કરનારા ઔદ્યોગિક એકમોને તોડી નાખવા માટે ચીને આક્રમણ કર્યું છે. ચીને ભારતીય ઉત્પાદકોની પડતર કિંમત કરતાં નીચા ભાવે એનિલન ઓઈલ ભારતના બજારમાં ઠાલવવા માંડ્યું છે. તેને પરિણામે સ્થાનિક ઉદ્યોગોની સ્પર્ધાત્મકતા ખતમ થઈ રહી છે. તેથી જ ચીનથી ડમ્પ કરાતા એનિલિન ઓઈલ પર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાગુ કરવાની માગણી કરતો એક પત્ર એનિલિન ઓઈલનું ઉત્પાદન કરતી ગુજરાતની અગ્રણી કંપની આર.કે. સિન્થેસિસે કેન્દ્રના વાણિજ્ય મંત્રાલયને લખ્યો છે.

**● ચીનથી ભારતમાં ડમ્પ કરવામાં આવતા એનિલિન ઓઈલના સપ્લાય પર ત્રણથી પાંચ વર્ષ માટે ઊંચી એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી નાખવાની માગણી કરાઈ**

કંપનીએ એનિલિન ડમ્પિંગ કરી રહેલા ચીનથી આવતા એનિલિન ઓઈલના ઈમ્પોર્ટ પર આગામી ત્રણથી પાંચ વર્ષના ગાળા માટે વધારે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવાની માગણી કરી છે. દિલ્હીમાં વાણિજ્ય મંત્રાલયને લખવામાં આવેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે: "સ્થાનિક ઉદ્યોગના હિતોનું રક્ષણ કરવા માટે એનિલિન ઓઈલ પર ઊંચી ડમ્પિંગ ડ્યૂટી લાદવી અનિવાર્ય છે. આ પગલું લઈને ભારતમાં ચીનથી થતી એનિલિન ઓઈલની આયાત પર અંકુશ લગાવવો જોઈએ."



**પ્રશાંત પટેલ, ડિરેક્ટર**
આર.કે. સિન્થેસિસ, ગુજરાત

ડાઈઝ, રબર, ફાર્મા, પેસ્ટિસાઈડ, પિગમેન્ટમાં, ફૂડ કલર સહિતના ઉદ્યોગ માટે એનિલિન ઓઈલ બહુ જ મહત્વનો કાચો માલ છે. આર.કે. સિન્થેસિસના ડિરેક્ટર પ્રશાંત પટેલનું કહેવું છે કે, "ભારતમાં તેના ઉત્પાદન માટે પ્રોપર સપોર્ટ સિસ્ટમ જ નથી. તેથી તેમાં ઈન્વેસ્ટમેન્ટ કરવા સાહસિકો આગળ આવતા નથી. સપોર્ટ સિસ્ટમ ન હોવાથી તેમને રોકાણ જોખમભર્યું જણાય છે. તેથી તમામ સ્થાનિક ઉદ્યોગો પર તેની અવળી અસર પડે છે. ભારતમાં તેનું પૂરતું ઉત્પાદન ન થતું હોવાથી સ્થાનિક ઉદ્યોગો આયાતી એનિલિન ઓઈલ પર મદાર બાંધે છે. તેથી આયાતની નીતિમાં જરા સરખો ફેરફાર કરવામાં આવે તો તેની સ્થાનિક ઉદ્યોગો પર મોટી અસર પડે છે."

આ સંદર્ભમાં કેન્દ્ર સરકારના વાણિજ્ય મંત્રાલયને ત્રીજી માર્ચે આર.કે. સિન્થેસિસની ફરિયાદનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હોવાની જાણ કરતાં અન્ડર સેક્રેટરી આર. મનોહરન કામથની સહી સાથે લખેલા એક પત્રમાં જણાવ્યું



છે કે, "આર.કે. સિન્થેસિસ ડિરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમિડીઝ સમક્ષ યોગ્ય નિયમ અને માર્ગદર્શિકા હેઠળ પિટિશન પણ ફાઈલ કરવા તૈયાર છે. કંપનીએ એનિલિન ઓઈલ અને બેન્ઝિનના ઉત્પાદકોને રક્ષણ આપવાની માગણી કરી છે. આ માટે ચીનથી કરવામાં આવતા એનિલિન ઓઈલ અને બેન્ઝિનની આયાત પર ત્રણથી પાંચ વર્ષ માટે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લગાડવાની માગણી કરવામાં આવી છે." એનિલિન પર 120 ડૉલરની એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવામાં આવી હતી. આ 120 ડૉલર ચીનના ઉત્પાદકો ડિસ્કાઉન્ટ આપી દે છે. વાસ્તવમાં એનિલિન ઓઈલની ભારત-ગુજરાતની ઉત્પાદન કિંમત કરતાં 30થી 40 ટકા ઊંચી એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી ચીનથી ડમ્પ કરવામાં આવતા એનિલિન ઓઈલ પર નાખી દેવામાં આવે તો ભારતના ઉત્પાદકો તેમની સામે સ્પર્ધા કરી શકે તેવી સ્થિતિમાં આવી શકે છે. આ ડ્યૂટી ત્રણથી પાંચ વર્ષ માટે નાખવી જોઈએ. જીએનએફસીના મેનેજિંગ ડિરેક્ટર પંકજ જોશીનું કહેવું છે, "અત્યારે એનિલિન ઓઈલની આયાત પર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લેવામાં આવે જ છે. તે પૂરતી નથી. એનિલિન ઓઈલમાં માત્ર ચીન પાસેથી જ એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લેવાય છે. વાનહુઆથી આવતા માલ પર મેટ્રિક ટને 36 અમેરિકી ડૉલર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી તરીકે લેવાય છે. તેમ જ અન્ય ઉત્પાદકો પાસેથી મેટ્રિક ટનદીઠ 62 અમેરિકી ડૉલર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી તરીકે લેવામાં આવેલી છે."

ચીન બજારના ગણિતોને ખોરવી નાખીને લાભ લેવા માટે નામચીન છે, પંકાયેલું છે. ચીન વેપાર પણ પોતાની ટર્મ પર કરે છે. ભારતના આયાતકારો તેમની પાસેથી ઓર્ડર બુક કરે અને તેના ભાવ ચીનને ન પરવડે તો ચીન તેમના ઓર્ડર મોકલતા જ નથી. તેની સામે ભારતીય આયાતકારો ફરિયાદ પણ કરી શકતા નથી. આયાતકાર ફરિયાદ કરે તો બીજીવાર તેને માલ આપવાનું જ બંધ કરી દે છે. આમ તેનો વેપાર વ્યવહારુ નથી, તેમાં દાદાગીરી છે. ચીનના નિકાસકારો ભારતીય નિકાસકારોની માફક ધંધો ખેંચવા માટે અંદરો અંદર સ્પર્ધા કરતાં જ નથી. ચીનના તમામના ભાવ લગભગ એક સમાન હોય છે. તેમાંય વળી તેમણે પોતાના સ્થાનિક ઉદ્યોગની જરૂરિયાતને સંતોષવી ફરજિયાત છે. સ્થાનિક ઉદ્યોગોની જરૂરિયાત સંતોષ્યા પછી વધતો માલ જ તેઓ ભારતમાં નિકાસ કરે છે. તેમાંય પોતાનું ધાર્યું કરે છે. મનફાવે ત્યારે ઓર્ડર કેન્સલ કરી દે છે. રૂ. 130ના ભાવે બુક કરેલા ઓર્ડર તેણે રદ કર્યા હોવાના અનેક કિસ્સા બન્યા છે.

તેથી જ ફેબ્રુઆરીના પહેલા અઠવાડિયામાં પ્રધાનમંત્રી કાર્યાલયને લખવામાં આવેલા પત્રમાં પણ જણાવવામાં આવ્યું છે કે આયાત-નિકાસમાં કેમિકલ ઉદ્યોગની ભૂમિકા બહુ જ મોટી છે. કેમિકલ ઉદ્યોગના વિકાસની તક પણ અત્યારે ભરપૂર છે. સ્થાનિક સ્તરે ડિમાન્ડ વધવાની શરૂઆત થઈ છે. બીજી તરફ ચાઈના પ્લસનો વ્યૂહ અપનાવીને યુરોપિયન સંઘના દેશોના બજારમાં એન્ટ્રી લઈને કેમિકલ ઉદ્યોગની નિકાસને નવી ઊંચાઈએ લઈ જવાનું આયોજન કરી રહ્યું છે. જોકે 2022-23ના વર્ષને જોવામાં આવે તો એપ્રિલ-ડિસેમ્બર 2022માં ભરાતમાંથી ઓર્ગેનિક અને ઇનઓર્ગેનિક કેમિકલની નિકાસ અંદાજે 22.96 મિલિયન ડૉલરની રહી છે. તેની સામે આયાત 26.26 અબજ ડૉલરની રહી છે. આમ ભારત કેમિકલની બાબતમાં વરસને અંતે નેટ ઇમ્પોર્ટર જ રહે છે.

આ સ્થિતિમાં ભારતને આ મોરચે આત્મનિર્ભર બનાવવા અને મેક ઇન ઇન્ડિયાના પ્રધાનમંત્રીના વિઝનને સાકાર કરવા માટે ગુજરાતના નાના અને મધ્યમ ઉદ્યોગો તેમની ભૂમિકા ભજવવા તૈયાર છે. ભારત સરકારે કેમિકલ ઉદ્યોગ તેમનું ઉત્પાદન વધારી શકે તેવા પગલાં લીધા છે. છતાંય ચીનની મનસ્વી બિઝનેસ સ્ટાઈલને તોડવા માટે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી નાખવી જરૂરી છે. એનિલિન ઓઈલના ઉત્પાદન માટે એક કાચો માલ નાઈટ્રિક એસિડ પણ છે. આપણા દેશમાં નાઈટ્રિક એસિડના પ્લાન્ટ ઓછા છે. નાઈટ્રો કમ્પાઉન્ડ નાઈટ્રિક એસિડનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. મેક ઇન ઇન્ડિયાને કારણે તેની ડિમાન્ડ વધી ગઈ છે. આ એક બેઝિક કેમિકલ છે. તેનો વપરાશ વ્યાપક ફલક પર થાય છે. આમ તો નાઈટ્રો કમ્પાઉન્ડની

## સરકાર MSMEનું ક્લસ્ટર બનાવી આર્થિક સપોર્ટ કરી શકે

એનિલિન ઓઈલ, નાઈટ્રિક એસિડ અને બેન્ઝિનના ઉત્પાદન માટેના અલગથી ક્લસ્ટર ડેવલપ કરવા પર ભારત સરકાર આયોજન કરી શકે છે. તેમને આર્થિક સપોર્ટ આપી શકે છે. ચીનના ભાવે રૉ મટિરિયલ મળે તેવા પગલાં સરકાર લઈ શકે છે. ક્લસ્ટર ડેવલપમેન્ટ આ દિશામાંનું જ એક પગલું છે. તેવી જ રીતે સરકારે એક્ટિવ ફાર્માસ્યૂટિકલ ઇન્ગ્રેડિયન્ટ્સમાં આપી છે તેવી પ્રોડક્ટ લિન્ક ઇન્સેન્ટિવ સ્કીમ પ્રોડક્ટ્સ માટે આપે તો આ દિશામાં સારી પ્રગતિ થઈ શકે તેમ છે. એનિલિન ઓઈલ પેદા કરતાં ઉદ્યોગનું ટર્નઓવર રૂ. 3000 કરોડની આસપાસનું છે. નાઈટ્રિક એસિડના ઉત્પાદકો મોટી સંખ્યા છે.તેના નાના નાના સંખ્યાંબંધ પ્લાન્ટ છે. તેથી તેના ઉત્પાદન અને ટર્નઓવરનો અંદાજ મેળવવો કઠિન છે.







**પંકજ જોશી, મેનેજિંગ ડિરેક્ટર**
GNFC, ગુજરાત

ઈમ્પોર્ટ જ વધારે થાય છે. બહારથી આયાત કરવી સસ્તી પડતી હોવાથી તેનું સ્થાનિક સ્તરે ઉત્પાદન કરવું વાયેબલ જ ન જણાતા કોઈ તેમાં રોકાણ કરતાં નહોતા. બેન્ઝિન અને નાઈટ્રિક એસિડ બહારથી મંગાવવામાં આવે તો કિલોદીઠ ભાવમાં 30 ટકાનો તફાવત (ઓછો ખર્ચ)આવે છે. જીએનએફસીના મેનેજિંગ ડિરેક્ટર પંકજ જોશીનું કહેવું છે, "સાઉથ કોરિયા સાથે થયેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ હેઠળ નાઈટ્રિક એસિડનો મોટાભાગનો જથ્થો કોઈપણ જાતની ડ્યૂટી વિના જ ભારતમાં આવી રહ્યો છે. નાઈટ્રિક એસિડની આયાત સતત વધી રહી છે. તેની અસર સ્થાનિક ઉત્પાદકો પર પડી રહી છે." નાઈટ્રિક એસિડનો ઉપયોગ તો ટીએમટી બાર બનાવવા માટે પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

નાઈટ્રિક એસિડનો પ્લાન્ટ નાખવો હોય તો રૂ. 400થી 500 કરોડનું ઈન્વેસ્ટમેન્ટ જરૂર પડે છે. તેની મદદથી રોજના 2500થી 3000 ટન ઉત્પાદન કરી શકાય છે. આ મટિરિયલ સ્પર્ધાત્મક ભાવે ભારતમાં જ મળી જાય તો ચીનને આંતરરાષ્ટ્રીય બજારમાં મહાત આપવી સરળ બની જાય તેમ છે. સરકાર પોતે જ આ પ્રકારનું ઈન્વેસ્ટમેન્ટ કરે તો આ દિશામાં સારી સફળતા મળી શકે છે. તેમાં રિસ્ક હોવાથી ખાનગી રોકાણકારો પહેલ કરતાં નથી. તેથી જ સરકાર તરફથી આ માટે પહેલ કરવામાં આવે તો તે ભારતના સંખ્યાબંધ નાના એકમોને રક્ષણ આપનાર સાબિત થશે. અન્યથા આ મોરચે સાહસ કરનારને ભારત સરકાર તરફથી સ્પેશિયલ સહકાર આપતી જોગવાઈ કરવામાં આવે તો કોઈ સાહસ કરી શકે છે.

ગુજરાતમાં એનિલિન ઓઈલના બે જ મોટા ઉત્પાદકો છે. એક ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ છે. તેની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા 40,000 મેટ્રિક ટનની છે. બીજી આર.કે. સિન્થેસિસની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા 12000 મેટ્રિક ટનની છે. આ ક્ષમતાને સુધારીને તેઓ વાર્ષિક 2.5 લાખ ટન સુધી લઈ જવાને સક્ષમ છે. પરંતુ કાચા માલના સપ્લાયના ઊંચા દામ તેમને નડી રહ્યા છે. ભારતમાં કાચો માલ મોંઘો પડતો હોવાથી એનિલિન ઓઈલના ઉત્પાદનનો ખર્ચ વધી રહ્યો છે. તેથી કાચા માલના સપ્લાય માટે તેમણે ચીન પર મદાર બાંધવો પડી રહ્યા છે. ચીન ઉપરાંત કોરિયા, ઈરાનમાંથી પણ કાચો માલ મંગાવવામાં આવી રહ્યો છે. કેટલીકવાર અમેરિકા અને યુરોપિયન સંઘના દેશોમાંથી પણ કાચો માલ મંગાવવાની ફરજ પડી રહી છે.

એનિલિન ઓઈલ બનાવવા માટેના મહત્ત્વના ચાર કાચા માલમાં બેન્ઝિન, નાઈટ્રિક એસિડ, સલ્ફ્યુરિક એસિડ અને હાઈડ્રોજન ગેસનો સમાવેશ થાય છે. વિદેશમાં કાચો માલ સસ્તો મળતો હોવાથી વિદેશી કંપનીઓ એનિલિન ઓઈલ કલ્પનામાં પણ ન આવે તેટલા નીચા ભાવે ભારતમાં ડમ્પ કરી શકે છે. તેનો ગેરલાભ ઘણાં આયાતકાર ઊઠાવી રહ્યા છે. તેથી ભારતના ઉત્પાદકો ખતમ થઈ રહ્યા છે. આ સ્થિતિમાં ભારતના ઉત્પાદકોને કાચો માલ સસ્તો પડે તે રીતે તેનું ઉત્પાદન ભારતમાં વધે તે માટે પગલાં લેવા જરૂરી છે. જે રીતે ચીન પોતાના ઉદ્યોગોને બચાવે છે તે રીતે ભારતના ઉદ્યોગોને બચાવવાની જવાબદારી ભારત સરકારની છે.

આમ તો ચીને તેના થેલોસાયનાઈન પિગમેન્ટના ઉત્પાદકોને બચાવવા માટે ભારતમાંથી થતી થેલોસાયનાઈનની નિકાસને અટકાવવા માટે તેમના પર 82 ટકાની એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી નાખી દીધી છે. વર્તમાન સંજોગોમાં ભારત સરકારે એનિલિનની આયાત પર આ જ રીતે જંગી એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવી જોઈએ. ભારતમાં બેન્ઝિનનું ઉત્પાદન જરૂર કરતાં વધારે થાય છે. આ બેન્ઝિન અને તેમાંથી તૈયાર કરવામાં આવતા અન્ય કેમિકલ્સનો ઉપયોગ કરીને નવા ઉત્પાદનો વિકસાવવાની ભારતમાં અનંત શક્યતાઓ રહેલી છે. અત્યારે ભારતમાં તે મોંઘા પડતા હોવાથી ભારતમાં જેમને બેન્ઝિન કે તેના ડેરીવેટિવ્સની જરૂર છે તેઓ તેની સીધી આયાત કરી લેવાનું જ પસંદ કરે છે. પરિણામે આપણે પોતાની રીતે તે કેમિકલ્સ કે રાસાયણિક ઘટકો બનાવવાની સક્ષમ હોવા છતાંય આપણે તેની આયાત કરીને બહુમૂલ્ય વિદેશી હૂંડિયામણનો જંગી ખર્ચ કરી રહ્યા છીએ. હૂંડિયામણ બચાવવા માટે આપણે નાઈટ્રિક એસિડના મોટા કદના પ્લાન્ટ નાખી શકીએ છીએ. તેમ કરવાથી ઉત્પાદન ખર્ચ નીચે આવી જશે અને ફર્ટિલાઈઝર તથા ડિફેન્સના સેગમેન્ટમાં વપરાતા નાઈટ્રિક એસિડનો વિકલ્પ પણ ઊભો કરી શકીશું.

નાઈટ્રિક એસિડ બનાવવા માટે મુખ્ય કાચા માલ તરીકે એમોનિયાની જરૂર પડે છે. એમોનિયા રાસાયણિક ખાતર બનાવવા માટેનો પણ પાયાનો કાચો માલ ગણાય છે. તેથી નાઈટ્રિક એસિડના ઉત્પાદનને વધારવામાં આવે તો તેની સાથે સાથે જ આપણે એમોનિયાની વધારાની ડિમાન્ડ ઊભી કરી શકીશું.

તેમ કરવાથી એમોનિયાનું સ્થાનિક સ્તરે ઉત્પાદન વધશે અને આયાત પરની નિર્ભરતા ઓછી થશે. તેમ થતાં વિદેશી હૂંડિયામણની પણ ખાસ્સી બચત થશે. આર.કે.સિન્થેસિસના ચેરમેન કરશનભાઈ જી. પટેલ અને ડિરેક્ટર પ્રશાંત પટેલનું કહેવું છે કે, "એનિલિન ઓઈલ અને બેન્ઝિનના ઉત્પાદનને સ્થાનિક સ્તરે પ્રોત્સાહન આપવામાં આવશે તો ભારતમાં તેની ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે. તેમાં નવું અને વધારે મૂડી રોકાણ આવશે. તેમ જ વિદેશી હૂંડિયામણની જંગી બચત કરશે. તેની સાથે રોજગારીની નવી તક પણ નિર્માણ થશે. તેમ જ ભારત કેમિકલ સેક્ટરમાં અત્યારે નેટ ઈમ્પોર્ટર છે તે મટીને નેટ એક્સપોર્ટર પણ બની શકશે."■




**UPL Limited**, UPL House, 610 B/2 Bandra Village, Bandra (East), Mumbai 400 051, India.
www.upl-ltd.com



# PLIનો લાભ મળે તો લેમિનેટ્સની નિકાસમાં રૂા. 1500 કરોડનો વધારો થાય

દરેક ઘરનો હિસ્સો બની ચૂક્યું છે લેમિનેટ. ભારત જ નહિ, વિશ્વના દરેક દેશના ઘરનો તે હિસ્સો છે. રહેઠાણ હોય કે પછી કોમર્શિયલ યુનિટ હોય, દરેક જગ્યાએ લેમિનેટ્સનો ભરપૂર ઉપયોગ કરવામાં આવે છે. આજે સ્ક્રેચ ફ્રી લેમિનેટ્સ પણ માર્કેટમાં ઉપલબ્ધ છે. તેના પર ગરમાગરમ પાણી પડે તો પણ તે ન બગડે તેવા રોયલ ક્વોલિટીના લેમિનેટ્સ બજારમાં મળતા થઈ ગયા છે. તેનું ઉત્પાદન પણ ભારતીય કંપનીઓ જ કરી રહી છે. વિટ્રીફાઈડ ટાઈલ્સ અને સિરામિકના પ્રોડક્ટ્સની જેમ તેની નિકાસની પણ અનંત શક્યતાઓ રહેલી છે. ભારતના અને તેમાંય ખાસ કરીને મોરબીના સિરામિક્સના ઉત્પાદકોએ વિશ્વ બજારમાં સારુ કાઠું કાઢ્યું છે. ચીન સામે પણ પડકાર ઊભો કરી રહ્યું છે. ભારતના લેમિનેટ્સના ઉત્પાદકો પણ આ ક્ષમતા ધરાવે છે. લેમિનેટ્સમાં ક્વોલિટી ઉત્પાદન સાથે ક્વોન્ટિટીનું પણ લેમિનેટ્સના ઉત્પાદકો વધારી રહ્યા છે અને દેશના તથા  વિશ્વ બજારમાં પણ છાકો પાડી રહ્યા છે. ઈન્ડિયન લેમિનેટ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશનના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર જિકેશ ઠક્કર કહે છે, “લેમિનેટ મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રીઝ છેલ્લા દસકાથી સતત વિકાસના પથ પર આગળ વધી રહી છે. સ્થાનિક ડિમાન્ડને સો ટકા પૂરી કરવા ઉપરાંત તેની નિકાસ પણ દસ વરસમાં 2500 કરોડથી વધીને



**જિકેશ ઠક્કર, એક્ઝિક્યુટીવ ડિરેક્ટર**
ઇન્ડિયન લેમિનેટ મેન્યુફેક્ચરર્સ એસો.

રૂ. 3000 કરોડને આંબી રહી છે. લેમિનેટ્સના કુલ ઉત્પાદનના 25થી 27 ટકા જેટલી નિકાસ કરવામાં આવી રહી છે. આજે મેન્યુફેક્ચરિંગ 10000 કરોડથી વધી ગયું છે. આગામી પાંચ વર્ષમાં તેનું મેન્યુફેક્ચરિંગ આઠથી દસ ટકાના દરે વધતુ રહેવાની ધારણા છે.  નિકાસના બજારમાં તેનો હિસ્સો અત્યારથી બમણો થઈ જશે. વિશ્વ બજારમાં ભારતીય મેન્યુફેક્ચર્સનો હિસ્સો વિશ્વના લેમિનેટ્સના કુલ બજારના 3.5 થી 4 ટકાની આસપાસનો છે. આગામી પાંચ વર્ષમાં તે વધીને 10 ટકાથી ઉપર પહોંચી જાય તેવી ગણતરી રાખવામાં આવી રહી છે. લેમિનેટ્સની નિકાસમાં આજની તારીખે વિશ્વના 5માં ક્રમના નિકાસકાર તરીકેનું સ્થાન ભારત ધરાવે છે. લેમિનેટ્સની ક્વોલિટીની બાબતમાં ભારતના મેન્યુફેક્ચરર્સ ચીન કરતાં આગળ છે. તેમ છતાં ચીનના આક્રમક પ્રાઈસિંગ સામે ટકવા માટે ભારતના નિકાસકારોને સંઘર્ષ કરવો પડી રહ્યો છે. ચીનના પ્રોડક્ટ્સ સસ્તાં હોવાથી લોકોમાં તેનું આકર્ષણ છે.” તેનું બીજુંય કારણ છે. ચીને ઘણાં દેશો સાથે લેમિનેટ્સની ડ્યૂટી ફ્રી નિકાસ માટેના કરારો કરેલા છે. કેટલાક દેશોમાં ચીનથી આયાત કરવામાં આવલા લેમિનેટ્સ પર બહુ જ નજીવી ડ્યૂટી લગાડવામાં આવેલી છે. તેથી ભારતે વિશ્વ બજારમાં ચીનની હરીફાઈનો સામનો કરવો પડી રહ્યો છે.

જોકે કોરોના કાળ સુધી લેમિનેટ્સ માટે પણ ચીન પર જ સૌથી વધુ મદાર બાંધવામાં આવતો હતો. પરંતુ કોરોના કાળમાં સપ્લાય ચેઈનમાંની ખામીઓ બહાર આવી. તેમ જ ચીન પર વધુ પડતો મદાર બાંધવાથી તે દરેક દેશના બિઝનેસની હાલત કેટલી બદતર બનાવી દે છે તેનો અંદાજ મળી ગયો. ભારતના કેમિકલ ઉદ્યોગને પણ અપસેટ કરવાનું કારસ્તાન ચીનના નિકાસકારો કરતાં આવ્યા છે. કોરોનાના વિશ્વ વ્યાપી ફેલાવામાં ચીનની ભૂંડી ભૂમિકાને કારણે વિશ્વના ઘણાં દેશોએ ચીન સાથેના વેપાર વહેવાર ધીમી પણ મક્કમ ગતિએ ઓછા કરીને બંધ કરી દેવાનું

# PLI આપવાથી શો લાભ થશે ?

પીએલઆઈ આપવાથી લેમિનેટ્સ ઉદ્યોગ ગ્લોબલ ચેઈન સપ્લાયમાં ભારતીય નિકાસકારની નિકાસમાં વધારો થઈ શકે છે. તેમ જ લેમિનેટ્સના ઉત્પાદન માટે જોઈતા કાચા માલના ઉત્પાદનમાં પણ આત્મનિર્ભર બની શકે છે. ચીન, મલેશિયા, તાઈવાન અને વિયેટનામ સામે વિશ્વ બજારમાં ભારતના નિકાસકારો વધુ સંગીન રીતે વર્ચસ્વ જમાવી શકશે. 2019-20માં લેમિનેટ્સ અને તેની સાથે સંકળાયેલા પ્રોડક્ટ્સની નિકાસ રૂ. 1855 કરોડની થઈ હતી. હવે તેમને પીએલઆઈનો લાભ આપવામાં આવે તો તેઓ એક્સપાન્શન કરશે. તેમ જ નવા એકમો નાખશે. જિકેશ ઠક્કરનુ કહેવું છે, "અત્યારે પણ દર વર્ષે 10 ટકાના દરે એક્સપાન્શન અને નવા એકમોમાં ઇન્વેસ્ટમેન્ટ આવી રહ્યું છે. તેની ઝડપ પીએલઆઈને કારણે વધી જવાની સંભાવના રહેલી છે. તેને કારણે રોજગારીની નવી તક નિર્માણ થશે. આગામી પાંચ વરસ સુધી વરસે અંદાજે 6000થી વધુ નવી રોજગારી નિર્માણ થઈ શકે છે. આમ પીએલઆઈની યોજનાથી લેમિનેટ ઇન્ડસ્ટ્રીના વિકાસની સાથે રોજગારી નિર્માણને પણ વેગ મળશે." તદુપરાંત લેમિનેટ ઇન્ડસ્ટ્રીના દરેક પ્રોડક્ટ્સ 50 જણને આડકતરી રોજી પૂરી પાડે છે. તેનાથી લેમિનેટ્સ બનાવવા માટેના કાચા માલના ઉત્પાદન માટે પણ આયાતી રો મટિરિયલ પર મદાર બાંધવો પડશે નહિ. તેમાં આત્મનિર્ભરતા આવતા રો મટિરિયલ સસ્તુ પડવાની સાથે સાથે જ નવી રોજગારી પણ નિર્માણ થશે. પીએલઆઈ સ્કીમમાં પ્રોડક્શન યુનિટ્સ દ્વારા કરવામાં આવતા વધારાના એક્સપોર્ટ કે વેચાણ પર 4થી 6 ટકાના પ્રોત્સાહનો આપવા જરૂરી છે. પાંચ વર્ષ સુધી આ પ્રોત્સાહનો આપવાના ચાલુ રાખવા જોઈએ. પીએલઆઈનો લાભ અપાય તો લેમિનેટ્સનું ઉત્પાદન અત્યંત સ્પર્ધાત્મક ભાવે થઈ શકશે. વિશ્વ બજારના અન્ય સપ્લાયરો સાથે હરીફાઈ કરીને તેમને હંફાવી પણ શકશે. વિશ્વનું લેમિનેટ્સનું માર્કેટ અંદાજ 800 કરોડ ડોલરથી મોટું છે. આ બજાર 2024ના અંત સુધીમાં વધીને 1000 કરોડ ડોલરને આવી જાય તેમ છે. વિશ્વ બજારની ડિમાન્ડની સાથેસાથે જ સ્થાનિક સ્તરે પણ તેની ડિમાન્ડમાં વધારો થશે. જિકેશ ઠક્કરનું કહેવું છે, "વિશ્વના ઘણાં ઉત્પાદકો કરતાં ભારતના લેમિનેટ્સની ગુણવત્તા ઘણી જ સારી છે. તેથી ભારત માટે ક્વોલિટી લેમિનેટ્સના બજારનો મોટો હિસ્સો અંકે કરી લેવાનો સારો અવકાશ છે."

વલણ અપનાવ્યું છે. તેને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં એક મોટો અવકાશ સર્જાયો છે. આ અવકાશને પૂરી દેવા માટે દક્ષિણ-પૂર્વ એશિયાના દેશો પોતાની સંપૂર્ણ તાકાતને કામે લગાડી રહ્યા છે. તેઓ લેમિનેટ્સના વૈશ્વિક વેપારમાં પોતાનો હિસ્સો અંક કરવા માટે પ્રયત્ન કરી રહ્યા છે. ભારતના મેન્યુફેક્ચરર્સને પણ તેમાં એક મોટી તક જોવા મળી રહી છે. જિકેશ ઠક્કર કહે છે, "દરેક આફત એક નવી તક લઈને આવે છે. કોરોનાએ ભારતની લેમિનેટ્સ ઇન્ડસ્ટ્રીને નવી તક પૂરી પાડી છે. કોરોના કાળ પછી પ્રોપર્ટી માર્કેટમાં તેજીનો અણસાર મળી રહ્યો છે. તેથી લેમિનેટ્સની ડિમાન્ડ સહજ પણ વધવાની જ છે. તેનો મોટો ફાયદો લેમિનેટ્સ ઇન્ડસ્ટ્રીઝને મળી રહ્યો છે." આ તકને ઝડપી લેવા ભારત અને ગુજરાતના મેન્યુફેક્ચરર્સ ઉત્સુક છે. લેમિનેટ્સના બિઝનેસને ફર્નિચરના બિઝનેસનો પણ ટેકો મળી રહે તેમ છે. વિશ્વમાં ફર્નિચરનો બિઝનેસ અંદાજે 580થી 620 અબજ ડૉલરનો છે. ફર્નિચરના બજારમાં આ જરૂરિયાતમાંથી 40થી 42 ટકા ડિમાન્ડ ચીન, મલેશિયા અને વિયેટનામ જ સંતોષે છે. ફર્નિચરના આ બજારમાં વરસે અંદાજે 4.5 ટકાનો વધારો થઈ રહ્યો છે. તેનો એડવાન્ટેજ પણ ભારતના લેમિનેટ્સના નિકાસકારોને મળવાની પૂરેપૂરી સંભાવના છે. વિશ્વના બજારમાં ફર્નિચરની થઈ રહેલી નિકાસમાં ભારત આગામી પાંચ વર્ષમાં ત્રણથી ચાર ટકાનો હિસ્સો અંકે કરવા માગે છે. આમ નિકાસની અનંત શક્યતાઓના દ્વાર ખૂલી રહ્યા છે.

ભારતના લેમિનેટ ઉદ્યોગનું 2020-21ના તેનું ટર્નઓવર રૂ. 8000 કરોડનુ હતું. 2021-22માં તે રૂ. 10000 કરોડને આંબી ગયું છે. તેમાંથી નિકાસનો ફાળો 25 ટકાથી વધુનો છે. વિશ્વના બજારમાં પણ ભારતના નિકાસકારો ધીમી પણ મક્કમ ગતિએ છવાઈ રહ્યા છે. ભારતમાંથી આજે વિશ્વના 100 દેશોમાં બેસ્ટ ક્વોલિટી લેમિનેટ્સની નિકાસ થઈ રહી છે. જોકે આંતરરાષ્ટ્રીય બજારમાં ચીન તરફથી પડકાર ઊભો કરવામાં આવી રહ્યો છે. ચીન ભાવ નીચા રાખીને પડકાર ઊભો કરી રહ્યું છે. જિકેશ ઠક્કર કહે છે, "ચીનની તુલનાએ ભારતીય નિકાસકારોના લેમિનેટ્સની ગુણવત્તા ઘણી જ સારી છે. તેથી ચીનને મજબૂત ટક્કર આપવા મક્કમ છે. વિશ્વ બજારમાં ભારતીય ઉત્પાદકો ચીનને હંફાવવા સક્ષમ છે."

## આંતરરાષ્ટ્રીય બજારમાં ચીન ભારત કરતાં 45થી 50 ટકા સસ્તા દામે લેમિનેટ્સના પ્રોડક્ટ્સ ઠાલવી રહ્યું છે, ક્વોલિટીની બાબતમાં ભારત તેને હંફાવી રહ્યું છે

કોરોના કાળ પછી લેમિનેટ્સના વિશ્વ બજારમાં દેશના ઉત્પાદકો મોટો હિસ્સો અંકે કરી લે તેવું ભારત સરકાર પણ ઇચ્છે છે. ભારત સરકારની આ ઇચ્છાને પૂર્ણ કરવા ઉત્સુક લેમિનેટ્સ મેન્યુફેક્ચરર્સે પ્રયાસો આદરી દીધા છે. તેઓ સરકારની મનસા પૂરી કરવા માટે સરકાર તરફથી સપોર્ટ ઇચ્છી રહ્યા છે. જિકેશ ઠક્કર કહે છે, "સરકાર લેમિનેટ્સ મેન્યુફેક્ચરર્સ માટે પ્રોડક્શન લિન્ક ઇન્સેન્ટિવ સ્કીમ લઈને આવે તેવી તેમની લાગણી અને માગણી છે. તેમ કરવાથી ભારતના ઉત્પાદકોને વૈશ્વિક બજારમાં વધુ સ્પર્ધાત્મક બની જશે." પીએલઆઈની સ્કીમની મદદથી વિશ્વ બજારના મોટામાં મોટા નિકાસકાર તરીકે ભારતનું સ્થાન અંકે કરી લેવા તત્પર છે. આજે ભારતમાંથી વિશ્વના 100 દેશોમાં શ્રેષ્ઠ ક્વોલિટીના લેમિનેટ્સની નિકાસ થઈ રહી છે. આ નિકાસમાં હજી 200 ટકા વધારો કરવાનો અવકાશ રહેલો છે. ભારતમાં ડેકોરેટિવ લેમિનેટ્સની માર્કેટ અંદાજે રૂ.10,000થી 12000 કરોડની આસપાસનું છે. 2027ની સાલમાં તેનું કદ વધીને રૂ. 18,000થી 20,000 કરોડને આંબી જાય તેવી સંભાવના રહેલી છે.

જોકે ભારતના લેમિનેટ્સના ઉત્પાદકો આજની તારીખે પણ અન્ય દેશો તરફથી લેમિનેટ ઉદ્યોગ સ્પર્ધાના દબાણનો સામનો કરી રહ્યો છે. તેથી નિકાસના બજારમાં ટકી રહેવા માટે વેચાણ ભાવ નીચો લાવવા માટે આક્રમક અભિગમ રાખવો જરૂરી છે. તેને માટે નિકાસકારોએ તેમના માર્જિન પણ નીચા લઈ જવાની તૈયારી રાખવી પડે તેમ છે. નિકાસ વધારીને જ લેમિનેટ્સના ઉત્પાદકો વધુ ઝડપથી વિકાસ કરી શકશે. જિકેશ ઠક્કર કહે છે, "લેમિનેટ્સ બનાવવા માટે જોઈતા ક્રાફ્ટ પેપર, ડિઝાઈન પેપર, ફેનોલિક રેઝિન્સ, ફેનોલ, મેલામાઈન અને મેન્થોલ ઉપરાંત ડેકોરેટીવ પેપર, ક્રાફ્ટ પેપર જેવા કાચા માલની આયાત કરે છે. 60થી 70 ટકા રૉ મટિરિયલની પણ આયાત જ કરવી પડી રહી છે. તેમાં પણ પ્રોડક્શન લિન્ક ઇન્સેન્ટિવ સ્કીમ આપવામાં આવે તો ભારત કાચા માલના ઉત્પાદનમાં પણ આત્મનિર્ભર બની શકે

તેમ છે.” તેનું સ્થાનિક સ્તરે ઉત્પાદન થવા માંડે તો નવી રોજગારી નિર્માણ થવાની સાથે સાથે તેમાં આત્મનિર્ભરતા આવે તો લેમિનેટ્સની સાથે સંકળાયેલા અન્ય ઉદ્યોગો પણ વિકાસની કેડી પર ઝડપી ગતિએ આગળ વધી શકશે. આયાતી રૉ મટિરિયલ કરતાં તે સસ્તો પડી શકે છે. જોકે સરકારે તેને માટે કન્સલ્ટેટિવ પોલીસી તૈયાર કરવાની સાથોસાથ પ્રોત્સાહન યોજના-ઈન્સેન્ટિવ સ્કીમ લાવે તેવી લેમિનેટ્સ ઉદ્યોગના એકમોની છે. પીએલઆઈ આવે તો ભારતનો લેમિનેટ્સ ઉદ્યોગ વર્ષના સરેરાશ 12થી 15 ટકાના દરથી ગ્રોથ કરશે. લેમિનેટ્સ ઈન્ડસ્ટ્રીમાં 160 જેટલા મોટા પ્લેયર્સ છે. નાના અને મોટા મળીને 250 જેટલા યુનિટ્સ થાય છે. તેમાંથી 50 ટકાથી વધુ અમદાવાદ અન તેની પરિસરમાં જ આવેલા છે. ખાસ કરીને છત્રાલ, કડી, ગાંધીનગર, માણસા, બારેજા વિસ્તારમાં આવેલા છે. નાના એકમો 100થી 125 લોકને રોજગારી આપે છે. મોટા એકમો 500થી 600 લોકોને રોજગારી આપે છે. ગુજરાતના એકમો મળીને અદાજે 30,000 લોકોને રોજગારી આપે છે. એક સમયે લેમિનેટ્સનું હબ જ ગુજરાત હતું, પરંતુ જુદાં જુદાં રાજ્યની સરકારાઓએ ઈન્સેન્ટિવ આપતા બીજા રાજ્યોમાં એકમો ફેલાયા હતા. પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમનો લાભ આ ઉદ્યોગને પણ આપવામાં આવે તો ભારતમાંથી નિકાસ વધી શકે છે. અત્યારે રૂ. 2500થી 3000 કરોડની નિકાસ છે તે વધી જવાની પૂરતી સંભાવના છે. પીએલઆઈ મળે તો ચીન, અમેરિકા, જર્મની અને જાપાન સાથે આંતરરાષ્ટ્રીય બજારમાં સારી સ્પર્ધા કરવાની ભારતીય લેમિનેટ્સના નિકાસકારો સક્ષમ બની શકશે. દક્ષિણ પૂર્વ એશિયાના દેશોમાં થાઈલેન્ડ, મલેશિયા, ઈન્ડોનેશિયા અને વિયેટનામ ભારત સાથે સ્પર્ધા કરી રહ્યા છે. ચીને લેટિન અમેરિકાના દેશો સાથે ઈમ્પોર્ટ ડ્યૂટી ન લેવાના કે પછી ઈમ્પોર્ટ ડ્યૂટી ઓછી લેવાના ડીલ કરેલા છે. તેને પરિણામે ભારતના ઉત્પાદકો માટે તે દેશોમાં એન્ટ્રી લેવી થોડી કઠિન બની રહી છે. આ દેશોમાં ગ્વાટેમાલા, ઈક્વાડોર, વેનેઝુએલા અને અલ સાલ્વાડોરનો સમાવેશ થાય છે. ચીને ઘણાં દેશો સાથે ડ્યૂટી ફ્રી એક્સપોર્ટના કરાર કર્યા હોવાથી વિશ્વના લેમિનેટ્સના બજારમાં તે સૌથી મોટો હિસ્સો ધરાવે છે. ASEAN દેશો સાથે ચીને ડ્યૂટી ફ્રી કે પછી નજીવી ડ્યૂટી ચૂકવીને એક્સપોર્ટ કરવાના કરાર કરેલા છે. તેમાં મ્યાંમાર-બર્મા, કોમ્બોડિયા,બ્રેનેઈ, ફિલિપાઈન્સ, લાઓસ, થાઈલેન્ડ જેવા દેશોનો સમાવેશ થાય છે. તેથી આ દેશોના બજારમાં પ્રવેશવામાં ભારતના નિકાસકારોને તકલીફ પડી રહી છે અને ભારતના નિકાસકારો પાછળ રહી જાય છે. ભારતના



## MEISના લાભ બંધ થયાઃ RoDTEPના લાભ મળતા થયા

2017-18ના વર્ષ સુધી લેમિનેટ્સની નિકાસ કરનારાઓને મર્ચન્ડાઇઝ એક્સપોર્ટ ફ્રોમ ઇન્ડિયા સ્કીમનો લાભ આપવામાં આવતો હતો. આ લાભ પાછો ખેંચાઈ ગયો છે. કારણ કે એમઈઆઈએસની સ્કીમ જ બંધ કરી દેવામાં આવી છે. તેથી પણ તેમને પ્રોત્સાહન આપવા જરૂરી છે. બીજીતરફ રેમિશન ઓફ ડ્યૂટીઝ એન્ડ ટેક્સિસ ઓન એક્સપોર્ટ પ્રોડક્ટ્સ-રોડ ટેપની યોજના હેઠળ નિકાસકારોને 1.10 ટકાનો જ લાભ આપવામાં આવી રહ્યો છે. બીજીતરફ તેમને લેમિનેટ્સ બનાવવા માટે કાચા માલની આયાત કરવી પડી રહી છે. આયાતી કાચા માલ પર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી નાખવામાં આવેલી છે. ચીનથી મંગાવવામાં આવતા ડેકોર પેપર પર મેટ્રિક ટને 110થી 542 ડોલરની એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લગાડવામાં આવી છે. કતારથી આયાત કરવામાં આવતા મેલામાઈન પર એક મેટ્રિકટને 337થી 428 અમેરિકી ડોલરની, યુરોપિયન સંઘના દેશો અને યુનાઈટડ આરબ અમિરાત સહિત અન્ય કોઈપણ દેશમાંથી મેલામાઈનની કરાતી આયાત પર 156 ડોલરની એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લગાડવામાં આવેલી છે. જ્યારે જાપાનથી મેલામાઈનની આયાત કરવામાં આવે તો તેના પર મેટ્રિક ટને 119 અમેરિકી ડોલરની એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી વસૂલવામાં આવે છે. જિકેશ ઠક્કરનું કહેવું છે, “લેમિનેટ્સ બનાવવા માટેના રો મટિરિયલના ભારતના ઉત્પાદકો માટે પ્રોત્સાહક યોજના લાવવામાં આવે તો તેને પરિણામે ભારતના ઉત્પાદકો તેનું સ્થાનિક સ્તરે ઉત્પાદન ઓછી કિંમતે કરી શકશે. તેમ જ ચીનથી ભારતમાં લેમિનેટ્સના રો મટિરિયલ્સની નિકાસ કરનારાઓ સાથે સ્પર્ધા કરી શકશે. તેમ થતાં લેમિનેટ્સના સ્થાનિક ઉત્પાદકોના લેમિનેટ્સ માટેની ડેકોર પેપર સસ્તા દામે મળતાં થશે અને ભારતના બહુમૂલ્ય વિદેશી હૂંડિયામણની પણ બચત થશે. તેથી રો મટિરિયલના ભારતીય ઉત્પાદકો માટે પણ પ્રોત્સાહન યોજના લાવવી જરૂરી બની ગઈ છે. તેનાથી સ્થાનિક સ્તરે નવી રોજગારી પણ નિર્માણ થશે.” ડિરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમિડિઝ સાથે આ મુદ્દે પત્રવ્યવહાર પણ થયેલો છે.



# PLIની જાહેરાત કરવામાં આવે તો આગામી પાંચ વર્ષમાં નિકાસમાં બીજો 1500 કરોડથી વધારો આવી શકે અને વર્ષે નવી રોજગારીની છ હજાર તક ઊભી થશે

નિકાસકારોને આ પ્રકારનો કોઈ જ સપોર્ટ મળતો નથી. બીજીતરફ મલેશિયા અને ઈન્ડોનેશિયા જેવા દેશો લેમિનેટ્સના ઉત્પાદનમાં કાઠું કાઢવા માંડ્યા છે. તેથી વિશ્વ બજારમાં મોટો હિસ્સો અંકે કરી લેવા માટે પ્રોત્સાહન આપતી નીતિ આવવી જરૂરી છે. 2021થી 2026 સુધીની વાત કરવામાં આવે તો ભારતની લેમિનેટ્સની નિકાસ વધીને 2700થી 3000 કરોડ કર સુધી પહોંચી જવાની ધારણા છે. ભારત પાસે અન્ય નિકાસકર્તા દેશો કરતાં સસ્તો મેનપાવર ઉપલબ્ધ છે. તે ભારતનો મોટામાં મોટો એડવાન્ટેજ બની શકે છે.

લેમિનેટ્સની ભારતમાંથી અત્યારે થતી નિકાસ તેને ટોચના નિકાસકારોની હરોળમાં મૂકી રહ્યું છે. આ સેક્ટર માટે પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમ ચાલુ કરવામાં આવશે તો જૂના એકમો તેમના કામકાજના વિસ્તરણ પર ફોકસ કરશે. તેમ જ નવા સાહસિકો પણ આ સેક્ટરમાં પ્રવેશ લેવા તૈયાર થશે. સરકાર તરફથી તેમને નાણાંકીય પ્રોત્સાહન આપવામાં આવશે તો તેઓ લેમિનેટ્સના ઉત્પાદન માટે અત્યાધુનિક ટેક્નોલોજીનો આશરો લેશે. તેમ જ માર્કેટિંગ માટે પણ સારામાં સારી ટેક્નોલોજી કે પછી સ્ટ્રેટજીનો આશરો લઈને આગળ વધી શકશે. તેમના વિતરણના નેટવર્કનું ફલક વિસ્તારી શકશે. નવા વિસ્તારો અને નવા દેશોમાં તેની નિકાસ વધારી ભારત માટે વિદેશી હૂંડિયામણની કમાણી કરવાને પ્રયત્નશીલ બનશે. લેમિનેટ્સ બનાવવા માટે જોઈતા કાચા માલના સપ્લાયની વ્યવસ્થાને પણ વધુ સંગીન બનાવી શકાશે.

સરકાર તરફથી પ્રોત્સાહન આપવામાં આવે અને આધુનિક ટેક્નોલોજી તથા માર્કેટિંગનો આશરો લેવામાં આવે ત્યારબાદ લેમિનેટ્સના ઉત્પાદકો તેમના માર્જિન પણ ઊંચા લઈ જશી શકશે. લેમિનેટ્સ ઉદ્યોગ વધુ સંગીન ફલક પર આવી જશે. બીજીતરફ રિયલ એસ્ટેટના સેગમેન્ટમાં રિકવરીનો આસાર મળી રહ્યો છે. તેમ છતાંય તેની ડિમાન્ડમાં વધારો થઈ રહ્યો છે અને થવાનો જ છે. તેના વેચાણમાં અંદાજે 5000 કરોડનો વધારો થવાની સંભાવના છે. આમેય સ્થાનિક બજારમાં દર વર્ષે 14 ટકાના દરે લેમિનેટ્સનું વેચાણ વધી રહ્યું છે. પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમ ચાલુ કરવામાં આવશે તો ભારતીય ઉત્પાદકો સ્પર્ધાત્મક ભાવે તેનું વેચાણ કરી શકશે. તેથી આંતરરાષ્ટ્રીય બજારમાં પણ તેનું વેચાણ વધી જશે. આગામી પાંચ વર્ષ સુધી લેમિનેટ્સના ઉત્પાદન સેક્ટરમાં અંદાજે રૂ. 2500 કરોડનું નવું મૂડીરોકાણ કરવામાં આવે તેવી સંભાવના છે. તેના થકી અંદાજે 30,000 જેટલી સ્કીલ્ડ અને સેમિસ્કીલ્ડ કારીગરોને રોજગારી નિર્માણ થવાની શક્યતા છે. લેમિનેટ્સના બિઝનેસની વાત કરીએ તો 2026થી 2028ની સુધી તેનો સર્વગ્રાહી વિકાસ દર ઓછામાં ઓછો 6 ટકાનો રહેવાની ગણતરી છે. જોકે કોવિડ-19ને ભારતીય અર્થતંત્રની સિકલ ફેરવી નાખી છે. તેમ જ માર્કેટમાં પણ મોટો બદલાવ લાવી દીધો છે. આરંભમાં તેની નકારાત્મક અસર લેમિનેટ્સના માર્કેટ પર જોવા મળી હતી. રાષ્ટ્રવ્યાપી લૉકડાઉન આવી જતાં ઉત્પાદન સાવ જ બંધ થઈ ગયું હતું. 2020માં લૉકડાઉન લાગુ પડી જતાં તેની ખરીદી પણ સાવ જ બંધ થઈ ગઈ હતી. બીજીતરફ બાંધકામ ઉદ્યોગના કામકાજ પણ ઠપ થઈ ગયા હતા, રહેઠાણના કે કોમર્શિયલ પ્રોપર્ટીના પ્રોજેક્ટ્સ પણ અટકી ગયા હતા, કારણ કે બાંધકામ સેક્ટરના અને અન્ય ક્ષેત્રના શ્રમિકો જે મળ્યું તે વાહન કે ટ્રેન પકડીને અને વાહન ન મળ્યા તો પગપાળા 1500થી 2000 કિલોમીટર ચાલીને પોતાને વતન નાસી છૂટ્યા હતા. તેથી લેમિનેટ્સનું વેચાણ સાવ જ બંધ થઈ ગયું હતું.

હા, શહેરીકરણની વધી રહેલી ઝડપ પણ લેમિનેશન ઉદ્યોગને વેગ આપી રહી છે. બીજીતરફ પર્યાવરણની જાળવણી માટે, કથળી રહેલા પર્યાવરણને બચાવવા માટે વૃક્ષો ન કાપીને લાકડાંનો વપરાશ ઘટાડવા તરફ ઝુકાવ વધી રહ્યો છે. તેથી પણ લેમિનેટ્સનો વપરાશ વધતો જ જશે. તેમાં નવી ટેક્નોલોજી આવતા વધુ ટકાઉ લેમિનેટ્સ આવતા પણ લેમિનેટ્સનો વપરાશ વધી જશે. અત્યારે કન્સ્ટ્રક્શન ઈન્ડસ્ટ્રીમાં વુડન ફ્લોરિંગ આપવાનું ચલણ ખાસ્સું વધી ગયું છે. તેમાં એમડીએફનો વપરાશ વધી ગયો છે. આ પણ લેમિનેટ્સ ઈન્ડસ્ટ્રીનો જ એક હિસ્સો છે. તેના થકી પણ તેમનો વેપાર અને ટર્નઓવર વધી રહ્યો છે. લેમિનેટ ફ્લોરિંગ હુબહૂ લાકડાંનો અહેસાસ કરાવે છે. આ એમડીએફ પત્થરનો અહેસાસ પણ કરાવી શકે છે. દરેક રહેઠાણમાં લેમિનેટ ફ્લોરિંગ કરાવવાનું ચલણ વધી રહ્યું છે. તેમાંય ખાસ કરીને કોમર્શિયલ પ્રોપર્ટીના સેગમેન્ટમાં લેમિનેટ ફ્લોરિંગનું ચલણ વધી રહ્યું છે. કોર્પોરેટ ઓફિસ, છૂટક દુકાનો, મોલ્સ, એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટ્સ, સરકારી ઈમારતો, હોટેલ્સ, લોજિંગ સ્પેસ, મેડિકલ અને હેલ્થકેર યુનિટ્સ, ઔદ્યોગિક એકમો વધવાની સાથે લેમિનેટ્સ ફ્લોરિંગનો વપરાશ પણ વધી રહ્યો છે. ગુજરાત અને ભારત સરકારના બજેટમાં રોજગારી નિર્માણ કરવા માટે ટુરિઝમ સેક્ટરને આપવામાં આવી રહેલા પ્રોત્સાહનને પરિણામે પણ લેમિનેટ્સનું માર્કેટ વિસ્તરતું જ જશે. ટુરિઝમને પ્રોત્સાહન આપતા નવી હોટેલ્સ અને કોમર્શિયલ યુનિટ્સ ચાલુ થવાની શક્યતાઓ વધી જશે. ■



# ચેરિટેબલ ટ્રસ્ટ એક્ટના સુધારા હાડમારી વધારશે

- **ફોર્મ 10 બી અને 10 બીબીમાં જે વિગતો માગવામાં આવી છે તે વિગતો આવકવેરાના ચેરિટેબલ ટ્રસ્ટ માટેના રિટર્નના ફોર્મ નંબર 7માં માગવામાં આવેલી વિગતો કરતાં અનેક ગણી વધારે**

1 અપ્રિલ 2023થી સખાવતી અને ધાર્મિક ટ્રસ્ટો માટે લાગુ પડેલા સુધારા ટ્રસ્ટોની મુશ્કેલીમાં અનેકગણો વધારો કરશે. 1 એપ્રિલથી ટ્રસ્ટો માટે ફોર્મ 10B અને 10BB ફરજિયાત બનાવવામાં આવ્યા છે. આ ફોર્મમાં માંગવામાં આવેલી બારીક વિગતો પૂરતા ટ્રસ્ટોને ખૂબ મુશ્કેલી પડશે એવો નિષ્ણાંતોનો મત છે.

### ડોનેશન જે કારણસર ઉઘરાવ્યું હશે તે માટે જ ખર્ચ કરવું પડશેઃ

જે ટ્રસ્ટોની ગ્રોસ ઈન્કમ રૂ. 5 કરોડથી વધુ હોય, જે ટ્રસ્ટો વિદેશથી ડોનેશન મેળવતા હોય, વિદેશમાં ખર્ચ કરતા હોય તેમણે ફોર્મ 10B ભરવાનું રહે છે. આ સિવાયના ચેરિટેબલ ટ્રસ્ટોએ ફોર્મ 10BB ભરવાનું રહે છે. આ ફોર્મ્સ ભરવા ટ્રસ્ટો માટે ખૂબ જ મુશ્કેલ બની જશે. તેનું કારણ જણાવતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અજિત શાહ જણાવે છે, "ફોર્મમાં એસેસમેન્ટ ઓર્ડર જેટલી બારીક વિગતો માંગવામાં આવી છે." ટ્રસ્ટને આખા વર્ષ દરમિયાન જુદા જુદા સ્રોતોમાંથી ડોનેશન્સ મળતા રહે છે. આ તમામ ડોનેશનની અલગથી



**નૌતમ વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ**
ચેરિટેબલ ટ્રસ્ટ

વિગતો આપવી ટ્રસ્ટો માટે મુશ્કેલ બની જશે.

તેનું ઉદાહરણ આપતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હિરેન શાહ જણાવે છે, "ટ્રસ્ટે વિદેશથી ડોનેશન લીધું હશે, કોઈ ખાસ ઉદ્દેશ માટે કે ભવિષ્યમાં કોઈ હેતુ પાર પાડવા માટે કોર્પસ ડોનેશન લીધું હશે કે પછી સામાન્ય ડોનેશન લીધું હશે તો

તેની ઝીણી ઝીણી વિગતો આ ફોર્મમાં દર્શાવવી પડશે." ટ્રસ્ટો કોઈ ખાસ ઉદેશ માટે દાન સ્વીકારે તેને કોર્પસ ડોનેશન તરીકે ઓળખવામાં આવે છે. દાખલા તરીકે, ટ્રસ્ટે શાળા કે મંદિર બનાવવાની જાહેરાત કરી હોય તો તે નિમિત્તે મળતા દાનને કોર્પસ ડોનેશન તરીખે ઓળખવામાં આવે છે.

બજેટ 2023-24ની જોગવાઈ મુજબ ટ્રસ્ટે કોઈ ઉદેશથી રકમ ઉઘરાવી હશે તો તે રકમ તે જ કામ માટે ખર્ચ કરી શકાશે. અર્થાત્, મંદિર બે વર્ષ પછી બનાવવાનું હોય તો ત્યાં સુધી ટ્રસ્ટે એ રકમ ફિક્સ્ડ ડિપોઝિટમાં રાખી મૂકવી પડશે. જો આ રકમ બીજે વપરાશે તો તે ખર્ચમાંથી બાદ મેળવી શકાશે નહિ. અન્ય કામ માટે ટ્રસ્ટ જનરલ ડોનેશનની રકમમાંથી ખર્ચ કરી શકશે.

### ટ્રસ્ટના પ્રકારને બદલે ડોનેશનની રકમને આધારે ફોર્મ:

ચેરિટેબલ ટ્રસ્ટ ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નૌતમ વકીલ મુખ્ય ફેરફાર અંગે વાત કરતા જણાવે છે, "અગાઉ ટ્રસ્ટના રજિસ્ટ્રેશનના પ્રકાર મુજબ ફોર્મ ભરવા પડતા હતા. તેની જગ્યાએ હવે રૂ. 5 કરોડથી વધુ અને રૂ. 5 કરોડથી ઓછી એમ ડોનેશનની રકમના આધારે ફોર્મ ભરવાનું જણાવાયું છે. 10B ફોર્મમાં 47 પાનાંમાં અલગ અલગ વિગતો માગતા એનેક્ષર છે. તેમ જ 10BBમાં 7 પાનાંના એનેક્ષર છે. તેથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની હાલાકી ખૂબ જ વધી જશે."

### લોન લઈ વર્ષો સુધી ન ભરનારા ટ્રસ્ટોની મુશ્કેલી વધશે:

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નૌતમ વકીલ નવા સુધારા અંગે વાત કરતા જણાવે છે, "ઘણા ટ્રસ્ટો લોન લઈને વર્ષો સુધી ચૂકવતા નથી. હવે આવા ટ્રસ્ટ પર તવાઈ આવશે. લોન લઈને કોઈ ખર્ચ થયો હશે તો તે જે-તે વર્ષમાં બાદ મળશે નહિ. લોન ભરાઈ જાય પછી જ તેનો ખર્ચ બાદ આપવામાં આવશે. લોનની રકમ પાંચ વર્ષમાં ચૂકવી દેવી પડશે. જો કોઈ ટ્રસ્ટ વીસ વર્ષે લોન ચૂકવશે તો તેને પંદર વર્ષના લાભ ગુમાવવાની તૈયારી રાખવી પડશે." આ ઉપરાંત એક ટ્રસ્ટનું કોર્પસ બીજા ટ્રસ્ટને આપવામાં આવે, તો પહેલા ટ્રસ્ટનું કોર્પસ જ્યાં સુધી પાછું ન મળે ત્યાં સુધી તે ખર્ચ તરીકે બાદ મળશે નહિ.

### FD/OD કરનારા ટ્રસ્ટોની તકલીફમાં વધારો:

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હિરેન શાહ આ ફેરફારોની ટ્રસ્ટો પર પડનારી અસર અંગે વાત કરતા જણાવે છે "જે ટ્રસ્ટો FD અને OD લઈને કામ કરાવતા હશે તેમની મુશ્કેલીમાં વધારો થશે. આવા કિસ્સામાં રકમનો જમા-ઉપાડ સતત ચાલુ રહે છે. તે તમામની વિગતો દર્શાવવી ટ્રસ્ટો માટે પણ મુશ્કેલ બની જશે."



**હિરેન શાહ, એકાઉન્ટન્ટ,**
ચેરિટેબલ ટ્રસ્ટ

અગાઉ વિદેશથી ડોનેશન મળતું હોય તેવા સંજોગોમાં ટ્રસ્ટ FCRAમાં રજિસ્ટ્રેશન કરાવીને મોટી મોટી વિગતો આપી દે તો ચાલી જતું હતું. નવા સુધારા મુજબ હવે ટ્રસ્ટોએ ફોર્મમાં 40થી વધુ વિગતો ભરવી પડશે. પરિણામે અગાઉ જે રિટર્ન 1 કલાકમાં ભરાઈ જતું હતું તેની સામે શિડ્યુલ ભરવામાં પાંચ કલાકથી વધુ સમય લાગી જશે.

### ટ્રસ્ટોની વિડંબના: વસ્તુનું મૂલ્ય કેવી રીતે દર્શાવવું?

ટ્રસ્ટોને રોકડ અને આર્થિક સહાય ઉપરાંત સોનાની ચેઈન, ઘીના ડબ્બા કે સામગ્રી જેવી ઘણી વસ્તુઓ પણ દાન સ્વરૂપે મળતી હોય છે. નવા સુધારા મુજબ આ તમામની વિગતો શિડ્યુલમાં આપવી જરૂરી છે. સી.એ અજિત શાહના મતે આ સુધારો ટ્રસ્ટોની મુશ્કેલીમાં અનેકગણો વધારો કરશે. તેઓ જણાવે છે, "સુધારા મુજબ ટ્રસ્ટોએ 10Bમાં તેમને દાનમાં મળેલી ચીજવસ્તુઓની વિગતો પણ આપવી પડશે. સામાન્ય રીતે ટ્રસ્ટો રિટર્નમાં સોના જેવી પીળી ધાતુની વસ્તુ મળી છે તેવો ઉલ્લેખ કરે છે. પરંતુ નવા સુધારા મુજબ સોનાની ચેઈનના કેરેટ કેવી રીતે કઢાવવવા અને તેનું મૂલ્ય કેવી રીતે દર્શાવવું તે એક મોટો પડકાર છે. જૈન ટ્રસ્ટ કે અંબાજીમાં ઘીના ડબ્બા ચડાવવાની પ્રથા છે. આ ડબ્બા તો ફટાફટ વપરાઈ જાય છે. તેનું ચોક્કસ મૂલ્ય ફોર્મમાં દર્શાવવું મુશ્કેલ પડશે. વળી, ટ્રસ્ટને અમુક તૂટી જાય તેવી વસ્તુઓ પણ દાનમાં મળે છે. જો ચીજવસ્તુ તૂટી જાય તો તેને કઈ શ્રેણીમાં દર્શાવવું તે પણ એક પ્રશ્ન છે."

### રૂ.2000નું દાન કરનાર ડોનરની બધી જ માહિતી આપવી પડશે:

સુધારા મુજબ ફોર્મ 10BDમાં નવી વિગતો માંગવામાં આવી છે જે ટ્રસ્ટોની હાલાકીમાં વધારો કરશે. આ જોગવાઈ 80G અંતર્ગત રજિસ્ટર થયેલા ટ્રસ્ટોને લાગુ પડે છે. હવે રૂ. 2000થી વધુ રકમનું ડોનેશન આપનાર દરેક વ્યક્તિના નામ,

## તમામ ટ્રસ્ટીઓના નામ જાહેર કરવા પડશે



પહેલા એક કે બે ટ્રસ્ટીઓની વિગતો રિટર્નમાં આપી દેવામાં આવતી હતી. હવે દરેક ટ્રસ્ટીની વિગતો આપવાનું ફરજિયાત કરવામાં આવી છે. તેમના પાનકાર્ડ આધારકાર્ડ સહિતની તમામ વિગતો આપવાની ફરજિયાત કરી દેવામાં આવી છે. જોકે 11 ટ્રસ્ટી હોય અને તેમાંથી 5 ટ્રસ્ટીની વિગતો આપવામાં ન આવે તો તેવા સંજોગોમાં સરકાર તરફથી શાં પગલાં લેવામાં આવશે તે અંગે સ્પષ્ટતા કરવામાં આવી નથી. પરિણામે તેની શી અસર આવી શકે તે અત્યારે સ્પષ્ટ થતું નથી.

ટ્રસ્ટી કે ટ્રસ્ટીના સગાંએ કોઇ લાભ લીધો હોય કે ટ્રસ્ટીઓ હિત ધરાવતા હોય તેવી કોઈ કંપની કે સંસ્થા સાથે વહેવાર કરવામાં આવ્યા હોય તો તેની વિગતો ટ્રસ્ટ એક્ટની કલમ 13 હેઠળ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. ટ્રસ્ટી કે ટ્રસ્ટીના સગાએ કોઈ જાતનો લાભ લીધો છે કે નહિ તેની માહિતી પહેલીવાર માગવામાં આવી છે. આ માહિતી આપવામાં ટ્રસ્ટને તકલીફ પડી શકે છે. ટ્રસ્ટીની દુકાનેથી કોઈ વસ્તુ ખરીદી હોય અને તેના ભાવ બજાર ભાવ કરતાં ઊંચા ભાવ હશે તો તે ખર્ચ તરીકે તેને સ્વીકારવામાં આવશે નહિ. બજાર ભાવ કરતાં નીચા ભાવે તે સપ્લાય આપ્યો હશે તો પણ તેનું રિપોર્ટિંગ કરવું પડશે. બીજી તરફ સરકારે ટ્રસ્ટની આવક-જાવકનું મોનિટરિંગ ચાલુ કરી દીધું છે. આ રિપોર્ટિંગ કરે તે પહેલા જ ટ્રસ્ટના 360 ડિગ્રી રડારમાં આવકવેરા ખાતાએ આ માહિતી એકત્રિત કરવાનું શરૂ કરી દીધું છે. તેથી ટ્રસ્ટ જરાય આમથી તેમ કરશે તો ભેરવાઈ જશે. આવકવેરા ખાતાને જરાય ગરબડ જણાશે તો તે ટ્રસ્ટને નોટિસ મોકલી આપશે. તેના ખુલાસા ટ્રસ્ટે આપવા પડશે.



# એક ટ્રસ્ટ બીજા ટ્રસ્ટને ડોનેશન આપે તો શું થશે?

સામાન્ય રીતે એક ટ્રસ્ટ બીજા ટ્રસ્ટને ડોનેશન આપતા હોવાનું બને છે. વર્ષ દરમિયાન આ પ્રકારના કરવામાં આવતો ખર્ચ પહેલા પૂરેપૂરો બાદ આપી દેવામાં આવતો હતો. હવે એક ટ્રસ્ટ બીજા ટ્રસ્ટને ડોનેશન આપશે તો તેને 85 ટકા રકમ જ ખર્ચ તરીકે બાદ આપવામાં આવશે. બાકીની 15 ટકા રકમ બાદ મળશે જ નહિ. એક ટ્રસ્ટ બીજા ટ્રસ્ટને ડોનેશન આપીને તે રકમ 100 ટકા બાદ મેળવી લઈને વરસોના વરસો સુધી તે રકમનો ખર્ચ કરતાં નહોતા. ટ્રસ્ટને મળેલી ડોનેશનની રકમમાંથી 85 ટકા રકમ જે તે નાણાંકીય વર્ષમાં જ વાપરી નાખવાની કન્ડિશનનો ભંગ કરવા માટે એક ટ્રસ્ટ બીજા ટ્રસ્ટને નાણાં આપી દઈને રકમનો ઉદ્દેશ માટે ખર્ચ કરવાનું ટાળતાં હતા. આમ બીજા ટ્રસ્ટને નાણાં આપીને દરેક ટ્રસ્ટ 15 ટકા રકમ બચાવતા રહેતા હતા. આ રીતે ન ખર્ચ કરેલી રકમ વધતી જ જતી હતી. આ રીતે ડોનેશનના નાણાં ખર્ચ કર્યા વિના જ જમા કર્યા કરવાની પ્રવૃત્તિ પર બ્રેક લાગી જશે. પરિણામે જે ઉદ્દેશ માટે ડોનેશન અપાયું હશે તે ઉદ્દેશ માટે તે જ વર્ષમાં વાપરી દેવાતું ફંડ વધી જશે. પહેલાની જેમ બીજા ટ્રસ્ટને ડોનેશન આપીને ખર્ચ કરવાનું ટાળી શકાશે નહિ. નૌતમ વકીલ કહે છે, "સરકાર ઇચ્છે છે કે ટ્રસ્ટને મળતા નાણાં ટ્રસ્ટ જે તે વર્ષમાં જ વાપરી નાખે. ટ્રસ્ટો પૈસા જમા કર્યા કરે તે સરકારને મંજૂર જ નથી."

ડોનેશનના પૈસા વપરાઈ જાય અથવા તેના બાકી પૈસા પર ટેક્સની સરકારને આવક થાય તેવી સરકારની ઇચ્છા છે. ટ્રસ્ટના ડોનેશન બીજા ટ્રસ્ટને આપવામાં આવે ત્યારે સરકાર તેમને એકવાર ટેક્સ માફી આપે છે. બીજીવાર ટ્રસ્ટ બીજા ટ્રસ્ટને આપે ત્યારે તે ફરીથી બાદ કેવી રીતે અપાય તેવી સરકારની દલીલ છે. આમ એક જ રકમ બેથી ત્રણ વાર બાદ મેળવવવાની પ્રવૃત્તિ પર સરકારે વાસ્તવમાં બ્રેક લગાવી છે. હા, તેને કારણે ટ્રસ્ટની મૂડી ઘસાતી જશે. જેન્યુઈન રીતે બીજા ટ્રસ્ટોને દાન આપતા ટ્રસ્ટો પર ટેક્સનો ખોટો બોજ વધશે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઋત્વિજ શાહ કહે છે, "અગાઉ શાળા બાંધવા જેવા કામમાં બીજા ટ્રસ્ટ પહેલા ટ્રસ્ટને મદદ કરતા હતા. પરંતુ હવે તેમના પર ટેક્સનો બોજો આવી જશે તો તે કામમાં આંશિક કામ પોતાના નામે કરાવતા થશે. આમ જેન્યુઇન ડોનેશન પાસ કરવાની પ્રવૃત્તિ પર અવળી અસર પડી શકે છે." જોકે તેમાં દરેક ઉદ્દેશ માટેની રકમને આ જોગવાઈ લાગુ કરવામાં આવશે કે પછી એક ટ્રસ્ટે બીજા ટ્રસ્ટને આપેલી સંપૂર્ણ રકમને આ જોગવાઈ લાગુ પડશે તે અંગે સ્પષ્ટતા થતી નથી.




● લોન લઈ વરસો સુધી ન ચૂકવનારા ટ્રસ્ટોને તકલીફ પડશે: લોનની રકમ પાંચ વર્ષમાં જ ચૂકવી દેવી પડશે, વીસ વર્ષે લોન ચૂકવે તો પંદર વર્ષના લાભ ગુમાવવા પડી શકે

સરનામા, આધાર કાર્ડ, પાનકાર્ડની વિગતો સબમિટ કરવી પડશે. સી.એ અજિત શાહ માને છે કે આ કારણે ટ્રસ્ટોના કામમાં વધારો થશે. તેઓ જણાવે છે, "રૂ. 2000ની રકમ સાવ ઓછી છે. આવા અનેક દાતાઓની બધી જ વિગતો સબમિટ કરવાની જોગવાઈ ટ્રસ્ટના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની જફા વધારી દેશે." ફોર્મ 10BBમાં ટ્રસ્ટ જે વિગતો ભરે છે તે ફોર્મ 10BDમાં પણ ભરવી પડશે.

નવી જોગવાઈ મુજબ ધાર્મિક ટ્રસ્ટમાં રૂ. 21 કે રૂ. 50નું દાન મળે તેની વિગતો પણ દર્શાવવી પડશે. શ્રી ખાતે, જય શ્રી કૃષ્ણ એવા નામથી આવતા ડોનેશનને કઈ રીતે દર્શાવવા તે ટ્રસ્ટ માટે યક્ષ પ્રશ્ન બની જશે. સી.એ હિરેન શાહ જણાવે છે, "આવા અનામી દાતાની ઈન્કમ સરકાર અમાન્ય રાખે તેવી પણ શક્યતા રહેલી છે. આ નાણાં ટ્રસ્ટીઓએ પોતે જમા લીધા હોવાના આક્ષેપ પણ થઈ શકે છે. આમ તેને કારણે અનેક વિવાદો અને વિખવાદો થઈ શકે છે." જો કે લોન રોકડાથી લીધી છે કે ચેકથી તેની વિગતો દર્શાવવાની ફરજ પડતા ટ્રસ્ટીઓ દ્વારા તેમના નાણાં



**અજિત શાહ,**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

ટ્રસ્ટમાં ફેરવવાની પ્રવૃત્તિ પર અંકુશ આવી જશે.

જોકે નૌતમ વકીલનો મત જુદો આવે છે, "સરકાર ધાર્મિક ટ્રસ્ટોને પૈસા જમા કરવા દેવા માગતી નથી. તમારી પાસે ડોનેશન આવે છે તે તમે પ્રજાના હિતમાં વાપરી જ નાખો તેવી માનસિકતાથી સરકાર આગળ વધી રહી છે. પરંતુ આ જ કારણે તકલીફ વધી જવાની સંભાવના છે."

**ટ્રસ્ટોએ હવે 30 ટકા એક્ઝિટ ટેક્સ ભરવો પડશેઃ**

ચેરિટેબલ એક્ટના ચેપ્ટર XIIIની કલમ 115TD, 115TE અને 115TF હેઠળ એક્ઝિટ ટેક્સ લાગુ કરવામાં આવેલો છે. ચેરિટેબલ સંસ્થા નોન ચેરિટેબલ સંસ્થા સાથે વિલીન થઈ જાય અથવા તો પોતાનાથી અલગ જ ઉદ્દેશવાળા ટ્રસ્ટ સાથે ભળી જાય અને અન્ય ચેરિટેબલ આર્ગેનાઈઝેશનને પોતાની અસ્કયામતો ટ્રાન્સફર ન કરે તો કલમ 115TDની જોગવાઈ હેઠળ એક્ઝિટ ટેક્સ લેવામાં આવે છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઋત્વિજ શાહ કહે છે,"ચેરિટેબલ ટેક્સની મિલકતની બજાર કિંમતની આકારણી કરીને 30 ટકા ટેક્સ લેવામાં આવશે. ઘણા કિસ્સામાં સખાવતી હેતુથી અપાતી રેસિડેન્શિયલ પ્રોપર્ટી માટે ટ્રસ્ટ કોઈ જ પૈસા નથી લેતા. તેમ છતાંય તેમની મિલકતની બજાર કિંમત પ્રમાણે તેમને માથે 30 ટકા ટેક્સ ભરવાની જવાબદારીનો બોજ આવી શકે છે."

**રજિસ્ટ્રેશન રિન્યુ કરાવવાનું ભૂલી જશો તો હાલાકી વધશેઃ**

કેટલીકવાર ટ્રસ્ટીઓ ચેરિટેબલ ટ્રસ્ટનું રજિસ્ટ્રેશન રિન્યુ કરાવવાનું ભૂલી જાય તો પણ તેમને તકલીફ પડી શકે છે. મોટાભાગના ટ્રસ્ટના ટ્રસ્ટી એક કરતાં વધુ ટ્રસ્ટમાં જોડાયેલા હોય છે. તેઓ રોજબરોજની કામગીરીમાં બહુ માથું મારતાં જ નથી. આ જોગવાઈ તેમની હાલાકી વધારનાર સાબિત થઈ જ શકે છે.

# નિયમ ભંગ કરનારા ટ્રસ્ટનું રજિસ્ટ્રેશન રદ થઈ જશે

ઉલ્લેખનીય છે કે સરકાર ટેરર ફંડિંગ રોકવાના આશયથી જ ટ્રસ્ટને મળેલા દાનના હિસાબમાં બારીકાઈ દાખવી રહી છે. ટેરર ફંડિંગ કરનારા સંખ્યાબંધ ટ્રસ્ટ બંધ કરી દેવામાં આવ્યા છે. 5000થી વધુ FCRA ટ્રસ્ટ બંધ કરી દેવામાં આવ્યા છે. આમ છતાં સરકાર તેમાં ઢીલાશ છોડવા માંગતી નથી. આથી ચેરિટેબલ ટ્રસ્ટના રજિસ્ટ્રેશન માટેની કલમ 12ABમાં પણ જરૂરી સુધારા કરવામાં આવ્યા છે.




- નવા ટ્રસ્ટે પ્રોવિઝિનલ રજિસ્ટ્રેશન માટે અરજી કરવી પડશે.
- રજિસ્ટ્રેશનની અરજી મંજૂરીના ત્રણ વર્ષ, કે એક્ટિવિટી ચાલુ થયાના છ મહિના એમ બંનેમાંથી જે વહેલી પૂરી થાય તે માન્ય ગણાશે.
- નવેસરથી રજિસ્ટ્રેશન કરાવવા ઈ-ફાઈલિંગના પોર્ટલ પર ફોર્મ 10Aમાં અરજી કરવી પડશે.
- અરજી બાદ હંગામી રજિસ્ટ્રેશન મળશે.
- નિયમ ભંગ કરનાર ટ્રસ્ટનું રજિસ્ટ્રેશન ગમે ત્યારે રદ થઈ જશે.
- ઈ-પોર્ટલ પર પૂરતી માહિતી ન ભરનાર ટ્રસ્ટનું રજિસ્ટ્રેશન પણ રદ થઈ શકશે.
- ઈ-પોર્ટલ પર અરજી કરી પ્રોવિઝનલ કે રિ-રજિસ્ટ્રેશન મેળવી ગેરરીતિ કરનારા ટ્રસ્ટો પર બ્રેક વાગશે.
- અગાઉ કલમ 12A અંતર્ગત ઉદ્દેશ સિવાયના હેતુ માટે થયેલો ખર્ચ નામંજૂર કરી દેવાતો હતો. નવી જોગવાઈ મુજબ આવા કિસ્સામાં સીધું ટ્રસ્ટનું રજિસ્ટ્રેશન રદ કરી દેવાશે.

# ફોર્મ 10B અને 10BBમાં કઈ કઈ વિગતો ભરવી પડશે?

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હિરેન શાહ જણાવે છે કે ફોર્મ 10B અને 10BBમાં ચેરિટેબલ ટ્રસ્ટના રિટર્નના ફોર્મ નંબર 7ની સરખામણીએ અનેક ગણી વધારે વિગતો માંગવામાં આવી છે. નવા ફેરફારોને કારણે દેશના 1 કરોડ અને ગુજરાતના 5 લાખથી વધુ ચેરિટેબલ ટ્રસ્ટોની હાલાકીમાં વધારો થશે.

- ખર્ચની રજેરજની વિગતો ભરવી પડશે.
- ઉદ્દેશ પ્રમાણે ખર્ચ કર્યો છે કે ઉદ્દેશ વિનાના હેતુથી ખર્ચ થયો તે દર્શાવવું પડશે.
- ખર્ચના પૈસા ક્યાંથી આવ્યા તેનો સ્રોત દર્શાવવો ફરજિયાત છે.
- લોન લઈને ખર્ચ થયો હશે તો ટ્રસ્ટીએ પોતાના પૈસા ખર્ચ્યા કે નહિ તે દર્શાવવું પડશે.
- ખર્ચ જૂના વર્ષની આવકમાંથી થયો છે કે નવા વર્ષની આવકમાંથી તે જાહેર કરવું પડશે.
- બચેલા નાણાંનું રોકાણ ક્યાં કરાયું છે તેની વિગતો આપવી પડશે.
- ટ્રસ્ટે કરેલા ખર્ચમાં TDS ડિડક્ટ કરાયો છે કે નહિ તેની વિગતો આપવી પડશે.
- ટ્રસ્ટે TDS કર્યો હોય તો તે સમયસર જમા કરાવ્યો છે કે નહિ તેની માહિતી આપવી પડશે.
- TDS ન કર્યો હોય તો તેની માહિતી આપવી પડશે.

# ફોર્મ 9A અને 10 ટ્રસ્ટોની હાલાકી વધારશે




ફોર્મ નંબર 9 એ અને 10 નંબર ભરવાની નવી વ્યવસ્થા ચેરિટેબલ ટ્રસ્ટની હાલાકી વધારી દેશે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હીરેન શાહ કહે છે, "અત્યાર સુધી આ ફોર્મ રિટર્ન ફાઈલ કરતી વખતે ફાઈલ કરવાના આવતા હતા. પહેલી એપ્રિલ 2023 પછી આ ફોર્મ રિટર્ન ફાઈલ કરવાના બે મહિના પૂર્વે એટલે કે ઓગસ્ટ મહિનાની 31મી સુધીમાં ફાઈલ કરી દેવાના આવશે. ટ્રસ્ટના સરપ્લસ ફંડનો ઉપયોગ કેવી રીતે કરવો તે ફોર્મ ભરીને જણાવવું પડશે." તેને કારણે પડનારી તકલીફનો અંદાજ આપતા અજિત શાહ કહે છે, "હવે આ બંને ફોર્મ 31મી ઓગસ્ટ પહેલા ફાઈલ કરી દેવાનું આવશે. ચેરિટેબલ ટ્રસ્ટનું સરપ્લસ ફંડ કેવી રીતે ઉપયોગ કરવામાં આવશે તે દર્શાવવાનુ જણાવવામાં આવ્યું છે. સામાન્ય રીતે દરેક ટ્રસ્ટના હિસાબ 31મી ઓક્ટોબરે તૈયાર થાય છે. હવે ઓગસ્ટમાં કઈ રીતે તે નિશ્ચિતતાથી કહી શકશે કે તેની કેટલી રકમ વધશે અને તેનો કઈ રીતે ચોક્કસ ખર્ચ કરવામાં આવશે? બે મહિના પહેલા આ વિગતો દર્શાવવી કઠિન બની જશે. ઠરાવ કરીને તે રકમ અલગથી રાખવાની જાણ કેવી રીતે કરવી તે મુશ્કેલી સર્જાશે. સરકારને તેનાથી કોઈ લાભ થતો નથી. નૌતમ વકીલનું કહેવું છે,"ટ્રસ્ટોએ 10B સપ્ટેમ્બરમાં ભરવું પડે છે. આઈટીઆર 7 ઓક્ટોબરમાં ભરવું પડે છે. 10Bમાં રકમ સર્ટિફાય કરવાની હોય છે. તમે 10Bમાં કેટલી રકમ સેટ એપાર્ટ રાખવાના તેની વિગતો આપવાની જ હોય છે. સરકાર માને છે કે ઓગસ્ટમાં ટ્રસ્ટ સેટ એપાર્ટની વિગતો આપે તો જ ઓડિટર માટે સર્ટિફાય કરવું શક્ય બનશે."



આ ફોર્મ 10 અને 9એ ભરવામાં ન આવે તો તે ટ્રસ્ટને ખર્ચ બાદ મળશે જ નહિ. આ જોગવાઈ ખોટી અને અન્યાયકર્તા છે." નૌતમ વકીલ કહે છે, "ફાઈનલ એકાઉન્ટ નક્કી થયા વિના સેટ એપાર્ટ રકમ બે મહિના પૂર્વે નક્કી કરવી કઠિન છે. કલમ 11(2)માં 10 નંબરનું ફોર્મ ભરવામાં આ સેટ એપાર્ટની વિગતો આપવી પડે છે. અત્યારે સુધારો કરીને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે એસ્ટ્રોલોજર-જ્યોતિષીનું કામ કરાવવા માગે છે. ઓક્ટોબરની સ્થિતિનો અંદાજ ઓગસ્ટમાં કઈ રીતે મેળવવો તે તકલીફદાયક છે." સરકાર 26AS-TDSની વિગતો સરકાર જૂન મહિના સુધી આપતી નથી. સરકારે આ 26ASની વિગતો વહેલી આપવાની વ્યવસ્થા કરવી પડે તેમ છે. તે સિવાય 31મી ઓગસ્ટ સુધીમાં સેટ એપાર્ટ રકમ દર્શાવવી મુશ્કેલ છે. જે રકમ કાઢવી કે અલગ તારવવી કઠિન બની જશે. બીજું, ટ્રસ્ટના ચોપડાં વહેલા તૈયાર થતાં નથી. 26AS ન આપે ત્યાં સુધી ચોપડાં પૂરા થતાં જ નથી. જૂનમાં 26AS આપીને 31મી ઓગસ્ટ સુધીમાં સેટ એપાર્ટની વિગતો આપી દેવાની વાત કરે છે તે દરેકને માટે તકલીફદાયક થશે. સરકાર દિવસે દિવસે ટ્રસ્ટોના ગળા પરનો ગાળિયો વધુ ને વધુ કસતી જ જાય છે.

ઉદાહરણથી સમજીએ. કોઈ ટ્રસ્ટને રૂ. 1 કરોડની રકમ ડોનેશન તરીકે આવક થઈ છે. તેનો ખર્ચ રૂ. 40 લાખનો થાય છે. તેની પાસે રૂ.60 લાખનું સરપ્લસ ફંડ છે. તે જૂના નિયમ મુજબ 15 ટકા રકમ એટલે કે 15 લાખ રૂપિયા કેરી ફોરવર્ડ કરી જ શકે છે. બાકીના 45 લાખ માટે ઠરાવ કરવાનો આવશે. આ 45 લાખ રકમ આગામી પાંચ વર્ષમાં કોઈપણ હેતુ માટે વાપરવાના હશે તો તેની જાણકારી આપવી પડશે. સ્પેસિફાઈડ પરપઝ બતાવવો પડશે. તેની અલગથી એફડી-ફિક્સ્ડ ડિપોઝિટ કરવી પડશે. અજિત શાહ અન્ય જોગવાઈ પ્રત્યે ધ્યાન દોરતા જણાવે છે, "વાર્ષિક આવકમાંથી ખર્ચ કર્યા બાદ બચનારી રકમનો ફાઈનલ અંદાજ તો આખો હિસાબ તૈયાર થાય ત્યારે એટલે કે ઓક્ટોબરમાં આવે છે. 31મી ઓગસ્ટે આ અંગેનો ફાઈનલ અંદાજ આવી શકતો જ નથી. પરંતુ અહીં તો ઓગસ્ટના અંતે તેનો અંદાજ આપી દેવાનું ઠેરવવામાં આવ્યું છે. તેથી આ જોગવાઈ ખોટી જણાય છે." ટ્રસ્ટો પર ગાળિયો કસીને સરકારે 5000થી વધુ FCRA ટ્રસ્ટ બંધ પણ કરી દીધા છે. જોકે નૌતમ વકીલનો મત જુદો આવે છે, "સરકાર ધાર્મિક ટ્રસ્ટોને પૈસા જમા કરવા દેવા માગતી નથી. તમારી પાસે ડોનેશન આવે છે તે તમે પ્રજાના હિતમાં વાપરી જ નાખો તેવી માનસિકતાથી સરકાર આગળ વધી રહી છે. પરંતુ આ જ કારણે તકલીફ વધી જવાની સંભાવના છે."

# પોલિટિકલ પાર્ટી કે ચેરિટેબલ ટ્રસ્ટને ડોનેશન આપતા પહેલા સાવધાન!




આવકવેરા ખાતાએ તાજેતરમાં 8000થી વધુ એવા કરદાતાઓને સકંજામાં લીધા હતા જેમણે ટેક્સનું સંપૂર્ણ એક્ઝેમ્પ્શન લેવા માટે અથવા તો સ્લેબ નીચો બતાવવા માટે પોલિટિકલ પાર્ટી અને ચેરિટેબલ ટ્રસ્ટમાં ડોનેશન કર્યા હતા. પોલિટિકલ પાર્ટીને ડોનેશન આપનારા લોકો હવે આવકવેરા ખાતાના રડારમાં આવી રહ્યા છે. તેમને ડિપાર્ટમેન્ટ તરફથી નોટિસો પણ મોકલવામાં આવી રહી છે. આથી જો તમે ચેરિટેબલ ટ્રસ્ટમાં જેન્યુઈન ડોનેશન પણ કરતા હોવ તો તમારે સંભાળીને પગલું ભરવું જોઈએ.

તાજેતરમાં આવકવેરા ખાતાએ 23થી 26 પોલિટિકલ પાર્ટીઝ પર સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. તેમાં ડોનેશનની બોગસ એન્ટ્રી મળી આવી છે. ખેદજનક વાત એ છે કે ડોનેશન કે દાન જેવા સારા માધ્યમનો ઉપયોગ પણ લોકો કરચોરી કરવા માટે કરી રહ્યા છે. ઘણા રાજકીય પક્ષો કે વચેટિયાઓ દાતા પાસે 4થી 5 ટકા કમિશન ચાર્જ કરે છે. ત્યાર બાદ તેમણે જેટલી રકમનું દાન કર્યું હોય તે શ્રોફ અને અન્ય માધ્યમથી રોકડ સ્વરૂપે દાતાને પરત પહોંચાડી દે છે. આ પ્રવૃત્તિમાં મોટા ભાગે રજિસ્ટર્ડ અનરેકગ્નાઈઝ્ડ પોલિટિકલ પાર્ટીઝ (RUPP) સંડોવાયેલી હોય છે. આ પાર્ટી સંપૂર્ણ પ્રકારે રાજકીય પ્રવૃત્તિમાં જોડાયેલી હોતી નથી. આમ છતાં તે દાન સ્વીકારે છે. આવકવેરા ખાતાએ આવી પોલિટિકલ પાર્ટી પર સર્ચ હાથ ધરીને દાતાઓનો ડેટા મેળવી લીધો છે અને તેમને નોટિસ પણ મોકલાવી છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઝીલ બંગડીવાલા જણાવે છે કે, 'આવી પોલિટિકલ પાર્ટીને દાન આપનાર દાતાઓ સામાન્ય રીતે ઊંચી આવક ધરાવતા હોય છે. આવકવેરા ધારાની કલમ 80GGC અંતર્ગત 100 ટકા ડિડક્શન મેળવવાની લાલચે તેઓ રાજકીય પક્ષોને દાન કરતા હોય છે. આવા દાતાઓના 80GGC હેઠળના ક્લેઈમ આવકવેરા ખાતાએ અમાન્ય રાખ્યા છે અને કલમ 148A અંતર્ગત તેમને નોટિસ પાઠવવામાં આવી છે. તેમાં દાતાઓને રાજકીય પક્ષોને દાન કરવા માટેનું કારણ પૂછવામાં આવ્યું છે. જો આવકવેરા અધિકારીઓને કારણ યોગ્ય લાગશે તો તેઓ દાતા સામે પગલા નહિ ભરે. જો કારણ યોગ્ય નહિ લાગે તો કલમ 148 અંતર્ગત કરદાતાને નોટિસ મળ્યાના 30 દિવસમાં રિટર્ન ફાઈલ કરવાનું જણાવવામાં આવશે.' ત્યાર બાદ તેમના એસેસમેન્ટની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

જો કે ઘણા દાતા સમાજને મદદરૂપ થવાના ઈરાદાથી ટ્રસ્ટોમાં દાન કરતા હોય છે. જો કે દાન કરતા પહેલા ચેરિટેબલ ટ્રસ્ટની પૂરતી ખરાઈ કરવામાં ન આવે તો ઊલમાંથી ચૂલમાં પડી શકાય છે. વળી, વગર વાંકે આવકવેરા ખાતાના સકંજામાં આવવાનો પણ ભય રહે છે.

તમે દાન કરવા જ માંગતા હોવ તો તમારા સામાજિક વર્તુળમાંથી સારા ટ્રસ્ટ કે એનજીઓ વિષેની માહિતી એકત્રિત કરવાનો પ્રયત્ન કરો. આમ કરવાથી મહદંશે તમારું ડોનેશન યોગ્ય ટ્રસ્ટમાં જ જશે. સાવ અજાણ્યા ટ્રસ્ટમાં કે પોલિટિકલ પાર્ટીમાં દાન કરવાનું ટાળવું જોઈએ. આથી ચેરિટેબલ ટ્રસ્ટને દાન કરતા પહેલા નીચેની બાબતો અવશ્ય ચેક કરી લેવી જોઈએ.

જો કે ઘણા દાતા સમાજને મદદરૂપ થવાના ઈરાદાથી ટ્રસ્ટોમાં દાન કરતા હોય છે. જો કે દાન કરતા પહેલા ચેરિટેબલ ટ્રસ્ટની પૂરતી ખરાઈ કરવામાં ન આવે તો ઊલમાંથી ચૂલમાં પડી શકાય છે. વળી, વગર વાંકે આવકવેરા ખાતાના સકંજામાં આવવાનો પણ ભય રહે છે.

**1. ઓનલાઈન સર્ચ કરો:**

તમે જે કામ માટે દાન કરવા માંગતા હોવ તે માટે સૌથી શ્રેષ્ઠ કાર્ય કયું ટ્રસ્ટ કરી રહ્યું છે તે માટે આપ ઓનલાઈન રિસર્ચ કરી શકો છો. દાખલા તરીકે આપ જીવદયા માટે દાન કરવા માંગતા હોવ તો તમે ગૂગલ પર તેને લગતું સર્ચ કરી શકો છો. એક વખત તમને ટ્રસ્ટનું નામ મળે પછી ગૂગલ પર એ ટ્રસ્ટ વિરૂદ્ધ ફરિયાદ કે નેગેટિવ રિવ્યુઝ છે કે નહિ તે ખાસ ચેક કરો. થોડો સમય કાઢીને ટ્રસ્ટનું ઈન્સ્ટાગ્રામ કે ફેસબુક પેજ પણ સર્ચ કરો. આટલું કરવાથી તમને ટ્રસ્ટ જેન્યુઈન છે કે નહિ તેનો ખ્યાલ આવી જશે.

**2. ટ્રસ્ટની વેબસાઈટ સર્ચ કરો:**

મોટા ભાગના સારા ટ્રસ્ટ હવે ઓનલાઈન ડોનેશન પણ સ્વીકારતા જ હોય છે. આથી ટ્રસ્ટની વેબસાઈટ ખાસ ચેક કરો. તેમાં કોઈના નેગેટિવ રિવ્યુઝ હોય તો નજર અંદાજ ન કરશો. વેબસાઈટ ચેક કરવાથી તમને ટ્રસ્ટ કેવી પ્રવૃત્તિઓમાં ડોનેશનનો ઉપયોગ કરે છે તેનો પણ ખ્યાલ આવી જશે.

**3. આંકડાની માયાજાળમાં ન ફસાશો:**

ઘણા ચેરિટેબલ ટ્રસ્ટ વધારે દાતાને આકર્ષવા માટે તેમની પાસે કેટલું ફંડ છે, તેઓ કેટલા લોકો સુધી પહોંચે છે તેના આંકડા વેબસાઈટ અને સોશિયલ મીડિયા પર મૂકતા હોય છે. આ આંકડાની ખરાઈ કરવાનો કોઈ રસ્તો નથી. વાસ્તવમાં તો ટ્રસ્ટ કેટલું જેન્યુઈન છે તે જાણવું હોય તો ટ્રસ્ટ સાથે કેટલા સ્વયંસેવકો જોડાયેલા છે તેની સંખ્યા જોવી જોઈએ. તેનાથી ટ્રસ્ટ કેટલા મોટા પાયા પર કામ કરી રહ્યું છે તેનો અંદાજ આવે છે.

**4. ટ્રસ્ટની પ્રવૃત્તિઓ પર નજર રાખો:**

તમે ટ્રસ્ટમાં ડોનેટ કરો પછી તેની વેબસાઈટ કે સોશિયલ મીડિયાના માધ્યમથી તેની પ્રવૃત્તિઓ પર નજર રાખવી જોઈએ. આમ કરવાથી તમે જે કારણથી ટ્રસ્ટને ડોનેશન આપ્યું છે તે દિશામાં રૂપિયા ખર્ચ થઈ રહ્યા છે કે નહિ તેનો તમને અંદાજ આવશે. આ માહિતી તમને ફરીથી તે જ ટ્રસ્ટને દાન કરવું છે કે નહિ તેનો નિર્ણય લેવામાં પણ મદદરૂપ બનશે. ■

# ક્રિપ્ટોકરન્સી પડી હોય તો શું કરવું?



**ધીમહિ પંડ્યા**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

ગત વર્ષના બજેટમાં ક્રિપ્ટો કરન્સી કે NFT જેવી ડિજિટલ એસેટ્સના ટ્રાન્ઝેક્શન પર સીધો 30 ટકા ટેક્સ લાદીને ભારત સરકારે રોકાણકારોને સ્પષ્ટ ઈશારો કરી દીધો હતો કે સરકાર દેશમાં ક્રિપ્ટો કરન્સીને ખાસ પ્રોત્સાહન આપવા માંગતી નથી. ત્યાર પછી ક્રિપ્ટો કરન્સીના વળતા પાણી શરૂ થઈ ગયા છે. G-20માં ક્રિપ્ટો કરન્સી પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવાનો પ્રસ્તાવ મૂક્યા બાદ

ભારત સરકારના નાણાંમંત્રાલયે 7 માર્ચે એક નોટિફિકેશનના માધ્યમથી ક્રિપ્ટો કરન્સી ટ્રાન્ઝેક્શનને મની લોન્ડરિંગ કાયદાના દાયરામાં આવરી લેવાની જાહેરાત કરી છે. સરકારે કરેલી જાહેરાત મુજબ વર્ચ્યુઅલ ડિજિટલ એસેટની લે-વેચ કરનારા લોકો હવે મની લોન્ડરિંગ એક્ટના સકંજામાં આવશે. સરકારે લોકોને વર્ચ્યુઅલ ડિજિટલ એસેટના વેચાણ કે ઑફર જેવી નાણાંકીય સેવાઓથી દૂર જ રહેવાની ચેતાવણી આપી દીધી છે. ઈન્કમ ટેક્સ એક્ટ મુજબ ક્રિપ્ટોગ્રાફિક રીતે જનરેટ કરાયેલી માહિતી, કોડ, નંબર, ટોકન વગેરેને વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ ગણવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે હાલ મની લોન્ડરિંગના કેસોની તપાસ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ કરે છે. ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જની અગ્રણી કંપનીઓ કોઈનસ્વીચ કુબેર, વઝીરેક્સ વગેરે પણ ઈડીના રડારમાં છે.

સરકારની આ જાહેરાતને કારણે ઈડી સહિતની એજન્સીઓ વધુ સચોટતાથી ક્રિપ્ટોકરન્સીના કેસમાં તપાસ હાથ ધરી શકશે. વળી, ક્રિપ્ટો એક્સચેન્જને કારણે થતી આવક ટેક્સ નેટમાં આવશે અને તેના પર વધુ નિયંત્રણો લાદી શકાશે. ભારતીય કરન્સીને ક્રિપ્ટોમાં કન્વર્ટ કરી હશે, ક્રિપ્ટોને ભારતીય કરન્સીમાં કન્વર્ટ કરી હશે, બે ડિજિટલ કરન્સીનું ટ્રાન્ઝેક્શન થયું હશે વગેરે તમામ જેવા નાણાંકીય વ્યવહારો પર હવે એજન્સીની નજર રહેશે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કરીમ લાખાણી સરકારના આ પગલા અંગે વાત કરતા જણાવે છે, "ભારત સરકારે ક્રિપ્ટો કરન્સી ટ્રાન્ઝેક્શન્સને નિયંત્રિત કરવાની દિશામાં મહત્વનું પગલું ભર્યું છે. જેમ એનબીએફસી અને અન્ય નાણાંકીય સંસ્થાઓને તેમના ફંડના સોર્સની વિગતો જાહેર કરવી પડે છે તે રીતે હવે ક્રિપ્ટો કરન્સીમાં રોકાયેલા નાણાંની વિગતોનો ટ્રેક રાખવો ક્રિપ્ટો એક્સચેન્જ પ્લેટફોર્મ્સ માટે જરૂરી બની જશે. તેમાં કોઈ અનિયમિતતા દેખાય તો તેમણે સરકાર કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ જેવી એજન્સીઓનું ધ્યાન દોરવું પડશે. ક્રિપ્ટો કરન્સીમાં રોજ અબજોના ટ્રાન્ઝેક્શન થાય છે. આ રકમનો કોઈ ખોટી કે દેશવિરોધી પ્રવૃત્તિમાં ઉપયોગ નથી થતો તેના પર ચાંપતી નજર રાખવા સરકારે ક્રિપ્ટોને PMLA એક્ટમાં આવરી લીધી છે. ક્રિપ્ટો કરન્સીનો ગેરકાયદેસર પ્રવૃત્તિમાં ઉપયોગ કરતા લોકો સામે પગલા ભરવાની હવે સરકારને સત્તા મળી જશે. ક્રિપ્ટોને પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ એક્ટના દાયરામાં આવરી લઈને સરકારે પારદર્શિતા વધારવાનો પ્રયત્ન કર્યો છે."

### ભારતમાં હાલ ક્રિપ્ટો કરન્સીનું શું સ્ટેટસ છે?

દેશમાં ક્રિપ્ટો કરન્સીને ગેરકાયદેસર જાહેર કરવામાં આવી નથી. પરંતુ ગયા બજેટમાં સરકારે તેના ટ્રાન્ઝેક્શનથી થતી આવક પર 30 ટકા ટેક્સ તો લાદ્યો છે, પરંતુ તેના ટ્રાન્ઝેક્શનને નિયંત્રિત કરવા માટે ખાસ કોઈ નિયમો ઘડ્યા નથી. રિઝર્વ બેન્કે ક્રિપ્ટો કરન્સી પર પ્રતિબંધ મૂકવા માંગણી કરી હતી પરંતુ કોર્ટે આ માંગ ફગાવી દીધી છે. નાણાંમંત્રી નિર્મલા સીતારમણે ગત વર્ષે કહ્યું હતું કે ક્રિપ્ટોકરન્સીને



**કરીમ લાખાણી**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

નિયંત્રિત કરવા ભારતમાં અંદર અંદર અનેક એજન્સીઓએ હાથ મિલાવવા પડશે. આ સાથે સરકારે ક્રિપ્ટો ટ્રાન્ઝેક્શનથી થનારી આવક પર 1 ટકા ટીડીએસ પણ લાદી દીધો હતો. ક્રિપ્ટો કરન્સી એક્સચેન્જ પ્લેટફોર્મ ચલાવતી કંપનીઓના ટોચના હોદ્દેદારો એવું માને છે કે ક્રિપ્ટો ટ્રાન્ઝેક્શનની તપાસ માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના બદલે અલગથી એજન્સી હોવી જોઈએ. તેમના મતે ભારતમાં ક્રિપ્ટો કરન્સી ધીરે ધીરે નિયંત્રણમાં આવી રહી છે.

### ક્રિપ્ટોકરન્સી PMLAના દાયરામાં આવવાથી શું થશે?

શરૂઆતથી જ ક્રિપ્ટો કરન્સી મની લોન્ડરિંગ કરવાનું એક મોટું માધ્યમ હોવાનું મનાઈ રહ્યું છે. હવે તેને પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ (PMLA) એક્ટ અંતર્ગત આવરી લેવાતા બેન્ક અને અન્ય નાણાંકીય સંસ્થાઓની જેમ જ ક્રિપ્ટો એક્સચેન્જ પ્લેટફોર્મ્સે કોઈ શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન થાય તો તેની જાણ સરકારની એજન્સીઓને કરવાની રહેશે. ક્રિપ્ટો કરન્સી એક્સચેન્જ કરનારા દરેકે નો યોર કસ્ટમર (KYC) વિગતો વ્યવસ્થિત નહિ આપી હોય તો તે સકંજામાં આવી શકે છે.

### થોભો અને રાહ જુઓનું વલણ:

વર્ષ 2021માં ક્રિપ્ટો કરન્સી માર્કેટ ટોચ પર હતું ત્યારે તેમાં રોકાણ કરનારા એક ઈન્વેસ્ટર જણાવે છે, "ક્રિપ્ટો કરન્સીનું માર્કેટ ફક્ત ભારતમાં નહિ, આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તરેલું છે. તેને નિયંત્રણની જરૂર છે તે વાત સો ટકા સાચી. એ માટે કેવાયસી અને ટેક્સના નિયંત્રણો લાદવામાં આવે તે પણ યોગ્ય છે. પરંતુ તેને સંપૂર્ણ પણ કિલ કરવાનું વલણ યોગ્ય ન ગણી શકાય. પરિસ્થિતિ જોતા લાગે છે કે ચાર પાંચ વર્ષના સમયગાળા પછી જ્યારે ક્રિપ્ટોનું માર્કેટ નિયંત્રિત થઈ જશે પછી તેમાં ફરી ઉછાળો ચોક્કસ આવશે. આથી તેમાં રોકાણ કરનારા મોટા ભાગના ઈન્વેસ્ટર્સ હાલ થોભો અને રાહ જુઓનું વલણ અપનાવી રહ્યા છે." ■

## ક્રિપ્ટોના સોદાનું ગાઈડન્સ આપતા વ્હોટ્સએપ ગ્રુપ સક્રિય

સ્ટોક માર્કેટમાં ઈન્વેસ્ટ કરનારા ઘણા ઈન્વેસ્ટર્સ એનાલિસ્ટ્સના વ્હોટ્સએપ ગ્રુપમાં જોડાઈને રોજેરોજના સોદાની ટિપ્સ મેળવતા હોય છે. આ રીતે હવે ક્રિપ્ટો કરન્સીની લે-વેચ માટે પણ વ્હોટ્સએપ ગ્રુપ્સ બનવા માંડ્યા છે. આવા ગ્રુપ્સ રોકાણકારોને શરૂઆતમાં $500 એટલે કે લગભગ રૂ. 40000 ક્રિપ્ટો વૉલેટમાં જમા કરાવડાવે છે. ત્યાર પછી તે રોજેરોજ ક્રિપ્ટો કરન્સી કયા ભાવે ખરીદવી અને વેચવી તેની ટિપ્સ શેર કરતા રહે છે. જો આ સૂચનાનો અમલ કરીને રોકાણકારો કમાય તો તેમની સક્સેસ સ્ટોરી પણ ગ્રુપમાં શેર કરવામાં આવે છે. ઘણા કિસ્સામાં તો ગ્રુપમાં એડ થયેલા પાર્ટિસિપન્ટ્સને તેમનો નંબર ક્રિપ્ટોનું ટ્રેડિંગ કરનારા લોકો પાસે કેવી રીતે પહોંચ્યો તેનો અંદાજ નથી હોતો. આથી ભોળા ઈન્વેસ્ટરોને લલચાવીને તેમને નાના ઈન્વેસ્ટમેન્ટ સામે મોટી આવક અપાવવાના સપના દેખાડી ફસાવવાની જાળ હોવાની સંભાવના નકારી શકાય નહિ.

## રેગ્યુલર ટ્રેડર્સ પર કોઈ અસર નહિ પડે

ભારત સરકારે ક્રિપ્ટો કરન્સી ટ્રાન્ઝેક્શનને PMLA અંતર્ગત આવરી લીધો છે પરંતુ તેનો અર્થ એ નથી કે ક્રિપ્ટો ટ્રાન્ઝેક્શન ગેરકાયદેસર છે. જો ક્રિપ્ટો કરન્સીમાં રોકાયેલા નાણાંનો સ્ત્રોત જેન્યુઈન હશે તો તપાસ બાદ પણ રોકાણકારને કોઈ મુશ્કેલી નડશે નહિ. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ધીમહિ પંડ્યા જણાવે છે, "ક્રિપ્ટો કરન્સી ટ્રાન્ઝેક્શન પર થતી આવક પર સરકારે 30 ટકા ટેક્સ લાગુ પાડ્યો છે. તેમાં જો નુકસાન થાય તો લૉસ કેરીફોરવર્ડ મળતો નથી. પરંતુ જે ક્રિપ્ટો કરન્સીમાં નિયમિત રીતે ટ્રેડિંગ કરી રહ્યા છે તેઓ સરકારના આ પગલાથી રાજી જ છે. જે આ માર્કેટને સમજી શકે છે તે પૈસા રોકીને, નફો કાઢીને, ટેક્સ ભરીને ખુશ છે." આ વાતમાં સૂર પૂરાવતા CA કરીમ લાખાણી જણાવે છે, "જે ટ્રેડર્સ અગાઉથી બધા જ કોમ્પ્લાયન્સ કરે છે અને જેમના ફંડના સોર્સ સ્પષ્ટ છે તેમણે સરકારના નિર્ણયથી ખચકાટ અનુભવવાની જરૂર નથી."

# ઈન્ડિયન કાર્બન માર્કેટને અધિકૃતતા આપવાનો

# સરકારનો પ્રયાસ સફળ થશે?



મારિષા સાગર શાહ

ઔદ્યોગિક પ્રવૃત્તિ અને પ્રદુષણને કારણે વધતા કાર્બન ઉત્સર્જનને કારણે પર્યાવરણમાં આવી રહેલા પરિવર્તન સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય બની ગયા છે. કાર્બનના ઉત્સર્જનને કાબુ રાખવા માટે વિશ્વના બધા જ દેશોએ હાથ મિલાવ્યા છે. તેના પરિણામ સ્વરૂપ 12 ડિસેમ્બર 2015ના રોજ વિશ્વના અગ્રણી દેશોના નેતાઓએ પેરિસમાં એક સમજૂતી કરી હતી જેને પેરિસ એગ્રીમેન્ટ તરીકે ઓળખવામાં આવે છે. વિશ્વભરની ઈન્ડસ્ટ્રી માટે આ સમજૂતી મહત્વની ગણવામાં આવે છે કારણ કે તેમાં દેશોએ ગ્રીન હાઉસ ગેસ એમિશન ઘટાડવાના કમિટમેન્ટ આપ્યા છે. ઉલ્લેખનીય છે કે સ્ટીલ, સિમેન્ટ, પેટ્રોલિયમ સહિતના અનેક ઉદ્યોગો મોટા પાયે કાર્બન ઉત્સર્જન કરે છે. આ સમજૂતી અંતર્ગત દરેક દેશો દ્વારા કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટેના ટાર્ગેટ નક્કી કરવામાં આવ્યા છે. આ સમગ્ર કવાયતનો હેતુ આગામી 100 વર્ષમાં પૃથ્વીના તાપમાનમાં થતો વધારો 2 ડીગ્રી સેલ્સિયસથી માંડીને 1.5 ડીગ્રી સેલ્સિયસ સુધી નિયંત્રિત કરવાનો છે. આ આંતરરાષ્ટ્રીય સમજૂતી અનુસાર દેશો પોતાના કમિટમેન્ટનું પાલન કરે છે કે તેનો રિવ્યુ કરવામાં આવે છે,

**અત્યાર સુધી કાર્બન પોલિસી કેમ સફળ નથી થઈ?**

કાર્બનના ઉત્સર્જનને નિયંત્રિત કરવા માટે થોડા વર્ષો પહેલા કાર્બન ક્રેડિટની લે-વેચનો કોન્સેપ્ટ રજૂ કરવામાં આવ્યો હતો. અર્થાત્, જુદા જુદા સેગમેન્ટના ઉદ્યોગોને અમુક કાર્બન ક્રેડિટ એલોટ કરવામાં આવે. તેમાં તમે એક ક્રેડિટ દીઠ 1 ટન ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન કરી શકો છો. મર્યાદા કરતા ઓછું કાર્બન ઉત્સર્જન થાય તો ઈન્ડસ્ટ્રી કાર્બન ક્રેડિટ અન્ય ઉદ્યોગને વેચીને કમાણી કરી શકે છે. એ જ રીતે આપેલી મર્યાદા કરતા વધુ કાર્બન ઉત્સર્જન થવાનું હોય તો ઈન્ડસ્ટ્રીએ જેની પાસે ક્રેડિટ પડી હોય તેવા ઉદ્યોગ પાસે ક્રેડિટ ખરીદવી પડે છે.




## કાર્બન ક્રેડિટ વેચવા પર કેટલો ટેક્સ લાગે?

**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઝીલ બંગડીવાલા જણાવે છે, "ભારતમાં કાર્બન ક્રેડિટના લે-વેચનું માર્કેટ નિયંત્રિત ન હોવાથી ક્રેડિટ દીઠ કેટલી આવક થાય તે નિશ્ચિત નથી. આમ છતાંય ક્રેડિટ વેચનાર પાર્ટી 1 ક્રેડિટ દીઠ રૂ. 750થી 2000 સુધી આવક મેળવી શકે છે.આવકવેરા ધારા 1961ની કલમ 115BBG અંતર્ગત કાર્બન ક્રેડિટ પર લાગતા ટેક્સની વિગતો આવરી લેવામાં આવી છે. આ મુજબ કાર્બન ક્રેડિટ વેચવા પર થતી આવક પર 10 ટકા ટેક્સ ભરવાનો રહે છે. કાર્બન ક્રેડિટના ટ્રાન્સફરથી આવક મેળવનાર કંપનીને ખર્ચામાં કોઈ બાદ મળતો નથી."**

કાર્બન ક્રેડિટ નિયંત્રિત રાખવાની વ્યવસ્થા વર્ષોથી હોવા છતાં તેને ધારી સફળતા મળી નથી. તેના કારણ આપતા પર્યાવરણ તથા પ્રદૂષણ નિયંત્રણ ક્ષેત્રે સક્રિય એન્વિઝન ગ્રુપ ઑફ કંપનીઝના ડિરેક્ટર નિહાર ડૉક્ટર જણાવે છે, “કાર્બન ક્રેડિટનો પ્રોટોકોલ ઘણા સમયથી આંતરરાષ્ટ્રીય માર્કેટમાં છે પરંતુ કાર્બન ક્રેડિટનું જોઈએ તેવું મૂલ્ય હજુ સુધી નિશ્ચિત થઈ શક્યું નથી. કોઈ પણ માર્કેટ ડિમાન્ડ-સપ્લાયના નિયમ પર કામ કરે છે. કાર્બન ક્રેડિટના જે ધારાધોરણો નિશ્ચિત કરવામાં આવ્યા હતા તેને કારણે તેનો સપ્લાય માર્કેટમાં ઘણો વધારે હતો. બીજી બાજુ, તેને કોઈ ખરીદનાર હતું જ નહિ. તેને કારણે આ કોન્સેપ્ટ નિષ્ફળ ગયો છે. જો સરકાર કાર્બન ક્રેડિટને સફળ બનાવવા માંગતી હોય તો તેમણે દરેક ઈન્ડસ્ટ્રી માટે એવા ટાર્ગેટ નિશ્ચિત કરવા જોઈએ જે આસાનીથી હાંસલ ન થઈ શકે. આમ કરવાથી તેમને બીજી ઈન્ડસ્ટ્રી પાસે ક્રેડિટ ખરીદવાની જરૂર પડશે, અને જેમની પાસે સરપ્લસ ક્રેડિટ હોય તેમને ખરીદદાર મળશે.”

**ભૂલોમાંથી શીખીને નવી સજ્જડ પોલિસી બનાવાશે:**

ભારત સરકાર હવે કાર્બન પોલિસીની નિષ્ફળતામાંથી શીખીને ભારતના ઉદ્યોગો માટે એક વ્યવસ્થિત ઈન્ડિયન કાર્બન માર્કેટ (ICM) બનાવવા માંગે છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને કાર્બન માર્કેટના અભ્યાસુ ઝીલ બંગડીવાલા જણાવે છે, "ભારત સરકારે કાર્બન ક્રેડિટ ટ્રેડિંગ સ્કીમનો ડ્રાફ્ટ જાહેર કરીને 14 એપ્રિલ 2023 સુધીમાં સ્ટેક હોલ્ડર્સના સૂચનો અને અભિપ્રાયો મંગાવ્યા છે. ત્યાર બાદ સરકાર પોલિસીમાં જરૂરી ફેરફાર કરીને ફાઈનલ પોલિસી જાહેર કરશે. આ પોલિસી સ્ટીલ, સિમેન્ટ, પેટ્રોલિયમ સહિતની કાર્બન ઉત્સર્જન કરતી અનેક ઈન્ડસ્ટ્રીઝ માટે ગેમ ચેન્જર પુરવાર થશે. ભારત મહત્વકાંક્ષી



**નિહાર ડોક્ટર, ડિરેક્ટર**
એન્વિઝન ગ્રુપ ઓફ કંપનીઝ

નેશનલી ડિટર્માઈન્ડ કોન્ટ્રિબ્યુશન (NDC) પહેલ અંતર્ગત ક્લાઈમેટ સુધારવાની દિશામાં સક્રિય પ્રયત્નો કરી રહ્યું છે. આ અંતર્ગત 2005ના સ્તરની સરખામણીએ 2030 સુધીમાં ગ્રીન હાઉસ ગેસ એમિશન 45 ટકા ઘટાડવાનું લક્ષ્ય છે. એ જ રીતે 2030 સુધીમાં કુલ વીજ ઉત્પાદનના 50 ટકા ઉત્પાદન કાર્બન ઉત્સર્જન ન થાય તેવા સ્રોતમાંથી કરવાનું છે.આ લક્ષ્ય હાંસલ કરવા માટે ભારત સરકાર સ્થાનિક સ્તરે કાર્બન માર્કેટ વિકસાવવા માંગે છે. તેમાં ખાનગી અને જાહેર કંપનીઓ સ્ટોક્સની જેમ કાર્બન ક્રેડિટની ખરીદ-વેચ કરી શકશે."

**સ્ટોક્સની જેમ કાર્બન ક્રેડિટનું ટ્રેડિંગ થશે:**

નિષ્ણાંતોના અભિપ્રાય મુજબ કાર્બન ક્રેડિટનું ટ્રેડિંગ સ્ટોક માર્કેટની જેમ જ થશે. આ માર્કેટ ઈલેક્ટ્રોનિક ફોર્મમાં જ અસ્તિત્વ ધરાવશે અને સ્ટોક્સની જેમ જ ડિમાન્ડ-સપ્લાયના નિયમને આધીન રોજેરોજ ક્રેડિટના ભાવ નક્કી કરાશે. સ્ટેકહોલ્ડર્સના સૂચનો મેળવ્યા બાદ આ વર્ષના અંત સુધીમાં સરકાર પોલિસી ફાઈનલ કરશે. રજિસ્ટ્રેશનની પ્રક્રિયા વર્ષ 2024માં શરૂ થવાની સંભાવના છે. નિષ્ણાંતોના મતે ભારતમાં 2024 કે મોડામાં મોડું 2025માં એક વ્યવસ્થિત કાર્બન માર્કેટ અસ્તિત્વમાં હશે. પોલિસીના અભ્યાસુ નિહાર ડોક્ટર જણાવે છે, "કાર્બન માર્કેટ માટે ઉદ્યોગોને બે હિસ્સામાં વહેંચી દેવામાં આવ્યા છે. એક, જેમના માટે કાર્બન ક્રેડિટ રાખવી ફરજિયાત હશે. આ શ્રેણીમાં એલ્યુમિનિયમ, પેટ્રોકેમિકલ, સિમેન્ટ જેવા ઉદ્યોગોનો સમાવેશ થશે જેમાં મોટા પાયે કાર્બનનું ઉત્સર્જન થાય છે. સરકાર તેમના માટે ટાર્ગેટ્સ નિશ્ચિત કરશે. તેના આધારે તેઓ ક્રેડિટ્સની ખરીદ-વેચ કરી શકશે. બીજી શ્રેણીમાં એવા ઉદ્યોગો આવશે જેમના માટે કાર્બન ક્રેડિટ ફરજિયાત નહિ હોય, આમ છતાં તેઓ તેનું ટ્રેડિંગ કરશે. આ શ્રેણીમાં ખેડૂતો, નાના ઉદ્યોગો વગેરેનો સમાવેશ થઈ શકશે."

તેમાં વધુ ઉમેરતા સી.એ ઝીલ બંગડીવાલા જણાવે છે, "કાર્બન ક્રેડિટ ફરજિયાત લેવી પડતી હોય તેવા સેક્ટર માટે PAT- પરફોર્મ, અચિવ એન્ડ ટાર્ગેટ સ્કીમ છે. તેમાં એનર્જીના બદલે કાર્બન એમિશનના ટાર્ગેટ આપવામાં આવશે. બીજી પ્રોજેક્ટ આધારિત ઑફસેટ સ્કીમ છે. આ સ્કીમ એ ઉદ્યોગો માટે હશે જે કાર્બન એમિશન સાથે સીધા જોડાયેલા નથી, અથવા જેમના માટે કાર્બન ક્રેડિટ લેવી ફરજિયાત નથી.હાલ કાર્બન ક્રેડિટ માર્કેટમાં PAT તથા રિન્યુએબલ એનર્જી સર્ટિફિકેટ (REC) સ્કીમ ચાલી રહી છે. આમાંથી કાર્બન ટ્રેડિંગ ફરજિયાત હશે તેવા ઉદ્યોગોને ઈન્ડિયન કાર્બન માર્કેટમાં આવરી લેવાશે. અન્યોનો સમાવેશ ઑફસેટ ટ્રેડિંગમાં કરવામાં આવશે."

**કાર્બન ક્રેડિટના ખરીદ-વેચ માટે સર્ટિફિકેટ જોઈશે:**

કાર્બન ક્રેડિટની ખરીદી કે વેચાણ માટે કંપનીઓએ 'રજિસ્ટર્ડ એન્ટિટી' તરીકે રજિસ્ટ્રેશન કરાવવું પડશે.આ સર્ટિફિકેટ કેન્દ્ર સરકાર અથવા



**ઝીલ બંગડીવાલા,**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ



## નીચેની પ્રવૃત્તિઓથી કાર્બન ક્રેડિટ મેળવી શકાશેઃ

**જે ઉદ્યોગો-કંપનીઓ નીચેની પ્રવૃત્તિઓ કરશે તેમને કાર્બન ક્રેડિટ મળશે**



**એનર્જી એફિશિયન્સી માટે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ**

**ભરતીની ઉર્જા, દરિયાની થર્મલ એનર્જી, દરિયાના નમકમાંથી મળતી**





**વિમાન માટે ઓછું પ્રદૂષણ ફેલાવે તેવા ઈંધણનો ઉપયોગ**

**સ્ટીલ, સિમેન્ટ, પેટ્રોલિયમ જેવી કાર્બનનો ભરપૂર ઉપયોગ કરતી ઈન્ડસ્ટ્રીમાં પરંપરાગત પ્રોસેસ સુધારવા માટે ટેક્નોલોજીનો ઉપયોગ**





**પુનઃપ્રાપ્ય સ્ત્રોતમાંથી પેદા કરેલી રિન્યુએબલ એનર્જીનો સ્ટોરેજ**

**ફ્યુઅલ સેલ જેવા મોબિલિટીના નવા વિકલ્પો પર સંશોધન**





**દરિયાકિનારે પવનચક્કીથી પેદા કરેલી ઉર્જા**

# સરકાર કાર્બન ક્રેડિટ ટ્રેડિંગ સ્કીમ કેવી રીતે અમલમાં મૂકવા માંગે છે?

ભારત સરકારના ઉર્જા મંત્રાલયે 27 માર્ચ 2023ના રોજ ઉદ્યોગોનું પ્રતિનિધિત્વ કરતા અગ્રણી સંગઠનોના વડાઓને પત્ર લખીને તેઓ કાર્બન ક્રેડિટ ટ્રેડિંગ સ્કીમ કેવી રીતે અમલમાં મૂકવા માંગે છે તે જણાવ્યું છે અને તે અંગે તેમના સૂચનો પણ મંગાવ્યા છે.

## મુખ્ય કાર્યો

- **બોર્ડ ઈન્ડિયન કાર્બન માર્કેટને સ્થાપિત કરવા અને ચલાવવા માટે વિવિધ પ્રક્રિયા, નિયમો, કાર્ય પદ્ધતિ, ક્રેડિટના ખરીદ-વેચાણ અંગે માર્ગદર્શન, આંતરરાષ્ટ્રીય બજારમાં કાર્બન ક્રેડિટ સર્ટિફિકેટના વેચાણ વગેરે અંગે સરકારને સૂચન કરશે.**



**ગ્રીન હાઈડ્રોજન**



**સોલાર થર્મલ પાવર**

## રેકોર્ડ જાળવશેઃ

ઈન્ડિયન કાર્બન માર્કેટના રજિસ્ટ્રી તરીકે ગ્રીડ કંટ્રોલર ઑફ ઈન્ડિયા લિમિટેડની નિમણૂંક કરવામાં આવી છે. તેનું મુખ્ય કામ રજિસ્ટર થયેલી કંપનીઓ ફરજિયાત રજિસ્ટ્રેશનની શ્રેણીમાં આવે છે કે સ્વૈચ્છિક તેની તપાસ કરવાનું રહેશે. તેઓ ICMGBએ મંજૂર કરેલા પ્રોટોકોલ મુજબ ડેટાબેઝની જાળવણી કરશે અને ઈન્ડિયન કાર્બન માર્કેટમાં થતા ટ્રાન્ઝેક્શનના રેકોર્ડ પણ જાળવશે. તેઓ આ રેકોર્ડ પાવર એક્સચેન્જ તથા ઈન્ડિયન કાર્બન માર્કેટના વહીવટદાર સાથે પણ શેર કરશે.

## ગવર્નિંગ બોર્ડની રચના:

- આ પત્ર અનુસાર સરકાર ઈન્ડિયન કાર્બન માર્કેટ ગવર્નિંગ બોર્ડ (ICMGB)ની રચના કરશે. ICMGBમાં પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના સેક્રેટરી તે લેવલના અન્ય હોદ્દેદાર કો-ચેરપર્સન બનાવાશે. નાણાં મંત્રાલય, નીતિ આયોગ, ઉર્જા મંત્રાલય, રિન્યુએબલ એનર્જી મિનિસ્ટ્રી, મિનિસ્ટ્રી ઓફ સ્ટીલ, કોલ, પેટ્રોલિયમ તથા નેચરલ ગેસના ઉચ્ચ હોદ્દેદારો તેમાં સભ્ય બનશે.સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટી, CMD, ગ્રીડ કંટ્રોલર ઓફ ઈન્ડિયા લિમિટેડ, બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સીના હોદ્દેદારો ઉપરાંત ICMGB દ્વારા નિયુક્ત અન્ય કોઈપણ હોદ્દેદારો ગવર્નિંગ બોર્ડના સભ્ય બનશે.

## મુખ્ય કાર્યો

- **કાર્બન ક્રેડિટ સર્ટિફિકેટ કેવી રીતે ઈશ્યુ કરવા તે અંગે સરકાર તથા તેમની એજન્સીઓને સૂચનો આપશે તથા સર્ટિફિકેટ ઈશ્યુ કરવા, રદ કરવા, તેના નિયમો અને શરતોને મંજૂરી આપશે.**
- **સ્વૈચ્છિક રીતે કાર્બન ક્રેડિટ જનરેટ કરવા માંગતા પ્રોજેક્ટ્સને મંજૂરી આપશે.**



કાર્બનનો નિકાલ, અન્ય જગ્યાએ ઉપયોગ કે સ્ટોરેજ કરવા માટેની પ્રવૃત્તિ



એનર્જી વગેરે જેવા નવા સ્રોતમાંથી ઉર્જા પેદા કરવી

## SEBIની જેમ ICM માટે પણ રેગ્યુલેટરી ઓથોરિટી:

કાર્બન ટ્રેડિંગ માર્કેટમાં ખોટા કે ગેરકાયદેસર ટ્રાન્ઝેક્શન ન થાય તે માટે સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (CERC)ની રેગ્યુલેટર તરીકે વરણી કરવામાં આવી છે. તે ઈન્ડિયન કાર્બન માર્કેટની પ્રવૃત્તિઓ પર નજર રાખશે, ટ્રેડિંગ કરનારના હિતોની રક્ષા કરશે, કાર્બન ક્રેડિટના ખરીદ-વેચાણની ફ્રિક્વન્સી પર નજર રાખશે અને ગોટાળા કે છેતરપિંડીથી સભ્યોને બચાવવા જરૂરી પગલા પણ ભરશે.

## પ્રદૂષણ ઘટશે તો જ ઈફેક્ટ દેખાશે

પર્યાવરણના સંવર્ધન માટે સક્રિય NGO 'પર્યાવરણ મિત્ર'ના ડિરેક્ટર મહેશ પંડ્યાનું માનવું છે કે પ્રદૂષણ ઘટશે તો જ સામાન્ય લોકો સરકારના પ્રયત્નોની નોંધ લેશે. તેઓ જણાવે છે, "સરકાર કાર્બન ક્રેડિટના ખરીદ વેચાણ માટે માર્કેટ ઊભું કરે તે બરાબર છે, પરંતુ સામાન્ય લોકોના દૃષ્ટિકોણથી જોઈએ તો તેમને કાર્બન ક્રેડિટથી ઈન્ડસ્ટ્રી પૈસા ચૂકવે કે કમાય તેમાં રસ નથી. તેમને નિસબત પ્રદૂષણના સ્તર, હવા-પાણી-ખોરાકની ગુણવત્તા સાથે છે. જો સરકારના બધા જ પ્રયત્નો પછી એમ્બિયન્ટ એર ક્વોલિટી ઈન્ડેક્સ સુધરતો ન હોય તો તેમની પોલિસી અસરકારક ગણી શકાય નહિ. વળી, આવી બાબતોમાં સરકારે ઈન્ડસ્ટ્રીઝ ઉપરાંત પબ્લિક કન્સલ્ટેશન પણ કરવું જોઈએ જેને કારણે સામાન્ય લોકોમાં પણ પર્યાવરણના જાણકાર પોતાના અભિપ્રાય મોકલાવી શકે."

## કાર્બન માર્કેટની નિષ્ફળતાના મુખ્ય કારણો

- ઈન્ડસ્ટ્રી માટે ખૂબ આસાન ટાર્ગેટ્સ હોવાથી કોઈને ક્રેડિટ ખરીદવાની જરૂર જ નહતી પડતી.
- સરપ્લસ કાર્બન ક્રેડિટ જનરેટ કરનારા ઉદ્યોગોને કોઈ ખરીદદાર નહતા મળતા.
- કાર્બન ક્રેડિટ ખરીદવા પર કોઈ ઈન્સેન્ટિવ નહતા મળતા.
- યુરોપ સહિતના વિશ્વના વિકસિત દેશો સાવ પછાત દેશો પાસેથી જ ક્રેડિટ ખરીદતા હતા, જેથી ભારતીય ઉદ્યોગોને તે લાભથી પણ વંચિત રહી ગયા હતા.

# કાર્બન ક્રેડિટનું વેચાણ કરીને ખેડૂતો કમાણી કરી શકે



**મહેશ પંડ્યા**
પર્યાવરણ મિત્ર

ખાતર અને જંતુનાશક દવાઓના વ્યાપક ઉપયોગને કારણે જમીનની ગુણવત્તા કથળી રહી છે. એક અંદાજ મુજબ ભારતના કુલ વિસ્તારમાંથી 30 ટકા વિસ્તારની જમીનની ગુણવત્તા સાવ કથળી ગઈ છે અને તેમાંથી અડધી જમીન તો ખેતીલાયક જમીન છે. જમીન કાર્બન, નાઈટ્રોજન અને ફોસ્ફરસ જેવા તત્વો હોય છે. તેમાં 50 ટકા હિસ્સો કાર્બનનો હોય છે. આથી જમીનમાં કાર્બનનું પ્રમાણ માપીને જમીનના સ્વાસ્થ્યનો ક્યાસ કાઢી શકાય છે. જમીનમાં કાર્બનનું પ્રમાણ ઘટે ત્યારે તેની ભેજ જાળવી રાખવાની ક્ષમતા ઘટી જાય છે. કાર્બન સેક્વેસ્ટ્રેશન એક એવી પ્રક્રિયા છે જેનાથી કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ઘટાડીને આપણે જમીનના કાર્બનના સ્તરમાં વધારો કરી શકીએ છે. આ રીત એક કાંકરે બે પક્ષી મારવા જેવી સચોટ છે. તેનાથી વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ઘટે છે અને જમીનની ફળદ્રુપતામાં વધારો થાય છે.

કાર્બન સેક્વેસ્ટ્રેશન એક એવી પ્રક્રિયા છે જેમાં હવામાંથી કાર્બન ડાયોક્સાઈડ કાઢીને તેને જમીન માટે બનાવેલા કાર્બન પૂલમાં જમા કરાવી શકાય છે. પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયા દરમિયાન વનસ્પતિ હવામાંથી કાર્બન ડાયોક્સાઈડ અને પાણી શોષીને તેને ઓક્સિજન, શુગર અને કાર્બનથી સમૃદ્ધ વિવિધ તત્વોમાં પરિવર્તિત કરે છે. આ તત્વો મૂળિયા અને તેના મારફતે જમીનમાં પહોંચે છે અને જમીનને પોષણ આપે છે. જમીનના બાયોમાસમાં ઘટાડો થાય એટલે જમીનનું ધોવાણ વધે છે અને વધુ પડતા ખેડાણને કારણે વધારે માત્રામાં કાર્બન ડાયોક્સાઈડ વાતાવરણમાં પાછો ફેંકાય છે. તેને કારણે જમીનના કાર્બનના પ્રમાણમાં ઘટાડો થઈ જાય છે.

બાયોમાસ અને જમીનની ગુણવત્તા વધારવા માટે ખેડૂતો ઘણા પગલા ભરી શકે છે. જેમ કે, જમીન પર સતત પાક ઉગાડ્યા કરવા, બાયોવેસ્ટ રિસાઈકલ કરી જમીનમાં નાંખવો, જૈવિક ખાતરનો ઉપયોગ કરવો, વારાફરતી જુદા જુદા પાક લેવા, કેમિકલ્સનો ઉપયોગ ઘટાડવો વગેરે. અમુક સીઝન સુધી ખેડૂતો જો આટલું પાલન કરે તો જમીનમાં કાર્બનનું પ્રમાણ વધી શકે છે. પરિણામે પાક પણ વધે છે. જો કે આ પદ્ધતિ ખર્ચાળ અને સમય માંગી લે તેવી છે. આથી વોલ્યુન્ટરી કાર્બન માર્કેટમાં ટ્રેડિંગ કરીને ખેડૂતો કમાણી કરી શકે છે.

તમે જ્યારે વાતાવરણમાંથી 1 મેટ્રિક ટન કાર્બન ડાયોક્સાઈડ ઓછો કરો ત્યારે તમને 1 કાર્બન ક્રેડિટ મળે છે. 1 ક્રેડિટથી ખેડૂતને રૂ. 700થી માંડીને રૂ. 2000 સુધીની કમાણી થઈ શકે છે. જો ઉપર આપેલા માર્ગદર્શન મુજબ ખેડૂતો એકર દીઠ 1થી 4 કાર્બન ક્રેડિટ મેળવી શકે છે.

ખેડૂતને તેનાથી બમણો ફાયદો થાય છે- જમીનની ભેજ જાળવવાની ક્ષમતા સુધરે છે, જમીનમાં પોષકતત્વો જળવાય છે, જમીનના ઉપરની પરતનું તાપમાન ઘટે છે અને છેવટે પાકમાં વૃદ્ધિ થાય છે. બીજી બાજું, વોલ્યુન્ટરી કાર્બન ક્રેડિટ સ્કીમમાં રજિસ્ટર કરાવીને તેઓ કાર્બન ક્રેડિટ વેચીને કમાણી પણ કરી શકે છે.

તો સરકારે અધિકૃત કરેલી એજન્સીઓ દ્વારા ઈશ્યુ કરવામાં આવશે.બ્યુરો ઑફ એનર્જી એફિશિયન્સીએ હજુ સુધી સર્ટિફિકેટ મેળવવા માટેની આંટીઘૂંટીઓ અને ટેક્નિકલ બાબતો અંગે સ્પષ્ટતા કરી નથી. રજિસ્ટ્રેશન માટેના ધારાધોરણો સરકાર પોલિસી ફાઈનલ થયા બાદ જાહેર કરે તેવી સંભાવના છે. 25 વર્ષથી પર્યાવરણ તથા પ્રદૂષણ નિયમન ક્ષેત્રે સક્રિય નિહાર ડોક્ટર જણાવે છે, "કાર્બન માર્કેટની સફળતા માટે ફક્ત પ્રક્રિયા નિશ્ચિત કરવી જરૂરી નથી. સરકારે કયો પ્રોજેક્ટ કાર્બન ક્રેડિટ માટે ક્વોલિફાય થાય છે, કયો નહિ તેના સજ્જડ ધારાધોરણો નિશ્ચિત કરવા પડશે. દર છ મહિને ક્રેડિટ્સનું ઑડિટ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી પડશે. જો કોઈ કંપની નિયમનું ઉલ્લંઘન કરે, ખોટી ક્રેડિટ ક્લેઈમ કરે તો શું પગલા ભરવા તે નક્કી કરવું પડશે. પરંતુ સરકારનો હાલનો પોલિસી ડોક્યુમેન્ટ જોતા લાગે છે કે સરકાર કાર્બન માર્કેટમાં શું કરવા માંગે છે તે અંગે એકદમ સ્પષ્ટ છે."

સરકારે કાર્બન માર્કેટનો કોન્સેપ્ટ ફરીથી તૈયાર કરીને ઉદ્યોગોને કાર્બન ઉત્સર્જન નિયંત્રિત કરવા માટે આકર્ષક ઈન્સેન્ટિવ આપી દીધું છે. પર્યાવરણને આવક સાથે જોડી દેતા ઉદ્યોગો હવે તેના સંવર્ધન માટે વધુ સજાગ બનશે તેવી સરકારને અપેક્ષા છે. આમ કરવાથી ભારતે આંતરરાષ્ટ્રીય કોમ્યુનિટીને પ્રદૂષણ નિયંત્રિત કરવાના આપેલા વાયદા પૂર્ણ કરવામાં પણ સરકારને સફળતા મળશે. ■



## ખેડૂત કાર્બન ક્રેડિટ પ્રોગ્રામનો લાભ કેવી રીતે લઈ શકે?

**આ પ્રોગ્રામનો લાભ લેવા માટે ખેડૂતોએ ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (FPO) ના સભ્ય બનવું પડશે. આ સંસ્થા ખેડૂતો તેમની જમીનને ફરી કાર્બન-રિચ બનાવે તેના શરૂઆતના વર્ષોમાં માર્ગદર્શન અને જોઈતો સપોર્ટ પૂરો પાડે છે. અમુક વર્ષો સુધી માર્ગદર્શનનું પાલન કરીને જમીનને કાર્બન રિચ બનાવનાર ખેડૂતોની પરખ કરવામાં આવે છે અને તેમના પ્રોજેક્ટ્સને કાર્બન ક્રેડિટ માટે લિસ્ટ કરવામાં આવે છે. ત્યાર બાદ થર્ડ પાર્ટી એજન્સી આ પ્રોજેક્ટ્સની ખરાઈ કરે છે. તેમની ખરાઈ અને મંજૂરી બાદ ખેડૂત ક્રેડિટ માર્કેટમાં કાર્બન ક્રેડિટ વેચી શકે છે. તેના ઈન્સેન્ટિવ ખેડૂત અને ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશનને મળે છે. પ્રોજેક્ટ લિસ્ટ કરાવવા માટે 8થી 12 મહિનાનો સમયગાળો જોઈએ છે.**

ISO 9001:2015 & ISO 14001:2015
GMP & GLP CERTIFIED COMPANY

# Sabari Chemicals Pvt. Ltd.

Ingenuity with excellence ! Since 1983

QUALITY VISION INNOVATION TECHNOLOGY

## We Manufacture

Benzyl Alcohol FFC/IP/BP/USP/EP Injectable Grade
Benzyl Acetate
Benzyl Benzoate FFC/IP/BP/USP/EP Grade
Benzyl Cyanide
Benzyl Acetone (Benzylidene Acetone)
Beta Naphthoxy Acetic Acid
Valero Nitrile (Butyl Cyanide)
1-Acetyl Naphthalene
Alpha Naphthyl Acetic Acid
Alpha Naphthalene Acetamide
Alpha Naphthalene Acetic Acid (Sodium Salt)

**A2 / 236, G.I.D.C.,**
Nandesari Industrial Estate,
Dist. Vadodara - 391 340.Gujarat.India.
**Phone:** +91 - 265-2840429 / 9727914103
Mobile: +91 - 9824014103
**Email:** info@sabarichemicals.com
sabarichemicals1001@gmail.com
vinod@sabarichemicals.com
**Website:** www.sabarichemicals.com

ગુજરાતમાં રોજે રોજ સાયબર ફ્રોડમાં વેપારીઓ કરોડો ગુમાવે છે

પૈસા ઈન્વેસ્ટ કરાવવા અને ડીલરશિપ અપાવવાના નામે પણ કરોડોના ફ્રોડ

# ઓનલાઈન બિઝનેસ મેળવવાની દોટમાં કરોડો ગુમાવતા ઉધોગો



અમદાવાદમાં દર બે દિવસે એક નાગરિક સાયબર ફ્રોડનો શિકાર બને છે. અમદાવાદના સાયબર ક્રાઈમના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ અજિત રાજિઆન કહે છે, “ગુજરાતમાં સાયબર ક્રાઈમના કિસ્સાઓ વધી રહ્યા છે. તેમાં બિઝનેસ મેળવવાની લાલચ પણ એટલી જ જવાબદાર છે.” ફ્રોડ વધી રહ્યા છે. પરંતુ ફ્રોડ કરનારાઓ પકડાતા પણ નથી. માત્ર અમદાવાદમાં જ કોઈ એક વ્યક્તિ સાથે રૂ. 1થી 2 કરોડના થયેલા સાયબર ફ્રોડના 10થી 12 જેટલા કેસનો ઉકેલ પણ આવી શક્યો નથી. પરિણામે સાયબર ફ્રોડ કરનારાઓનો હોંશલો બુલંદ બની ગયો છે. અમદાવાદ શહેરના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશના આંકડા દર્શાવે છે કે 2020ની સાલમાં સાયબર ક્રાઈમના 170 ગુનાઓ, 2021માં 157 ગુનાઓ અને 2022માં 155 ગુનાઓ બની રહ્યા છે. તેમાં કેવાયસી અપગ્રેડ કરાવવાને નામે, પૈસા ઈન્વેસ્ટ કરાવવાને નામે, ડિલરશીપ આપવાને નામે, આર્મીના નામે, ફ્રેન્ડશીપ કરવાને નામે ફ્રોડ કરવામાં આવી રહ્યા છે. વીમા પોલીસીને નામે કે OTP માગી લઈને ફ્રોડ કરવામાં આવી રહ્યા છે. જોબ અપાવવાને નામે પણ બહુ જ મોટા ફ્રોડ થઈ રહ્યા છે. સાયબર ક્રાઈમ કરનારાઓ દિલ્હી અને ઉત્તર પ્રદેશની બોર્ડરના વિસ્તારમાંથી, હરિયાણાના વિસ્તાર ઉપરાંત પરદેશમાં નાઈજિરિયા અને ચીનથી સાયબર ફ્રોડ કરનારાઓ ખાસ્સા સક્રિય છે. સાયબર ફ્રોડની મોડસ ઓપરેન્ડિ કંઈક આવી છે.

ફ્રોડ કેવી રીતે કરવામાં આવે છે?

પોસ્ટપેઈડ સીમકાર્ડ ચાલુ કરવા માટે ઈ-મેઈલ સિસ્ટમનો ઉપયોગ કરતા વેપારીઓ ફ્રોડસ્ટરના નિશાન પર પહેલા આવે છે. ફ્રોડસ્ટર કંપનીના આઈડી જેવું જ નકલી આઈડી બનાવીને સીમ કાર્ડ બદલાવી લે છે. શનિવારે કંપનીનું જૂનું સીમકાર્ડ બંધ થઈ જાય અને સોમવારે કંપનીને આ વિષે જાણ થાય તે વચ્ચે નવા સીમકાર્ડ પર OTP સહિતની તમામ માહિતી મેળવીને ફ્રોડસ્ટર કંપનીના ખાતામાંથી કરોડો રૂપિયા ઉપડી જાય છે. બે-ત્રણ દિવસની રજાના સમયમાં જ આ પ્રકારનો ફ્રોડ વધુ થાય છે. આવા પ્રકારના ફ્રોડથી બચવા કંપનીએ સિમકાર્ડ મેળવવાની પ્રક્રિયા મેઈલ પર ન રાખવી જોઈએ.

## ઇ-મેઇલ સ્પૂફથી ફાઇનાન્શિયલ ફ્રોડ કરાય છે

ઇ-મેઇલ આઇડીને સ્પૂફ કરીને ફ્રોડ કરાય છે. સ્પૂફિંગ એટલે ઓરિજિનલ જેવું જ નકલી ઈ-મેઇલ ID બનાવવું. ઘણી કંપનીઓ ઇ-મેઇલથી લેવડદેવડ કરે છે. તેથી સ્પૂફ ઇમેઇલનો ઉપયોગ કરીને તેમાં મેસેજ મોકલીને એક ખાતાને બદલે બીજા ખાતામાં પૈસા જમા કરાવવાની સૂચના મોકલે છે. સૂચના મુજબ કંપનીના એકાઉન્ટન્ટ પેમેન્ટ ચૂકવે દે ત્યારે ખબર પડે  છે કે વાસ્તવમાં થર્ડ પાર્ટીએ તે ઇમેઇલ મોકલ્યો હતો. કંપનીના માલિકોએ પણ બીજા ખાતામાં પૈસા જમા કરાવવાની સૂચના આપે ત્યારે કંપનીના માલિકોએ સામી પાર્ટીને ફોન કરીને પૈસા બીજા ખાતામાં જમા કરાવવાની સૂચના આપી છે કે નહિ તે પૂછી લેવું જોઇએ.



સિમકાર્ડ બંધ થાય તો તરત ટેલિકોમ કંપનીને જાણ કરવી જોઈએ. આ ઉપરાંત જે સિમ કાર્ડથી ટ્રાન્ઝેક્શન થતા હોય તેને 2G ફોનમાં રાખવું જોઈએ. સીમ સ્વેપનો શિકાર સંખ્યાબંધ કંપનીઓ જ બને છે.

વ્હોટ્સએપ પર કંપની માલિકોની ડમી પ્રોફાઈલ બનાવી ફ્રોડઃ

આ જ રીતે કંપનીના માલિક વિદેશ ગયા હોય કે પોતાના જ દેશમાં બહારગામ હોય ત્યારે તેમના ફોટા સાથે વોટ્સ અપ પર નવી પ્રોફાઈલ બનાવી તેમનો નવો નંબર હોવાનું જણાવીને બે પાર્ટીના નામ અને ખાતા નંબર આપીને તેમાં પૈસા જમા કરાવવાની સૂચના આપીને મોટી રકમનો ફ્રોડ કંપની સાથે કરી જતા હોવાનું જોવા મળે છે. બીજી તરફ પૈસા જમા કરાવનાર એકાઉન્ટન્ટ કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ આ પેમેન્ટ કરતાં પહેલા કંપનીના માલિકને ફોન કરીને પૂછવાની તસદી પણ ન લેતા હોવાથી મોટા ફ્રોડ થઈ રહ્યા છે. વોટ્સ અપ કોલમાં કંપનીના માલિકનો ફોટો જોઈને તેમાં મળેલી સૂચના મુજબ રૂ. 1 કરોડથી વધુ ટ્રાન્સફર કરી દેવાનો કેસ અમદાવાદમાં જ બનેલો છે. તેથી કંપનીના માલિકે પણ કંપનીના કર્મચારીનો ફોન આવે ત્યારે પોતાની સલામતી માટે તેની સાથે વ્યવસ્થિત વાત કરીને જવાબ આપવો જોઈએ. કર્મચારી સાથે વાત કરવા માટે દર વખતે ચોક્કસ કી વર્ડ પણ વાપરવામાં આવે તો કોઈ અજાણી વ્યક્તિ ફોનથી સૂચના આપીને ફ્રોડ ન કરી જાય તેની તકેદારી રાખી શકાય છે. કી વર્ડ રાખવાથી ફોન કરનાર અસલી બોસ જ છે તે પ્રસ્થાપિત થઈ શકે છે.

ક્રિપ્ટોમાં ઈન્વેસ્ટમેન્ટ કરવાને નામે ફ્રોડ

અમુક પાર્ટી ક્રિપ્ટો વૉલેટમાં એકાઉન્ટ ખોલાવી તગડો કરાવવાની લાલચ આપે છે. તમે આજે રૂ. 1000નું ઈન્વેસ્ટમેન્ટ કરો તો સાંજે તમારો નફો રૂ.5000 થઈ ગયો હોવાનું બતાવે છે. જોકે નફો વિથડ્રો કરવા દેવાતો નથી. આ પ્રકારના મેસેજ વોટ્સ અપ પર આવે છે. મોટી કંપનીઓ પણ અનએકાઉન્ટેડ મની તેમાં નાખી દે છે. ચીનાઓ આ ફ્રોડમાં વધુ ઈન્વોલ્વ હોવાનું માનવામાં આવે છે. તેઓ થોડા વહેવારો થયા પછી બીજા ખાતામાં નાણાં જમા કરાવવાની સૂચના આપે છે. ત્યારબાદ તે પૈસા ક્યાં ગયા તેનો કોઈને પણ અંદાજ આવતો જ નથી. લોકો આ રીતે કરોડો ગુમાવી દીધા હોવાની ફરિયાદો કરે છે. આ પૈસા વિદેશી બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ જતા હોવાનું જોવા મળે છે. ભારતની તપાસ સંસ્થા તે મની ટ્રાન્સફર માટે સ્થાનિક નાગરિકને કે કોર્પોરેટ્સને ભીંસમાં લે તેવી પણ શક્યતા રહેલી છે.

વોટ્સ અપ કોલ કરીને કરાતું હની ટ્રેપ

અજાણ્યા નંબરથી ફોન આવે તો રિસીવ કરતી પૂર્વે સાવચેતી રાખવી જોઈએ. અજાણ્યા નંબરથી ફોન આવે અને તમે રીસીવ કરો તો તમારા કેમેરા પર અંગૂઠો દબાવી દો. તેમ કરવાથી તમારી ઈમેજ-છબી સામી વ્યક્તિ સુધી પહોંચી શકશે નહિ. ઘણા ફ્રોડસ્ટર્સ કોલ કરીને તમારા ચહેરાને મોર્ફ કરીને પછી ન્યુડ છોકરી સાથેનો વિડીયો મૂકી દઈને બ્લેક મેઈલ કરતા હોવાના કિસ્સા પણ પ્રકાશમાં આવ્યા છે. રાજસ્થાનની મેવાતી ગેન્ગ આ પ્રકારે હનીટ્રેપ કરીને બ્લેક મેઈલ કરે છે.

બિઝનેસ અપાવવાને નામે ફ્રોડઃ

ફ્રોડસ્ટર્સ LinkedIn કે ઓનલાઈન પ્લેટફોર્મ પરથી બિઝનેસને લગતી કે રૉ મટિરિયલની જરૂરિયાત અંગેની માહિતી મેળવી લે છે. તેમાં તમને રૉ મટિરિયલ સપ્લાયર સાથે સંપર્ક કરાવી દે છે. સપ્લાયર અને કોલ બંને ફ્રોડ જ હોય છે. તેમાં સપ્લાયર પાસે સપ્લાય કરાવીને પૈસા મેળવી લે છે. તે રૉ મટિરિયલ પોતે ઊંચા ભાવે ખરીદી લેશે





## કપાસ-યાર્નના બિઝનેસમેનના ખાતામાંથી રૂ. 2.39 કરોડ ઉપડી ગયા

વોડાફોન કસ્ટમર કેરમાં ફોન કરીને અમદાવાદના મકરબા વિસ્તારમાં રહેતા કપાસ અને યાર્નના એક બિઝનેસમેનના મોબાઈલનું સીમકાર્ડ બંધ કરાવીને ફ્રોડ કરનારે નેટબેન્કિંગની સુવિધા ધરાવતું તે ખાતું પોતાના મોબાઈલથી ઓપરેટ કરીને બેન્કના ટ્રાન્ઝેક્શન કરીને તથા બિઝનેસમેનને બેન્કમાંથી મળતા વન ટાઈમ પાસવર્ડ-OTP ફ્રોડ કરનાર અજાણી વ્યક્તિએ પોતાના જ મોબાઈલ પર મેળવ્યા હતા. આ રીતે કાલુપુર કોમર્શિયલ કોઓપરેટીવ બેન્કની અમદાવાદના આનંદનગર બ્રાન્ચમાં બિઝનેસમેને ખોલાવેલા કરન્ટ એકાઉન્ટમાંથી રૂ. 2.39 કરોડ ઉપાડી લીધા હતા. રૂ. 2.39 કરોડ ખેંચી લેવા માટે 28 જુદાં જુદાં ટ્રાન્ઝેક્શન કરવામાં આવ્યા હતા. ત્રીજી અને ચોથી જુલાઈ 2022ના આરટીજીએસ કરીને બિઝનેસમેનના આનંદનગર બ્રાન્ચના કરન્ટ ખાતામાં રૂ. 10 લાખ ફરી ટ્રાન્સફર આવ્યા હતા. આ નાણાં રત્નાકર બેન્કના એકાઉન્ટ નંબર 30901430837માંથી બિઝનેસમેનના ખાતામાં પરત નાખવામાં આવ્યા હતા. આમ આ ફ્રોડમાં અમદાવાદના બિઝનેસમેને રૂ.2.29 કરોડ ગુમાવવા પડ્યા છે. કપાસ-યાર્નનો બિઝનેસ કરતી આ ભાગીદારી પેઢીના મોબાઈલ નંબર અને ઇન્ટરનેટ બેન્કિંગની સુવિધાનો સિફતથી ઉપયોગ કરીને નાણાં ઉપાડી લીધા હતા.

# આતંકવાદીના ખાતામાં પૈસા જમા કરાવ્યાનું જણાવી એકાઉન્ટન્ટ પાસે રૂ. 89.47 લાખ પડાવ્યા

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં આવેલા કેનયુગ એપાર્ટમેન્ટમાં એફ-1 મહાવીરનગર ફ્લેટ્સમાં રહેતા દિપાલી બિપીનભાઈ શાહ પાસેથી પોતે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના અધિકારીઓ હોવાનું દર્શાવીને પ્રીતેશ મહેતા (70806 85126, 73700 50749) અને સંજીવ (90138 51344) નામની વ્યક્તિએ પોતે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના અધિકારી તરીકે ઓળખ આપીને ઇન્ડિયન બેન્કના એકાઉન્ટમાં રૂ. 28,04,000, એક્સિસ બેન્કના એકાઉન્ટમાં 22,93,000, ઇન્ડસઈન્ડ બેન્કના એકાઉન્ટમાં 8,00,000 સેરવી લેવા ઉપરાંત પ્રીતેશ રૂ. 5,00,000 લાખ રોકડા પડાવી ગયો હોવાની ઘટના બની છે.

ઘરે બેઠાં એકાઉન્ટ લખવાનું કામ કરતાં 47 વર્ષના દિપાલી શાહને તેઓ આતંકવાદી હોવાનું અને ઈન્કમટેક્સ અધિકારીનો સ્વાંગ રચીને રૂ. 89 લાખથી વધુ પૈસા પડાવ્યા છે. બે વર્ષ પહેલા નોકરી ડોટ કોમ પર જોબ માટે અરજી કરી ત્યારથી આ ખેલ ચાલુ થયો હતો. આ જોબની અરજી કર્યા પછી રાજીવ નામની વ્યક્તિએ મોબાઈલ 98103 47146 પરથી ફોન કરીને જોબની જરૂર હોય તો પૈસા ભરવા પડશે તેમ જણાવ્યું હતું. આ વાત ફ્રોડ લાગતા પૈસા ભરવાની ના પાડી ત્યારે રાજીવે પોતાની કંપની પૈસા ભરી દેશે તેમ જણાવી વિશ્વાસ જીત્યો હતો. નોકરી મળે ત્યારે કંપનીના પૈસા પરત કરવા જણાવ્યું હતું. આ પૈસા પરત કરવા માટે ઇન્કમટેક્સ ઓફિસરના સ્વાંગમાં દિલ્હીથી મોબાઈલ નંબર 7428053394 પરથી ફોન કરીને વેદમ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે તમે આતંકવાદીના ખાતામાં પૈસા જમા કરાવ્યા છે. તમારે જવાબ આપવા માટે દિલ્હી આવવું પડશે. ગુનામાંથી અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના લફરાંમાંથી બચવા પ્રીતેશ સાથે વાત કરી લેવા જણાવવામાં આવ્યું હતું. પ્રીતેશે પોતાની જાતની ઇન્કમેટેક્સના આસિસ્ટન્ટ કમિશનર તરીકે ઓળખ આપી હતી. અમદાવાદ મળવા આવીને તેણે દીપાલી બહેનને જણાવ્યું હતું કે તેમના આઈડીએફસી બેન્કના ખાતામાંથી રૂ. 1.80 કરોડ અને શિવાલિક મર્કન્ટાઈલ કોઓપરેટીવ બેન્કના ખાતામાંથી 4.5 કરોડના ચેકના વહેવાર આતંકવાદીના ખાતામાં થયા છે અને ઇન્કમ ટેક્સમાં તેનો રેકોર્ડ બોલે છે. ઇન્કમ ટેક્સના અધિકારીનું ઓળખકાર્ડ માગતા પ્રીતેશ આઈ-કાર્ડ પણ બતાવી રૂ. 21 લાખ માગ્યા હતા. આ મોડસ ઓપરેન્ડીથી રૂ. 89.47 લાખ પડાવી લીધા હોવાની ફરિયાદ સાયબર ક્રાઈમમાં સપ્ટેમ્બર 2022માં થઈ છે. નોકરી ડોટ કોમ પર નામ રજિસ્ટર કરાવવામાં નોકરી તો ન મળી ડેટા લીક થઈ જતાં રૂ. 89 લાખ ગુમાવવા પડ્યા.

તેવી ખાતરી ફોન કરનાર આપશે. આ રીતે બિઝનેસ કરનારને લલચાવીને થોડો થોડો વેપાર કરીને પછી તેની સાથે મોટી રકમના વહેવારો કરીને પછી તેને મોટી રકમનો ચૂનો લગાવીને ફરાર થઈ જાય છે. છેલ્લા ટ્રાન્ઝેક્શન બહુધા શનિવારે જ કરવામાં આવે છે. દોઢ દિવસમાં બધું જ ગુમ થઈ જાય છે. તે ફોન નંબર પણ બંધ થઈ જાય છે.

**સીમ સ્વેપથી સાવધાનઃ**

સાયબર ક્રાઈમ થાય પણ છે અને તેને રોકી પણ શકાય છે. સાયબર ફ્રોડમાં સૌથી વધુ ફાઈનાન્શિયલ ફ્રોડ થાય છે. ચાઈનીઝ નાગરિકો પણ ફાઈનાન્શિયલ ફ્રોડ કરતાં થઈ ગયા છે. પહેલો ફ્રોડ છે સીમ સ્વેપનો. તેમાં તમારા નામનું સીમકાર્ડ થર્ડ પાર્ટી મેળવી લે છે અને તમારું બેન્ક એકાઉન્ટ સાફ કરી જાય છે. કંપનીના કરોડોના વહેવાર બેન્ક ખાતા મારફતે થાય છે. તે પેમેન્ટ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે પછી કંપનીનો એકાઉન્ટન્ટ કરે છે. કંપનીના માલિકો પોતાની સરળતા ખાતર બેન્ક ખાતા સાથે રજિસ્ટર કરાવેલા મોબાઈલમાં, ઈમેઈલમાં પણ OTP રીસીવ કરાવે છે. તેના વહીવટની જવાબદારી સી.એ. કે પછી એકાઉન્ટન્ટ, સેલ્સના સ્ટાફ વગેરેને સોંપવામાં આવે છે. કોઈને ખબર પડી જાય કે બેન્કના OTP પણ તેમાં આવે છે તો કંપનીના બેન્ક ખાતા સાફ થઈ જવાની શક્યતા વધારે રહે છે. આમ ઈ-મેઈલમાં બેન્ક ખાતાનો OTP રીસિવ ન થવો જોઈએ.

**સોશિયલ મીડિયામાં સમજી વિચારીને પ્રવૃત્તિ કરોઃ**

ફ્રોડસ્ટર સોશિયલ મિડીયામાં ફેસબુક, વોટ્સઅપ, ઈન્સ્ટાગ્રામ અને ટેલિગ્રામ સહિતના મિડિયાનો ઉપયોગ કરીને ફ્રોડ કરી રહ્યા છે. ફેસબુક અને ઈન્સ્ટાગ્રામમાં કંપનીઓના પેજ હેક કરીને ફ્રોડ કરવામાં આવે છે. તેમાં કંપનીને સીધું નહિ પણ આડકતરું આર્થિક નુકસાન થાય છે અને ઈમેજને ધક્કો પહોંચે છે. ફેસબુક એકાઉન્ટ હેક કરીને કંપનીના ફોલોઅર્સને કંપનીના નવા પ્રોડક્ટ અંગેની જાણકારીથી વંચિત કરી દે છે. તેથી કંપનીને મોટું નુકસાન જાય છે. નોન ફાઈનાન્શિયલ ફ્રોડ રોકવા માટે વોટ્સ અપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટેલિગ્રામ અને જીમેઈલ જેવી સોશિયલ મિડિયા એપ્લિકેશનનો ઉપયોગ કરતાં પહેલા તેને સિક્યોર કરી દેવા જોઈએ. આ એકાઉન્ટ હેક થઈ જાય તો તેનો દુરુપયોગ થઈ શકે છે. તેમાં પર્સનલ ઈન્ફોર્મેશન ન મૂકવી જોઈએ. તેને સિક્યોર કરવા માટે ટુ સ્ટેપ વેરીફિકેશન રાખવું જોઈએ. તેમાં બેન્ક એકાઉન્ટની વિગતો ન મૂકવી જોઈએ. કંપનીઓએ પણ તેમના સોશિયલ મિડીયા એકાઉન્ટમાં પોતાના નંબર શેર ન કરવા જોઈએ. તેઓ નંબર ઉપયોગ કરે તો વાંધો નહિ, તે નંબર તેમના બેન્ક એકાઉન્ટ સાથે રજિસ્ટર થયેલો ન હોવો જોઈએ. ડાર્ક વેબમાંથી ફ્રોડસ્ટર કંપની અંગેની શક્ય હોય તેટલી વધુ માહિતી એકત્રિત કરે છે. તેનાથી ખાસ્સા ફાયદા થાય છે. કંપનીના બેન્કમાં રજિસ્ટર મોબાઈલ નંબરની જાણકારી કોઈને પણ ન હોવી જોઈએ.

**ટુ-સ્ટેપ સિક્યોરિટી ખૂબ જરૂરી છેઃ**

આજે તમારા જેવું જ બીજું, ઈ-મેઈલ આઈડી બનાવીને એટલે કે સ્પૂફ કરીને પણ ફ્રોડ કરવામાં આવે છે. તેનાથી બચવા માટે તમારા ટુ સ્ટેપ સિક્યોરિટી રાખવી જોઈએ. તમારો પાસ વર્ડ એ તમારી પહેલી સિક્યોરીટી છે. પરંતુ કોઈ અન્ય વ્યક્તિ કે ડિવાઈઝમાંથી તમારા ઈ-મેઈલ આઈડીમાં એન્ટ્રી લેવામાં આવે તો તમારા રજિસ્ટર મોબાઈલ પર તમને મેસેજ આવે છે. આ મેસેજના માધ્યમથી તમને પૂછવામાં આવે છે કે તમારા એકાઉન્ટમાં અત્યારે કોઈ લોગ ઈન થયું છે. તે તમે જ છો કે બીજી કોઈ વ્યક્તિ છે. તમે હા કહો તો જ તમારું એકાઉન્ટ ઓપરેટ થઈ શકે છે. અન્યથા એકાઉન્ટ ઓપરેટ થઈ શકતું નથી. મોબાઈલમાં નોટિફિકેશન મોકલીને પણ કન્ફર્મ કરશે. આ ટુ સ્ટેપ વેરિફિકેશન કહેવાય છે. તમારા ઈ-મેઈલ આઈડીનો ઉપયોગ કરીને સ્પૂફ મેઈલ કરવામાં આવે છે. ઈ-મેઈલથી પેમેન્ટ, બ્રોશર મોકલવા અને બેન્કની વિગતો મોકલવામાં આવતા હોય છે. તેમ જ ઈ-મેઈલ કરીને આર્થિક વહેવાર કરવાનું ખાતું બદલવામાં આવે તો ફોન કરીને તેમને પૂછી લેવું જોઈએ. તમારો ફોન કોઈ એક મિનિટ માટે માગે તો આપતા પહેલા વિચાર કરજો. ફોન આપો અને તે વોટ્સઅપનો OTP મેળવી લઈને તમારા વોટ્સઅપ એકાઉન્ટનો ઉપયોગ કરવા મંડી પડી શકે છે. કોઈ OTP-વન ટાઈમ પાસવર્ડ માગે તો તે આપતા પહેલા વિચાર કરો. ■

## જૈન બિઝનેસ વુમનને કમાણીની લાલચ આપી રૂ. 3.35 કરોડનો ફ્રોડ કર્યો

જૈન બિઝનેસ વુમનની **LinkedIn** પ્રોફાઈલ પરથી તેને ટ્રેક કરીને તેની સાથે દવા બનાવતી એબોટ લેબોરેટરીઝ નામની કંપનીને રો મટિરિયલના સપ્લાય માટેના કોલા નટ્સ નામના સીડ્સની જરૂર હોવાનું જણાવી તેનો સપ્લાય ચાલુ કરવા સમજાવ્યા હતા. આ માટે બિઝનેસ વુમનના લિન્કડિન એકાઉન્ટ પર અજાણી વ્યક્તિએ મેસેજ મોકલ્યો હતો. ત્યારબાદ ધીમે ધીમે વાતચીત ચાલુ થતા એબોટ લેબોરેટરીઝમાં જોબ કરતો હોવાનું જણાવ્યું હતું. ફ્રોડસ્ટરે દવા બનાવવા માટે કોલાનટ્સના સીડ્સની ખરીદી કરવા માટે ભારત આવવાનો હોવાનું જણાવ્યું હતું. આ સીડ્સના 200 ગ્રામના 3000 ડૉલર ભાવ ઑફર કર્યા હતા. આ સીડ્સ હરિયાણા સાઈડની કોઈ કંપની આપતી હોવાનું જણાવ્યું હતું. હરિયાણાની કંપની પાસેથી મેળવીને લંડન મોકલવાના હોવાનું જણાવ્યું હતું. આમ મહિલાને તેમાં એક જ ડીલમાં રોકાણ બમણું થતું હોવાની લાલચ આપી હતી. મહિલાએ આ બિઝનેસ કર્યો. આરંભમાં તેને પૈસા પણ મળ્યા. સમય જતાં હરિયાણાની કંપનીમાં 500 પેકેટ્સનો ઓર્ડર મૂક્યો અને તેનું પેમેન્ટ કર્યું તે પછી હરિયાણાની કંપની અને **LinkedIn** પર સંપર્ક કરનાર બંને ગાયબ થઈ ગયા હતા. અમદાવાદના નવરંગપુરાની જૈન બિઝનેસવુમને રૂ. 3.35 કરોડ ગુમાવવા પડ્યા.

## અજાણ્યો ઇ-મેઇલ ખોલ્યો તે પછી કંપની સાથે રૂ.1.19 કરોડનો ફ્રોડ થઈ ગયો

અમદાવાદના થલતેજ વિસ્તારમાં ભાઈકાકા નગરમાં રહેતા અને કલેક્ટિવ ટ્રેડ લિન્ક પ્રા.લિ.(17-આર્યન કોર્પોરેટ)માં હ્યુમન રિસોર્સ ઓફિસર તરીકે જોબ કરતાં અમિત કિરીટકુમાર જાનીને કંપનીના ઈ-મેઈલ એકાઉન્ટ કલેક્ટિવ બેરિંગ્સ ડોટ કોમ પર મેઈલ મોકલવામાં આવ્યો હતો. આ ઈ-મેઈલ એકાઉન્ટ કલ્પેશ ગોસ્વામીએ ઓપન કરતાં તેમાં કંપનીનો રજિસ્ટર મોબાઈલ નંબર 94260 08555 લખેલો જોવા મળ્યો હતો. કંપનીના ડિરેક્ટર પ્રકાશ મહેતાના નામે આ સીમકાર્ડ હતું. આ સીમકાર્ડ રિપ્લેસમેન્ટ માટેનો ઈ-મેઈલ હતો. 11મી માર્ચ 2023ના આ ઈમેઈલ આવ્યો હતો. કાયમની પ્રથા મુજબ 13મી માર્ચ 2023ના સવારે 10 વાગ્યે પ્રકાશ મહેતાની કંપની કલેક્ટિવ ટ્રેડ લિન્ક પ્રાઈવેટ લિમિટેડના ICICI બેન્કના એકાઉન્ટના ઓનલાઈન બેન્કિંગ ટ્રાન્ઝેક્શન પર નજર નાખતા કલ્પેશ ગોસ્વામીને તેમાં કુલ મળીને 22 ટ્રાન્ઝેક્શન થયા હોવાનું અને રૂ. 1.19,37,000ના ઉપાડી લેવામાં આવ્યા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. આમ સીમકાર્ડ બદલવાની રિક્વેસ્ટ મોકલીને નવું સીમકાર્ડ મેળવીને બે જ દિવસમાં રૂ. 1.19 કરોડથી વધુ રકમનો ઉપાડ કરી લીધો હતો.

## બાળકોને મોબાઈલ આપતા પહેલા ચેતજો

માતાપિતા તેમના મોબાઈલ બાળકોને આપી દે છે. બાળકો તેના પર ગેમ રમે છે. ગેમ ચાલુ હોય ત્યારે પરચેઝ કરવા માટેની ઓફર આવે છે. બાળકો ઓફર પર યસ ક્લિક કરી દે તો તેના બેન્ક એકાઉન્ટની વિગતો તેમને મેસેજ મોકલનાર સુધી પહોંચી જાય અને ફાઈનાન્શિયલ ફ્રોડ થઈ શકે છે. બીજું, પાઈરેટેડ સોફ્ટવેર વાપરીને તમને જોખમને આમંત્રણ આપી રહ્યા છે. તેમાંના માલવેર કે બગ્સ તમારી સિસ્ટમના દરેક વહેવારને મોનિટર કરે છે. તમારી સિસ્ટમના, તમારા મોબાઈલના પાસવર્ડ મેળવી લે છે. લાઈસન્સ વાળા સોફ્ટવેર ન લઈને પણ ટ્રબલ ઇન્વાઈટ કરી રહ્યા છે. કરોડોના ટ્રાન્ઝેક્શન કરતી કંપનીઓ પણ પાઈરેટેડ સોફ્ટવેર પર જ મદાર બાંધે છે. રેન્સમ વેરથી માર્ચ મહિનાના અંત ભાગમાં તમારી કંપનીની આખી સિસ્ટમને પાંગળી બનાવી દેવામાં આવે છે. તેથી તમારા દરેક કામકાજ અટકી જાય છે. તેથી તમારે રેન્સમવેર મોકલનારની પૈસાની માગણીને સરેન્ડર થવું પડે છે. ઓટોકેડના પાઈરેટેડ વર્ઝન વાપરતા પહેલા વિચાર કરવો જોઈએ.

## યુ ટ્યૂબ વિડીયોને લાઈક કરશો તો કમાણી થશે તેમ જણાવી લાખનો ફ્રોડ કર્યો

ચાંદખેડામાં ન્યુ સીજી રોડ પર આવેલા 204-આદિત્ય ગ્રીન્સમાં રહેતા અતુલસિંહ કૃષ્ણાપાલસિંહને યુટ્યૂબ વિડીયો લાઈક કરવાના જોબ કરવાથી રૂપિયા મળશે તેવી લાલચ આપીને રૂ. 16.93 લાખનો ફ્રોડ કરવામાં આવ્યો હોવાની ફરિયાદ 13મી ફેબ્રુઆરી 2023ના નોંધાઈ છે. મોબાઈલ નંબર 96572 80565 પરથી 5 ફેબ્રુઆરી 2023ના અમરિતા શર્મા નામથી મેસેજ કરીને યુ ટ્યુબ વિડીયો લાઈક કરીને કમાણી કરવાની સ્કીમ જણાવવામાં આવી હતી. પહેલા ત્રણ વિડીયો મોકલ્યા. અતુલસિંહે લાઈક કર્યા. તેના ખાતામાં રૂ.210 જમા આવી ગયા. 6 ફેબ્રુઆરીએ અમરિતા શર્માની સૂચના મુજબ ટેલિગ્રામના એક એકાઉન્ટમાં લોગઈન કરવાની સૂચના આપી હતી. ગુડગાંવની અદીશી સોલ્યુશન નામની કંપનીના ફોન નંબર 81560 63214 પરથી ફોન કરીને વિડીયો જોવાના ટાસ્ક આપવામાં આવતા હતા. ટાસ્ક પૂરા થાય તેમ તેમ પૈસા આવતા હતા. ત્યારબાદ બિટકોઈનની ખરીદી અને વેચાણ કરી તગડો નફો કમાવાની લાલચ અતુલસિંહને આપવામાં આવી હતી. તે માટે રૂ.16,93,500 જમા કરાવડાવ્યા હતા. રૂ. 16.93 પાછા લેવા માટે ટેક્સ ભરવાની સૂચના આપવામાં આવી હતી. તેથી વિશ્વાસઘાત થયો હોવાનો ખ્યાલ આવ્યો હતો.



## પ્રોપર્ટી ખરીદવા કે ભાડે લેવાની જફા કોણ કરે ?

# વધી રહી છે કો-વર્કિંગ સ્પેસની બોલબાલા

કોઈપણ ધંધાદારી, ખાસ કરીને ફર્સ્ટ જનરેશન આંત્રપ્રોન્યોર નવો બિઝનેસ શરૂ કરે ત્યારે તેમની સૌથી મોટી ચિંતા હોય છે જગ્યાની. ઑફિસ કે કોમર્શિયલ પ્લેસ ખરીદવા માટે ઘણું મોટું ઈન્વેસ્ટમેન્ટ કરવું પડે છે. જગ્યા ભાડા કે લીઝ પર લેવા માટે પણ મોટી રકમ એડવાન્સ પેમેન્ટ સ્વરૂપે ચૂકવવી પડે છે. આ ઉપરાંત ઑફિસને મેનેજ કરવા માટે અલગથી સ્ટાફ પણ હાયર કરવો પડે છે. આ બધા પાછળ બિઝનેસ માટે જમા કરેલી ઘણી મોટી મૂડી ખર્ચાઈ જતી હોય છે. સ્ટાર્ટઅપ્સના કેસમાં પણ તેમને બિઝનેસ ડેવલપ કરવા માટે મળેલું ફંડિંગ બિઝનેસ ચલાવવા માટેની જગ્યા ભાડે લેવા અને મેઈન્ટેન કરવા પાછળ ખર્ચ થઈ જાય છે. ઉદ્યોગોની આ વિકટ સમસ્યાનો એક સરળ વિકલ્પ મળી ગયો છે. આ વિકલ્પ છે- કો-વર્કિંગ સ્પેસ.

### કો-વર્કિંગ સ્પેસ એટલે શું?

કો-વર્કિંગ સ્પેસ એટલે એવી ઑફિસ જેમાં એક કરતા વધુ કંપનીઓના કર્મચારીઓ કે સ્વતંત્ર પ્રોફેશનલ્સ એક છત નીચે પોતપોતાનો બિઝનેસ કરતા હોય. કો-વર્કિંગ સ્પેસમાં કંપનીઓ પોતાની જરૂરિયાત અનુસાર સીટ્સ કે વિસ્તાર બુક કરાવી શકે છે. ત્યાર બાદ તેમણે દર મિહને સીટ દીઠ નિશ્ચિત રકમ કો-વર્કિંગ સ્પેસને ચૂકવી દેવાની હોય છે. મોટા ભાગે કો-વર્કિંગ સ્પેસમાં સીટ દીઠ રૂ. 8000થી 12,000 જેટલા ચાર્જ વસૂલે છે. બદલામાં તેમને કો-વર્કિંગ સ્પેસનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વાપરવા મળે છે, હાઉસકીપીંગ-પ્લમ્બિંગ-રિપેરિંગની સર્વિસીસની જફામાંથી છૂટકારો મળે છે અને પેન્ટ્રીની સુવિધા પણ મળે છે. આ ઉપરાંત કો-વર્કિંગ સ્પેસમાં ફાઈવ સ્ટાર હોટેલ્સ જેવા કોન્ફરન્સ રૂમ્સ પણ તૈયાર કરવામાં આવે છે. આથી જો કંપનીઓને પ્રોડક્ટ લોન્ચ, સેમિનાર કે નાની-મોટી ઈવેન્ટ કરવી હોય તો તે અગાઉથી સ્લોટ બુક કરાવીને અમુક કલાક માટે કોન્ફરન્સ રૂમ પણ વાપરી શકે છે.

● મોટી અને મલ્ટીનેશનલ કંપનીઓ જગ્યા ખરીદવા કે ભાડે લેવાને બદલે કો-વર્કિંગમાં સીટ્સ બુક કરાવી લે છે



**હર્ષિલ ખજાનચી, ફાઉન્ડર**
પેરેગ્રાફ કો વર્કિંગ સ્પેસ

શરૂઆતમાં કો-વર્કિંગ સ્પેસ ઘરે કામ કરવાનો માહોલ ન મળતો હોય તેવા વર્ક ફ્રોમ હોમ કરતા કર્મચારીઓમાં લોકપ્રિય હતી. તેના ફાયદા અને સુવિધા જોતા હવે મલ્ટીનેશનલ કંપનીઓ પણ કો-વર્કિંગ સ્પેસમાં જ સીટ બુક કરાવતી થઈ ગઈ છે. ઉદાહરણ આપીને વાત કરીએ તો વિદેશની કોઈ કંપની ઈન્ડિયાના માર્કેટમાં પ્રવેશ કરવા માંગતી

## કો-વર્કિંગમાં જગ્યા લેવાથી સ્ટાર્ટઅપ્સને પણ શરૂઆતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ મોટો ખર્ચ કરવામાં રાહત મળી જાય છે

હોય તો તેઓ શરૂઆતમાં એસેટ-લાઈટ રહેવાનું જ પસંદ કરે છે. અર્થાત્ તેઓ શરૂઆતથી રિયલ એસ્ટેટમાં રોકાણ કરવાનું કે જગ્યા ભાડે લેવાનું પસંદ કરતા નથી. તેમના માટે કો-વર્કિંગ સ્પેસમાં થોડી સીટ્સ બુક કરાવીને નાના પાયે શરૂઆત કરવી એ આદર્શ વિકલ્પ બની રહે છે.

ક્રાફ્ટ હેઈન્ઝ, રોયલ એન્ફિલ્ડ, ફ્લિપકાર્ટ, મેક માય ટ્રિપ, કુશમન એન્ડ વેકફિલ્ડ, આર્સેલર મિત્તલ, સિપ્લા, ઓલા ઈલેક્ટ્રિક, લિવસ્પેસ સહિત અનેક પ્રતિષ્ઠિત કંપનીઓ જ્યાંથી ઓપરેટ કરે છે તે કો-વર્કિંગ સ્પેસ 'પેરેગ્રાફ'ના ફાઉન્ડર તથા ડિરેક્ટર હર્ષિલ ખજાનચી જણાવે છે કે, "નાના પાયે શરૂઆત કરવા માંગતા સ્ટાર્ટ-અપ, ફિનટેક કંપનીઓ વગેરે માટે કો-વર્કિંગ સ્પેસ ખૂબ અનુકૂળ વિકલ્પ છે. વિદેશથી ભારતના માર્કેટમાં પગ જમાવવા આવેલી કંપનીઓ પોતાના ખભે એસેટ્સનું ભારણ લેવા માંગતી જ નથી. આથી પોતાની પ્રોપર્ટી ખરીદવા કે ભાડે લેવા કરતા કો-વર્કિંગમાં જગ્યા લેવી તેમને સરળ પડે છે. ભાડે લેવા માટે કમસેકમ 11 મહિનાનો કોન્ટ્રેક્ટ કરવો પડે છે. લીઝમાં પણ ઘણા લાંબા સમય માટે પ્રોપર્ટી લીઝ પર લેવી પડે છે. વળી, પ્રોપર્ટી લીધા પછી પણ તેની પાછળ ઈન્ટિરિયરનો ખર્ચ કરાવવો પડે છે. આ ઉપરાંત હાઉસકીપીંગ, પ્લમ્બિંગ, મેઈન્ટેનન્સ વગેરે પાછળ પણ નિયમિત રૂપે ખર્ચ કરવો પડે છે. પ્રોપર્ટી ખરીદવી કે ભાડે લેવાની સરખામણીમાં કો-વર્કિંગ સ્પેસમાં પેપર વર્ક લગભગ નહિંવત્ હોય છે. બીજું, તેમને ઑફિસ એક્સપાન્ડ કરવી હોય કે બંધ કરવી હોય તો તે પ્રક્રિયા કો-વર્કિંગમાં ખૂબ જ સરળ છે. પેરેગ્રાફમાં એવી અનેક કંપનીઓ છે જેમણે ત્રણ કે ચાર સીટથી શરૂઆત કરી હોય અને આજે તેમની પાસે 200થી વધુ સીટ છે."

### સ્ટાફ વધે-ઘટે તે મુજબ જગ્યા લઈ શકાય:

કોરોના કાળમાં અનેક ઉદ્યોગોને ઑફિસ-ધંધા સાવ ઠપ હોવા છતાં રેન્ટ ઉપર લીધેલી જગ્યાના પૂરેપૂરા ભાડા ભરવા પડ્યા હતા. ઘણી કંપનીઓએ અડધાથી વધુ કર્મચારીઓની છટણી કરવી પડી હતી. આવામાં પોતે ખરીદેલી કે ભાડાની ઑફિસ હોય તો સ્ટાફ ઓછો હોવા છતાં પણ વિશાળ જગ્યાના ભાડા, ઈલેક્ટ્રિસિટી બિલ અને મેઈન્ટેનન્સનો ખર્ચ કંપનીઓએ ઉપાડવો પડે છે. એ જ રીતે, કોઈ સ્ટાર્ટ અપ સફળતા મળતા સ્ટાફમાં વધારો કરે તો નવા લોકોને બેસાડવા માટે તેમણે નવી જગ્યા શોધવી પડે છે અથવા તો મોટી ઑફિસમાં શિફ્ટ થવું પડે છે. આ બધા વિકલ્પો ઉદ્યોગો માટે ખાસ અનુકૂળ નથી. હાલ 1,20,000 સ્ક્વેર ફીટ જેટલી વિશાળ જગ્યામાં અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતી કો-વર્કિંગ સ્પેસ 'પેરેગ્રાફ'ના ડિરેક્ટર હર્ષિલ ખજાનચી કો-વર્કિંગ સ્પેસનો મોટામાં મોટો ફાયદો ગણાવતા જણાવે છે, "કો-વર્કિંગમાં તમારો ખર્ચ તમારી ટીમની સાઈઝ પ્રમાણે વધારી કે ઘટાડી શકાય છે. કોવિડ જેવી અણધારી પરિસ્થિતિમાં અનેક કંપનીઓએ પોતાના સ્ટાફ ઘટાડવો પડે કે પછી એક્સપાન્શનને કારણે નવો સ્ટાફ હાયર કરવાનો થાય તો નવેસરથી ઑફિસ સેટ અપ કરવાને બદલે કો-વર્કિંગ સ્પેસ ફાયદાકારક પુરવાર થાય છે. તમે જેટલી સીટ ઓક્યુપાય કરો તેટલા જ રૂપિયા તમારે આપવાના રહે છે. આથી સ્ટાફ ઓછો થયો તો તમે તરત જ સીટ ઓછી કરી નાંખો તો તમારી ઘણી મોટી બચત થઈ શકે છે. એ રીતે સ્ટાફ વધે તો તમે કો-વર્કિંગ સ્પેસમાં જ નવી જગ્યા લઈ શકો છો. તેના માટે તમારે નવી ઑફિસ શોધવા જવાની જરૂર પડતી નથી."

### ઑફિસમાં જરૂરી તમામ સુવિધા પૂરી પાડે છે કો-વર્કિંગ સ્પેસ:

ઑફિસમાં કંપનીઓને પાર્કિંગ, ઈન્ટરનેટ કનેક્શન, હાઉસકીપીંગ, મેઈન્ટેનન્સ જેવી મૂળભૂત સુવિધાની જરૂર પડે છે. કો-વર્કિંગ સ્પેસ આ તમામ સુવિધાઓ કંપનીઓને પૂરી પાડે છે. ગુજરાતની અગ્રણી કો-વર્કિંગ સ્પેસ 'ધ એડ્રેસ'ના ડિરેક્ટર વિપુલ લોધા જણાવે છે, "કંપનીઓ માટે કો-વર્કિંગ સ્પેસ એક સગવડભર્યું સિંગલ રૂફ સોલ્યુશન છે. અહીં તેમને પાર્કિંગ, ઈન્ટરનેટ કનેક્શન, હાઉસીકીપીંગ, પેન્ટ્રી જેવી સુવિધાઓ માટે અલગથી ખર્ચ કરવાની જરૂર નથી પડતી. સ્ટાફ ફક્ત તેમની સિસ્ટમ કે લેપટોપ્સ લઈને આવે એટલે તેમનું કામ શરૂ થઈ જાય છે." 'ધ એડ્રેસ' અમદાવાદ ઉપરાંત વડોદરા, સુરત, ઈન્દોરમાં 4,75,000 સ્ક્વેર ફીટથી વધુ વિસ્તારમાં કો-વર્કિંગ સ્પેસ ધરાવે છે જેમાં ઉષા, એક્સેન્ચર, નિયોસોફ્ટ ટેક્નોલોજીઝ, ડેલ્હીવરી જેવી 750થી વધુ કંપનીઓ સ્પેસ ધરાવે છે. વધુ સ્ટાફ ધરાવતી કંપનીઓ કો-વર્કિંગ સ્પેસનો અમુક હિસ્સો મેનેજ્ડ ઑફિસ તરીકે પણ રાખી લે છે. અર્થાત્ કો-વર્કિંગ સ્પેસનો અમુક હિસ્સો એક કંપનીને એલોટ કરી દેવામાં આવે છે. ■



## અલગથી કેબિન્સ પણ અવેલેબલ

કો-વર્કિંગ સ્પેસ અંગે મોટામાં મોટી ગેરમાન્યતા એ છે કે તેમાં પોતાની ઑફિસ જેવી પ્રાઈવસી નથી મળતી. કો-વર્કિંગ સ્પેસમાં મેનેજર્સ કે ઉપરી અધિકારીઓ માટે અલગથી કેબિન્સ પણ એલોટ કરવામાં આવે છે.પેરેગ્રાફના ડિરેક્ટર હર્ષિલ ખજાનચી જણાવે છે, "કો-વર્કિંગ સ્પેસમાં CEO, CXO, ડિરેક્ટર્સ કે મેનેજર લેવલના કર્મચારીઓ માટે અલગથી કેબિન્સ ડિઝાઈન કરવામાં આવે છે. આ ઉપરાંત અહીં વિશાળ કોન્ફરન્સ રૂમ્સ પણ અવેલેબલ હોય છે જેમાં કંપની પોતાની ટીમ મીટીંગ પણ કરી શકે છે. જો મેનેજ્ડ ઑફિસ હોય તો કંપનીએ કો-વર્કિંગ સ્પેસનો જે હિસ્સો રોક્યો હોય તે તેમની ખાનગી ઑફિસનો જ ભાગ બની જાય છે. વળી, કેબિન્સ પણ એ રીતે ડિઝાઈન કરાયેલી હોય છે કે એક રૂમની વાત બીજા રૂમમાં સંભળાતી નથી."

# કંપનીઓની સાઈબર સિક્યોરિટીની રક્ષા કરે છે કો-વર્કિંગ સ્પેસ

સાયબર એટેક્સ કંપનીઓને ડેટા કે આર્થિક દૃષ્ટિએ ખૂબ મોટું નુકસાન પહોંચાડી શકે છે. મોટી કંપનીઓ પોતાની IT ઈકોસિસ્ટમ તૈયાર કરતી હોય છે જેમાં બહારના રેન્સમવેર કે સાઈબર થ્રેટ્સ પ્રવેશી ન શકે. કો-વર્કિંગ સ્પેસમાં એક જ નેટવર્ક સાથે અનેક કંપનીઓની સિસ્ટમ જોડાયેલી હોય છે. કંપનીઓની સાઈબર સિક્યોરિટી સાથે છેડખાની ન થાય તે માટે કો-વર્કિંગ સ્પેસ પોતાની આઈટી ટીમ તૈનાત રાખે છે. આ ટીમ નેટવર્ક સાથે જોડાયેલા કોમ્પ્યુટર્સની રક્ષા કરે છે. જો કે અમુક કિસ્સામાં કંપનીઓ સાઈબર સિક્યોરિટી માટે પોતાના સર્વિસ પ્રોવાઈડર રાખવાનું પસંદ કરે છે.



# ભારતમાં 115%ના દરે વિકસી રહ્યું છે કો-વર્કિંગ સ્પેસનું માર્કેટ



એક આંતરરાષ્ટ્રીય કન્સલ્ટન્સી ફર્મના રિસર્ચ મુજબ કોવિડ મહામારી પહેલા 2019ના અંત સુધીમાં ભારતમાં કો-વર્કિંગ સ્પેસનું માર્કેટ 3 કરોડ સ્ક્વેર ફીટ વિસ્તારમાં ફેલાયેલું હતું જેમાં 4,70,000 સીટ જેટલી જગ્યા ઉપલબ્ધ હતી. કોવિડ ફાટી નીકળતા કો-વર્કિંગ સ્પેસનું કદ 33 ટકા જેટલું ઘટી ગયું હતું. જો કે કોરોનાની અસર ખતમ થતા કો-વર્કિંગ સ્પેસનું માર્કેટ 115 ટકા જેટલું ઉછળ્યું છે. મુંબઈ, દિલ્હી, બેંગલોર જેવા મોટા શહેરમાં કો-વર્કિંગ સ્પેસનો કોન્સેપ્ટ છેલ્લા થોડા વર્ષોથી પ્રચલિત બન્યો છે. ભારતના ટોચના સાત શહેરમાં 4.30 કરોડ સ્ક્વેર ફીટ વિસ્તારમાં કો વર્કિંગ સ્પેસ પથરાયેલી છે અને તેમાં 6.70 લાખથી વધુ કર્મચારીઓ બેસી શકે તેટલી જગ્યા છે. એક અંદાજ  અનુસાર આગામી ત્રણ વર્ષમાં કો-વર્કિંગ સ્પેસનો વિસ્તાર 7.5 કરોડ સ્ક્વેર ફીટ અને 10,30,000 સીટ્સને ઓળંગી જશે.

# કોમન એમેનિટીઝ માટે એડવાન્સ બુકિંગની સુવિધા



કો-વર્કિંગ સ્પેસમાં અનેક કંપનીઓ એક સાથે કામ કરતી હોય છે. આથી કોન્ફરન્સ રૂમ કે અન્ય કોમન એમેનિટિઝના ઉપયોગમાં તકરાર થવાની પણ શક્યતા રહે છે. આ તકરાર ટાળવા માટે મોટા ભાગની કો-વર્કિંગ સ્પેસે પોતાની એપ્સ ડેવલપ કરી છે. આ એપના ઉપયોગથી યુઝર્સ કોન્ફરન્સ રૂમ કે કોમન એમેનિટિઝ એડવાન્સમાં બુક કરાવી શકે છે, અથવા સર્વિસ અંગે ફરિયાદ પણ નોંધાવી શકે છે. દરેક યુઝરને દર મહિને એમેનિટીઝ યુઝ કરવા ક્રેડિટ્સ આપવામાં આવે છે. દાખલા તરીકે, એક યુઝર પાસે બે ક્રેડિટ હોય તો તે મહિનામાં બે કલાક માટે કોન્ફરન્સ રૂમનો ઉપયોગ કરી શકે છે. તેનાથી વધુ સમય માટે તેમણે એક્સ્ટ્રા ક્રેડિટ ખરીદવી પડે છે. યુઝરને કોઈ ફેસિલીટી કે સર્વિસ અંગે ફરિયાદ હોય તો તે એપ્સના માધ્યમથી મેનેજમેન્ટને જાણ કરી શકે છે અને ત્વરિત ઉકેલ મેળવી શકે છે.

# નાના શહેરમાં ઑફિસ ચાલુ કરવા માટે શ્રેષ્ઠ વિકલ્પ

ભારતમાં અનેક કંપનીઓ એવી છે જેમની હેડ ઓફિસ મુંબઈ, દિલ્હી, હૈદ્રાબાદ કે બેંગ્લોરમાં હોય છે. કોરોના પછી કંપનીઓ અમદાવાદ-પુણે જેવા ટિયર-ટુ શહેરમાં પણ ઓફિસ રાખવાનું પસંદ કરતી થઈ છે. આવી કંપનીઓને સાવ નાની ટીમ કે નજીવા રોકાણ સાથે નવા શહેરમાં કંપની શરૂ કરવી હોય તો કો-વર્કિંગ સ્પેસ તેમના માટે આદર્શ છે. આવી કંપનીઓ ક્ષિતિજો વિસ્તરતી દેખાય તો પછી ટીમ સાઈઝ વધારીને કો-વર્કિંગ સ્પેસમાં વધુ જગ્યા લઈ શકે છે. એથી વિપરિત, કંપનીને નવા શહેરના માર્કેટમાં ધારી સફળતા ન મળે કે ઉદ્દેશ સર ન થાય તેવા સંજોગોમાં કો-વર્કિંગ સ્પેસમાંથી વાવટો સંકેલી લેવો પણ તેમના માટે ખૂબ આસાન બની જાય છે.



# બહારની કંપનીઓનું ગુજરાતમાં ઈન્વેસ્ટમેન્ટ વધતા કો-વર્કિંગ સ્પેસનું ચલણ વધશે


ફોટોગ્રાફ સૌજન્ય : પેરેગ્રાફ


**ભરત ગઢિયા, પ્રમોટર**
શ્રીનાથજી બિલ્ડકોન

શ્રીનાથજી બિલ્ડકોનના પ્રમોટર ભરત ગઢિયાના મતે ગુજરાતમાં બહારની કંપનીઓના ઈન્વેસ્ટમેન્ટ વધવાને પગલે કો-વર્કિંગ સ્પેસની ડિમાન્ડમાં હજુ વધારો થવાની શક્યતા રહેલી છે. તેઓ જણાવે છે, "હાલ પણ કો-વર્કિંગ સ્પેસની ડિમાન્ડ ખૂબ સારી છે. મોટા ભાગની કો-વર્કિંગ સ્પેસ 90 ટકાથી વધારે ફૂલ છે. પ્રોજેક્ટ આધારિત અથવા અનેક સ્તર પર કામ કરતી કંપનીઓ માટે કો-વર્કિંગ સ્પેસ અનુકૂળતાભર્યો વિકલ્પ છે. આવા સંજોગોમાં તેમણે અમુક વર્ષ કે મહિના માટે જ જે-તે જગ્યાએ ઓફિસની જરૂર પડે છે. કો-વર્કિંગમાં રેડીમેઈડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મળી જતા લોકો હવે ઓફિસ ભાડે લેવાનું કે ખરીદવાનું પસંદ કરતા નથી. કો-વર્કિંગમાં તો કોઈ નવી કંપનીને તાત્કાલિક 100 કર્મચારીઓની ટીમ બેસાડવી હોય તો તે પણ શક્ય બને છે. હાલ અમદાવાદમાં કો-વર્કિંગમાં અંદાજે 12000થી 16000 સીટ છે. આગામી સમયમાં આ આંક 50,000ને વટી જાય તો નવાઈ નહિ."

## કો-વર્કિંગ સ્પેસની લોકપ્રિયતાના કારણો

**બિઝનેસની શરૂઆતમાં રિયલ એસ્ટેટમાં મોટું રોકાણ કરવું નથી પડતું.**





**જગ્યા ભાડે કે લીઝ પર લેવાની ઝંઝટ અને ડોક્યુમેન્ટેશનથી છૂટકારો મળે છે.**

**ટીમની જેટલી સાઈઝ હોય તેટલી જ જગ્યાના રૂપિયા ચૂકવવા પડે છે.**





**ઓફિસના ઈન્ટિરિયર પાછળ કરવો પડતો ઘણો મોટો ખર્ચ બચી જાય છે.**

**સ્ટાફની સંખ્યામાં વધારો કે ઘટાડો થાય તો તે મુજબ કો-વર્કિંગ સ્પેસમાં જ વધારે કે ઓછી જગ્યા લઈ શકાય છે.**





**પ્રોડક્ટ લોન્ચ, સેમિનાર વગેરે માટે ફાઈવ સ્ટાર હોટેલ્સમાં અલગથી કોન્ફરન્સ રૂમ બુક કરાવવાની જરૂર નથી.**

**વાજબી દરે અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર યુઝ કરવા મળે છે.**





**હાઉસકીપીંગ, મેઈન્ટેનન્સ, પ્લમ્બિંગ વગેરે બાબતોની જવાબદારી લેવી નથી પડતી.**




# નવી ફોરેન ટ્રેડ પોલીસી પછી બે લાખ કરોડ ડૉલરની નિકાસનું ટાર્ગેટ પાર પડશે?

ભારત સરકારે નવી ફોરેન ટ્રેડ પોલીસીની જાહેરાત કરી છે. ફોરેન ટ્રેડ પોલીસીમાં જ્યારે જરૂર પડે ત્યારે ફેરફાર કરવાની વ્યવસ્થા રાખવામાં આવી છે. અગાઉ વર્ષો વર્ષ સુધી પોલિસીમાં ફેરફાર કરાતા નહતા. હવે આ ઓપન-એન્ડેડ પોલિસીમાં સરકાર ઈચ્છે ત્યારે ફેરફાર કરી શકશે.

ગુજરાત ચેમ્બરના ઈન્ટરનેશનલ ટાસ્કફોર્સના ચેરમેન સમીર શાહ કહે છે, "પહેલા થતું હતું તેમ પાંચ વર્ષ પછી ફોરેન ટ્રેડ પોલીસી બદલાઈ જતી હતી તેવું આ વખતે કરવામાં આવ્યું નથી. આ વખતે ફોરેન ટ્રેડ પોલીસી ઓપન એન્ડેડ રાખી છે. તેનો અર્થ એ થયો કે પાંચ વર્ષ પછી આ પોલીસી બદલાઈ જવાની નથી, પોલીસીનો અમલ ચાલુ જ રહેશે. પોલીસી ચાલુ રહેવાની માનસિક અસર એટલ કે સેન્સ ઓફ કન્ટીન્યુઈટીની માનસિકતા આયાત-નિકાસકારોનો વિશ્વાસ વધારનાર સાબિત થશે."

iiiEM Global Edutech Pvt. Ltd.ના વાઈસ પ્રેસિડન્ટ આ વાતને સમર્થન આપતા કહે છે, "નવી જાહેર કરેલી ફોરેન ટ્રેડ પોલીસીમાં સનસેટ ડેટ એટલે કે અમલની છેલ્લી તારીખ જાહેર કરી નથી. તેમાં સમયાંતરે



**સમીર શાહ, ચેરમેન**
ઇન્ટરનેશનલ ટાસ્કફોર્સ, GCCI

ફેરફાર કરવાનો રસ્તો સરકારે ખુલ્લો રાખ્યો છે." પેન્ડેમિકને કારણે ઉદ્યોગોને નવી ફોરેન ટ્રેડ પોલીસી માટે લાંબી રાહ જોવી પડી હતી. જો કે આ વખતની પોલીસી ખૂબ જ મહત્વાકાંક્ષી બનાવવામાં આવી છે. 31મી માર્ચે સાંજે પોલીસીની જાહેરાત પછી પહેલી એપ્રિલ 2023થી તેના અમલની શરૂઆત થઈ ગઈ છે. આયાત-નિકાસકારોની જરૂરિયાત પ્રમાણે વચ્ચે ફોરેન ટ્રેડ પોલીસીમાં ફેરફાર પણ કરવામાં આવી શકે છે. તેમાં નિકાસને પ્રોત્સાહન મળે તેવા ફેરફારો જ બહુધા આવવાની શક્યતા રહેલી છે.

### FTPમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ પર ફોકસઃ

ઈઝ ઓફ ડુઈંગ પર FTP-ફોરેન ટ્રેડ પોલીસીમાં ફોકસ કરવામાં આવ્યું છે. ઉદાહરણ આપીને વાત કરીએ. નાના નિકાસકારોને નિકાસ કે આયાત માટેના ફોર્મ ભરવામાં ખાસ્સા અવરોધો આવતા હતા. આ અવરોધો FTPના માધ્યમથી દૂર કરી દીધા છે. તેમણે ટેક્નોલોજી પર ભાર મૂક્યો છે. ટેક્નોલોજીને કારણે આયાત-નિકાસ માટેની પ્રોસિજર માટેના ફોર્મમાં ખોટું કે અધુરું સબમિશન કરવામાં આવે તો તે ફોર્મ સ્વીકાર્ય બનતા જ નથી. તેથી કોમ્પ્લાયન્સ આપોઆપ જ વધશે. ફોર્મ સ્વીકારી લેવામાં આવે એટલે ખાતરી થઈ જાય છે કે ફોર્મમાં ખોટી વિગતો ભરાઈ નથી. કંઈ ભરવાનુ રહી ગયું નથી. તેથી ક્વેરી ઓછી આવે અને તેને માટેની પ્રક્રિયાનો સમય ઓછો થઈ જશે. ટેક્નોલોજીને કારણે ફોર્મના સબમિશન સવારે 10થી સાંજના 6 વાગ્યા વચ્ચે જ થઈ શકતા હતા તે હવે 24x7 થઈ શકશે. આ પગલું લઈને સરકારે કસ્ટમ્સ હાઉસ એજન્ટ્સ-CHAના રોલને પણ સીમિત કરવાનો પ્રયાસ કર્યો છે. સરકાર નિકાસને લગતી તમામ પ્રક્રિયાને ડિજિટલ પ્લેટફોર્મ પર લઈ જઈ

## ગુજરાત રાજ્યના 33 જિલ્લાની માફક દેશના 600થી વધુ જિલ્લાના સ્પેશિયાલિટી પ્રોડક્ટ્સની નિકાસ વધારવા પર ફોકસ કરવામાં આવશે

રહી છે. ગયા વર્ષથી જ આ સર્ટિફિકેટ્સ ઓફ ઓરિજિન ઓનલાઈન મળી જાય તેવી વ્યવસ્થા ચાલુ કરી દેવામાં આવી છે. તેના માટે ચેમ્બર ઓફ કોમર્સમાં પણ જવાની જરૂર પડે તેમ નથી. આઈસગેટ નામના પોર્ટલ પર બધી જ સુવિધા મળી જાય તેમ છે. DGFTની આઈસગેટની વેબસાઈટ પર ડ્યૂટી ડ્રોબેકના, IGSTના લેણાની વિગતો તેના પરથી મળી જ જાય છે. રોડટેપના લાભ કેટલા મળવા પાત્ર છે, રોડટેપનો કેટલો લાભ મળ્યો છે અને તેની સ્ક્રિપ ક્યાં વેચી શકાય છે તેની બધી જ માહિતી તેના પર મળી રહે છે.

**સ્ટાર રેટિંગની રકમ ઘટાડી દેવાઈ:**

આ સાથે જ સેલ્ફ સર્ટિફિકેશનની વ્યવસ્થા પણ કરી છે. એક્સપોર્ટ ઇમ્પોર્ટના કામકાજના જથ્થા અને ક્વોલિટી કમ્પ્લાયન્સ કરનારાઓને સ્ટાર એક્સપોર્ટર્સને સ્ટેટસ આપવામાં આવે છે. આ સ્ટાર રેટિંગની રકમ નવી FTPમાં ઘટાડી દેવામાં આવી છે. પહેલા ફાઈવ કે થ્રી સ્ટાર એક્સપોર્ટ હાઉસનું રેટિંગ 1200 કરોડના ટર્નઓવર પર મળતું હતું તે સ્ટાર રેટિંગ હવે રૂ. 800 કરોડના ટર્નઓવર પર મળી જશે. દરેક કેટેગરીમાં ટર્નઓવરની રિક્વાયરમેન્ટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. તેથી સ્ટાર રેટિંગ મેળવનારા વધી જશે. કોમ્પ્લાયન્ટ કરનારા વધારે થશે તેથી કામમાં સરળતા વધી જશે. તેથી આ કેટેગરીમાં આવેલા લોકોની સંખ્યા વધી જશે. તેમ જ સ્ટાર રેટિંગ કરનારાઓ વધુ આસાનીથી આયાત-નિકાસના ફોર્મ ભરવાની ઓનલાઈન પ્રોસિજર કરી શકશે. તેની સાથે જ ચાર શહેરોની સ્પેશિયાલિટી પર ફોકસ કરીને તેની નિકાસ વધારવાનું આયોજન કરવામાં આવ્યું છે.

**નિકાસના કન્સાઈન્મેન્ટ માટેની ફીમાં મોટી રાહત:**

અમદાવાદના વટવા GIDCની નોવેલ સ્પેન્ટ એસિડના ચેરમેન ભૂપેન્દ્ર પટેલનુ કહેવું છે, “નવી ફોરેન ટ્રેડ પોલીસીમાં સિસ્ટમ આધારિત એપ્લિકેશન કરીને એડવાન્સ ઓથોરાઈઝેશન એક જ દિવસમાં આપી દેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. અગાઉ આ પ્રક્રિયા થતાં સાત દિવસ લાગી જતાં હતા. આ જ રીતે EPCG માટેની પ્રક્રિયા પૂરી કરવામાં ત્રણથી સાત દિવસ લાગતા હતા તે એક જ દિવસમાં પૂરી કરી દેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ જ રીતે ઓથોરાઈઝેશનને રીવેલિડેટ કરાવવામાં અને એક્સપોર્ટના ઓબ્લિગેશન પૂરા કરવા માટેના સમયગાળાને લંબાવી આપવાની અરજીના નિકાસમાં ત્રણ દિવસથી એક મહિના સુધીનો સમય લાગી જતો હતો તે હવે માત્ર એક જ દિવસમાં પૂરો થઈ જશે.” તેની સાથે જ એડવાન્સ ઓથોરાઈઝેશન માટેની ફી પણ ઘટાડી દેવામાં આવી છે. એક કરોડની મૂલ્યની CIF વેલ્યુના નિકાસના કન્સાઈનમેન્ટ માટે આ ફી NON MSME માટે રૂ. 1000ની CIF વેલ્યુ પર રૂ.1 અને MSME માટે રૂ. 100 કરવામાં આવી છે. રૂ. 1થી 100 કરોડના નિકાસના કન્સાઈમેન્ટ માટે NON MSME માટે આ ફી ઘટાડીને રૂ.1000 ઉપર રૂ. 1 અને MSME માટે રૂ. 5000 કરી દેવામાં આવી છે. રૂ. 10 કરોડથી વધુના મૂલ્યની નિકાસના કન્સાઈનમેન્ટ માટે NON MSME મહત્તમ રૂ. 1 લાખ અને MSMEએ રૂ. 5000 ભરવા પડશે. આ મોટી રાહત આપી છે.

**SCOMETના નિયંત્રણો હળવા કરાયા**

SCOMET એટલે કે સ્પેશિયલ કેમિકલ્સ, ઓર્ગેનિઝમ્સ, મટિરિયલ, ઇક્વિપમેન્ટ અને

## ટેક્સટાઈલની નિકાસ પણ વધી શકશે

FTAના માધ્યમથી ડેરી પેદાશોની અને ટેક્સટાઈલની નિકાસ વધારવા માટે પણ સરકાર મક્કમ છે. એલબી ટેક્સના ડિરેક્ટર-પ્રમોટર રાહુલ  શાહનું કહેવું છે કે, "નવી ફોરેન ટ્રેડ પોલીસીના માધ્યમથી ટેક્સટાઈલની નિકાસ વધારવા માટે 31મી માર્ચ 2023ના પૂરી થતી એક્સપોર્ટ પ્રમોશન ઓફ કેપિટલ ગુડ્સની સ્કીમની મુદતને બે વર્ષ માટે લંબાવી આપવામાં આવી છે. ટેક્સટાઈલ સેક્ટરનો આ સ્કીમમાં ખાસ સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રાઈમ મિનિસ્ટર મેગા ઇન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ રિજ્યન એન્ટ એપરેલ પાર્ક-પીએમ મિત્રનો તેમાં ખાસ સમાવેશ કરી લાભ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઈપીસીસી હેઠળ ટેક્સટાઈલ માટેની મશીનરી ઝીરો ડ્યૂટી ચૂકવીને આયાત કરી શકાશે. આ આયાત કરનારની ડ્યૂટીની જેટલી બચત થશે તેના છ ગણા મૂલ્યની ટેક્સટાઈલની નિકાસ આગામી છ વર્ષમાં કરી આપવાનો નિયમ કરવામાં આવેલો છે. તેનાથી ટેક્સટાઈલની આધુનિક મશીનરી ભારતમાં આવશે અને નિકાસમાં વધારો પણ થશે." તેની સાથે જ ટેક્સટાઈલ સહિતની ઉત્પાદનો તૈયાર કરવા માટે કાચો માલ લેવા માટે સ્થાનિક બજારમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ સહિત ચૂકવેલા તમામ ટેક્સની રકમ રોડટેપની સ્કીમના માધ્યમથી નિકાસકારોને પરત આપી દેવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રોડટેપના લાભ માત્ર ટેક્સટાઈલને જ નહિ, તમામ સેક્ટરમાંથી નિકાસ કરનારાઓને આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિકાસકારોને માટે બહુ મોટી જાહેરાત છે. રોડટેપના લાભ સરકાર સ્ક્રિપના સ્વરૂપમાં આપે છે. આ સ્ક્રિપ ટ્રેડેબલ એટલે કે બજારમાં વેચીને તેનું મૂલ્ય ઉપજાવી પણ શકાય છે.



ટેક્નોલોજીનો ઉપયોગ કરવા પર ફોરેન ટ્રેડ પોલીસી હેઠળ અંકુશ હતો. આ વસ્તુઓનો બે હેતુ માટે ઉપયોગ કરી શકાતો નહોતો. હવે મિલેટરી અને નોન મિલેટરી બંને હેતુ માટે તેનો ઉપયોગ કરવા દેવાની નવી FTP હેઠળ છૂટ આપી દેવામાં આવી છે. SCOMETમાં ન્યુક્લિયર મટિરિયલ, ઈક્વિપમેન્ટ, ટેક્નોલોજી, ટોક્સિક કેમિકલ એજન્ટ્સ, માઈક્રો ઓર્ગેનિઝમ અને વિષારી ઘટાડો, મટિરિયલ પ્રોસેસ કરવા માટેના ઉપકરણો અને ટેકનોલોજી, ન્યુક્લિયર ટેક્નોલોજીના ઉપકરણો, ટેસ્ટિંગ માટેના મટિરિયલ્સ, કોમ્પ્યુટર્સ, ઈલેક્ટ્રોનિક્સ આઈટમ્સ, ઈન્ફોર્મેશન ટેકનોલોજીની નિકાસ માટે ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન્ટ ટ્રેડ પાસેથી લાઈસન્સ મેળવવાની પ્રક્રિયા કરવી પડતી હતી. હવે તેમાં રાહત કરી આપવામાં આવી છે. નોવેલ સ્પેન્ટના ચેરમેન ભૂપેન્દ્ર પટેલનું કહેવુ છે, "સ્કોમેટની અલગ પોલીસી હતી, હવે તેનો ફોરેન ટ્રેડ પોલીસીમાં સમાવેશ કરી લેવામાં આવ્યો છે. વિશેષ કોઈ ફેરફાર કરાયા નથી."

**એક્સપોર્ટ વધારવા પર સેમ્પલ મોકલવાની મર્યાદા હટાવી**

એક્સપોર્ટ વધારવા માટે મોકલવામાં આવતા સેમ્પલ્સની મર્યાદા હતી. પહેલા વરસે રૂ. બે લાખ કે તેનાથી વધુ મૂલ્યના સેમ્પલ્સ મોકલી શકાતા નહોતા. હવે આ મર્યાદા હટાવી લેવામાં આવી છે. કસ્ટમ્સ અને રિઝર્વ બેન્કમાંથી આવતા વાંધા પણ હટાવી દેવાયા છે. વર્ષ દરમિયાન વધુમાં વધુ ગમે તેટલા મૂલ્યના સેમ્પલ્સ મોકલી શકાશે. તેનાથી એક્સપોર્ટ બિઝનેસ જનરેટ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે જ 24X7ની હેલ્પલાઈન ઊભી કરી છે. આ જ રીતે મેન્ટરિંગ અને સ્કિલિંગ પર ફોકસ કરવામાં આવ્યું છે. ઉદાહરણ આપીને વાત કરીએ તો એક્સપોર્ટના સ્ટેટસ હોલ્ડર એટલે કે થ્રી કે ફાઈવ સ્ટાર સ્ટેટસ હોલ્ડર સ્કિલિંગ અને મેન્ટરિંગનું કામ કરી શકશે. એપરન્ટિસની કે ટ્રેનિંગ માટે લેવાનારા માણસોની નિમણૂક કરીને તૈયાર કરવાની છૂટ આપવામાં આવી છે.

**મેનપાવરની અછત હળવી થવાની સંભાવના:**

ટ્રેનિંગ મેન્ટરિંગમાં તેમણે નિયુક્ત કરેલા કર્મચારીની નિમણૂક કરીને તેમને એક કે બે વર્ષ માટે તેના PF-પ્રોવિડન્ટ ફંડ, ESI-એમ્પ્લોયી સ્ટેટ ઈન્સ્યોરન્સના પૈસા ભરવાની જવાબદારીમાંથી મુક્તિ આપી દેવામાં આવી છે. આમ તેને તૈયાર કરવા માટે કરવો પડનારો ખર્ચ ઓછો થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. એપરન્ટિસ તરીકે લેવામાં આવતા છોકરાઓમાંથી 90 ટકા છોકરાઓ જોબમાં એબસોર્બ થઈ જાય છે. બીજું, નવી પોલીસીમાં મિનિમમ વેજના 75

# ડેરી ઉદ્યોગની નિકાસ
# કરીએ તો પશુપાલકો

નવી ફોરેન ટ્રેડ પોલીસીના માધ્યમથી ડેરી ઉત્પાદનોની નિકાસ કરવા પર પણ ભારત સરકાર ફોકસ કરી રહી છે. તેનાથી ભારતના ડેરી ઉદ્યોગને ખાસ્સો લાભ થશે. ડેરી ઉદ્યોગને તો આયાતમાં ડ્યૂટીમાં મળતી રાહતના પ્રમાણમાં ફરજિયાત નિકાસ કરવાના બંધનમાંથી મુક્તિ કે રાહત આપવામાં આવી છે. ઇન્ડિયન ડેરી એસોસિયેસનના પ્રમુખ આર.એસ. સોઢીનું કહેવું છે, "વિશ્વમાં દૂધનું ઉત્પાદન અંદાજે 9 કરોડ મેટ્રીક ટનનું છે. તેમાં ભારતનો અત્યારે 2.2 કરોડ મેટ્રિક ટનનું ઉત્પાદન કરે છે વિશ્વ બજારમાં દૂધ અને દૂધની બનાવટોની નિકાસમાં ભારતનો હિસ્સો માત્ર 2000થી 5000 કરોડનો છે, જે નગણ્ય છે. બીજીતરફ ભારતમાં દૂધનું ઉત્પાદન વધી રહ્યું છે. ભારતમાં આજે 2.22 કરોડ મેટ્રિક ટન દૂધનું ઉત્પાદન થાય છે. 1997માં ભારતનું દૂધનું ઉત્પાદન 71 લાખ મેટ્રિક ટન હતું. 1972માં ભારતમાં દૂધનું ઉત્પાદન માત્ર 24 લાખ મેટ્રિક ટનનું હતું. આમ દર 25 વર્ષે ભારતમાં દૂધનું ઉત્પાદન ત્રણ ગણું થાય છે. તેને આધારે જ ત્રિરાશી માંડીએ તો 2047માં ભારતનું દૂધનું ઉત્પાદન વધીને 6.28 કરોડ મેટ્રીક ટનનું થઈ જવાનો અંદાજ મૂકવામાં આવે છે. તેની સામે ભારતની દૂધનો વપરાશ 5,20 કરોડ મેટ્રિક ટન પર પહોંચશે. આમ આપણે ત્યાં 1,08 કરોડ મેટ્રિક ટન દૂધનું વધારાનું ઉત્પાદન થશે. હવે આપણે તેની નિકાસ ન કરીએ તો પશુપાલકોને દૂધના મળતા ભાવ ઘટી જશે. તેમ થાય તો પશુપાલકો રોજી અને આવક ગુમાવશે અને પશુપાલન કરવાનું આકર્ષણ ઓછું થઈ જવાની સંભાવના છે. તેથી જ ફોરેન ટ્રેડ પોલીસીમાં ડેરી પ્રોડક્ટ્સની નિકાસ પર ફોકસ કરવા જણાવવામાં આવ્યું છે અને ફોરેન ટ્રેડ પોલીસીમાં ડેરી

**શ્રીલંકા, બાંગલાદેશ ચીન તથા રશિયા સહિતના દેશો ડેરી પ્રોડક્ટ્સની આયાત પર જ વધુ નિર્ભર**

પ્રોડક્ટ્સ માટે એ
ઉત્પાદનોની નિક
પ્રોડક્ટ્સ તૈયાર
દેશોની પ્રોડક્ટ ક
બ્રાન્ડને વધુ સંગી

સહિતના દેશો ઇ
એટલે કે ન્યૂઝીલે
ભારત જ દૂધ અ
સોઢીનું કહેવું છે
આગામી 25 વર્ષ
સુધી લઈ જવી પ
વધારવા પર ફોક
તો વિશ્વ સમગ્રન
બની શકે તેમ છે



# માં વધારો ન
# મુશ્કેલીમાં

ક્સપોર્ટ ઓબ્લિગેશન મૂકવામાં આવ્યા છે. તેને કારણે ડેરી
ાસ વધશે." હા, ડેરી પ્રોડક્ટ્સની નિકાસ વધારવા ક્વોલિટી
 કરવા પડશે. પ્રોડક્ટ્સની ક્વોલિટીને વિશ્વના વિકસિત
ક્વોલિટીની બરોબરીએ લાવવી પડશે. મેક ઇન ઇન્ડિયાની
 ન બનાવવી પડશે. ક્વોલિટીમાં સુધારો નહિ કરવામાં આવે તો ભારતના પ્રોડક્ટ્સ દુનિયાના બજારમાં વેચાશે જ નહિ. તેમ નહિ થાય તો ભારતના સૌથી મોટા દૂધ ઉત્પાદક રાજ્ય ગુજરાતને જ સૌથી મોટું નુકસાન થશે. તેની સાથે પ્રોડક્શન કોસ્ટ નીચે લાવવા પ્રયાસ કરવો પડશે. પશુદીઠ દૂધ ઉત્પાદનને ઊંચું લઈ જવાય તો કોસ્ટ ઓફ પ્રોડક્શન નીચે આવશે. તેમ થાય તો વિશ્વ બજારમાં આપણે વધુ સ્પર્ધાત્મક બની શકીશું. ભારત પાસે પાડોશી દેશોમાં જ દૂધ અને ડેરી પ્રોડક્ટ્સનું મોટું બજાર મોજૂદ છે. બાંગલાદેશ, શ્રીલંકા, મધ્ય પૂર્વના દેશો, ચીન અને રશિયા
મ્પોર્ટ ડિપેન્ડન્ટ છે. તેઓ અમેરિકા કે યુરોપના દેશમાંથી
ન્ડ અને ઓસ્ટ્રેલિયાથી ડેરી ઉત્પાદનોની આયાત કરે છે.
અને ડેરી ઉત્પાદનોનો મોટો ઉત્પાદક દેશ છે. આર.એસ.
કે, "ડેરી ઉધાગને ટકાવી રાખવા માટે પણ આજની કિંમતે
સુધીમાં ડેરી પ્રોડક્ટ્સની નિકાસ વધારીને રૂ. 4 લાખ કરોડ
 ડશે. ઘી, ચીઝ, મીઠાઈ, મિલ્ક પાવડર, બટરની નિકાસ
સ કરી શકાય છે. ભારત ક્વોલિટી સુધારીને નિકાસ કરશે
ી દૂધ અને દૂધની બનાવટોની નિકાસ કરવા સમર્થ ડેરી
."





# ફોરેન ટ્રેડ પોલીસીમાં શું ખૂટે છે?

### પોલિસીના સજ્જડ અમલ માટે શું કરી શકાય?

આ પ્રકારના કિસ્સાઓ બનતા અટકાવવા સમગ્ર નેટવર્કને વધુ સંગીન બનાવવું જરૂરી છે. આયાતનિકાસ કરનારાઓ લેભાગુ ન નીકળે તે માટે એસોસિયેશનમાં કે સરકારમાં તેમના રજિસ્ટ્રેશનને ફરજિયાત બનાવવું જરૂરી છે. તેમ ન થાય તો કન્સાઈનમેન્ટ મળ્યા હોવાની ઘટનાઓ પણ બને છે. તેમ જ લેભાગુ એજન્ટ્સથી છૂટકારો મળી જશે. વિવાદો અને વિખવાદો ઘટશે અથવા તો તેનું નિરાકરણ લાવવાના વધુ રસ્તાઓ ખૂલી જશે. બીજું, કોઈપણ વસ્તુની નિકાસ કરવી હોય તો તેની નિકાસની ક્વોલિટીના સ્ટાન્ડર્ડની માહિતી મળી જવી જોઈએ. સિંગલ વિન્ડો ફોર એસપીએસ-સેનેટરી અને ફાઈટો સેનેટરી એટલે કે ખરાબ, જંતુમુક્ત અને સડેલી ન હોવાનું પ્રમાણિત કરી આપવાની માહિતી અને મંજૂરી આપવાની વ્યવસ્થા એક જ જગ્યાએ હોવી જરૂરી છે. ટીબીટી-ટેકનિકલ બેરિયર ફોર ટ્રેડ (ચોક્કસ પ્રકારના શેપ્સ અને ડિઝાઈન જ હોવા જરૂરી વ્યવસ્થા)ના નિકાલની વ્યવસ્થા હોવી પણ જરૂરી છે. અમુક દેશમાં ચોક્કસ શેપ્સ અને ડિઝાઈનની વસ્તુઓની નિકાસની છૂટ મળતી નથી. આ પ્રકારના બેરિયર કે સ્ટાન્ડર્ડ ન નડી જાય તેવી વ્યવસ્થા કરવી જરૂરી છે. વિમલના ગુટકા ભારતમાં વેચાય છે અને વિદેશમાં વેચાય છે તેમાં જમીન આસમાનનો તફાવત છે. ભારતના લોકો માટે અને વિદેશના લોકો માટે મોકલવાની કેરી અલગ કેમ હોવી જોઈએ. દરેકને માટે એક જ સ્ટાન્ડર્ડના પ્રોડક્ટ્સ મળે તેવી વ્યવસ્થા કરવી જરૂરી છે.

બીજું, મોટી વસ્તુઓના ક્વોલિટીના સ્ટાન્ડર્ડ છે. નાની નાની ક્વોલિટીના સ્ટાન્ડર્ડ હજી નક્કી કરવામાં આવ્યા નથી. એક્સપોર્ટ ઇન્સ્પેક્શન કાઉન્સિલ તેની ભૂમિકા વધુ સંગીન રીતે ભજવે તે માટે તેને વધુને વધુ સ્ટ્રોન્ગ બનાવવા જરૂરી છે. ખાદ્ય સામગ્રીઓનું ઇન્સ્પેક્શન ન થાય તો તે અન્ય દેશોમાં ખરીદાતી નથી તેથી તેનું ઇન્સ્પેક્શન કરવામાં આવે છે. આ જ રીતે દરેક વસ્તુઓના ઇન્સ્પેક્શન થવા જરૂરી છે. ઈ-કોમર્સમાં પણ ગુણવત્તાનું ધોરણે જળવાય તો તેના થકી પણ નિકાસ વધી શકે છે. તેમાં પણ ક્વોલિટી આવી જાય તે જરૂરી છે. તેના પણ ક્વોલિટી સ્ટાન્ડર્ડ ફિક્સ થઈ જવા જરૂરી છે.

**સરકાર ફેસલેસ અને ડિજિટલ પ્લેટફોર્મ બનાવવા માગે છે તેને ખૂબ જ મજબૂત કરવાની જરૂર છે**

**એક્ઝિમ ટ્રેડ માટેનું સરકારનું પોર્ટલ ગમે ત્યારે ચાલે અને ગમે ત્યારે અટકી જાય તેવું બને છે**

# નિકાસ બે લાખ કરોડ ડૉલરને આંબી શકે:

31મી માર્ચ 2023ના રોજ નવી ફોરેન ટ્રેડ પોલીસીની જાહેરાત કરતા કેન્દ્રના વાણિજ્ય મંત્રી પિયૂષ ગોયલે જણાવ્યું કે, "નવી પોલીસી મારફતે સરકારે 2020 સુધીમાં 2 લાખ કરોડ ડોલર સુધી ભારતની નિકાસને લઈ જવાનું ટાર્ગેટ રાખ્યું છે. IiiEM ગ્લોબલ એજ્યુટેક પ્રા.લિ.ના વાઈસ પ્રેસિડન્ટ કહે છે, "બે ટ્રીલિયન યુએસ ડોલરના ટાર્ગેટ સુધી પહોંચવાની નેમ સાથે આપણે નવી મહત્વાકાંક્ષી ફોરેન ટ્રેડ પોલીસી જાહેર કરી છે."




સમીર શાહ પણ માને છે, "બે લાખ કરોડ ડોલરના એક્સપોર્ટના ટાર્ગેટને એચિવ કરવો શક્ય છે. કારણ કે ભારતના મેન્યુફેક્ચરર્સની વધી રહેલી ક્ષમતાને કારણે તેમને બીજું નવું માર્કેટ શોધવું જરૂરી જણાઈ રહ્યું છે. ભારતનું માર્કેટ હવે તેમને વધુ બિઝનેસ આપી શકે તેમ નથી. તેથી જ સરકારે પણ સેમ્પલ્સ મોકલવાની મર્યાદા હટાવીને તેમને નિકાસનો નવો બિઝનેસ મેળવવા સંઘર્ષ કરીને આગળ વધવાનો રસ્તો ખોલી આપ્યો છે. બીજી તરફ વિદેશના આયાતકારોને ભારતના નિકાસકારો સાથે બિઝનેસ કરવામાં રસ વધી ગયો છે. વિદેશના નિકાસકારોને પણ ભારત સાથે વેપાર કરવામાં રસ વધી ગયો છે. છેલ્લા દસ વર્ષમાં ભારતનું ગ્લોબલ પોઝિશનિંગ બહુ જ સારી રીતે કેન્દ્ર સરકારે કર્યું છે. તેથી વિશ્વના દેશોમાંની ભારતની ઇમેજ પર મોટો ફરક આવી ગયો છે. દરેક દેશને ભારત સાથે વેપાર કરવામાં રસ છે. પરિણામે બે લાખ કરોડનો ડોલરની નિકાસ કરવાની શક્યતા વધારે છે."

ટકા પગાર આપવાની છૂટ આપવામાં આવી છે. તેનાથી પણ મેનપાવરની અછત ઓછી થશે. નવા સ્કિલ્ડ મેનપાવર તૈયાર થશે. આમ રોજગારી વધારવાનો પણ રસ્તો ખોલ્યો છે.

**ઉદ્યોગોને જુદી જુદી ઓથોરિટી પાછળ ભાગવું નહિ પડે:**

નાના અને મધ્યમ ઉદ્યોગો માટે નવી FTP હેઠળ અલગ ડેસ્ક તૈયાર કરવામાં આવ્યું છે. આયાત અને નિકાસની કામગીરી પર દેખરેખ રાખવા ચાર ઓથોરિટી છે. આ ચાર ઓથોરિટીમાં કસ્ટમ્સ કચેરી, રિઝર્વ બેન્ક, ફોરેન ટ્રેડ પોલીસી, ફૂડ હોય તો FASSI અને અનિમલ હોય તો એનિમલ ક્વોરન્ટાઈન, પ્લાન્ટ ક્વોરન્ટાઈન જેવી ઓથોરિટીનો સમાવેશ થાય છે. આ પ્રકારની કુલ 74 પાર્ટિસિપેટિંગ ગવર્મેન્ટ ઓથોરિટી ભારતમાં છે. દરેક પ્રોડક્ટ માટે જુદી જુદી ઓથોરિટીની મંજૂરી લેવા માટે દોડવું પડતું હતું, નવી ફોરેન ટ્રેડ પોલીસીમાં કસ્ટમ્સમાં અરજી ગયા પછી કસ્ટમ્સ જ આ એજન્સીઓ પાસેથી મંજૂરી મેળવી લેશે. જે જુદી જુદી કોમોડિટીની આયાત નિકાસને મોનિટર કરે છે. કસ્ટમ્સમાં રજૂઆત કર્યા પછી બાકીની એજન્સીઓની મંજૂરી લેવાની કામગરી કસ્ટમ્સના અધિકારીઓ જ કરી લેશે.

**ફાસ્ટ ટ્રેક મંજૂરી મળશે:**

MSME એકમોને જોઈતી દરેક મંજૂરી ફાસ્ટટ્રેકની સિસ્ટમમાં આપવામાં આવશે. નિકાસ કરવા માટે આ તમામની મંજૂરી જરૂરી છે. નાના અને મધ્યમ ઉદ્યોગ માટે એક જ અરજી કર્યા પછી તમામ ઓથોરિટીની મંજૂરી કસ્ટમ્સ તરફથી જ મેળવી લેવામાં આવશે. નાના અને મધ્યમ ઉદ્યોગોની નિકાસ માટેની અરજીને ફાસ્ટટ્રેક



**ભૂપેન્દ્ર પટેલ, ચેરમેન**
નોવેલ સ્પેન્ટ એસિડ

એપ્રુવલ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભારતમાં લાર્જ એન્ટર પ્રાઈસ પાંચ પચાસ છે. પરંતુ નાના અને મધ્યમ ઉદ્યોગ જ મોટી સંખ્યામાં છે. તેથી ફાસ્ટટ્રેક મંજૂરી મોટી રાહત આપનાર સાબિત થશે.

**એક્સપોર્ટર્સ વધુ ઈન્સેન્ટિવ વિના ચલાવવું પડશે**

ભારતના નિકાસકારો દાયકાઓ સુધી ઈન્સેન્ટિવ પર નભતા આવ્યા છે. વિશ્વ વેપાર સંઘ સાથે થયેલી સંધિ પ્રમાણે નિકાસકારોને ઈન્સેન્ટિવ્સ આપી શકાતા નથી. અમદાવાદની નોવેલ સ્પેન્ટ એસિડ મેનેજમેન્ટના ચેરમેન ભૂપેન્દ્ર પટેલ કહે છે, "હવે નિકાસકારોએ ઈન્સેન્ટિવને ભૂલી જવા પડશે. ડ્યૂટી રેમિશનથી જ સંતોષ માનવો પડશે. પરસ્પરના સહયગોમાં જ એક્સપોર્ટ કે નિકાસ વધે તે જોવાની રહેશે." 2019થી ઈન્સેન્ટિવ આપવાના બંધ કરી દેવાશે. ભારત સરકારે તેની જાહેરાત પણ કરી હતી. પરંતુ નિકાસકારો તેના ભ્રમમાં જ રહ્યા છે કે ઈન્સેન્ટિવ તો જશે જ નહિ. તેમનો ભ્રમ તૂટી રહ્યો છે. તેથી પહેલા નિકાસકારોને ડ્યૂટી ડ્રો બેક કે EPCG હેઠળ જે બેનિફિટ્સ આપવામાં આવતા હતા તેમાં બેનિફિટમાં વધઘટ સરળતાથી કરી શકાતી હતી. પરંતુ તેને સ્થાને હવે નવા બેનિફિટ્સ મર્યાદિત પ્રમાણમાં આપ્યા છે.

iiiEMના વાઈસ પ્રેસિડેન્ટ કહે છે, "WTO સાથે કરાર થયા હોવાથી WTO કોમ્પ્લાયન્ટ બેનિફિટ્સથી વધુ બેનિફિટ મળી શકશે નહિ." તેથી જ હવે રોડટેપના માધ્યમથી બેનિફિટ આપવામાં આવી રહ્યા છે. સમીર શાહ કહે છે, "રોડટેપની સિસ્ટમ હેઠળ નિકાસકારને નિકાસની સંપૂર્ણ પ્રક્રિયા પૂરી થયા પછી મળનારા બેનિફિટ અંગે પહેલાથી કોઈ નિશ્ચિત અંદાજ આવતો નથી. પરિણામે નિકાસકારો નિકાસ કરવા માટે વધુ ઉત્સાહિત થઈ જાય તેવી જોગવાઈ કરવામાં આવી હોય તેવો અહેસાસ થતો નથી."

જો કે તૃપ્તિ શાહ કહે છે, "જૂની FTP હેઠળ ડ્યૂટી ડ્રો બેક કે પછી EPCB જેવી યોજનાઓના લાભથી વંચિત રહી ગયા હોય તેમને પહેલી એપ્રિલ 2023થી અમલમાં આવેલી નવી ફોરેન ટ્રેડ પોલીસી હેઠળ એમ્નેસ્ટી આપવામાં આવી છે. એમનેસ્ટિ સ્કીમ એ વનટાઈમ સેટલમેન્ટ સ્કીમ જ છે. એડવાન્સ ઓથોરાઈઝેશન કે પછી ઈપીસીજી હેઠળ કમિટમેન્ટ પૂરા કરવામાં ડિફોલ્ટ થયા હોય તેમને માફી આપવામાં આવી છે. 30મી સપ્ટેમ્બર 2023 સુધી આ માફી યોજનાનો લાભ આપવામાં આવશે.

**ટાઉન ઑફ એક્સપોર્ટ એક્સેલન્સ તરીકે ચાર શહેરોની પસંદગી:**

બીજી તરફ નવી FTPમાં ચાર નવા શહેરોને એટલે કે મિરઝાપુર, મોરાદાબાદ, ફરિદાબાદ અને વારાણસીનો ટાઉન ઓફ એક્સપોર્ટ એક્સિલન્સ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. આ ચાર શહેરોને માર્કેટ એક્સેસ ઇનિશિયેટિવ્સ હેઠળ એક્સપોર્ટના પ્રમોશન માટેનું ભંડોળ અગ્રતાક્રમે આપવામાં આવશે. આ કેટેગરીમાં અગાઉ દેશના 39 શહેરોને મૂકી આપવામાં આવેલા છે. તેનાથી હેન્ડલૂમના ઉત્પાદનો, હેન્ડિક્રાફ્ટના ઉત્પાદનોની નિકાસમાં ખાસ્સો વધારો થશે. ભારતમાં અંદાજે 748 જિલ્લાઓ છે. તેમાંથી 148 જિલ્લાઓ ડિસ્ટર્બ ડિસ્ટ્રીક્ટ્સની કેટેગરીમાં આવે છે. બાકીના 600 જિલ્લાના ખાસ પ્રોડક્ટ્સની નિકાસના દરવાજાઓ ઉઘડી ગયા છે. પહેલા ભારતના ચાર મોટા શહેરો એટલે કે દિલ્હી, મુંબઈ, કોચીન કોલકાતા જેવા ચારથી પાંચ મહાનગરમાંથી જ એક્સપોર્ટ થતું હતું. આજે ભારતના 300થી વધુ વિસ્તારોમાંથી નિકાસ થાય છે. આ વિસ્તારોની સંખ્યામાં વધારો થશે. ગુજરાતના ભુજની ભરતકામની વસ્તુઓ તથા કુટિર ઉદ્યોગની વસ્તુઓની નિકાસને પણ તેનાથી વેગ મળી જ શકે છે. ગુજરાત એમ્બ્રોઈડરી, મોતીકામ, વુડક્રાફ્ટ, વુવન ક્લોથ, માટી કામ અને ટ્રાયબલ આર્ટ માટે જાણીતું છે. સુરેન્દ્રનગરની ટાન્ગલિયા શૉલ કે પછી ગુજરાતની 700 વર્ષ જૂની ડાંગસ્સિઆ આર્ટના પ્રોડક્ટ પણ આ જ કેટેગરીમાં આવે છે. તેના નિકાસની મોટી તક ગુજરાત પાસે છે. જામનગરનો બ્રાસપાર્ટ ઉદ્યોગ કે પછી મોરબીનો સિરામિક ઉદ્યોગ પણ આ જ કેટેગરીમાં આવે છે.

**પાવર સપ્લાયનું આયોજન જરૂરીઃ**

જોકે ડિસ્ટ્રીક્ટ લેવલના પ્રોડક્ટને પ્રમોટ કરવા માટે ડિસ્ટ્રીક્ટ લેવલે ક્વોલિટી પાવર મળતો થાય તેમ કરવું જરૂરી છે. ગુજરાતનું કે ભારતના ઘણાં રાજ્યોનું રૂરલ એરિયાનું વીજ સપ્લાયનું સ્ટાન્ડર્ડ ક્વોલિટી સપ્લાયમાં આવે તેવું નથી. ક્વોલિટી પાવર સપ્લાયનો અભાવ તેમના એક્સપોર્ટ્સના ઓર્ડર ડિલે કરી શકે છે. તેનાથી તેમની અને દેશની ઇમેજને ધક્કો લાગી શકે છે. જોકે સોલાર પાવરને પ્રમોટ કરવાથી તેમાં થોડી રાહત મળી શકે છે. ભારત સરકારે આ મુદ્દે પણ વિચાર કરીને આયોજન કરવું જરૂરી છે. અન્યથા ડિસ્ટ્રિક્ટ લેવલની સ્પેશિયલ પ્રોડક્ટ્સની નિકાસ થકી નિકાસમાં વધારો કરવાની યોજના પર થોડી અવળી અસર પડી શકે છે. 2030ના વર્ષમાં ગુડ્સ અને સર્વિસિસની મળીને કુલ નિકાસ 770 અબજ ડૉલર સુધી લઈ જવાનું ટાર્ગેટ રાખવામાં આવ્યું છે. ત્યાં સુધી પહોંચવા ક્વોલિટી પાવર સપ્લાયનું આયોજન થવું જરૂરી છે.

**ભારતનું પરફોર્મન્સ સારુ રહેવાની અપેક્ષાઃ**

અત્યારે રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલી

## વિશ્વ વેપાર સંઘ સાથે કરારને કારણે WTO કોમ્પ્લાયન્ટ બેનિફિટ્સથી વધુ લાભ આપી શકાતા જ નથી

રહ્યું છે. સવા વર્ષથી યુદ્ધ ચાલુ હોવા છતાંય સર્વિસિસના એક્સપોર્ટ્સ પર તેની મોટી અસર જોવા મળી નથી. પશ્ચિમના ઘણાં દેશોમાં સ્લો ડાઉનની ઇફેક્ટ છે. તેથી ગુડ્સની નિકાસ ઓછી થઈ છે તેમાં કોઈ જ બેમત નથી. જોકે 2022ની સરખામણીમાં 2023માં ગુડ્સની નિકાસમાં વધારો થવાની સંભાવના જોવાઈ રહી છે. ગયા વર્ષે કુલ નિકાસ 422 અબજ ડૉલરની થઈ હતી. ચાલુ વર્ષના પહેલા ચાર મહિના દરમિયાન નિકાસને મોરચે ભારતનું પરફોર્મન્સ સારુ રહ્યું હોવાથી 2023ના વર્ષનું પરફોર્મન્સ સારુ રહેવાનો અંદાજ મૂકવામાં આવી રહ્યો છે.

**થર્ડ કંટ્રી એક્સપોર્ટ મોટો ફાયદો કરાવશે**

FTPમાં મર્ચન્ટિંગ ટ્રેડને પ્રમોટ કરવામાં આવ્યું છે. તેને ટ્રાયેન્ગ્યુલર ટ્રેડ તરીકે પણ ઓળખાવવામાં આવે છે. આ વ્યવસ્થા ચાલુ જ હતી. તેના અંગેની એક્સપોર્ટર્સમાં પ્રવર્તતી ગેરસમજોને નવી FTPમાં દૂર કરવામાં આવી છે. ચીનમાંથી લઈને ભારત લાવ્યા વિના તે માલને સીધો દુબઈ મોકલી દેવામાં આવે છે. પ્રોડક્ટ બીજા દેશની હોય, પણ બને ભારતમાં અને ભારતમાંથી જ તેની નિકાસ થાય તેવી વ્યવસ્થાને પ્રમોટ કરવા માટે ટ્રેડ હબ વધે તેવા પ્રયાસો નવી ફોરેન ટ્રેડ પોલીસીના માધ્યમથી કરવામા આવ્યા છે. આ પ્રકારે કરાતા એક્સપોર્ટને થર્ડ કંટ્રી એક્સપોર્ટ તરીકે ઓળખાવવામાં આવે છે. અત્યાર સુધી થર્ડ કંટ્રી એક્સપોર્ટ થતું નહોતું તેવું નથી. તેને માટે લીગલ પરમિશન પણ હતી જ હતી. નવી ફોરેન ટ્રેડ પોલીસીમાં તે અંગે ફોડ પાડીને જોગવાઈ કરવામાં આવી છે. સમીર શાહ કહે છે, "થર્ડ કંટ્રી એક્સપોર્ટ હવે વધુ સરળ બની જશે. પરંતુ થર્ડ કંટ્રી એક્સપોર્ટ કરનારાઓ તેમને થતો નફો તેમની ભારતની બહાર આવેલી ઓફિસમાં એટલે કે સિંગાપોર કે પેરિસ કે પછી અન્ય કોઈ દેશમાં આવેલી ઓફિસમાં લઈ લેતા હતા. હવે તેઓ આ નફો ભારતની તેમની ઓફિસમાં લઈ શકશે. તેનાથી ભારતની નિકાસની આવકમાં જંગી વધારો થઈ જશે. તે બે લાખ કરોડ ડૉલરના નિકાસના આંકને આંબી જવામાં મોટી મદદ કરશે." ભારતને ટ્રેડ હબ બનાવવા માટે અને મેક ઇન ઇન્ડિયાને પ્રમોટ કરવા પર પણ FTPમાં ફોકસ કરવામાં આવ્યું છે.

**AEO સર્ટિફિકેશનથી નિકાસ સુધરશેઃ**

આ ટાર્ગેટને એચિવ કરવા માટે ભારતના

## વૈશ્વિક સ્તરે ભારતની ઈમેજ સુધરી

અત્યારે ભારત 422 અબજ ડોલરની નિકાસ કરે છે, આ નિકાસને 770 અબજ ડોલરે લઈ જવાનું ટાર્ગેટ રાખ્યું છે. આ શક્યતા પાછળનું બીજી કારણ ભારતના નિકાસકારો કોમ્પ્લાયન્સ કરવામાં બીજા ઘણાં દેશોની તુલનાએ વધુ પ્રામાણિક છે. ચીન હોય કે ઇજીપ્ત હોય તેમાંથી આયાત કરેલા પ્રોડક્ટ્સ માટેના આયાતકારને મળેલા કમિટમેન્ટ કરતાં નબળા પ્રોડક્ટ્સ હોવાની ઘટનાઓ બની શકે છે. તેની સામે ભારતમાંથી નિકાસ કરનારાઓ અંગેની ફરિયાદો વિદેશમાંથી બહુ જ જૂજ આવે છે. દસ વર્ષમાં ભારત સરકારે ક્વોલિટી કંટ્રોલ વધારવા પર મૂકેલા ભારનું આ પરિણામ છે. તેથી ભારતની ઇમેજ સુધરી છે. વિશ્વ બજારમાં ભારતના નિકાસકારો માટે અને ભારતીય ઉદ્યોગોને પહેલાની તુલનાએ વધુ સન્માન આપવામાં આવી રહ્યું છે.

તૃપ્તિ શાહ કહે છે, "ભારતમાંથી ઇન્ડસ્ટ્રીયલ ઉત્પાદન (એન્જિનિયરિંગ પ્રોડક્ટ્સ) તથા કૃષિ ઉપજોની નિકાસ કરવામાં આવે છે. નિકાસમાં તેનો હિસ્સો અંદાજે 46 ટકાની આસપાસનો છે. તેની સાથે સર્વિસિસનું પણ એક્સપોર્ટ કરવામાં આવે છે. ભારતને એક્સપોર્ટની થતી કુલ આવકમાંથી સર્વિસિસ થકી 53થી 54 ટકા આવક થાય છે. આ બંને નિકાસને એક એક લાખ કરોડની એટલે કે કુલ મળીને બે લાખ કરોડ ડોલરની કરી દેવાનું ટાર્ગેટ નક્કી કર્યું છે. તેમાં ઇન્ફોર્મેશન ટેક્નોલોજી સહિત મેડિકલ ટુરિઝમ, એકાઉન્ટિંગ સહિતની સર્વિસિસનો સમાવેશ થાય છે. ભારત આજે નેટ ઇમ્પોર્ટર છે. તેને બદલવા માટે ભારત સરકારે પ્રોડક્શન લિન્ક ઇન્સેન્ટિવ સ્કીમની જાહેરાત કરી છે. તેના થકી એક્સપોર્ટ વધારવાની નેમ છે. આમ નિકાસ વધારીને ભારતને નેટ એક્સપોર્ટર કંટ્રી બનાવવાનો સઘન પ્રયાસ નવી FTPના માધ્યમથી કરવામાં આવ્યો છે."





**અનિલ મૂલાણી, પ્રમોટર - સી.એ**
WEBY2.COM

## વિશ્વ વેપાર સંઘ સાથે કરારને કારણે WTO કોમ્પ્લાયન્ટ બેનિફિટ્સથી વધુ લાભ આપી શકાતા જ નથી

ઉત્પાદકોએ તેમના પ્રોડક્ટ્સની ક્વોલિટી વર્લ્ડના ડેવલપ કંટ્રીના પ્રોડક્ટ્સની ક્વોલિટી જેવી સંગીન ક્વોલિટી બનાવવી પડશે. આ પણ શક્ય હોવાનુ જણાવતા સમીર શાહ કહે છે, "હા તે શક્ય છે. DGFT અને કસ્ટમ્સમાં AEOનો એટલે કે ઓથોરાઈઝ ઇકોનોમિક ઓપરેટરનો પ્રોગ્રામ છે. આ પ્રોગ્રામના અનુસંધાનમાં ભારત સરકારે વિશ્વના આઠ જેટલા દેશો સાથે એક બીજાના પ્રોડક્ટ્સને માન્યતા આપવા(મ્યુચ્યુઅલી રેકગ્નાઈઝિંગ એગ્રીમેન્ટ) પારસ્પરિક સમજૂતી કરી છે. આ દેશમાં અમેરિકાનો પણ સમાવેશ થાય છે. બીજો દેશ છે કોરિયા. ઓથોરાઈઝ ઇકોનોમિક ઓપરેટર તરીકને સ્ટેટસ ભારતના કસ્ટમ્સ વિભાગ દ્વારા કે ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા ભારતીય નિકાસકારોને કે આયાતકારને આપવામાં આવે છે. તેનાથી કંપની સલામત, પારદર્શક, વિશ્વસનિય છે તથા આયાતનિકાસનો વેપાર કરવા માટે વ્યવસ્થિત સિસ્ટમ ધરાવે છે. તેઓ તેમના પ્રોડક્ટ્સની ક્વોલિટી સાથે સમાધાન કરશે જ નહિ. તેઓ સમાધાન કરશે તો તેમનું એઆઈઓનું સર્ટિફિકેશન પણ કેન્સલ થઈ જશે. AEO સર્ટિફિકેશન ધરાવનારાઓની સંખ્યા 6000થી વધુની છે. તેમના પ્રોડક્ટ્સની ક્વોલિટી પર પણ 74 એજન્સીઓ પણ નજર રાખે છે. ભારતના ઉત્પાદકોની 30થી 40 વર્ષની મહેનત હવે રંગ લાવી રહી છે. ભારતીય એક્સપોર્ટર્સ માટેનો ગોલ્ડન પિરિયડ હવે ચાલુ થઈ રહ્યો છે."

**ઈ-કોમર્સથી નિકાસ વધારવાનું લક્ષ્ય:**

નવી ફોરેન ટ્રેડ પોલીસીના માધ્યમથી સરકારે નાના અને મધ્યમ ઉદ્યોગોને જ વધુ સંગીન નિકાસકાર બનાવવા માટેનો પ્રયાસ કર્યો છે. નાના અને મધ્યમ ઉદ્યોગોને મળતી સુવિધામાં સુધારો કરવામાં આવ્યો છે. દેશના દરેક જિલ્લાને નિકાસ માટેનું એક કેન્દ્ર બનાવવા ઉપરાંત ઈ-કોમર્સના પ્લેટફોર્મનો ઉપયોગ કરીને પણ નિકાસ વધારવા પર ફોરેન ટ્રેડ પોલીસીના માધ્યમથી ફોકસ કરવામાં આવ્યું છે. ઈ-કોમર્સના માધ્યમથી નિકાસ વધારવાની તક સારી હોવાનું સરકારનું માનવું છે. તેમાં તથ્ય પણ છે. તેની સાથે જ કૃષિ ઉપજની નિકાસ પર વધારો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. કૃષિ ઉપજોમાં મૂલ્ય વૃદ્ધિ કરીને ફૂડ પ્રોસેસિંગના એકમો બને અને જિલ્લા સ્તરેથી તેઓ નિકાસ કરે તેના પર ફોકસ કરવામાં આવ્યું છે.

ફોરેન ટ્રેડ પોલીસીમાં કરેલી સ્કોમેટની પ્રોવિઝન પણ લાભદાયી સાબિત થઈ શકે તેમ છે. સ્કોમેટમાં સ્પેશિયલ કેમિકલ્સ, ઓર્ગેનિઝમ્સ મટિરિયલ્સ, ઇક્વિપમેન્ટ અને ટેક્નોલોજીનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં આવતા મટિરિયલ્સનો આપણે મિઝાઈલ્સ બનાવવામાં પણ ઉપયોગ કરી શકીએ છીએ.ઇ કોમર્સ થકી નિકાસ વધારવા માટે કેન્દ્ર સરકારે મહેસૂલ ખાતા, ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટ, ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડના અધિકારીઓનો સમાવેશ કરતી એક સમિતિની રચના કરી છે. આ સમિતિના સભ્યો ઈ-કોમર્સ થકી એક્સપોર્ટ કેમ વધારવું તે અંગે માર્ગદર્શન આપવાનું કામ કરશે. ઓનલાઈન પોર્ટલ WEBY2.COMના પ્રમોટર અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અનિલ મૂલાણીનું કહેવું છે કે, "ઈ-કોમર્સ થકી નિકાસમાં વધારો કરવાનો અવકાશ અનેકગણો વધારે છે. એમેઝોન, ફ્લિપકાર્ટ અને મ્યન્ત્રા જેવા પોર્ટલ પર ભારતના દરેક ઉત્પાદકો તેમના ક્વોલિટી પ્રોડક્ટ્સને મૂકીને બિઝનેસ મેળવી જ શકે છે. તેનાથી નિકાસ વધારવાનો બહુ જ મોટો સ્કોપ છે."

ઈ-કોમર્સને પણ એક્સપોર્ટ માટેનું હબ બનાવવા માગે છે સરકાર. કેન્દ્ર સરકાર અને રાજ્યસરકાર સાથે પીપીપી-પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપના મોડેલ પર ભાગીદારી કરીને ઈ-કોમર્સ થકી નિકાસ વધારવામાં આવશે. ઈ-કોમર્સ એક્સપોર્ટ હબ થકી ઈ-કોમર્સ એક્સપોર્ટર્સ વધારવા માટે એક જ શહેરમાં આવેલી અને એક જ પ્રકારની વસ્તુઓના વેપાર સાથે સંકળાયેલા પ્લેટફોર્મને એક કરીને મજબૂત સોશિયલ નેટવર્ક ઊભું કરવામાં આવશે. તેનાથી જે તે વિસ્તાર કે શહેરમાં સારુ એજ્યુકેશન બેકગ્રાઉન્ડ ધરાવતા યુવાનોને રોજગારીની નવી અને સારી તક મળવામાં વધારો થશે. તેમ કરવાથી તેમનો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ ઘટી જશે. તેથી ઓછા શ્રમિકોની મદદથી વધારે કામ સરળતાથી કરી શકાશે. તેમ જ ઉત્પાદકતામાં પણ વધારો થશે. તૃપ્તિ શાહ કહે છે, "ઇન્ટરનેશનલ કુરિયર એજન્સીમાં હવે દસ લાખના મૂલ્યની વસ્તુઓ મોકલી શકાશે. પહેલા પાંચ લાખના મૂલ્યની વસ્તુઓ જ મોકલી શકાતી હતી. હવે આ મર્યાદા બમણી કરી દેવામાં આવી છે. બે પાંચ લાખની વસ્તુ મોકલીને એક્સપોર્ટનો લાભ લેનારાઓ તે કન્સાઈનમેન્ટ મોકલીને ઈ-કોમર્સનો લાભ પણ લઈ શકશે. તેને માટે એરશીપની જરૂર પડશે નહિ."

# કંપનીઓ માટે ખતરનાક બની રહેલા સાયબર એટેક

## ટાટા પાવરને પણ સાયબર એટેકથી મોટો ઝટકો લાગ્યો

કિસ્સો-1: 14મી ઓક્ટોબરે 2022ના મધરાત પછી ટાટા પાવરના નેટવર્ક પર સાયબર એટેક કરવામાં આવ્યો હતો. પરિણામે તેમની ઓનલાઈન સિસ્ટમ ખોરવાવા માંડી. ટાટા પાવરની મુંબઈ ઓફિસે મુંબઈ સ્ટોક એક્સચેન્જને ખુલાસો કરીને જણાવવું પડ્યું કે કંપનીના મહત્વના કામકાજ પર સાયબર એટેકની મોટી અસર થઈ નથી. પોતાની સમગ્ર સિસ્ટમ કાર્યરત રહે તે માટે તેમણે પગલાં લઈ લીધા છે. આ સાયપર એટેક 'HIVE' દ્વારા કરવામાં આવ્યો હોવાનો ક્લેઈમ કરવામાં આવ્યો હતો. તેમણે કંપનીનો ડેટા ડાર્ક વેબ વર્લ્ડ રીલીઝ પણ કરવા માંડ્યો હતો. ટાટા પાવરના બેન્ક એકાઉન્ટની, બેન્ક સ્ટેટમેન્ટની, કર્મચારીઓને આપવામાં આવતા પગારની અને તેમના પાસપોર્ટની વિગતો ઉપરાંત કંપનીમાં વપરાતી બેટરીઓની વિગતો પણ લીક કરી દેવામાં આવી હતી. કંપનીને પૂર્ણપણે ખબર પણ નહોતી કે તેના કેટલા ડેટા ચોરાઈ ગયા છે. HIVE રેન્સમવેરનું જોખમ ઊભું કરતી વિશ્વની ટોચની ત્રણ કંપનીઓમાંની એક ગણાય છે. રેન્સમનેરનો એટેક કરનારા TATA POWER વચ્ચે ડેટા રિટ્રાઈવ કરવાને મુદ્દે ચર્ચા ચાલી હતી. જોકે 10 દિવસને અંતે કોઈ પરિણામ ન મળતા ટાટા પાવરનો ડેટા ડાર્ક વેબ પર મૂકાવા માંડ્યો હતો. સાયબર એટેક ભલભલી કંપનીઓને હચમચાવી દે છે. ટાટા પાવર પર સાયબર એટેક થયો પછી સાયબર સિક્યોરિટી કંપનીઓ ડાર્ક વેબ પર નજર રાખે છે.

## સન ફાર્મા પણ રેન્સમવેર એટેકથી બચી ના શકી

કિસ્સો 2: સન ફાર્મા પર 2022માં રેન્સમવેર એટેક થયો તે પછી તેની આવક પર પણ અસર પડવાની શક્યતા હોવાનું કંપનીએ સ્ટોક માર્કેટને લખેલા પત્રમાં જણાવ્યું હતું. રેન્સમવેર એટેકને કારણે સમગ્ર ભારતમાંના તેના બિઝનેસ ઓપરેશન્સ પર અવળી અસર પડી હતી. રેન્સમવેર ગ્રુપે તેમના પર એટેક કર્યો હોવાની જવાબદારી સ્વીકારી હતી. રેન્સમવેર એટેકને કારણે સનફાર્માની ચોક્કસ ફાઈલ સિસ્ટમ પર અસર પડી હોવાનું અને તેનો ચોક્કસ ડેટા ચોરાયો હોવાની કબૂલાત કંપનીએ સ્ટોક એક્સચેન્જમાં ફાઈલ કરેલા પત્રમાં જણાવ્યું હતું. રેન્સમવેરના એટેકની અસર ઓછી કરવા માટે લેવામાં આવેલા પગલાંને પરિણામે તથા તેને કારણે ગુમાવેલો ડેટા પાછો મેળવવાની પ્રક્રિયાને કારણે કંપનીના બિઝનેસ ઓપરેશન્સ પર અવળી અસર પડી હતી. પરિણામે કેટલાક બિઝનેસની આવક ઘટી જવાની સંભાવના રહેલી હોવાનું પણ સ્વીકાર્યું હતું. માર્ચ 2022માં આ એટેકની જાહેરાત સનફાર્માએ કરી તે પછી તેના શેર્સના ભાવ પોણા ટકાથી વધુ તૂટીને રૂ. 980.30 પર ખૂલ્યા હતા. રેન્સમવેરના એટેકને કારણે સર્જાયેલી પરિસ્થિતિને સુધારવા માટે કંપનીએ વધારાનો ખર્ચ પણ કરવો પડશે એમ પણ કંપનીએ સ્વીકાર્યું હતું. સનફાર્મા ભારતની હેલ્થકેરના સેક્ટરની કંપની છે. હેલ્થકેરના સેક્ટરની ઘણી કંપનીઓ સાયબર એટેકનો શિકાર બની રહી છે.



# સાયબર એટેકની સરકારને છ કલાકમાં જાણ કરવી ફરજિયાત

કેન્દ્ર સરકારે સાયબર એટેકની છ કલાકમાં સરકાર લોગ્સ આપીને જાણ કરવાનું મિનિસ્ટ્રી ઓફ ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફોર્મેશન ટેક્નોલોજીએ ફરજિયાત બનાવ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની જાહેરે ક્ષેત્રની કંપનીઓ અને ખાનગી કંપનીઓ માટે ફરજિયાત બનાવવામાં આવ્યું છે. સરકારી સંસ્થાઓ માટે પણ આ ફરજિયાત બનાવ્યું છે. સરકાર તેને કોમ્પ્યુટર ઇમરજન્સી રિસ્પોન્સ ટીમ-સર્ટ ઇન તરીકે ઓળખાવે છે. 28મી એપ્રિલ 2022થી આ સૂચના અમલમાં મૂકવા જણાવ્યું છે. ભારતની જાહેર ક્ષેત્રની કે ખાનગી ક્ષેત્રની કંપનીઓને આ બાબતની જાણકારી પણ નથી. ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની કલમ 70 બીની પેટા કલમ 6 હેઠળ આ સૂચના આ પવામાં આવી છે. આઈ.ટી. સિક્યોરીટી માટે આ વ્યવસ્થા કરવા જણાવાયું છે. સલામત અને વિશ્વસનીય ઇન્ટરનેટ માટે આ વ્યવસ્થા કરવામાં આવેલી છે. તેમને માટે મિનિમમ આઈ.ટી. ઇન્ફ્રાસ્ટ્રક્ચર રાખવું પણ ફરજિયાત કરવામાં આવ્યું છે. મોટાભાગના સાયબર એટેક રાત્રિના ગાળામાં થાય છે. તેથી કંપનીને સાયબર એટેક થવાની જાણકારી મળતી નથી. આ સ્થિતિમાં સાયબર એટેક સામે રક્ષણ આપતી કંપની તરત જ સરકારને તેની જાણ કરી દે છે. આ સ્થિતિમાં પણ સાયબર એટેક સામે પ્રોટેક્શન ઊભું કરવાની અત્યારથી જ દરેક કંપનીઓને ફરજ પડશે. તેમાં સુસ્તી દાખવનાર કંપની સજ્જતા નહિ કેળવે તો તેમને મોટું નુકસાન ખમવું પડી શકે છે.

અમેરિકાની ઇન્ટેલિજન્સ એજન્સી પેન્ટાગોનનો અત્યંત સિક્રેટ ડેટા 21 વર્ષના છોકરાં જેક ટીક્સિરાએ તફડાવી લેતા સમગ્ર અમેરિકાનું તંત્ર હચમચી ઊઠ્યું છે. અમેરિકાની ગુપ્તચર સંસ્થા એફબીઆઈએ તેને ઝડપી પણ લીધો. અમેરિકાની રશિયા-યુક્રેન યુદ્ધમાંની ભૂમિકાનો આ અત્યંત ગુપ્ત દસ્તાવેજો મારફતે ઘટસ્ફોટ થતો હોવાનું બહાર આવી રહ્યું છે. આ પણ એક સાયબર એટેક જ હતો. ભારત હોય કે વિશ્વનો અન્ય કોઈ દેશ હોય, કોર્પોરેટ વર્લ્ડ પર સાયબર એટેકના કિસ્સાઓ વધી રહ્યા છે. હેરિટેજ સાયબર વર્લ્ડ એલએલપીના કો-ફાઉન્ડર ધ્રુવ પંડિત એક અભ્યાસને ટાંકીને જણાવે છે, "જાન્યુઆરીમાં ચેક પોઈન્ટ દ્વારા કરવામાં આવેલા અભ્યાસ મુજબ ભારતના કોર્પોરેટ વર્લ્ડમાં હેલ્થ સેક્ટરની કંપનીઓ પર સૌથી વધુ સાયબર એટેક થઈ રહ્યા છે. 2022માં ભારતના હેલ્થકેરના સેક્ટરની કંપનીઓ પર અઠવાડિયે સરેરાશ 1866 સાયબર એટેક થયા હતા. 2022ની સાલમાં વિશ્વસ્તરે સાયબર એટેકમાં 38 ટકાનો વધારો થયો છે." હા, કોર્પોરેટ વર્લ્ડ માટે સાયબર એટેક મોટો ખતરો ઊભો કરી રહ્યા છે. ભારતનું કોર્પોરેટ વર્લ્ડ પણ તેમાંથી બાકાત નથી.

માર્ચ 2023માં જ ભારતના 16.8 કરોડ નાગરિકોનો ડેટા તફડાવી લેતો સાયબર એટેક થયો છે. તેમાં વ્યક્તિગત માહિતી, મોબાઈલ નંબર, નીટના વિદ્યાર્થીઓની સંપૂર્ણ વિગતોનો સમાવેશ થાય છે. સાયબર ક્રિમિનલ્સના આ માહિતી વેચી દેવામાં આવે છે. 100 જેટલા સાયબર ફ્રોડસ્ટરના હાથમાં આ માહિતી પહોંચી ગઈ છે. ભારતના નોઈડા શહેરમાં સાયબર ફ્રોડ કરનારી ત્રણ કંપનીઓ સક્રિય છે. ભારત બહારના દેશોમાંથી પણ ફ્રોડસ્ટર આ ડેટાનો ઉપયોગ કરીને કંપનીઓ અને વ્યક્તિઓ સાથે છેતરપિંડી કરે છે. આ ડેટાનો ઉપયોગ જાસૂસી કરવા માટે પણ કરવામાં આવે છે. ફ્રોડસ્ટરને ડેટા મળ્યા પછી જે તે વ્યક્તિના નામનો ઉપયોગ કરીને, તેનું ઓળખપત્ર બનાવીને તથા તેના નામે ફોન કરીને ફ્રોડ પણ કરી લે છે. ધ્રુવ પંડિત કહે છે, ''સાયબર એટેકમાં ડેટા લોસ એ પણ મોટું આર્થિક નુકસાન જ છે. બેન્ક એકાઉન્ટમાંથી પૈસા ઉપડી જવાના, મ્યુચ્યુઅલ ફંડ, એસઆઈપી બ્લોક થઈ જવાના અને એકાઉન્ટમાંથી ક્રેડિટ થયેલી રકમ ગાયબ થઈ જવાની શક્યતાઓ ઘણી વધી જાય છે.'' માત્ર બહારથી જ સાયબર ફ્રોડ થાય છે તેવું નથી. સાયબર ડિફેન્સના સેક્ટરમાં સક્રિય હેરિટેજ સાયબર વર્લ્ડ એલએલપીના કો-ફાઉન્ડર ધ્રુવ પંડિત કહે છે, "ઘરના પણ ઘાતકી હોઈ શકે છે. કંપનીના જ કર્મચારીઓ કંપનીના મહત્વના ડેટા તફડાવી લઈને હરીફોનો પહોંચાડી દેતા હોવાની ઘટના બને છે.

કર્મચારીઓ પર્સનલ ડિવાઈઝ પર પોતાનું કામ ઓફિસમાં બેઠાં બેઠાં કરતાં હોવાનું જોવા મળી શકે છે. પરિણામે કંપનીના ડેટાને ચોમેરથી ખતરો જ ખતરો છે." બીજું, કર્મચારીઓ સાયબર હાઈજિનને ફોલો કરવાની ફરજ ન પાડતા હોય તો પણ સમસ્યા ઊભી થાય છે. કર્મચારીઓ ગમે તે લિન્ક ઓપન કરી લે છે. તેનાથી જોખમ ઊભું થઈ શકે છે. કર્મચારીઓ દ્વારા ડેટા તફડાવી લેતા હોય તો તેમને રોકી શકાય છે.

### ફોરેન્સિક ઓડિટનો રિપોર્ટ કોર્ટમાં પુરાવા તરીકે માન્ય

આ તમામ સામે રક્ષણ -પ્રોટેક્શન મળી જ શકે છે. આજે સાયબર સિક્યોરિટી કંપનીઓ દરેક કર્મચારીઓના કામકાજનું ઓડિટ પણ કરી આપે છે. તેને માટે સરપ્રાઈઝ ફોરેન્સિક ઓડિટ કરાવી શકાય છે. તેમાં દરેક કર્મચારીઓના ફોન અને સિસ્ટમ લઈને ડેટા ઓડિટ કરી શકાય છે. ધ્રુવ પંડિત કહે છે, "કંપનીમાં દરોડો પાડીને કંપનીના કયા વિભાગમાં કેટલી ગરબડ ચાલી રહી છે તે પકડી શકાય છે. આ પ્રકારે તૈયાર કરવામાં આવેલો ઓડિટ રિપોર્ટ કોર્ટમાં પણ એડમિશિબલ-પુરાવા તરીકે સ્વીકાર્ય ગણાય છે. તેને કોર્ટ પણ ઓથેન્ટિક પ્રુફ ગણવામાં આવે છે. તેથી તેનું મહત્વ પણ છે. તેનાથી કંપનીની ઝોલમાલ પકડાઈ જાય છે. ઓડિટ કરનાર કંપની સેક્શન 65નું સર્ટિફિકેટ

# સાયબર એટેકથી બચવા શું કરી શકાય ?

## સાયબર એટેક થાય તો શું કરવું જોઈએ?

**1**



ઝડપથી પગલાં લો. ડેટા બ્રીચ થઈ રહ્યો હોવાનું જાણવા મળે કે તરત જ સંબંધિત કંપનીઓ કે સંસ્થાએ કે વ્યક્તિઓને તેની જાણ કરવા માંડો અને તપાસ ચાલુ કરી દો.

**2**

સાયબર એટેકને ખાળવાનો પ્રયાસ ચાલુ કરી દો. કોણ સાયબર એટેક કરી રહ્યું છે તેની માહિતી મેળવીને તેને રોકવાનો પ્રયાસ કરો. સાયબર એટેકનો સરળતાથી શિકાર બની શકે તેવી સિસ્ટમને તરત જ બંધ કરી દો. જે ડેટા સેગમેન્ટ પર સાયબર એટેક થયો હોય તેને અલગ તારવી લો.

**3**



સાયબર એટેકની અસરનો ભોગ બનેલા પક્ષકારોને બનતી ત્વરાએ સાયબર એટેકની જાણ કરી દો. તેમના ચોરાયેલા ડેટાની જાણકારી આપી તેને પ્રોટેક્ટ કરવા તમે શું પગલાં લીધા છે તે પણ જણાવી દો.

**4**

સાયબર એટેક શક્ય કેમ બન્યો તેની ઊંડાણ પૂર્વક તપાસ કરી લો. તેના કારણો જાણી લો. તેમ જ એટેક કેટલો આક્રમક છે તે તપાસી લો.

**5**



સાયબર એટેક થયો હોવાનું સાયબર એક્ટની જોગવાઈઓને લગતા કાયદાનો અમલ કરતી સંસ્થાઓને તેની જાણ કરો. તેના અનુસંધાનમાં લેવાના થતાં કાનૂની પગલાં લો.

**6**

સાયબર એટેક થયા પછી તે કેવી રીતે શક્ય બન્યો તેની તપાસ કરીને પછી તેને બ્લોક કરવાનો પ્રયાસ કરો. તમારી ભવિષ્યમાં ફરી સાયબર એટેક ન થાય તે માટે સિક્યોરીટી સિસ્ટમને વધુ સંગીન બનાવો.

## સાયબર એટેક થાય તો શું ન કરવું જોઈએ?

**1**

સાયબર એટેક થયો હોય તો તેની અવગણના ન કરો. તેની અવગણના કરશો કે તેના પર ઢાંકપીછોડો કરશો તો પરિસ્થિતિ વધુ વણસી જવાની શક્યતા રહેલી છે.

**2**



સાયબર એટેક થયો હોવાની સંબંધિત સંસ્થાઓ કે વ્યક્તિને તરત જાણ નહિ કરો તો અન્ય સંસ્થા કે વ્યક્તિઓની તકલીફમાં પણ વધારો થઈ શકે છે. તેનાથી ઘણું મોટું નાણાંકીય નુકસાન થઈ શકે છે.

**3**

સાયબર એટેકને લગતા પુરાવાઓનો નાશ ન કરો. તમે રેકોર્ડમાં કોઈ ફેરફાર કરવાનો પ્રયાસ કરશો તો તેના ગંભીર કાનૂની પરિણામો આવી શકે છે.

**4**



સાયબર એટેક ફરીવાર થશે જ નહિ તેવી ધારણો બાંધીને બેસી ન રહો. સાયબર એટેક થાય તેને એક તક ગણીને તમારી સિક્યોરિટી સિસ્ટમને વધુ સંગીન બનાવી દો.

**5**

તમે પાળી ન શકો તેવા વચન ન આપો. તમે ડેટા રિસ્ટોર કરી આપશો તેવું શક્ય ન હોય તો તે માટેની કોઈને ખાતરી આપશો નહિ. તમે માત્ર સાયબર એટેકની ઓછામાં ઓછી અસર થાય તે માટેના જ પ્રયાસ કરો. ભવિષ્ય માટે સિક્યોરીટીને વધુ સંગીન બનાવો.

**6**



તમારા પર થયેલો સાયબર એટેક સાવ મામૂલી હોવાનું જણાવીને હકીકતને ઓછી બતાવવાનો પ્રયાસ ન કરો. તમારા પર થયેલા સાયબર એટેકની અસરની બાબતમાં પારદર્શક બનો. તેનાથી સંભવિત વ્યક્તિ પર પડનારી સંભવિત અસરની બરાબર જાણકારી આપો.

# સાયબર સિક્યોરીટી માટે અલગ બજેટ ફાળવો

સાયબર એટેકને અણધાર્યા ખર્ચ તરીકે જોવામાં આવતો હોવાથી જ દરેક કંપનીઓએ સાયબર સિક્યોરિટિનું અલગથી બજેટ રાખતી નથી, વાસ્તવમાં તેમણે અલગથી બજટ રાખવું જોઈએ. ભારત સરકાર કે ગુજરાત સરકાર પણ તેને માટે અલગથી બજેટ ન રાખતી હોવાની સંભાવના છે. આજની તારીખે ભારતની 80 ટકા કંપનીઓ સાયબર સિક્યોરિટી માટેનું અલગ બજેટ રાખતી જ નથી. તેથી પણ સાયબર એટેક થાય ત્યારે મોટા ખર્ચના ખાડામાં ઉતરી જાય છે.





**ધ્રુવ પંડિત, કો-ફાઉન્ડર**
હેરિટેજ સાયબર વર્લ્ડ LLP

## સાયબર હાઈજિની ટ્રેનિંગ દરેક કર્મચારીઓને આપવી જોઈએ. સાયબર હાઈજિન ટ્રેનિંગ ન હોવાથી પણ સાયબર એટેક થવાની સંભાવના

પણ આપી શકે છે. એવિડન્સ એક્ટ હેઠળ જરૂર પડે તેમ સ્ટાન્ડર્ડ રીતે રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે." આ સર્ટિફિકેટ એક પ્રકારનો ઓડિટ રિપોર્ટ જ છે. સાયન્ટિફિક ઓફિસર આ રિપોર્ટ તૈયાર કરે છે. ડેટાનો ફોરેન્સિક કરીને એમ.ડી. ફાઈવ હેસ ફાઈલમાં સ્ટાન્ડર્ડ પ્રોટોકોલ પ્રમાણે સેવ કરવામાં આવે છે. એસએચએ-1 અને એસએચએ-2 ઈન્ક્રિપ્શન લગાડવામાં આવે છે. તેની ચેઈન ઓફ કસ્ટડીની વિધિ સંપૂર્ણપણે કાયદાને અનુસરીને જ કરવામાં આવે છે. બીજું, આઈ.ટી.નેટવર્ક સર્વિસ પ્રોવાઈડર, ડેટા સેન્ટર ચલાવનારાઓ અને હાઈ લેવલ પર આઈ.ટી.નું કામ કરનારાઓ માટે મે 2022થી 180 દિવસના ડેટાનું લોગ્સ રાખવું આઈ.ટી. એક્ટની કલમ 70બી હેઠળ ફરજિયાત કરી દેવામાં આવ્યું છે.

### સાયબર પેથોલોજી ટેસ્ટ પણ કરાવી શકાય

કંપનીના સાયબર પેથોલોજી કરાવીને સાયબર પેથોલોજી કરાવીના સલામતી વધારી શકે છે. મોટાભાગની કંપનીઓ સાયબર પેથોલોજીનો સ્વીકાર કરવા તૈયાર જ નથી. સાયબર પેથોલિજીથી કંપનીના દરેક કામનું ઓડિટ શક્ય બને છે. કર્મચારીઓ દ્વારા કોઈ ગેરરીતિઓ આચરવામાં આવતી હોય તો તેને પણ પકડી શકાય છે. કંપનીના એક્સેલ શીટ પરના સ્ટોક નહિ, ફિઝિકલ સ્ટોકનું વેરીફિકેશન પણ સાયબર પેથોલોજીથી શક્ય બને છે. કંપનીના મેન્યુફેક્ચરિંગ યુનિટમાં ગરબડ થતી હોય તો તે પણ પકડી શકાય છે. તેથી વેન્ડર દ્વારા આપવામાં આવતા સપ્લાય, પ્રોજેક્ટ મેનેજર, સાઈટ મેનેજર, ફાઈનાન્સ હેટ, એચ.આર. હેડ, ટેન્ડર હેડ અને સપ્લાય ચેનના હેડનું ફોરેન્સિક એનાલિસિસ કરી શકાય છે. મેન્યુફેક્ચરિંગ યુનિટમાંથી થતી દરેક પ્રકારની ચોરી પકડી શકાય છે. બીજા તબક્કામાં કંપનીની સાયબર સિક્યોરિટી માટે કયું સોફ્ટવેર લગાવવું જરૂરી છે તેની પણ સમજણ મેળવી પગલાં લેવા જરૂરી છે. કંપનીના પ્રમોટર્સને સોફ્ટવેર અંગેની સમજણ ન હોવાથી કોઈ જણાવે તે પ્રમાણેનું સોફ્ટવેર ખરીદી લે છે. તેમ થાય તો પણ સાયબર એટેકથી બચી શકાતું નથી.

આગામી વરસોમાં અમદાવાદ, ગુજરાત અને ભારતમાં સાયબર સુરક્ષા માટેના ડિજિટલ ફોરેન્સિક વેહિકલ દોડતા જોવા મળશે. સાયબર એટેકના સમયમાં તે ફાયર બ્રિગેડ જેવું કામ કરશે. તેની પાસે દરેક પ્રકારના સોફ્ટવેરથી સજ્જ આ ડિજિટલ ફોરેન્સિક વેહિકલ કંપનીમાં પહોંચીને સાયબર એટેકને અટકાવીને કંપનીના ડેટાને પ્રોટેક્ટ કરીને કંપનીને મોટી નુકસાનીમાંથી ઉગારવાની કામગીરી કરશે. ધ્રુવ પંડિત અને તેમની કંપનીએ પણ આ પ્રકારનું વાહન તૈયાર કરવા માંડ્યું છે.

**દ્રોણાઃ 24 કલાકનો સાયબર સિક્યોરિટીમેન**

તેનાથી કંપનીઓને બચાવવા માટે જ હેરિટેજ સાયબર વર્લ્ડ એલએલપીએ દ્રોણાના નામથી ઈન્ટિગ્રેટેડ સાયબર સિક્યોરિટી કમાન્ડ કંટ્રોલ સેન્ટર બનાવી રહ્યું છે. DRONA-ડિટેક્શન, રિસ્પોન્સ, ઓર્ગેનાઈઝેશન, નેટવર્ક અને એનાલિસિસની કામગીરી પૂર્ણ કરી આપે છે દ્રોણા કમાન્ડ કંટ્રોલ સેન્ટર. કંપનીઓ સાયબર સિક્યોરીટીની સંપૂર્ણ જવાબદારી દ્રોણા પર નાખી શકે છે. આ પ્રકારના બીજા કંટ્રોલ સેન્ટર ઊભા કરી શકાય છે. સાયબર સિક્યોરિટી ગાર્ડ તરીકે કંપનીની સલામતી માટે ચોવીસ કલાક અને ત્રણસો પાંસઠ દિવસ સક્રિય રહે છે. આ સિસ્ટમથી સાયબર એટેકનો પ્રતિકાર થશે અને સાયબર એટેક ઓછા થશે. હેરિટેજ સાયબર વર્લ્ડ એરલાઈન્સ, રિસર્ચ કંપની, ફયુઅલ, ઓટોમોબાઈલ્સ, એફએમસીજી, વેન્ચર કેપિટાલિસ્ટ, મેન્યુફેક્ચરિંગ સેક્ટર, ડેટા સેન્ટર્સ અને આઈટી કંપનીઓ માટે કામ કરે છે.

સાયબર હાઈજિન માટેની ટ્રેનિંગ પણ દરેક કર્મચારીઓને આપવી જોઈએ. ધ્રુવ પંડિત કહે છે, "સાયબર હાઈજિન ટ્રેનિંગ ન હોવાથી પણ સાયબર એટેક થવાની સંભાવના વધી જાય છે. માટે જ કંપનીના કોમ્પ્યુટર્સ પર કામ કરવા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર્સ-એસઓપી નક્કી થયેલી હોવી જરૂરી છે. દરેક કંપનીઓ પાસે આઈ.ટી. સિક્યોરીટી પોલીસી પણ હોવી જરૂરી છે. તેમ થશે તો જ સાયબર એટેક સામે સારી રીતે રક્ષણ મેળવી શકાશે. અન્યથા ડેટા લીક થશે અને તેને કારણે થનારા નુકસાનને ભોગવવા કંપનીઓએ તૈયાર રહેવું પડશે."

# PAN અને Aadhar લીંક કરવા માટે શું કરશો ?



**પ્રમોદ પોપટ,**
ટેક્સ કન્સલ્ટન્ટ

આવકવેરા ખાતું હમણાંથી અવારનવાર મેસેજીસ, જાહેરાતો, ટી.વી. ઉપર પણ આધાર, પાન લીંક કરવા બાબતે ચેતવણીઓ આપી રહેલ છે. આવકવેરા ખાતુ ઉપરોક્ત માધ્યમોથી કરદાતાને જણાવી રહેલ છે. આવકવેરા વિભાગે આ અંગે કેટલાક FAQ બહાર પાડ્યા છે. મનમાં આધારા-પાન લીંકને લગતા બધા જ શંકાસ્પદ પ્રશ્નોનો જવાબ મળી જશે.

**નં:1- પાન-આધાર સાથે કોને લીંક કરાવવું ફરજિયાત છે ?**

જવાબ :- દરેક વ્યક્તિ કે જેને 1લી જુલાઇ 2017 પહેલાં પાનકાર્ડ એલોટ કરવામાં આવેલ છે. એમણે પાન અને આધાર લીંક કરાવવું ફરજિયાત છે. આ પાન અને આધાર 31/03/2022 પહેલાં ફી ભર્યા વગર લીંક કરાવવાનું ફરજિયાત હતું. ત્યારબાદ 31/03/2023 સુધીમાં રૂપિયા 1000/-ની ફરી સાથે પાન આને આધાર લીંક કરાવવું ફરજિયાત છે.

**નં:2- પાન-આધાર કોને લીંક કરાવવું ફરજિયાત નથી ?**

જવાબ :- પાન અને આધાર નીચે જણાવ્યા મુજબના વ્યક્તિએ લીંક કરાવવું ફરજિયાત નથી.

1, આસામ, જમ્મુ-કાશ્મીર અને મેઘાલયમાં રહેતા વ્યક્તિઓ માટે.

2, આવકવેરાના કાયદા 1961 મુજબ જેને ગણતરી Non_Residentમાં આવતી હોય તેવા વ્યક્તિઓ.

3, જેની ઉંમર 80 વર્ષની ઉપરની છે એટલે કે સુપર સિનિયર સિટીઝન છે માટે ફરજિયાત નથી.

4, NRIને પાન-કાર્ડ આધારા કાર્ડ સાથે લીંક કરાવવું ફરજિયાત નથી.

પરંતુ જો ઉપરોક્ત દર્શાવેલ વ્યક્તિઓ સ્વેચ્છાએ પોતાના આધારા-પાન લીંક કરાવવા ઇચ્છતા હોય તો તેમણે હવે રૂપિયા 1000ની ફી ભરીને જ લીંક કરાવી શકશે.



**નં:3 પાન અને આધાર લીંક કરવા શું કરવું જોઇએ ?**

જવાબ:- પાન અને આધાર, લીંક કરવા માટે નીચે અહીં Link લખેલ છે તે લીંક ઉપર ક્લિક કરવાથી આધાર-પાન લીંક કરવાનું ઓપ્શન આવી જશે.
**https://eportal.incometax.gov.in/iec/toservices**

**નં:4, પાન અને આધારા લીંક કરાવવા માટે જરૂરી ફી કઇ રીતે ભરવાની હોય છે ?**

જવાબ :- ઉપરોક્ત લીંક પર ક્લિક કરવાથી પાન અને આધારાની વિગત ભરવાનું ઓપ્શન આવશે. જો તમારા પાન અને આધારા લીંક ના હોય તો ત્યાં જ તમને ફી ભરવા માટેનું Option continue to pay through e-pay tax આવશે જેની ઉપર ક્લિક કરવાથી ફરી પાન અને મોબાઇલ નં લખીને તમે ચલણ ભરવા આગળ વધી શકો છો. ચલણના ઓપ્શનમાં તમારે ઇન્કમટેક્ષનું ઓપ્શન લેવાનું છે. ત્યારબાદ Other Receipts (500)નું Option Select કરવું પડશે. ત્યાર બાદ આ Others Optionમાં 1000 / Rs Automatic આવી જશે અને ત્યારબાદ જે બેંકથી તમારે ચલણ ભરવાનું છે તે option select કરીને આગળ વધવાનું છે. આ ચલણ Net-Bankingથી અથવા તેની Print Out કાઢીને બેંકમાં રજૂ કરીને મેન્યુઅલ પણ ભરી શકાય છે.

**નં:-5, પાન-આધાર લીંક કરવા માટે કેટલી ફી ભરવી પડે છે ?**

જવાબ :- 01/04/2022થી 30/06/2022 સુધીમાં રૂા.500/- ફી ભરવાની હતી પરંતુ જો કોઇએ હજુ સુધી લીંક ના કરાવ્યું હોય તો હવે રૂા. 1000ળ-ની લેઇટ ફી ભરવાની થશે.

**નં:-6, કયા પ્રકારનું ચલણ માન્ય રહેશે ?**

જવાબ : સિંગલ ચલણમાં ભરેલ ચલણ કે રૂા. 1000/-સાથે ભરેલ ચલણ અને તે Minor Head 500-Select કરીને A.Y.2023-2024 select કરેલું હશે તેજ માન્ય રહેશે.

**નં:-7, રૂા.1000 ને અલગ અલગ 500/Rs થી બે વખત ભરેલ હોય તો ?**

જવાબ : અલગ અલગ માન્ય રહેશે નહીં-ફક્ત રૂા.1000/-નું એક જ ચલણ માન્ય રહેશે.

**નં-8 - ચલણ ભરેલ છે પરંતુ પોર્ટલ પર બતાવતું નથી અને ફરીથી ભરવાનો મેસેજ આવે તો શું કરવું ?**

જવાબ :- ચલણ ભર્યા પછી તરત તે ઓનલાઇનમાં આવતા થોડો સમય લાગે છે એટલે જો ચલણ I.Tની નવી વેબસાઇટ પરથી ભર્યું હોય તો ૨ કલાક રહીને લીંક કરવાનો પ્રયત્ન કરવોએ ને જો ચલણ TIN-NSDLની વેબસાઇટથી ભર્યું હોય તો 4થી ૫ દિવસ ચલણ આવે ત્યાં સુધી રાહ જોવાની.

**નં:9- ચલણ ભરવામાં કંઇ ભૂલ થાય તો રીફંડ મળે ?**

જવાબ :- રકમ રીફંડ મળવાપાત્ર નથી.

**નં-10 ચલણ ભર્યું હોય અને પાન-આધાર-મેચ ના થવાના કારણે લીંક ના થઇ શકે તો બીજી વખત ચલણ ભરવું પડે ?**

જવાબ :- જો 31/3/2023 પહેલાં આધાર/પાન મેચ કરાવીને ફરીથી ટ્રાય કરો ચલણ બીજી વખત ભરવાની જરૂર નથી પરંતુ જો 31/3/2023 પછી હવે આવકવેરા ખાતું આમાં extension આપે છે કે ફી વધારે છે - તેના ઉપર આધાર રહે છે.

**નં:11 પાન અને આધાર લીંક છે ને તેને જો કોઇ કારણસર વ્યક્તિની અરજી પર ડીલીંક કરવામાં આવે તો તેને ફરીથી રૂા.1000/- ભરવા પડે ?**

જવાબ :- હા, જો આધારા અને પાન લીંક હોય અને તેને ડીલીંક કરવામાં આવે તો ફરીથી લીંક કરાવવાના રૂા. 1000/- ભરવા પડે.

**નં:12 જો આધાર-પાન લીંક ન કરવામાં આવે તો શું થાય ?**

જવાબ : (1) વ્યક્તિનો પાન-ઇનઓપરેટીવ થઇ જશે આથી એ આવકવેરાનું રીટર્ન ભરી નહીં શકે.

(2) તેના રીટર્ન પ્રોસેસ થઇ શકશે નહીં.

(3) આકવેરાના બાકી રીફંડ મળશે નહીં.

(4) પાન-આધારીત નાણાંકીય વહેવારો થઇ શકશે નહીં.

(5) ટીડીએસ ઉંચા દરે કપાશે.

(6) બેન્ક વગેરે જગ્યાઓએ કેવાયસી આપી શકશે નહીં.

**નં:13 માયનોર કે પાન અને આધાર બંને ધરાવે છે તેણે પાન લીંક કરવું ફરજિયાત છે ?**

જવાબ :- હા, માયનોરને પણ પાન અને આધાર લીંક કરાવવું ફરજિયાત છે. જે કરદાતાઓના આધાર-પાન લીંક ના હોય તેમણે 31/3/2023 સુધીમાં લીંક કરાવી લેવા હીતાવહ છે. ■




# GIDCની જમીનની લીઝની ટ્રાન્સફર પર GST ન લાગે

ગુજરાત ઔદ્યોગિક વસાહત નિગમની જમીનની લીઝ પુનઃટ્રાન્સફર કરવાને કારણે મળતી રકમ પર 18 ટકાના દરે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ જમા કરાવવાની ઢગલાબંધ નોટિસો ગુજરાત રાજ્યના જીએસટી અને કેન્દ્રના જીએસટી અધિકારીઓ દ્વારા આપવામાં આવી રહી છે. તેની સામે જીઆઈડીસીમાં પ્લોટ ધરાવનારાઓ અને તેની લીઝ ટ્રાન્સફર કરનારાઓએ વિરોધ નોંધાવ્યો છે. સભ્યોના વિરોધની રજૂઆત કરતાં ગુજરાત ચેમ્બરના પ્રમુખ પથિક પટવારીએ કેન્દ્રના નાણાં મંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખ્યો છે. નાણાં મંત્રીને ચેમ્બરના પ્રમુખ પથિક પટવારીએ લખેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, "જીઆઈડીસી દ્વારા જે વ્યક્તિને લીઝ પર જમીન આપવામાં આવી છે તે વ્યક્તિ તે જ લીઝ અવેજ લઈને બીજી વ્યક્તિને લીઝ ટ્રાન્સફર કરી આપે તો તેના પર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ લેવામાં આવે છે. આ રીતે લેવામાં આવતો જીએસટી અનુચિત અને ગેરકાયદે છે. જીએસટી એક્ટમાં કરવામાં આવેલી જોગવાઈ મુજબ ગુડ્સ કે સર્વિસના અલગ અલગ સપ્લાય પર કે પછી ગુડ્સ અને સર્વિસ સાગમટે આપવામાં આવે ત્યારે તેના પર જીએસટી લાગુ પડે છે તે નિર્વિવાદ હકીકત છે."

જીએસટી એક્ટની કલમ 2(52)માં પણ ગુડ્સની વ્યાખ્યા કરતાં જણાવવામાં આવ્યું છે કે નાણાં અને જામીનગીરીઓ સિવાયની દરેક પ્રકારની જંગમ મિલકતને ગુડ્સ ગણવામાં આવે છે. આ વ્યાખ્યાને જોતાં લીઝની ટ્રાન્સફરના સોદાને કોઈપણ રીતે માલના સપ્લાય તરીકે જોઈ શકાય તેમ જ નથી. આ જ રીતે જીએસટી એક્ટની કલમ 2 (102)માં સર્વિસની વ્યાખ્યા પણ આપવામાં આવેલી છે. સર્વિસિસની વ્યાખ્યા મુજબ માલ-ગુડ્સ, નાણઆં અને જામીનગીરીઓ સિવાયની વસ્તુઓને સર્વિસ ગણવામાં આવી છે. તેથી લીઝની ટ્રાન્સફર સર્વિસની વ્યાખ્યામાં પણ આવતી નથી. સર્વિસિસની વ્યાખ્યામાં એકાઉન્ટિંગ, ઓડિટિંગ અને મેનેજમેન્ટ જેવી બાબતોનો સમાવેશ થાય છે. સ્થાવર મિલકતની લીઝની ટ્રાન્સફરને કોઈપણ સંજોગોમાં સર્વિસ તરીકે પણ ખપાવી શકાય તેમ નથી. આ સ્થિતિમાં સપ્લાય આપનાર અને સપ્લાય મેળવનાર વચ્ચે કોઈ પ્રવૃત્તિ કે કરાર થયા વિના સર્વિસ સપ્લાય કરવામાં આવી હોવાનું પણ ગણી શકાય તેમ નથી. આ સંદર્ભમાં પોતાની રજૂઆત કરતાં ગુજરાત ચેમ્બરના પ્રમુખ પથિક પટવારીએ જણાવ્યું છેઃ "લીઝ પર લેવામાં આવેલી જમીનનો લીઝ હોલ્ડનો અધિકાર લીઝ પર લેનાર વ્યક્તિને ટ્રાન્સફર કરી આપવામાં આવે છે. તેથી આ વહેવારને સ્થાવર મિલકતના વેચાણ તરીકે જ જોઈ શકાય તેમ છે, જે વેરાને પાત્ર એટલે કે જીએસટીને પાત્ર નથી. આ માત્ર મિલકતને ભાડે આપવા માટેનો કરાર જ છે. તેથી જીએસટી એક્ટની જોગવાઈ પ્રમાણે તેને સર્વિસ પણ ગણી શકાય તેમ નથી."

ગુજરાત ચેમ્બરની ઈનડાયરેક્ટ ટેક્સ કમિટીના ચેરમેન અમિષ ખંધારનું કહેવું છે કે, "જમીનની લીઝના અધિકારને ટ્રાન્સફર કરી આપવાના અધિકારનો હેઠળ લીઝ ટ્રાન્સફર લેનારને જમા કરાવેલા જીએસટીની રકમ જીએસટી એક્ટની જોગવાઈ હેઠળ ઈનપુટ ટેક્સ ક્રેડિટ તરીકે પરત મેળવવાને પાત્ર છે. જોકે આ ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા માટે જીએસટી એક્ટની કલમ 16 હેઠળ મૂકવામાં આવેલી તમામ શરતોનું પાલન થયેલું હોવું જોઈએ. તેથી લીઝ હોલ્ડ ટ્રાન્સફર મેળવવા માટે ચૂકવવામાં આવેલો જીએસટીની ઈનપુટ ટેક્સ ક્રેડિટ મળી શકે છે તે અંગે સ્પષ્ટતા થવી જરૂરી છે." ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હેમ છાજેડ તેમની વાતને સમર્થન આપતા જણાવે છે કે, "લીઝ હોલ્ડ ટ્રાન્સફર કરીને લેવામાં આવેલી જમીન બિઝનેસના હેતુથી જ ઉપયોગમાં લેવામાં આવતી હોય તો તેને ઈનપુટ ટેક્સ ક્રેડિટ મળવાને પાત્ર જ છે." કલમ 16(1)માં જણાવવામાં આવ્યું છે કે જીએસટી એક્ટની કલમ 49 હેઠળ મૂકવામાં આવેલી શરતોને આધીન રહીને જીએસટીનું રજિસ્ટ્રેશન ધરાવતી દરેક વ્યક્તિ ઈનપુટ ટેક્સ



**અમિષ ખંધાર, ચેરમેન**
ગુજરાત ચેમ્બર ઇન્ડાયરેક્ટ ટેક્સ કમિટી

## ભારતના બંધારણના શિડ્યુલ ટુ (રોમન)ની એન્ટ્રી 49 શું કહે છે

ભારતના બંધારણના સાતમા શિડ્યુલના એન્ટ્રી નંબર મુજબ બંધારણમાં 101મો સુધારો કરવામાં આવ્યો તે પછી પણ સ્ટેમ્પ ડ્યૂટી માટેની કેન્દ્રની યાદીમાં 'જમીન અને મકાન'ને જાળવી રાખવામાં આવ્યા છે. બંધારણના 101માં સુધારાના માધ્યમથી જીએસટી લાદવાનો નિર્ણય લેવામાં આવેલો છે. સરકારે જમીન અને મકાનને કેન્દ્રની યાદીમાં જાળવી રાખ્યા તે દર્શાવે છે કે સ્થાવર મિલકત-ઇમુવેબલ પ્રોપર્ટીનાવહેવારને ને જીએસટી લાગુ કરવા માટે ક્યારેય ગણતરી લેવાનો સરકારનો ક્યારેય ઇરાદો જ નહોતો.





**હેમ છાજેડ**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

## લીઝની પુનઃ ફાળવણીને સપ્લાય ન ગણી શકાય

ત્રીજું, જીએસટી એક્ટના શિડ્યુલ ત્રણની એન્ટ્રી નંબર 5માં સપ્લાયની વ્યાખ્યામાંથી જમીનના વેચાણને અને મકાનના બાંધકામને બહાર કરી દેવામાં આવ્યા છે. આમ જમીનની લીઝનો અધિકાર ટ્રાન્સફર કરવામાં જમીનની લીઝની પુન:ફાળવણી કરવામાં આવે છે. જીઆઈડીસી દ્વારા આ લીઝની ફાળવણી એક વ્યક્તિના નામ પરથી બીજી વ્યક્તિના નામ પર ટ્રાન્સફર કરી આપવામાં આવે છે. તેથી તે લીઝના અધિકારના વેચાણથી વિશેષ કશુ જ નથી. જીએસટી એક્ટની જોગવાઈ હેઠળ તેને સપ્લાય ગણી શકાય તેમ જ નથી. જીએસટી એક્ટમાં જમીનની સ્પષ્ટ વ્યાખ્યા કરવામાં આવેલી નથી. જમીનની વ્યાખ્યા જમીન હસ્તગત કરવા માટેના કાયદા(લેન્ડ એક્વિઝિશન એક્ટ) 1984ની કલમ 3(એ) અને ગુજરાત લેન્ડ રેવન્યુ કોડ 1879ની કલમ 3(4)માં આપવામાં આવેલી છે. ઉપર દર્શાવેલા બંને કાયદામાં જમીનની વ્યાખ્યા આપતા જણાવવામાં આવ્યું છે કે જમીનના વેચાણ થતી મળતા લાભને જ જમીનમાં સમાવેશ થાય છે. તેથી તેને સપ્લાય પણ ગણી શકાય તેમ નથી. જીએસટી એક્ટના શિડ્યુલ 3માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ તે સપ્લાય પણ ગણાતો નથી.

ક્રેડિટને પાત્ર છે. બિઝનેસને આગળ વધારવા માટે આ ઈનપુટ ટેક્સ ક્રેડિટ આપવામાં આવે છે. જીએસટી એક્ટની કલમ 2(17)માં આપેલી બિઝનેસની વ્યાખ્યા મુજબ નાણાંકીય લાભ મેળવવા માટેની કોઈપણ પ્રવૃત્તિને ઈનપુટ ટેક્સ ક્રેડિટને પાત્ર ગણવામાં આવે છે.કલમ 16(2) માં કરવામાં આવેલી જોગવાઈને પણ ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા માટે સંતોષવી જરૂરી છે. જીએસટી જમા કરાવ્યા પછી કલમ 39ની જોગવાઈ મુજબ તેનું રિટર્ન પણ રજૂ કરવું જરૂરી છે.” જિનમંગલ વિરુદ્ધ ઔડાના કેસમાં ચૂકાદો આપવામાં આવેલો છે. અમિષ ખંધારનું કહેવું છે, “હા, જીએસટી માટેની ઘણી ઓથોરિટીએ એડવાન્સ રૂલિંગ આપતા નક્કી કર્યું છે કે લીઝની ટ્રાન્સફર પર ચૂકવવાનો થતો જીએસટી ઈનપુટ ટેક્સ ક્રેડિટને પાત્ર નથી તે અંગે અમે માહિતગાર છીએ. જીએસટી એક્ટની કલમ 175(5)(d) માં કરવામાં આવેલી જોગવાઈને કારણે લીઝ ટ્રાન્સફર વસૂલવામાં આવેલો જીએસટી ઈનપુટ ટેક્સ ક્રેડિટને પાત્ર નથી. કલમ 175 (5) (d) માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ પ્લાન્ટ અને મશીનરી સિવાયની સ્થાવર મિલકતના બાંધકામ માટે ચૂકવવામાં આવેલા ગુડ્સ અને સર્વિસ પરનો જીએસટી જ ઈનપુટ ટેક્સ ક્રેડિટને પાત્ર બને છે. મારુ માનવું છે કે લીઝ મેળવવી એ સ્થાવર મિલકતના બાંધકામ કરવા માટેની સર્વિસ નથી. લીઝની તે જમીન પર ભવિષ્યમાં બાંધકામ થઈ શકે છે. જોકે લીઝ ટ્રાન્સફર આપવા માટેની સર્વિસ બાંધકામની પ્રવૃત્તિ સાથે સીધી રીતે સંકળાયેલી પણ નથી. તેથી જ લીઝ હોલ્ડથી લેવામાં આવેલી જમીનની લીઝ ટ્રાન્સફર માટે ચૂકવવામાં આવેલા જીએસટીની ઈનપુટ ટેક્સ ક્રેડિટ ન આપી તે પણ ખરાબ અને ગેરકાયદે છે.”

આમ જીએસટીના અધિકારીઓ દ્વારા જમીનના લીઝ હોલ્ડ ટ્રાન્સફર પર 18 ટકાના દરે જીએસટીની કરાતી વસૂલાત ઉપરાંત લીઝ હોલ્ડ લેનારને તેની ઈનપુટ ટેક્સક્રેડિટ ન આપવાનું વલણ અયોગ્ય છે. તેમ જ તેના પર બીજી છ ટકા સ્ટેમ્પ ડ્યૂટી પણ લેવામાં આવી રહી છે. તેને કારણે નવા ઉદ્યોગ સાહસિકો સાહસ કરવામાં પાછા પડી રહ્યા છે. કારણ કે તેમના આરંભિક ખર્ચમાં જ 24 ટકા જેટલો મૂડીખર્ચ વધી જાય છે. આ સંજોગોમાં લીઝ હોલ્ડના રાઈટ્સના ટ્રાન્સફર પર જીએસટી ન લગાડવામાં આવે તેવી અમારી લાગણી અને માગણી છે. અન્યથા લીઝ હોલ્ડ પર જીએસટી વસૂલવામાં આવે તો તેની ઈનપુટ ટેક્સ ક્રેડિટની વ્યવસ્થા કરી આપવા અનુરોધ છે. આ બાબતમાં કોઈ ચોક્કસ નિર્ણય પર ન આવી શકાય ત્યાં સુધી લીઝ હોલ્ડ પર જીઆઈડીસીની જમીન ટ્રાન્સફર લેનારાઓ પાસેથી કોઈપણ પ્રકારે જીએસટી ન વસૂલવામાં આવે તેવી અમારી માગણી છે.

## બંધારણનો 101મો સુધારો શું કહે છે ?

98 વર્ષથી વધુના સમય ગાળા માટે આપવામાં આવતા ભાડાંપટ્ટાને ગુજરાત સ્ટેમ્પ એક્ટ 1958 હેઠળ સ્ટેમ્પ ડ્યૂટી ગણવા માટે કન્વેયન્સ ઓફ લેન્ડ ગણવામાં આવે છે. તેથી જીઆઈડીસીની જમીનની લીઝના હકની ટ્રાન્સફર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સને પાત્ર બનતા જ નથી. બંધારણના અનુચ્છેદ 101માં સુધારો દાખલ કરવા માટે દર્શાવવામાં આવેલા ઉદ્દેશ અને કારણોમાં જીએસટી એક્ટ પાછળનો હેતુ, ઉદ્દેશ અને કારણે પણ આપવામાં આવ્યા છે. તેમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા લાદવામાં આવેલા વેરામાં વેરા પર વેરો ન લાગુ પડે અથવા તો એક જ વસ્તુ પર વારંવાર વેરો ન લાગે તે જોવામાં આવ્યું છે. તેથી કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવતા વેરાઓને રિપ્લેસ કરી દેવામાં આવ્યા છે.

# મે-જૂનમાં TUFની નવી યોજના જાહેર કરાશે




## ● ટેક્સટાઈલ ઉદ્યોગના તમામ પડતર પ્રશ્નોનો ઉકેલ લાવી આપવાની કેન્દ્રીય મંત્રી દર્શના જરદોશે ખાતરી આપી

એપ્રિલના આરંભમાં અમદાવાદના ક્લબ ઓ સેવન ખાતે યોજવામાં આવેલા ટેક્સટાઈલ લીડરશીપ કોન્ક્લેવમાં કેન્દ્રના ટેક્સટાઈલ મંત્રી દર્શના જરદોશે ટેક્સટાઈલ અપગ્રેડેશન ફંડની નવી યોજનાની જાહેરાત કરવાની અને ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવી આપવાની પણ બાંયધરી આપી છે. છેલ્લા એક વર્ષથી ટેક્સટાઈલ અપગ્રેડેશન ફંડની સ્કીમ બંધ હોવાથી ટેક્સટાઈલ ઉદ્યોગના વિસ્તરણના કામકાજ ખોરવાયા છે. આગામી મે-જૂન મહિના સુધીમાં નવી TUF (ટેક્નોલોજી અપગ્રેડેશન ફંડ) સ્કીમ જાહેર થઈ જવાની આશા રાખવામાં આવી રહી છે. ટેક્સટાઈલ મિનિસ્ટર દર્શના જરદોશે જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, “ભલે એક વર્ષથી સ્કીમ બંધ હોય, તેમાં કોઈ ગેપ રહેશે નહિ. સ્કીમ બંધ રહી તે ગાળામાં કેપિટલ ગુડ્સની એટલે કે ટેક્સટાઈલ મશીનરીની આયાત કરનારાઓને TUFનો લાભ આપવામાં આવશે જ આવશે.” નવી TUF સ્કીમની સાથે પ્રધાનમંત્રીનું નામ જોડીને જાહેરાત કરવામાં આવે તેવી સંભાવના છે.

ટેક્સટાઈલ અપગ્રેડેશન ફંડ-TUFની યોજના હેઠળ મળવાપાત્ર લાભથી ઘણાં કેપિટલ ગુડ્સના ઈન્વેસ્ટર્સ વંચિત રહ્યા છે. તેમાંના ઘણાં કેસોનો તાજેતરમાં સરકારે નીવેડો લાવી આપ્યો છે. છતાંય ઘણાં કેસો પેન્ડિંગ છે. આ કેસોનો ઉકેલ લાવવાની માગણી ગુજરાત અને ભારતની ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી દ્વારા કરવામાં આવી છે. તેનો પ્રતિભાવ આપતા ટેક્સટાઈલ મિનિસ્ટર દર્શના જરદોશે જણાવ્યું હતું કે, “2014 પૂર્વેના સમયના ઘણાં કેસો પેન્ડિંગ છે. તેમાં ઘણી સમસ્યાઓ છે. આ સમસ્યાઓનો ઉદ્યોગ પોતાની રીતે જ ઉકેલ લાવી દેખાડશે તો તેમના લાભ તેમને આપી દેવામાં આવશે.” બીજી તરફ ટેક્સટાઈલ ઉદ્યોગના લાભાર્થીઓની લાગણી છે કે નાની-નાની બાબતોને કારણે TUFના લાભથી મોટી સંખ્યામાં ઉદ્યોગો વંચિત રહ્યા છે. સરકારે તેમાં દખલ કરીને વ્યવહારુ ઉકેલ લાવી આપવો જોઈએ. સિડબી બેન્કના કસ્ટમર્સને સબસિડીનું વિતરણ કરવાનો પણ એક મોટો પ્રશ્ન છે. આ કેસોમાં જે.આઈ.ટી.ની વિઝિટ સુધીની પ્રક્રિયા પૂરી થઈ ગઈ છે. પરંતુ તેમને એલિજિબિલિટી સર્ટિફિકેટ નંબર-લાભ મેળવવાને પાત્ર હોવાનો નંબર ન મળ્યો હોવાથી તેમના કેસ પેન્ડિંગ છે. આ કેસોનો ઉકેલ લાવી આપવાની માગણી ઉદ્યોગો તરફથી કરવામાં આવી છે.

કપાસની આયાત પર લગાડવામાં આવતી 10 ટકા ઈમ્પોર્ટ ડ્યૂટી કાઢી નાખવાની પણ ટેક્સટાઈલ ઉદ્યોગની માગણી છે. કપાસના બજારમાં સ્પર્ધાત્મકતા જળવાઈ રહે તે માટે 10 ટકા ઈમ્પોર્ટ ડ્યૂટી દૂર કરવાની માગણી કરવામાં આવી છે. ટેક્સટાઈલ ઉદ્યોગ માટે કપાસ જ મુખ્ય કાચો માલ છે. ચીનની માફક ભારતમાં પણ કપાસનો બફર સ્ટોક રાખી શકાય તે માટે તેના પરની આયાત ડ્યૂટી કાઢી નાખવાનો સરકારે વિચાર કરવો જોઈએ. તેમાંય ખાસ કરીને ભારતમાં ઉગાડવામાં ન આવતા સ્પેશિયાલિટી ELS કપાસ પરની આયાત ડ્યૂટી તત્કાળ અમલમાં આવે તે રીતે કાઢી નાખવી જોઈએ.

**પી.એમ. મિત્રા પાર્ક ક્યારે શરૂ થશે?**

કેન્દ્ર સરકારે ગુજરાતના નવસારી જિલ્લામાં પ્રધાનમંત્રી મેગા ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ રિજ્યન એન્ડ એપરલ સ્કીમ-પી.એમ. મિત્રા સ્કીમ હેઠળનો પાર્ક ક્યાર સુધીમાં તૈયાર થઈ જશે તે અંગે સ્પષ્ટતા કરવાની માગણી કરવામાં આવી છે. ગુજરાતના ટેક્સટાઈલ સેક્ટરમાં ઈન્વેસ્ટ કરવા ઈચ્છતા સાહસિકો તેમના ઈન્વેસ્ટમેન્ટના આયોજન સમયસર કરી શકે તે માટે સ્પષ્ટતા કરવાની માગણી કરવામાં આવી છે.

**ROSCTL સ્કીમને માર્ચ 2024 પછી પણ લંબાવો**

રિબેટ ઓફ સ્ટેટ એન્ડ સેન્ટ્રલ ટેક્સિસ એન્ડ લેવીઝ(RoSCTL)ની સ્કીમ 31મી માર્ચ 2024ના પૂરી થાય છે. આ યોજનાને ત્યારબાદ પણ ચાલુ રાખવાની માગણી કરવામાં આવી છે. આ સ્કીમને કારણે મેડ અપ્સની નિકાસમાં 2022ની સાલમાં અંદાજે 30 ટકાનો વધારો થયો છે. 2021-22માં મેડ અપ્સની નિકાસ રૂ. 33754.47 કરોડની અને 2020-21માં મેડ અપ્સની નિકાસ રૂ. 25,911 કરોડની હતી. તેની સામે 2022-23ના એપ્રિલથી જાન્યુઆરી સુધીના 10 મહિનાના ગાળામાં જ નિકાસ વધીને 24,774.12 કરોડની થઈ છે. એલ.પી ગ્રુપના પ્રમોટર રાહુલ જિતેન્દ્રનું કહેવું છે કે, “આ યોજના ચાલુ રાખવામાં આવશે તો મેડ અપ્સના ભારતીય એક્સપોર્ટર્સની આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પર્ધાત્મકતા જળવાઈ રહેશે.”

જોકે ટેક્સટાઈલ ઉદ્યોગ ઇચ્છી રહ્યો છે કે મેડ અપ્સ તૈયાર કરવા માટેના કાચા માલ પર ચૂકવવામાં આવેલા GSTની ઇનપુટ ટેક્સ ક્રેડિટ મળે કે નહિ તે અંગે સ્પષ્ટતા સરકાર કરી આપે તે જરૂરી છે. GSTના થાણે કમિશનરની કચેરીની ઓડિટ ટીમે મેડ અપ્સના સંખ્યાબંધ નિકાસકારોને RosCTLની સ્કીમ હેઠળ કારણ દર્શક નોટિસ આપી છે. તેમનું માનવું છે કે આ સ્કીમ હેઠળ મેડ અપ્સની નિકાસ કરવામાં આવે ત્યારે કાચા માલ પર ચૂકવેલા GSTની ઇનપુટ ટેક્સ ક્રેડિટ લઈ શકાતી નથી.

તેની વિગતો આપતા રાહુલ જિતેન્દ્રએ જણાવ્યું, “2016માં જાહેર કરવામાં આવેલી RosCTLની સ્કીમમાં સમય જતાં ટેક્સટાઈલ મેડ અપ્સનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમાં જણાવવામાં આવ્યું હતું કે ડ્યૂટી ડ્રો બેકના લાભ ઉપરાંતના લાભ RosCTL સ્કીમ હેઠળ મળવાપાત્ર છે. ડ્રો બેકની સ્કીમ હેઠળ જે ડ્યૂટીની રકમ પરત કરવામાં આવતી હતી તે અને RosCTLની સ્કીમમાં જે વેરા પરત કરવામાં આવી રહ્યા છે તે બંને અલગ હોવાથી આ સુવિધા આપવામાં આવી હતી. RosCTLની સ્કીમ હેઠળ રાજ્ય સરકારના વેરા એટલે કે વેટ અને કાચા માલ પર એટલે કે પેકેજિંગ, ફ્યુઅલ, ઇલેક્ટ્રિસિટી ઉત્પાદન પર ભરેલી ડ્યૂટી અને ગ્રીડ પાવરની ખરીદી પર ભરેલા CSTની ઇનપુટ ટેક્સ ક્રેડિટ આપવામાં આવતી હતી. યાર્નથી માંડીને ફિનિશ્ડ પ્રોડક્ટ્સ તૈયાર કરવાના તબક્કાઓમાં ચૂકવેલી ડ્યૂટી પરત કરવામાં આવે છે. 2016ની ટેક્સટાઈલ મિનિસ્ટ્રીની સ્કીમમાં ઉપર મુજબની સ્પષ્ટતા કરવામાં આવી હતી.”

જોકે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સનો અમલ પહેલી જુલાઈ 2017થી થયો ત્યારે સીબીઆઈસીએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે RosCTLની સ્કીમમાં પરત આપવામાં આવતી ડ્યૂટીને સ્ટેટ લેવીઝના વળતર તરીકે જોવાની રહેશે. તેમાં માલના ટ્રાન્સપોર્ટેશન માટે ઈંધણ પર ચૂકવેલા વેટ, કેપ્ટિવ પાવર પ્લાન્ટ ચલાવવા માટે વાપરવામાં આવેલા ઈંધણ પર ચૂકવેલા વેટ, કપાસની ખરીદી પર ચૂકવેલા મંડી ટેક્સ અને ઉત્પાદનની સંપૂર્ણ પ્રક્રિયા દરમિયાન એટલે કે કપાસથી માંડીને ફિનિશ્ડ પ્રોડક્ટ્સ એટલે કે મેડ અપ્સ બની જાય ત્યાં સુધી ચૂકવેલા વેરાનું વળતર આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ અંગેના



- કપાસની આયાત પરની 10 ટકા ઇમ્પોર્ટ ડ્યૂટી હટાવવાની ટેક્સટાઈલ ઉદ્યોગની માગણી

## ટેક્સટાઈલ સેક્ટર ઉડતી નજરે



**2025** સુધીમાં ભારતનું ટેક્સટાઈલ સેક્ટર 250 અબજ ડૉલરને આંબી જાય તેવી ધારણા છે.

**4.5** કરોડ લોકોને રોજી આપી ટેક્સટાઇલ સેક્ટર ખેતી પછીનું ભારતનું સૌથી વધુ રોજગારી નિર્માણ કરતું ક્ષેત્ર છે.

**13%** ફાળો ભારતના વિદેશી હૂંડિયામણની કુલ આવકમાં ટેક્સટાઇલ સેક્ટર આપી રહ્યું છે.

**4%** હિસ્સો દેશની કુલ રાષ્ટ્રીય ઉપજમાં ટેક્સટાઇલ સેક્ટરનો છે. અર્થતંત્રમાં તેનું મોટું યોગદાન છે.

**5%** હિસ્સો વિશ્વના ટેક્સટાઈલના કુલ ટ્રેડમાં ભારતનો છે.



# કોટન પ્રિન્ટેડ આઈટેમ્સ પર RodTEPના લાભ અંગે નિર્ણય લો

ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડના નોટિફિકેશન નંબર 63માં HSN કોડ 5208માં આવતી 100 ટકા કોટન પ્રિન્ટેડની 18 જેટલી આઈટેમ્સનો સમાવેશ કરવાનો રહી ગયો હતો. આ આઈટેમ્સને તેમાં સમાવી લેવાની માગણી પણ ટેક્સટાઈલ ઉદ્યોગ દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ઓગસ્ટ 2021માં રોડ ટેપના દરની જાહેરાત કરવામાં આવી છે. પરંતુ 18 આઈટેમ્સ માટેના દરની જાહેરાત કરવામાં આવી નહોતી. આ 18 આઈટેમ્સનો આઈસગેટના પોર્ટલ પર સમાવેશ તો કરી લેવામાં આવ્યો છે પરંતુ તેના રોડટેપના દરની જાહેરાત કરવામાં આવી નહોતી. તેના દરની જાહેરાત કરવામાં આવી પછી આ દર પાછલી તારીખથી લાગુ કરવામાં આવ્યા નથી. ભવિષ્યમાં થનારી નિકાસ પર રોડટેપનો લાભ આપવાની જાહેરાત કરવામાં આવી છે. પરિણામે ન્હાવાશેવાના કસ્ટમ્સ અધિકારીઓએ દ્વારા નિકાસકારોને ડિમાન્ડ નોટિસ મોકલી છે. આ રકમ 15 દિવસમાં જ રિકવર કરી લેવાની કસ્ટમ્સ દ્વારા ચીમકી આપવામાં આવી હતી. આ બાબતમાં પણ દરમિયાનગીરી કરવાની વિનંતી ટેક્સટાઈલ મિનિસ્ટર દર્શના જરદોશને કરવામાં આવી હતી.

## ● નવા ઇન્વેસ્ટમેન્ટના સમયસર આયોજન માટે ગુજરાતના નવસારીમાં પી.એમ. મિત્રા પાર્ક ક્યારે શરૂ કરવામાં આવશે તેની વહેલી સ્પષ્ટતા જરૂરી

બંને નોટિફિકેશનમાં અલગ અલગ ઇનપુટ દર્શાવવામાં આવ્યા છે. આમ વેટ અને GST હેઠળના વેરાઓ અલગ અલગ છે તેથી તે મળવા પાત્ર છે.



**હોમ ટેક્સટાઈલના રોડટેપની અનિયમિતતા દૂર કરી આપો**

હોમ ટેક્સટાઈલની ચોક્કસ કેટેગરીમાં રોડ ટેપમાં અનિયમિતતા જોવા મળી રહી છે. ચેપ્ટર 94ની 9404ની શ્રેણીમાં આવતા હોમ ટેક્સટાઈલના પ્રોડક્ટ્સના રોડટેપના દર 0.5 ટકા ફિક્સ કરવામાં આવ્યા હતા. 0.5 ટકાનો દર નક્કી કરવામાં આવ્યો હોવાથી તે તૈયાર કરવા માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારને ચૂકવવામાં આવતા ટેક્સની પૂરી રકમ ઉત્પાદકોને પરત મળતી નથી. પરિણામે તેમના ઉત્પાદનો આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પર્ધાત્મકતા ગુમાવી રહ્યા છે. 9404ની શ્રેણીમાં આવતા ટેક્સટાઈલના ઉત્પાદનોનું વિશ્વ બજાર અંદાજે 23 અબજ અમેરિકી ડૉલરની છે. તેમાં ભારતનો હિસ્સો અંદાજે 81.60 કરોડ ડૉલરનો જ છે. જે અંદાજે 3.5 ટકા થાય છે. આ પ્રોડક્ટ્સની નિકાસ વધી શકે તેમ છે. હા, તેને માટે ઉત્પાદકોને લેવલ પ્લેયિંગ ફિલ્ડ એટલે કે હરીફ દેશો સામે સ્પર્ધા કરવાની સમાન તક મળે તેવા સુધારા સરકાર તરફથી કરી આપવામાં આવે તે જરૂરી છે. બીજા શબ્દોમાં કહીએ તો રોડ ટેપના દરમાં સુધારો કરવામાં આવે તે જરૂરી છે. મેડ અપ્સમાં RosCTLની સ્કીમમાં જે દર આપવામાં આવે છે તે જ દર 9404ની શ્રેણીમાં આવતા પ્રોડક્ટ્સ માટે આપવા જરૂરી છે. તેમ કરવામાં આવે તો તેની નિકાસમાં ખાસ્સો વધારો થઈ શકે તેમ છે. રોડ ટેપની અનિયમિતતાનો અભ્યાસ કરતી કમિટી સમક્ષ આ મુદ્દે રજૂઆત પણ કરી દેવામાં આવી છે.

**સોલાર-વિન્ડ પાવરની ખાસ પોલીસી લાવો**

ટેક્સટાઈલ ઉદ્યોગમાં વીજળીનો વપરાશ ખાસ્સો વધારે થાય છે. સ્પિનિંગ, વિવિંગ અને પ્રોસેસિંગમાં વીજળીનો વપરાશ વધારો હોવાથી આ ઉદ્યોગમાં વિન્ડ પાવર અને સોલાર પાવરનો ઉપયોગ કરવા માટેની ખાસ પોલીસીની જાહેરાત કરવાની માગણી કરવામાં આવી છે. આ પોલીસી જાહેર કરવામાં આવશે તો 2030 સુધીમાં ફોસિલ્સ ફ્યુઅલ પરની નિર્ભરતામાં ઘટાડો કરી કાર્બન ફૂટપ્રિન્ટમાં 50 ટકા ઘટાડો કરવાની ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દર્શાવેલી પ્રતિબદ્ધતાનું પાલન પણ થઈ શકશે. તેથી વિન્ડ અને સોલાર પાવરના સંદર્ભમાં વિશેષ પોલીસીની જાહેરાત કરવાની માગણી કરવામાં આવી છે. ટેક્સટાઈલ ઉદ્યોગના હિતમાં પોલીસી જરૂરી છે.

## ટેક્સટાઈલ સેક્ટરને પ્રોત્સાહન આપવા સરકારે શું કર્યું?

- ટેક્સટાઈલ સેક્ટરમાં 100 ટકા સીધા વિદેશી રોકાણની છૂટ આપી.
- ટેક્સટાઈલ સેક્ટર માટે ખાસ પ્રોડક્શન લિન્ક ઇન્સેન્ટિવ (PLI) સ્કીમ ચાલુ કરી
- ટેક્સટાઈલ સેક્ટર માટે ત્રણ વર્ષમાં 10 લાખ કુશળ કારીગરો તૈયાર કરવા નેશનલ ટેકનિકલ ટેક્સટાઈલ મિશન, પી.એમ. મિત્ર પાર્ક, સમર્થ સ્કીમ જેવી સ્કીમ ચાલુ કરી.
- તાલીમ પામેલું માનવ બળ તૈયાર કરવા 2023-24ના બજેટમાં રૂ. 4389.34 કરોડની ફાળવણી.



# ટેક્સટાઈલ અને ગારમેન્ટસની નિકાસની અનંત શક્યતાઓ

## સિન્થેટિક ટેક્સટાઈલમાં ભારત માટે મોટી તકઃ પ્રશાંત અગ્રવાલ

**● ભારત માટે નિકાસની વિરાટ તક ઊભી છે, તકને ભારતે ઝડપી લેવી જોઈએ. અન્યથા બાંગલાદેશ મોટું માર્કેટ કેપ્ચર કરી લેશે**

મેન મેઈડ ફાઈબર એટલે કે સિન્થેટિક ફાઈબરના સેક્ટરમાં ગુજરાત મોટી સફળતા મેળવવાના સક્ષમ છે. સિન્થેટિકના સેક્ટરમાં ગુજરાત-ભારતની હાજરી દુનિયાના બજારમાં જોઈએ તેવી નથી. પરંતુ ભારતના ટેક્સટાઈલ સેક્ટરના મોભીઓ આ દિશામાં ઘણું કામ કરવાની સક્ષમ છે. દુનિયામાં સિન્થેટિક ફાઈબરના પ્રોડક્ટ્સની ડિમાન્ડ વધવાની છે. ગુજરાત-સુરત તેની નિકાસ 40 અબજ ડૉલરથી વધારીને 100 અબજ ડૉલર સુધી લઈ જવાને સક્ષમ છે. તેમ જ ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીનું કદ 150 બિલિયન ડૉલરથી વધારીને 350 બિલિયન ડૉલર સુધી લઈ જવાનો અવકાશ છે. અલબત્ત, કોટન ટેક્સટાઈલ પણ એટલું જ મહત્વનું છે. તેની અવગણના કરવાનો કોઈ જ ઈરાદો નથી.

છેલ્લા દોઢેક વર્ષથી ટેક્સટાઈલ સેક્ટરની સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે. બે વર્ષ પહેલા ઈન્ડસ્ટ્રી માટે સારો સમય હતો. પરંતુ ત્યારબાદ વેચાણ પર અસર થઈ છે. તેથી બાયર ઈન્વેન્ટરી બિલ્ટ અપ કરવા માગતા જ નથી. તેઓ સ્થાનિક સ્તરે મળતા બિઝનેસથી જ ખુશ છે. તેની સામે વિશ્વના નવા દેશો ટેક્સટાઈલમાં ઊભરી રહેલી તકનો લાભ લેવા માટે સજ્જ થઈ રહ્યા છે. ગ્વાટેમાલામાં અને અલ સાલ્વાડોરમાં નવા રોકાણ આવી રહ્યા છે. 2 અબજ ડૉલરનું ઈન્વેસ્ટમેન્ટ આવી રહ્યું છે. વધુ ત્રણ-ચાર બિલિયન ડૉલરનું રોકાણ આ દેશોમાં આવી શકે છે. ઈજીપ્ત અને મોરોક્કોમાં પણ નવું રોકાણ આવી રહ્યું છે. તેમને ખબર છે કે ચીનનો ટેક્સટાઈલ સેક્ટરનો હિસ્સો છેલ્લા થોડા વરસોમાં ઘટ્યો છે. ટેક્સટાઈલના વિશ્વ બજારમાં ચીનનો હિસ્સો 10 વર્ષ પહેલા 43 ટકા હતો. આજે તે ઘટીને 34 ટકા થઈ ગયો છે. બાંગલાદેશ, વિયેટનામ, શ્રીલંકા અને ભારત તેનો લાભ લઈ શકે છે. ચીને જે રીતે ટેક્સટાઈલનું માર્કેટ કેપ્ચર કર્યું હતું તે કામ આજે ભારતે કરવાનું છું. ટેક્સટાઈલની વૈશ્વિક સ્તરની નિકાસ 10 વર્ષમાં 333 અબજ ડૉલરથી વધીને 500 અબજ ડૉલર થઈ ગયું છે. તેનો લાભ બાંગલા દેશે ખાસ્સો લાભ લીધો છે. બાંગલાદેશની નિકાસ 20 અબજ ડૉલરથી વધીને 243 અબજ ડૉલર થઈ ગઈ છે. તેમ જ વિયેટનામની નિકાસ પણ બિલિયન ડૉલરથી વધીને 37-38 બિલિયન ડૉલર થઈ છે. ભારતે આ અવકાશમાં પોતાનો મોટો હિસ્સો લેવાનો છે. તેને માટે વિશ્વ બજારની જરૂરિયાતને જોવાની છે.




ભારતે વધુ સ્પર્ધાત્મક બનવાનું છે. મોટા પ્લાન્ટ્સ નાખવા પડશે. તેની સાથે જ ભારતે મોટા સ્કેલ પર ઉત્પાદન કરવાનું શીખવું પડશે. તેની સાથે પ્રોડક્ટ્સ મિક્સ પણ પૂરા પાડવા પડશે. આ પ્રોડક્ટ મિક્સ યોગ્ય કિંમતે મળે તે પણ જોવાવું જરૂરી છે. આ બધાંની સાથે સારી સર્વિસ પૂરી પાડવી તે પણ એટલી જ મહત્વની છે. આ ચાર સેવા ન પૂરી પાડે તો ચીનના બજારનો હિસ્સો મેળવવો કઠિન બનશે. ચીનને રિપ્લેસ કરવા માટે ઓપરેશનલ એક્સિલન્સ અનિવાર્ય છે. તેમાં મશીન, ઓટોમેશન સહિતની દરેક બાબતમાં જંગી રોકાણ કરવું પડશે. તેના થકી મેક ઈન ઈન્ડિયાને પણ પ્રમોટ કરી શકાશે. કારણ કે ઘણાં બહારના દેશો માલ ખરીદવા અને પ્રોડક્ટ્સનું આઉટ સોર્સિંગ કરાવવા માટે ભારત પર નજર નાખશે. હિમ્મત સિંગ કા, ટ્રાયડન્ટ અને વેલસ્પને બહુ જ મોટી ક્ષમતા ઊભી કરી દીધી છે. આ કંપનીઓના પ્રોડક્ટ્સની ક્વોલિટી અમેરિકાના માર્કેટમાંની ચીનના સપ્લાયની ક્વોલિટી કરતાં ઘણી સારી છે. આ માર્કેટમાં ભારતના ઉત્પાદકોએ ચીનને માત આપી છે. ચીનને રિપ્લેસ કરવા માટે આપણે બહુ જ મોટા લેવલે જવાનો વિચાર કરવો પડશે. ચીન છોડીને ભારતમાં આવનારાઓ માટે આ ચાર સેવા આપવી અનિવાર્ય છે. આ ચાર સેવા આપનારાઓ જ ચીનને રિપ્લેસ કરી શકશે.

ટેક્સટાઈલના મેન્યુફેક્ચરિંગમાં શ્રીલંકા, બાંગલાદેશ. પાકિસ્તાન અને ભારત મહત્વના રહેશે. બાંગલાદેશમાંથી ભારતમાં થતી ગારમેન્ટની નિકાસ બે વર્ષ પહેલા 500 મિલિયન ડૉલર હતી તે આજે વધીને 900 મિલિયન ડૉલરની થઈ ગઈ છે. બાંગલાદેશમાં આપણે યાર્ન, ફાઈબર

સહિતની અઢી અબજ ડૉલરની નિકાસ કરીએ છીએ. ભારતીયો પણ આજે બાંગલાદેશમાં તેમના એકમો ઊભા કરી રહ્યા છે. શ્રીલંકાના સાહસિકો ભારતમાં તેમના એકમો ઊભા કરી રહ્યા છે.

આગામી 10 વર્ષમાં 100 અબજ ડૉલરનું ઇન્વેસ્ટમેન્ટ ટેક્સટાઈલ સેક્ટરમાં આવશે. તાઈવાન, કોરિયા અને જાપાનમાંથી ટેક્નોલોજી કે ટેક્નોલોજીની જાણકારી મેળવીને તથા ટેક્નોલોજીકલ સહકાર મેળવીને આગળ વધી શકાશે. તેમ થશે તો જ વિશ્વના ક્વોલિટી કોન્સિયસ માર્કેટમાં ભારતના સાહસિકો પ્રવેશી શકશે. તેને માટે જુદાં જુદાં ફેબ્રિક્સના બ્લેન્ડિંગની પણ જરૂર છે.

વિશ્વના ટેક્સટાઈલ ટ્રેડની વાત કરી તો ગયા વરસે 871 બિલયન ડૉલરનો વેપાર વિશ્વના બજારમાં થઈ રહ્યો છે. તેનો 4 ટકાનો સર્વગ્રાહી વિકાસદર છે. તેમાંથી ગારમેન્ટનો ટ્રેડ 500 બિલયન ડૉલરનો અને ફેબ્રિક્સનો 150 બિલિયન ડૉલરનો વેપાર થઈ રહ્યો છે. આ બજારમાં ભારત અને ગુજરાતના ઉત્પાદકો વધુ હિસ્સો મેળવવાની પાત્રતા ધરાવી રહ્યા છે. ભારત તેમાં ઓછામાં ઓછી 6 બિલિયન ડૉલરના ફેબ્રિક્સની નિકાસ કરે છે. આ નિકાસ વધીને 10 બિલિયન ડૉલર થવી જરૂરી છે. ભારત 26 બિલિયન ડૉલરની ટેક્સટાઈલની અને 15.3 બિલિયન ડૉલર ગારમેન્ટની નિકાસ કરે છે. ભારતે તેમાં મોટો હિસ્સો મેળવવાની જરૂર છે. ચીનની કુલ નિકાસ તેમાં 37 ટકા છે. ચીન 153 બિલિયન ડૉલરના ટેક્સટાઈલની અને 165 બિલિયન ડૉલરના ગારમેન્ટની નિકાસ કરે છે. ભારતનું ટેક્સટાઈલનું 125 બિલિયન ડૉલરનું છે. તે વધશે. ભારત સપ્લાય નહિ કરે તો બાંગલાદેશ ભારતમાં સપ્લાય કરતું થઈ જશે.

ભારતની નિકાસ 40 બિલિયન ડૉલરની છે. તેથી આપણે એક્સપોર્ટ પર ફોકસ કરવું જોઈએ. તમે એક્સપોર્ટ કરો ત્યારે તમે ક્વોલિટી કોન્સિયસ બનો છો. વિદેશમાં અને દેશમાં એક સરખી ક્વોલિટીના પ્રોડક્ટ્સ જ મળવા જોઈએ. ભારતમાં દર વરસે 15000 કરોડના નવા મશીન લાગી રહ્યા છે. તેની સામે એક્સપોર્ટ વધતું નથી. નિકાસ સરકારી સબસિડી પર જ ન નભવું જોઈએ. તમારે તેના વિના જ સસ્ટેઈન થતાં શીખવું પડશે. ભારત વિશ્વ બજારમાં મોખરાનું સ્થાન મેળવવાને સક્ષમ છે. ભારત સરકાર એક્સપોર્ટ ઇન્સેન્ટિવ આપે છે. પ્રોડક્શન લિન્ક ઇન્સેન્ટિવ સ્કીમ આપે છે. ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટને પણ ધ્યાનમાં રાખીને વિશ્વ વ્યાપાર કરતા શીખવું પડશે. જાપાન, કોરિયા, યુએઈ અને ઓસ્ટ્રેલિયા સહિતના દેશો સાથે આપણે એફટીએ કર્યા છે. તેનો લાભ પણ લેતા શીખવું પડશે.

ભારત, ચીન અને ટર્કી દરેક પ્રકારના ટેક્સટાઈલ પ્રોડક્ટ્સ પ્રોવાઈડ કરે છે. બાંગલાદેશ, વિયેટનામ પણ આગળ વધી રહ્યું છે. બીજા દેશો પાસે કમ્પ્લિટ સપ્લાય ચેઈન નથી. ભારત પાસે છે. ભારતમાં પગાર ખર્ચ ઓછો છે. બાંગલાદેશ અને ભારત 140 ડૉલર અને ભારત 168 ડૉલરના પગાર ખર્ચ કરે છે. બાકીના બધાં જ દેશો 600 ડૉલરની આસપાસના પગાર ખર્ચ કરે છે. તેનો એડવાન્ટેજ ભારતે લેવો પડશે. ભારતે દરેક ક્ષેત્રમાં કાર્યક્ષમતામાં વધારો કરવો જોઈએ. તેમ કરીને ભારત બાંગલાદેશ સાથે પણ હરીફાઈ કરવા સક્ષમ બની જશે. ભારતે મેનમેડ ફાઈબરના અને ગારમેન્ટના પ્રોડક્ટ પોર્ટફોલિયોમાં વધારો કરવાની અને કોસ્ટને નીચે લાવવાની જરૂર છે. તેમાં સફળ થશે તો નિકાસના બજારમાં તેનો ડંકો બજશે.

# ચીનને પરાસ્ત કરવા માટે ચીની જેવા જ બનોઃ સંતોષ બાંથિયા



**સંતોષ બાંથિયા**
**ડિરેક્ટર,**
**સિટીઝન અમ્બ્રેલા**

અમે દર વર્ષે 2.5 કરોડ છત્રી બનાવીએ છે. અમે 10 ટકા બેકવર્ડ ઇન્ટિગ્રેશન કરીને ચીનને બજારમાં માત આપી છે. છત્રી બનાવવા માટે જોઈતા 100 જેટલા પૂરજાઓ અને તેને માટેના કાચા માલનું ઉત્પાદન કરવાનું અમે પોતે જ કામ કર્યું છે. તેથી જ અમે ચીન કરતાં ઓછા ભાવે વિશ્વ બજારમાં છત્રીઓ સપ્લાય કરી શક્યા છીએ. 1986માં અમે તાઈવાનમાં એન્ટ્રી લીધી. છત્રી માટેનું કાપડ લેવા. પરંતુ તે વખતે જ નક્કી કરી લીધું કે અમે તે કપડું એક દિવસ આપણે ભારતમાં જ બનાવીશું. આ નિર્ધાર પછી છત્રી બનાવવા માટેના દરેક કોમ્પોનન્ટ બનાવવા માટેના મશીનો અમે આયાત કર્યા. ત્યારબાદ આખી છત્રી બનાવવા માંડ્યા. ત્યારબાદ અમે છત્રી માટેની ટેક્સટાઈલ બનાવવાની 2005માં શરૂઆત કરી. આરંભમાં ખૂબ જ તકલીફ પડી. કારણ કે આ ઇન્ડસ્ટ્રી કેપિટલ ઇન્ટેન્સિવ ઇન્ડસ્ટ્રી હતી. ટેકનિકલ ટેક્સટાઈલ બનાવવા માટેના એક્સપર્ટ ન મળ્યા. સુરતમાં પણ અમને અમારી સાઈઝના એટલે કે 44 ઈંચના ટેક્સટાઈલ મળ્યા. અમારી જરૂરિયાત 66 ઈંચની હતી. તેથી અમે પોતાની જરૂરિયાત પ્રમાણેના ટેકનિકલ ટેક્સટાઈલનું ઉત્પાદન ચાલુ કર્યું. આજે અમે મહિને 40 લાખ મીટર કપડું- છત્રી માટેનું કપડું બનાવીએ છીએ. તે પણ ચીનથી ઓછા દરે. હુ માનું છું કે ચીન અજેય નથી. અમને ચીનનો જરાય ડર લાગતો નથી. ચીનના લેબર રેટ ભારત કરતાં ઊંચા છે. વીજદર પણ ઊંચા છે. પાણીના દર ઊંચા છે. માત્ર સ્કેલ ઓફ ઓપરેશનમાં તે ભારતને પરાસ્ત કરે છે. તેથી ભારત ચીન સામે આસાનીથી સ્પર્ધા કરી શકે છે. ચીનની દરેક ગતિવિધિ પર અમે બારીક નજર રાખીએ છીએ. આ સંજોગોમાં ચીનને પરાસ્ત કરવા માટે ચીનના સાહસિક જેવા જ બનો. ફોરવર્ડ અને બેકવર્ડ ઇન્ટિગ્રેશન પણ તમારા કોસ્ટિંગને નીચે લાવી શકે છે.




# પુરુષાર્થથી જ પ્રાપ્તિ સુધીની સફર પૂરી થાય છેઃ શરદ શરાફ

ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી પડકારજનક સમયમાંથી પસાર થઈ રહી છે. 20મી સદીમાં મોટી સંખ્યામાં ગુજરાતમાં મોટી સંખ્યામાં ટેક્સટાઈલ મિલની સ્થાપના કરવામાં આવી હતી અને અમદાવાદને માન્ચેસ્ટરનું બિરુદ મળ્યું હતું. છેલ્લા પચાસ વર્ષમાં ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીમાં બહુ જ મોટું પરિવર્તન આવી ગયું છે. તેમાં સ્પિનિંગ, વિવિંગ, પ્રોસેસિંગ અને ગારમેન્ટિંગના અલગ અલગ એકમો આવ્યા છે. તેને પરિણામે વેલ્થનું મોટા વર્ગ સુધી વિતરણ થયું છે. તેની મદદથી ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીમાં નવા લીડર્સ પણ આવ્યા છે.

મારે ક્રિકેટર બનવું હતું. પરંતુ અમદાવાદની મારી શાળાના મિત્રોને નહોતું લાગતું કે હું ક્રિકેટ ટીમમાં સ્થાન મેળવવાનો પાત્ર હતો. તેથી તેમણે મારી અવગણના કરી. પરિણામે મારી જિંદગીમાં પહેલું પરિવર્તન આવ્યું. મેં ટેક્નોલોજીમાં રસ લેવા માંડ્યો. અમદાવાદની એમ.જે. લાયબ્રેરીમાંથી પુસ્તકો લાવીને વાંચવા માંડ્યા. પરિણામે મારું મન અભ્યાસમાં પરોવાયું. હું ગુજરાત એસએસસી બોર્ડની એક્ઝામમાં સાતમાં ક્રમે પાસ થયો. આમ એડવર્સિટીને ઓપોર્ચ્યુનિટીમાં કન્વર્ટ કરવાની ક્ષમતા જ લીડર બનાવે છે.



અહીં મને યાદ આવે છે આપણા પૂર્વ પ્રેસિડન્ટ અબ્દુલ કલામના જીવનનો એક પ્રસંગ. યુવાન વયે અબ્દુલ કલામ પાયલોટ બનવા માંગતા હતા. અબ્દુલ કલામે એરફોર્સમાં અરજી કરી. પાયલોટ બનવાની ગણતરીથી. એક્ઝામમાં ફેઈલ થયા. હતાશ થયા. ઋષિકેશમાં ગંગામાં ડૂબી મરવાના ઈરાદાથી ગયા. ત્યાં એક સાધુ મળ્યા. સાધુએ પૂછ્યું. અબ્દુલ કલામે હતાશાની-નિષ્ફળતાની વાત કરી. મારે માટે જીવવાનો હવે કોઈ જ અર્થ નથી. અબ્દુલ કલામને સાંભળીને સાધુએ કહ્યું તમે માત્ર પાયલોટ બનવા સર્જાયા નથી. ભગવાને તમને તેનાથીય બહુ મોટું કામ કરવા માટે સર્જ્યા છે. સાધુની આ સલાહે અબ્દુલ કલામે જીવનનો પથ બદલી નાખ્યો. તેઓ મહાન વિજ્ઞાની બન્યા. મારા જીવનમાં પણ મોટો બદલાવ લાવનારી એક બીજી ઘટના બની. આઈઆઈટીમાં મારા કરતાં એક વર્ષ સિનિયર વિદ્યાર્થીનીનું પેપર લખવાનો મોકો મળ્યો. છોકરી ખૂબ જ માંદી હતી. તેના માટે પેપર લખવા માટે મારી પસંદગી થઈ. મેં ખૂબ અભ્યાસ કર્યો. મેં આઈઆઈટીમાં પ્રવેશ મેળવવા માટે કોઈ જ કોચિંગ લીધું નહોતું. છતાં મેં પેલી છોકરીનું પેપર લખ્યું. પેપર સારા ગયા. છોકરી સારી રીતે પાસ થઈ. તેને કારણે જ મને આઈઆઈટીમાં પ્રવેશ મળી ગયું. અહીં કર્મ એક્શન છે. રિવોર્ડ રિએક્શન છે. પાંચ વર્ષ મેં મારું કર્મ કર્યું. તેના બદલામાં મને આઈઆઈટી મુંબઈમાંથી મિકેનિકલ એન્જિનિયરની ડિગ્રી મળી.

ડિગ્રી મળ્યા પછી મારા એક પરિચિતે મને સ્ટીલનું ડ્રમ બનાવવા જણાવ્યું. મને બહુ જ નાનું કામ લાગ્યું. થોડા સમયમાં થઈ જશે. પરંતુ મેં એક વર્ષ સુધી મહેનત કરી, સંશોધન કર્યુ. થાકી ગયો. હારવાને આરે પહોંચી ગયો. ડ્રમ બનાવવાનું છોડી દેવાનું મન થયું. મારુ મન ના પાડતું હતું કે છોડી ન દેવાય. મારો નાનો ભાઈ પણ મારી સાથે આ કામમાં જોતરાયેલો હતો. છેવટે સફળતા મળી. પુરુષાર્થથી પ્રાપ્તિ સુધીની આ સફર હતી. મેન્યુફેક્ચરિંગ પ્રોસેસ મહત્વની નથી, એન્ડ પ્રોડક્ટ મહત્વનું છે. પ્રોડક્ટના હાર્દને સમજીએ તો પ્રોસેસ પૂરી કરી શકાય છે. આજે અમારું તે પ્રોડક્ટ દુનિયાના 60 દેશોમાં જાય છે. આજે અમારી બ્રાન્ડ વિશ્વની સૌથી વધુ લોકપ્રિય બ્રાન્ડમાંની એક છે. તમારા કર્મ તમને યોગ્ય દિશામાં લઈ જ જાય છે. હા, લીડર બનવા માટે વિઝન હોવું પણ જરૂરી છે. તેનું ઉદાહરણ આપતા તેમણે જણાવ્યું હતું કે ઈન્ફોસિસ આરંભમાં બરાબર ચાલતી નહોતી. તેને ખરીદી લેવા માટે ઓફર આવી હતી. એક મિલિયન ડૉલરમાં કંપનીને વેચી દેવા નારાયણ મૂર્તિ સિવાના તમામ તેને વેચી દેવા તૈયાર હતા. પરંતુ નારાયણ મૂર્તિએ કહ્યું હું તમારા ચારેયનો શેર હિસ્સો ખરીદી લેવા તૈયાર છું. તેને માટે જોઈતા પૈસા તેમની પાસે નહોતા. ત્યારબાદ માત્ર દસ જ વર્ષના ગાળાને અંતે તેમની કંપનીને તેમણે ત્રણ બિલિયન ડૉલરની કંપનીમાં રૂપાંતરિત કરી હતી. લીડર સરળરસ્તે ચાલવા વાળો હોતો નથી. નારાયણ મૂર્તિએ તે સાબિત કરી બતાવ્યું છે. સફળ થવાની આગ જેનામાં છે તે સફળ થઈને જ રહે છે. તેને માટેનો પુરુષાર્થ તેને પ્રાપ્તિ સુધી લઈ જ જાય છે. તેને માટેનું રિસર્ચવર્ક પણ સફળતા માટે જરૂરી છે. કોમર્શિયલ પ્રોડક્ટ્સમાં રૂપાંતરિત કરી શકાય તેવા રિસર્ચ થવા જરૂરી છે. સફળતા માટે ઉદ્યોગના ઈન્નોવેટિવ સોલ્યુશન્સ પણ તેટલા જ મહત્વના છે.

# સમય સાથે બદલાવું તે કંપનીઓ માટે અનિવાર્યઃ કુલીન લાલભાઈ

ગુજરાત મોર્ડર્ન ટેક્સટાઈલની જન્મભૂમિ છે. ભારતનું માન્ચેસ્ટર ગણાતા અમદાવાદના ટેક્સટાઈલ ઉદ્યોગમાં જોવા મળી રહેલી વાઈબ્રન્સી આજે જોવા મળી રહી છે તે પ્રોત્સાહક છે. મેનમેડ ફાઈબરનું ગુજરાતનું સેક્ટર ગુજરાતના ટેક્સટાઈલ ઉદ્યોગને નવો આકાર આપતું રહેશે. ગુજરાતી સાહસિકો તેને માટે જવાબદાર છે. છેલ્લ 200 વર્ષમાં તેઓ દરેક પ્રકારની કટોકટીમાંથી બહાર આવી શક્યા છે. ભારતની ફેશન ઇન્ડસ્ટ્રીનું બિઝનેસ મોડેલ બદલાઈ રહ્યું છે. તેની સીધી અસર ટેક્સટાઈલ ઉદ્યોગ પર પણ પડશે. ફેશન ઇન્ડસ્ટ્રી ટેક્સટાઈલ ઇન્ડસ્ટ્રીને પોષે છે. અરવિન્દની 120 વર્ષની તવારીખ રિઈન્વેન્શનની તવારીખ છે. સંજય લાલભાઈએ મિલ જોઈન્ટ કરી ત્યારે પાવરલૂમને કારણે મિલો તકલીફમાં હતી. તેમણે તે તબક્કામાં રેનોવિઝન તરીકેનો સ્ટ્રેટજી અપનાવીને ડેનિમ તરફ લઈ ગયા. આજે અમારા ડેનિમનું માર્કેટ સૌથી ઝડપથી વિકસી રહેલું માર્કેટ છે. સંજય લાલભાઈનું માનવું હતું કે આવનારા વરસો બ્રાન્ડના હશે. એ જમાનામાં બધાં કપડાં સીવડાવતા હતા. આ તબક્કે એટલે કે 1991માં સંજય લાલભાઈએ એરો બ્રાન્ડની શરૂઆત કરી. બિઝનેસ ટુ કન્ઝ્યુમર સુધીની યાત્રા આ સાથે જ શરૂ કરી હતી. સંજય લાલભાઈએ ઘણી નવી પહેલ કરી છે. નવી નવી બ્રાન્ડ્સ સાથે અમે સમયાંતરે આવ્યા છે. આજે ઈ-કોમર્સના સેક્ટરમાં જંપલાવ્યું છે. ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ, સ્ટેન્ડ એલોન સ્ટોર્સ પણ ચાલુ કર્યા છે. આજે અરવિન્દનું 25 ટકા રેવન્યુ ઈ-કોમર્સના માધ્યમથી આવે છે. ઓનલાઈન અને ઓફલાઈન ખરીદી સતત વધી રહી છે. ઓનલાઈન સેલ થાય છે તેની ડિલીવરી અમારી દુકાનથી થાય છે. 2007 સુધી અરવિન્દ ટેક્સટાઈલ માર્કેટમાં મોટું નામ નહોતું. અરવિન્દ ફેશન આજે રૂ. 4000 પ્લસ કરોડની કંપની બની ગઈ છે. આમ નવું નવું કરીને અરવિન્દ બિઝનેસને નવી ઊંચાઈએ લઈ જવામાં સફળતા મેળવી છે. આમ ઉદ્યોગોએ સતત વધતા વિકસતા રહેવાનું છે.




આપણે આજે અમૃતકાળમાં પ્રવેશ્યા છીએ. હું માનું છું કે આપણો સમય આવી ગયો છે. વિઝનરી પ્રાઈમિનિસ્ટર આ દેશનો મજબૂત પાયો નાખી રહ્યા છે. આપણે પાસે નાની ઉંમરના લોકોનું મોટું માનવબળ છે. બધું જ એક સાથે બની રહ્યું છે. દુનિયાના દેશો ભારત સાથે ટ્રેડ વધારવા ઉત્સુક છે. જવલ્લે જ આવું બને છે. તેની સાથે આપણી સ્થાનિક બજાર પણ આપણી મોટી તાકાત છે. દસ વર્ષના ગાળામાં ટેક્સટાઈલનું સ્થાનિક બજાર બમણું તી જશે. 15થી 20 ટકાનો ગ્રોથ જોવા મળે છે. આજનો યુવાન તેની આવકના 50 ટકા નાણાં ડિઝાઈનર શર્ટ-કપડાં પાછળ ખર્ચે છે. આ પ્રકારનો ગ્રોથ ક્યાંય નહિ જોવા મળે. આમેય વિકસતા દેશમાં માથાદીઠ આવક 2000 ડૉલરને વટાવી જાય છે ત્યારે ટેક્સટાઈલ સેક્ટરમાં મેજિક જોવા મળે છે. ચીનમાં 2005ની સાલમાં માથાદીઠ આવક 2000 ડૉલરને વળોટી ગઈ હતી.

ત્યારબાદ તેનો ટેક્સટાઈલ સેક્ટરનો વિકાસ ત્રણ ગણો થયો હતો. રશિયામાં બમણો, બ્રાઝિલમાં બમણો અને સિંગાપોરમાં ત્રણગણો વધારો થયો છે. ભારતમાં પણ 2000 ડૉલરની માથાદીઠ જીડીપીના લેવલને ક્રોસ કરી રહ્યા છીએ. તેથી ટેક્સટાઈલ માર્કેટ મોટી છલાંગ લગાવે તેવો તબક્કો આવી ગયો છે. તેને ઇન્ફ્લેક્શન તરીકે ઓળખાવવામાં આવે છે. ડિજિટલ માર્કેટમાં જબરદસ્ત વધારો આવી રહ્યો છે. આજનો ટીનેજર, યુથ બ્રાન્ડેડનો દિવાનો બન્યો છે. મયંત્રા અને ફ્લિપકાર્ટ પર અમારી બ્રાન્ડ જોવાય છે. ઓનલાઈન અને ઓફલાઈન વધુ ઝડપથી આગળ વધશે. આજે ઓનલાઈન-ઓફલાઈન એકબીજાના પૂરક બની રહ્યા છે.

એક, ફેશન આજે ફાસ્ટ બની રહી છે. પહેલા બ્રાન્ડના પ્રોડક્ટ્સની તૈયારી એક વર્ષ પહેલા કરાતી હતી. કલર અને ડિઝાઈન પ્લાન થતી હતી. બાર મહિને પ્રોડક્ટ્સ બજારમાં આવતું હતું. બે મહિનામાં દુકાન સુધી તે આવે તેવી આવી રહી છે. આજે તેનાથીય આગળ વધતી કંપનીઓ બે અઠવાડિયામાં નવી ડિઝાઈન સાથે નવી ફેશન સાથે બજારમાં આવી રહી છે. આમ ફેશન ફાસ્ટ બની રહી છે. તેથી વપરાશ પણ વધી રહ્યો છે.

આજે 100 ટકા કોટન જ વેચાશે તે દિવસો ગયા છે. આજે 16 ટકા મેનમેડ ફાયબર વેચાય છે. મેનમેડ ફાઈબરમાં કૂલ ફિલિંગ આપે છે. તેમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉમેરો થયો છે. મેનમેડ ફાયબરના નવા ફોર્મનો સ્વીકાર આપણે કરવો જ પડશે. કારણ કે એમએમએફનો પણ ઝડપથી સ્વીકાર થવા માંડ્યો છે. આ બધી તક સાથે આજે ભારતમાં મોટા સ્કેલ પર ઉત્પાદન કરવાની શરૂઆત થઈ રહી છે. ભારતમાં ટેક્સટાઈલનો વપરાશ કૂદકે અને ભૂસકે વધી રહ્યો છે. તેથી જ અમે નાના શહેરોમાં વરસે 200 નવા સ્ટોર્સ ચાલુ કરી રહ્યા છીએ. નવા બિઝનેસ મોડેલ ઊભરી રહ્યા છે. આપણે તેને અનુકૂળ બનવું પડશે. હવે રિ ઇન્વેન્શનની ઝડપ પણ વધારવી જરૂરી બની ગઈ છે. કંપનીની ભૂમિકા શેરહોલ્ડરની વેલ્યુ વધારવાની જવાબદારી નથી. કંપનીની જવાબદારી સ્ટેક હોલ્ડર્સની વેલ્યુ વધારવાની છે. તેમાં દુકાનદારો, વેન્ડરોનો સમાવેશ થાય છે.

# સમયની સાથે ન બદલાતા ઉત્પાદકો ફસડાઈ પડે છે: સંજય જૈન




સંજય જૈન
એમ.ડી. ટી.ટી. ગ્રુપ

આજે બદલાવ એ સમયની જરૂરિયાત છે. બિઝનેસ એ ટ્રેડમિલ પર ચાલવા જેવું છે. તેની ગતિ સાથે ન ચાલીએ તો આપણે પડી જઈશું તે નિશ્ચિત છે. માત્ર ચાલવું પૂરતું નથી. પોતપોતાના ક્ષેત્રમાં કેવી રીતે પ્રભાવ પાડી કે વધારી શકીએ છીએ તે જ મહત્વનું છે. ટેક્નોલોજી મોટો પ્રભાવ પાડી રહી છે. આજે ડિસરપ્ટિવ ટેક્નોલોજી મહત્વની બની રહી છે. ડિજિટલ ટેક્નોલોજી બિઝનેસને બદલી રહી છે. ઈન્ફ્લેશનમાં મોટી સમસ્યા છે. છેલ્લા છથી નવ મહિના દરમિયાન કપાસના ભાવ પણ ઊછળ્યા હતા. ડબ્બા ટ્રેડિંગ બજારને ખરાબ કરી રહ્યા છે. તેને કારણે પણ સમસ્યાઓ ઊભી થઈ રહી છે. યુક્રેન-રશિયા યુદ્ધ, ચાઈના તાઈવાન સંઘર્ષ પણ બિઝનેસ માટે તકલીફ ઊભી કરી રહી છે. આજે માનવસ્રોત એટલે કે નોકરિયાતોની ગરજ વધી રહી છે. નોકરી છોડીને જનારાઓને રોકવા પડી રહ્યા છે. બિઝનેસને સંગીન બનાવવા માટે મેનમેઈડ ફાઈબર તરફ વળવું મહત્વનું બની રહેશે. કોટન ટેક્સટાઈલનું મહત્વ છે જ છે. મેનમેડ ફાઈબરનો વ્યાપ વધી રહ્યો છે. નવેમ્બર 2021 સુધી અમારા તમામ ગારમેન્ટ કોટનના રહેતા હતા. પરંતુ ત્યારબાદ 80 ટકા બ્લેન્ડેડ ગારમેન્ટ તરફ વળવું પડ્યું છે. ફેબ્રિક્સનું ફિનિશ સુધારવામાં અમને સફળતા મળી છે. કપાસનું ઉત્પાદન ઘટી રહ્યું છે. તેની ક્વોલિટી કથળી રહી છે. ત્યારે નોન કોટન એરિયામાં સક્રિય થવું મહત્વનું બની ગયું છે. નોન વુવન ફેબ્રિક્સની ક્વોલિટી સુધરી જાય તો યાર્નના બિઝનેસનું શું થશે? આજે બદલાતી દુનિયામા કંઈપણ શક્ય છે. ડિજિટલ પ્રિન્ટિંગનું મહત્વ વધી રહ્યું છે. તેની કોસ્ટ આવી રહી છે. આજે બેસ્ટ ઓફ બેસ્ટ ટેક્નોલોજી વસાવવાનો જમાનો છે. તેમ નહિ કરે તેનું સંપૂર્ણ રોકાણ એળે જવાની સંભાવના છે. ભલભલાના બિઝનેસ મોડેલ ટેક્નોલોજીને કારણે ખોરવાઈ જવાનો ખતરો છે. બદલાવને અવગણવાને બદલે નવું માર્કેટ ડેવપલ કરવાનું આજથી વિચારો. ઈન્વેન્ટરીમાં ફસાયેલો માલ કેટલો છે. તેમ જ પ્રોડક્શનમાંથી કયા માલની મુવમેન્ટ ઝડપી છે તેનું વિશ્લેષણ કરીને નવા પ્રોડક્શનના આયોજન કરો. ક્વોન્ટિટેટીવ ગ્રોથ ગ્લોબલ માર્કેટમાંથી જ આવશે. લોકલ માર્કેટમાંથી આવશે નહિ એમ મારું માનવું છે. ડોમેસ્ટિક ટર્નઓવર વધશે, પણ ક્વોલિટી કોન્સ્ટન્ટ ન રાખનાર પણ ફેંકાઈ જવાની સંભાવના છે. અત્યારે માર્કેટમાં ગ્રોથ દેખાય છે તે પેકેજિંગને કારણે છે. ફાઈબરનો કે ફેબ્રિક્સનો ગ્રોથ નથી. ફાઈબર અને ફેબ્રિક્સના વેપારનો ગ્રોથ રેટ તો હિન્દુ ગ્રોથ રેટ જેટલો જ એટલે કે ત્રણથી ચાર ટકા જેટલો જ છે.

# કપાસની ક્વોલિટીનું પગેરું રાખવા સાયન્સનો ઉપયોગ: કુશલ શાહ



કુશલ શાહ, લૂઈસ ડ્રેફસ કંપની

આજે ફુગાવો ઉદ્યોગ માટે મોટો પડકાર બની ચૂક્યો છે. ઉદ્યોગનો બીજો પ્રશ્ન છે શિપિંગનો. કોવિડને કારણે શિપિંગના કામકાજ ખોરવાઈ ગયા. ચીનથી અમેરિકા અને યુરોપ જતાં માલનું ટ્રાન્સપોર્ટેશન તેનાથી અટકી ગયું. ચીન, ભારત કે બાંગલાદેશમાં ખાલી કન્ટેઈનર્સ પહોંચતા જ નહોતા. શિપિંગના રેટ્સમાં 300થી 400 ટકાનો વધારો થઈ ગયો હતો. એકવાર માલ જાય તો ખાલી થયેલા કન્ટેઈનર્સ પાછા આવતા નહોતા. આજે ભારતમાંથી અમેરિકામાં એક્સપોર્ટ કરાતા ગારમેન્ટ્સ ચીનના કપાસમાંથી ન બનેલા હોવા જોઈએ તેવો અમેરિકાનો આગ્રહ છે. આ ટ્રેડ બેરિયર વિશ્વના દેશો માટે મોટો પડકાર બની રહ્યો છે. રશિયા-યુક્રેન વૉરને કારણે ગેસ અને વીજળીના ભાવ વધી ગયા. તેથી કપડાં પાછળ કરાતા ખર્ચમાં ઘટાડો થયો. ટેક્સટાઈલ પ્રોડક્ટ્સમાં આજે માનવામાં આવે છે તેટલી ડિમાન્ડ વધી નથી. આ સ્થિતિમાં ભારતને એડવાન્ટેજ છે. ભારત તેનો ઝડપથી ફાયદો લઈ રહ્યો છે. ચીન સિવાયના દેશ પાસેથી પણ વિશ્વના દેશો મદાર બાંધતા થયા છે. તેમને પાકિસ્તાન અને બાંગલાદેશના સપ્લાયર કરતાં ભારતના સપ્લાયર પર મદાર બાંધવાનું પસંદ છે.

સ્થાનિક બજારમાં ડિમાન્ડ વધી રહી છે. તેનો પણ ટેક્સટાઈલ ઉત્પાદકો લઈ શકે છે. અલ નિનોની ઈફેક્ટ વધી રહી હોવાથી આબોહવા પણ ટેક્સટાઈલ ઉદ્યોગ માટે મહત્વનું પરિબળ બની રહે તેમ જણાય છે. કારણ કે કપાસનો મોટો પાક લેનારો ભારત દુનિયાનો બીજા ક્રમનો દેશ છે. બ્રાઝિલમાં કપાસનું વાવેતર વધી રહ્યું છે. બ્રાઝિલનું કોટન વિશ્વ બજારમાં વધુ ને વધુ લોકપ્રિય બની રહ્યું છે. ઓસ્ટ્રેલિયા હેક્ટરદીઠ 2000 કિલો કપાસનો પાક લઈ રહ્યું છે. ભારતમાં તેનું પ્રમાણે 550 કિલોનો છે. કપાસનું હેક્ટરદીઠ ઉત્પાદન ભારતમાં ઘણી જ ઓછું છે. તેની સામે સ્પિનિંગ અને ગારમેન્ટિંગમાં ભારતનું કપાસનો ઉપયોગ કરવાનું ચલણ સતત વધી રહ્યું છે. તેથી યિલ્ડ વધે તે મોટી અનિવાર્ય જરૂરિયાત છે. ગયા વરસે કપાસની ઘટને કારણે ઘણી મિલોએ તેમના કામકાજ સીમિત કરી દેવાની ફરજ પડી હતી. આજે કપાસની ક્વોલિટી અંગે સજાગતા વધી છે. આજે કપાસ પર ખાસ પ્રકારના સ્પ્રે કરવામાં આવે છે. તેનું જિનિંગ કરવાથી માંડીને ફાઈબર અને ફાઈબરમાંથી ફેબ્રિક્સમાં રૂપાંતર ન થાય ત્યાં સુધી તેનું પગેરું રાખી શકાય છે.

## Seminar on opportunities for Industries in Aerospace & Defence Sector
## Dt. 05-01-2023 - Defence Task Force






Defence TaskFore of GCCI and and Society of Indian Aerospace Technologies & Industries (SIATI) jointly organized a seminar on opportunities in Aerospace Industries President Pathik Patwari remarked about huge opportunities in Defence & Aerospace field & admired the role of SIATI. Padma Shree Dr. C.G. Krishnadas Nair, Hon. President, SIATI & other distinguished speakers shared a detailed presentation on vast opportunities available for industries in Aerospace Projects. Huge focus was on indigenous products, Co. Development and strategic partnership for MSMEs. The speakers for the session were:

- Shri Sudheer Kumar, Director, CBPO, ISRO
- Shri Apurba Bhattacharya, Scientist and Deputy Director, ISRO
- Dr. CM.Ananda, Chief Scientist & Programme Director, NAL
- Wing Commandar MP Benjamin (Retd) Director, SIATI.
- Mr. Rahul R. Senior Manager, Brahmos Aerospace Thiruvananthapuram Limited

## Meeting with the Asian American Hotel Owner's Association
## Dt. 06-01-2023 - NRG Committee

GCCI & Indo-American Chamber of Commerce had a successful meeting with Asian American Hotel Owners' Association (AAHOA). In addition to a team of 15 members from AAHOA, Mr. Nishant (Neal) Patel, Chairman, AAHOA, Mr. Himanshu Vyas, Chairman, NRG Committee, GCCI & National Executive Member of IACC, and Mr. Vinesh Singh Rore, Additional Collector, Government of Gujarat participated in this meeting. The focus of the meeting was to explore opportunities how USA's huge Motel Industry dominated by Patel community can participate in Gujarat's Economic Growth Story.






## Dialogue Series - Global Leadership in Climate Action Organised jointly with The World Climate Institute (WCI) and IGBC - Dt. 06-01-2023







GCCI, The World Climate Institute (WCI) and IGBC hosted the first meet in 2023 on 'Global Leadership in Climate Action' under its Global Dialogue Series with the Hon. Barry Gardiner MP, Director of Climate Parliament and Former Shadow Secretary of State Energy & Climate Change for the UK Government, as the special guest. The event was held in ITC Narmada, Ahmedabad.

The other speakers were H.E. Freddy Svane, Ambassador of Denmark to India; S. J. Haider IAS, Principal Secretary, Department of Climate Change Government of Gujarat; Sameer Sinha Chair India Green Building Council; His Excellency Dr Kandeh Yumkella, Former UN Under Secretary General and Special Representative Sustainable Energy for All.

## Certificate Course on "Textile at a Glance" Dt. 09-01-23 - Centre of Learning Committee






GCCI Centre for Learning Committee successfully organised the training program on "Textile At A Glance". It included 24 hours of classroom learning, spread across 12 sessions covering key topics such as Ginning & Spinning, Yarn Manufacturing, Weaving, Circular Knitting, Yarn & Fabric dyeing, Fabric Processing, Printing Technologies, Quality Control, Home Textiles & Technical Textile. Moreover, the course included the following six industry visits: Arvind, Pashupati, Komal Worldwide, Avadat Apparels, Urja and ATIRA. The training was attended by 47 participants from 8 different states such as Rajasthan, Maharashtra, Delhi, Tamil Nadu, Karnataka, Telangana, West Bengal & various parts of Gujarat. Participants profile included Entrepreneurs, Senior Executives, Commission Agents and Valuers.

## Indigenous Technology Transfer to MSMEs, a way forward towards Atmanirbhar Bharat – Dt. 10-01-2023 - MSME Committee



MSME Committee, of Gujarat Chamber of Commerce & Industry along with Gujarat Council on Science and Technology (GUJCOST), Gandhinagar, organized a programme-seminar on Indigenous Technology Transfer to MSMEs, a way forward towards Atmanirbhar Bharat at Science city, Sola, Ahmedabad.

**There were 6 speakers as follows.**

1. Dr. Pravin Arora, Scientist 'G', Head, Water Technologies Cell, Department of Science & Technology, New Delhi
2. Dr.Nagahanumaiah, Director, CMTI, Rajkot
3. Dr. D. Shailaja, Chief Scientist & Chair,CSIR-Indian Institute of Chemical Technology (IICT), Hydrabad
4. Mr. Vivek Pandey, Head -TTID-PPEG-MISA, (SAC), ISRO, Ahmedabad
5. Dr. Nirav Jamnapara, Head, Projects and Technology Transfer Section & Incubation Centre, Institute of Plasma Research (IPR), Bhat, Gandhinagar.
6. Dr. Kamalesh Prasad, Sr Principal Scientist & Divisional Chair, Central Salt and Marine Chemicals Research Institute (CSIR–CSMCRI), Bhavnagar



## Seminar on" Franchise: A New Way" for Family Businesses & Brands Dt. 11-01-2023 - Food & Dairy Task Force, Mahajan Sankalan (Local) Task Force, Trade Committee and S.M.A.R.T committee





Food & Dairy Task Force, Mahajan Sankalan (Local) Task Force, Trade Committee and S.M.A.R.T committee of GCCI organized a seminar on" Franchise: A New Way" for Family Businesses & Brands. Leading franchise advisor and consultant Shri Dhinal Baxi, Founder, Franchise Insider shared insight and ideas about how to expand business through franchising and explained various types of franchise modules i.e Franchise Owned Franchise Operated (FOFO), Franchise Owned Company Operated (FOCO), Company Owned Franchise Operated (COFO). Addressing the session, Mr. Karan Desai, Mithai & More and Shri Hardik Luhar, Balista International shared their success story.

## Meeting with Mr. Raj Modi, Deputy Minister of Industry and Commerce, Republic of Zimbabwe – Dt. 18-01-2023 - International Trade Task Force





The International Trade Task Force had a meeting with Mr. Raj Modi, Deputy Minister of Industry and Commerce, Republic of Zimbabwe. The primary focus of this meeting was an exchange of business opportunities between Zimbabwe and Gujarat.

Mr Raj Modi has mentioned the opportunities available in Zimbabwe for manufacturing unfinished products like packing of medicines, stitching of clothes etc. There are also great opportunities in sectors like mining, agro and tobacco. GCCI is planning a B2B event with Zimbabwe as per the talks with the Deputy Minister. We also got introduced to the officers from the Business Development and Investment Office of the Republic of Zimbabwe in Ahmedabad.

## Eye Checkup camps – Dt. 18-01-2023 - CSR Task Force, Lions Club and Health Care Foundation






GCCI CSR Task Force, Lions Club and Health Care Foundation jointly took the initiative to organise eye check-ups for students of various Municipal Schools and providing them power spectacles as needed. In this context, eye check-up camps were organised at Ellisbridge School No. 17, Hebatpur primary school, Vejalpur Primary School, Vastrapur Primary School and Ranip Primary School and power spectacles were provided to the students as required. These Spectacles provided to the students were sponsored by R. Kumar.

## Meeting with Mr. Agnus Saptono, Consul General of the Republic of Indonesia in Mumbai – Dt. 21-01-2023 - International Trade Task Force





The International Trade Task Force had a meeting with Mr. Agnus Saptono, Consul General from Embassy of Indonesia. The primary focus of this meeting was an exchange of business opportunities between Indonesia and Gujarat. Mr Saptono has mentioned the opportunities available in Indonesia for chemicals, Pharmaceuticals, Iron and Steel and Ceramics industries in Indonesia. GCCI has requested a B2B networking meeting with a delegation from Indonesia. GCCI has requested for an MOU with Jakarta Chamber of Commerce and Industry (JCCI) in Indonesia.

## MOU between GCCI & Bangladesh Cotton Association - Dt. 21-01-2023




The Global Cotton Summit was organized by the Bangladesh Cotton Association - BCA. Mr. Apurva Shah attended the Summit in Bangladesh. The dignitaries present were the Minister of Trade and Commerce, Minister of Foreign Relations & Trade along with the Board members of BCA. Mr. Muhammad Ayub, President, BCA signed the MoU with GCCI during this Summit. The BCA Board and GCCCI signed an MOU for a long-term association for business in Cotton and products therein.

## Meeting with Mr. Wouter Vanhees, Trade Commissioner for Flanders Investment & Trade, Mumbai – Dt. 24-01-2023 - International Trade Task Force




The International Trade Task Force had a meeting with Mr. Wouters Vanhees, Commissioner - Trade and Investment, Mumbai. The primary focus of this meeting was an exchange of business opportunities between Flanders - Belgium and Gujarat. Mr. Vanhees has mentioned the opportunities available in landers for entry into the European Union Countries. Also, Flanders is the northern region of Belgium, known for its very important hub for Logistics, Port, Diamonds and services. Flanders is a Sector-agnostic region, meaning, it believes in offering various activity-based services like, R&D, Marketing, Head Office set-up, etc., no matter which sector or industry. Flanders is the entry point to the European Union countries.

We also were introduced to the various support services we can expect from Flanders Mumbai Office for a business set-up in Flanders. The meeting was interactive and immersive.

## DRDO Developed Technologies for Bio-degradable Plastic Granules, Plastic Bags and Plastic Cutlery – Dt. 24-01-2023 - Plastic, Packaging & Printing Taskforce and MSME Committee

GCCI's Plastic, Packaging & Printing Taskforce and MSME committee jointly organized a Webinar on DRDO Developed Technologies for Bio-Degradable Plastic Granules, Plastic Bags & Plastic Cutlery.Rear Admiral Ranjit Singh, Director, DIITM briefed the participants on DRDO's support to industry through their extensive research and development. Further he stated that a dedicated Technology Development Fund (corpus fund) of Rs. 100 Cr has been created to enable Indian industries, specially MSMEs, for indigenisation of the defence products, sub systems and component. All details for the same are available on website of DRDO.

Important presentations were made by (1) Dr. K. Veera Brahmam, Scientist, F- DRDO, (2) Dr. Johnsy George, Scientist F, DFRL, Mysore and (3) Dr. V. Vasudevan, Scientist E, DFRL, Mysore on Technologies for Bio-Degradable Plastic Granules, Plastic Bags & Plastic Cutlery including aspects of transfer of technologies, process of Granule Production/ compounding process, selection of raw materials, Licensing process and Biodegradable Polymers applications etc.






## Certificate of Merit awarded to GCCI by Chief Election Commissioner Gujarat – Dt. 25-01-2023







The Certificate of Merit was awarded to GCCI on the occasion of National Voters Day-2023 by Chief Election Commissioner of State Mr. Sanjay Prasad, IAS and the same was received by Shri Pathik S. Patwari, President of GCCI.

It is a matter of proud for Gujarat Chamber of Commerce & Industry to have been awarded a Certificate of Merit by Chief Electoral Officer of Gujarat for having contributed very positively in creating Voting awareness with exemplary, sincerity and dedication during the conduct of Assembly Election in Gujarat-2022.

